ગુજરાત રાજ્ય સરકાર પુરસ્કૃત

ગુજરાતી લોકસાહિત્યમાળા

મણકો ચોથો

સંપાદક

ડૉ. મંજુલાલ ર. મજમુદાર

શ્રી. પુષ્કર ચંદરવાકર

શ્રી. કનૈયાલાલ જોશી



ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ

VISIT…

LANZAROTE Caliente.COM

પ્રકાશક :
શ્રી. હેમંતકુમાર એ. મિસ્ત્રી
જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ
મંત્રી
ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ
ભદ્ર, અમદાવાદ

પ્રત ૨૦૦૦
ઈ. સ. ૧૯૬૪

પ્રથમ મુદ્રણ
સંવત ૨૦૨૦

કિંમત : રૂા. ૩-૯૫ ન. પૈસા

પ્રાસ્તાવિક

લોકસાહિત્ય એ તો લોકમહેરામણનો સંસ્કારસમૃદ્ધિનો મૌક્તિક-ભંડાર છે. સાગરનાં મોતીઓનું મૂલ્ય તો મરજીવિયાઓના હૈયાની હામ અને સાહસને આભારી છે; લોકજીભે રમતા, લોકકંઠે જીવતા લોકસાહિત્યને ગ્રંથસ્થ કરવાનું કામ પણ પેલા મરજીવિયાઓના પ્રામાણિક પ્રયાસો સમાન છે. લોકોના કંઠમાં જીવતા લોકસાહિત્યને–જનશ્રુતિને લિપિબદ્ધ કરવાના આવા પ્રામાણિક પ્રયાસો પુરાણોમાં મોટા પાયા ઉપર થયા છે

મુદ્રણયંત્રના પ્રચાર સાથે લોકસાહિત્યને ગ્રંથસ્થ કરવાની પ્રવૃત્તિ વિશેષ સરળ બની. ઔદ્યોગિક ક્રાંતિને કારણે નવા રચાતા–વધતા શહેરોને લીધે ગ્રામજીવનના વિધવિધ રંગો પ્રગટ કરતા લોકસાહિત્યનું આકર્ષણ વધ્યું. વળી લોકસાહિત્યનો આસ્વાદ પણ સાહિત્યગુણદૃષ્ટિએ કલાત્મક ને માતબર છે, પરિણામે અહોભાવ કે ઉત્સાહી મુગ્ધભાવથી લોકસાહિત્યના ચયનો થવા માંડે એ સ્વાભાવિક છે.

સંસ્કૃત સાહિત્યની સરવાણીઓનાં સુંદર વહેણ એ કાળમાં વહેતાં રસળતાં લોકસાહિત્યનાં ઝરણાંઓની સમૃદ્ધિને આભારી છે. હિતોપદેશ, પંચતંત્ર, કથાસરિતસાગર – ઇત્યાદિ સાહિત્યિક રત્નો તો લોકસાહિત્યની નરી પેદાશ છે.

ગિરા ગુર્જરીને ચરણે લોકસાહિત્યના મૂલ્યવાન મોતીઓના થાળ ધરવાનું – અર્ઘ્ય અર્ચન અર્પવાનું કામ ઘણા જૂના સમયથી આરંભાયું હતું. હેમચંદ્રાચાર્યના વ્યાકરણનાં ઉદાહરણો લોકસાહિત્યની સંસ્કારમૂડી છે. એ ઉદાહરણોમાં પ્રજાહૃદયની ઊંડી આશાઆકાંક્ષાઓ અને ઓપણાઓના, એના આદર્શો અને શમણાંના પડઘા સાંભળવા મળે છે.

હેમચંદ્રાચાર્ય પછી જૈન અને જૈનેતર કવિઓએ પણ પોતાની કૃતિઓને લોકસાહિત્યના સલિલ છાંટી સંજીવની આપી છે. આપણા મધ્યયુગની સાહિત્યસમૃદ્ધિ જે ગ્રંથસ્થ બની છે, તેમાંથી તેના સર્જ-

કોની સર્જના અને પ્રતિભા લોકસાહિત્યને આભારી છે એમ કહેવામાં આવે તો એ અતિશયોક્તિ નહીં લેખાય. શામળની સામાજિક વાર્તાઓ, તેમાં પાત્રો તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવતાં પોપટ, મેનાં જેવાં પંખીઓ અને બીજાં પશુઓ; સમસ્યાઓ અને તેના ઉકેલ વગેરેને શામળની મૌલિકતા અને કલ્પનાકસબની ઉપજ તરીકે આપણે ભલે સ્વીકારીએ, છતા લોકસાહિત્યના વારસામાંથી શામળને કંઈક લાધ્યું છે -- શામળે કંઈક મેળવ્યું છે એની કોણ ના પાડવાનું હતું? ગધ્યયુગના મહાલયના સુવર્ણશિખર સમાન બંસીબોલના કવિ દયારામની ગરબીઓના ઢાળ અને રાગ લોકસંગીતના લોકસંસ્કારનું પરિબળ પામેલા છે.

લોકસાહિત્યની સીધી કૃતિ તો ૧૮૭૨ મા કોઈ "ફ. બ." નામના પારસી સંશોધક વિદ્વાન મારફત "ગૂજરાત–કાઠિયાવાડ દેશની વારતા ભાગ–૧" નામે ગુજરાતને મળે છે.

—ને એ પછી ગિરિકંદરાઓમાં ઘૂમીને, વનવગડાની વાટો વીંધીને, રાન અને રણમા રખડીને, બારૈયા, ધારાળા અને એવી કોમોના કુટુમ્બો સાથે હળીમળીને, સાગરકિનારાની અબાવાણી લલકારતા ખલાસી સાથે રાતો ગાળીને શ્રી. ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્યની કોજાગરીની રસચાન્દની ઝીલીને ધરતીના ધાવણ સમા લોકસાહિત્ય તરફ તેમણે ગુજરાતના બહોળા સમુદાયને અભિમુખ કર્યો. એમણે એક હવા જમાવી: "લોકસાહિત્ય એ નિરક્ષર, આદિમ, પછાત લોકોનુ જ સાહિત્ય છે એવુ નથી; લોકસાહિત્યને પણ જીવન છે — લોકજીવન છે. લોકસાહિત્ય તો સમગ્ર પ્રજાજીવનની ચેતનાનુ સર્જન છે."

આ હવાને લીધે – રાષ્ટ્રીયશાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની લોક-સાહિત્ય – અલખની ઉપાસનાને કારણે – ગુજરાતમાં લોકસાહિત્યને એના સાચા સ્વરૂપમાં જાળવી રાખવા સવિશેષ પ્રયત્નો થયા. સ્વ. મેઘાણીના સમકાલીનોમા સ્વ. રાયચુરા, શ્રી. ગોહેલ, શ્રી. મનુભાઇ જોધાણી, શ્રી. મંજુલાલ મજમુદાર, શ્રી. અડાલજા, શ્રી. ગણપતરામ

મગનલાલ જોશી, શ્રી શંકર દાણીભાઈ, પીંગળશીભાઈ, મેરુભા, પદ્મશ્રી દુલાભાયા કાગ, ડીંગળોદાન, બળવંતસિંહભાઈ – ઇત્યાદિ એ લોકસાહિત્યની ઉપર સાધના કરી છે, ને તેમાંથી કેટલાક તો આજે પણ લોકસાહિત્યની આરાધના કરી રહ્યા છે. વળી આરાધનાની આ કેડી પર આજે તો લાંબી વણજાર નજરે ચઢે છે તેમાં શ્રી. પુષ્કર ચંદરવાકર, શ્રી. મધુભાઈ પટેલ, ડૉ. સુધાબહેન રમણલાલ દેસાઈ, શ્રી. લાલચંદ નીનામા, શ્રી શંકરભાઈ તડવી, શ્રીમતી રેવાબહેન તડવી, શ્રી અનવર આગેવાન, શ્રી. કનૈયાલાલ જોશી, શ્રી. ચંદ્રકાંત ચાનેલા, શ્રી. જોરાવરસિંહ જાદવ — ઇત્યાદિ પ્રતિષ્ઠાને વરીને બેઠા છે.

આ સર્વ ભાઈ-બહેનો લોકસાહિત્યના ક્ષેત્રે જે કાર્ય કરી રહ્યા છે તેના પુરસ્કારરૂપે ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ તરફથી પ્રકાશનનું કાર્ય હાથ પર ધરવામાં આવ્યું છે. આજ પર્યંત "ગુજરાતી લોકસાહિત્યમાળા"ના ત્રણ મણકા પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે, ને એ સાથે આ ચોથો મણકો પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આ મણકામાં પ્રસિદ્ધ થતા સાહિત્યના સંપાદન માટે પોતાનો સર્જનકાર્ય મોકલી આપનાર લેખક ભાઈબહેનોના સહકારને તો કેમ કરીને ભૂલી શકાય? આ પુસ્તક માટે સુંદર કલાત્મક મુખપૃષ્ઠ તૈયાર કરી આપનાર જાણીતા ચિત્રકાર શ્રી. નટુભાઈ મિસ્ત્રી (ચેતક)ના સૌજન્યનો પણ આ સ્થળે આભાર માને છે. છેલ્લું પ્રૂફ તપાસી આપવા માટે શ્રી [illegible]ના [illegible]ને પણ ભૂલી શકાય તેમ નથી. શ્રી [illegible] પ્રિ. પ્રેસના વ્યવસ્થાપક શ્રી. સુરેશભાઈએ પણ પુસ્તકનું પ્રકાશન સુંદર બને એ માટે ઘણી જહેમત લીધી છે.

— ને આ વર્ષના મણકામાંથી આ પુસ્તકમાં વિધવિધ લોકગીતો અને અનેકવિધ લોકવાર્તાઓનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

આશા છે કે "ગુજરાતી લોકસાહિત્યમાળા"નો આ ચોથો મણકો [illegible] લોકસાહિત્યના અભ્યાસીઓ અને વાચકોની રસભૂખને તૃપ્ત કરશે.

—સંપાદક સમિતિ.

કોની સર્જના અને પ્રતિભા લોકસાહિત્યને આભારી છે એમ કહેવામાં આવે તો એ અતિશયોક્તિ નહીં લેખાય. શામળની સામાજિક વાર્તાઓ, તેમાં પાત્રો તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવતા પોપટ, મેનાં જેવાં પંખીઓ અને બીજાં પશુઓ; સમસ્યાઓ અને તેના ઉકેલ વગેરેને શામળની મૌલિકતા અને કલ્પનાકસબની ઉપજ તરીકે આપણે ભલે સ્વીકારીએ, છતાં લોકસાહિત્યના વારસામાંથી શામળને કંઈક લાધ્યું છે -- શામળે કંઈક મેળવ્યું છે એની કોણ ના પાડવાનું હતું ? મધ્યયુગના મહાલયના સુવર્ણશિખર સમાન બંસીબોલના કવિ દયારામની ગરબીઓના ઢાળ અને રાગ લોકસંગીતના લોકસંસ્કારનું પરિબળ પામેલા છે.

લોકસાહિત્યની સીધી કૃતિ તો ૧૮૭૨ માં કોઈ "ફ. બ." નામના પારસી સંશોધક વિદ્વાન મારફત "ગૂજરાત–કાઠિયાવાડ દેશની વારતા ભાગ–૧" નામે ગુજરાતને મળે છે.

—ને એ પછી ગિરિકંદરાઓમાં ઘૂમીને, વનવગડાની વાટો વીંધીને, રાન અને રણમાં રખડીને, બારૈયા, ધારાળા અને એવી કોમોના કુટુમ્બો સાથે હળીમળીને, સાગરકિનારાની અબાવાણી લલકારતા ખલાસી સાથે રાતો ગાળીને શ્રી. ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્યની કોજાગરીની રસચાંદની ઝીલીને ધરતીના ધાવણ સમા લોકસાહિત્ય તરફ તેમણે ગુજરાતના બહોળા સમુદાયને અભિમુખ કર્યો. એમણે એક હવા જમાવી: "લોકસાહિત્ય એ નિરક્ષર, આદિમ, પછાત લોકોનું જ સાહિત્ય છે એવુ નથી, લોકસાહિત્યને પણ જીવન છે — લોકજીવન છે. લોકસાહિત્ય તો સમગ્ર પ્રજાજીવનની ચેતનાનુ સર્જન છે."

આ હવાને લીધે - રાષ્ટ્રીયશાયર શ્રી. ઝવેરચંદ મેઘાણીની લોક-સાહિત્ય - અલખની ઉપાસનાને કારણે - ગુજરાતમાં લોકસાહિત્યને એના સાચા સ્વરૂપમા જાળવી રાખવા સવિશેષ પ્રયત્નો થયા. સ્વ. મેઘાણીના સમકાલીનોમા સ્વ. રાયચુરા, શ્રી ગોહેલ, શ્રી. મનુભાઈ જોધાણી, શ્રી. મંજુલાલ મજમુદાર, શ્રી. અડાલજા, શ્રી. ગણપતરામ

મગનલાલ જોશી, શ્રી. શંકર દાજીભાઈ, પીંગળશીભાઇ, મેરુભા, પદ્મશ્રી દુલાભાયા કાગ, હીંગળાદાન, બળવંતસિંહભાઇ – ઇત્યાદિ એ લોકસાહિત્યની પ્રખર સાધના કરી છે, ને તેમાંથી કેટલાક તો આજે પણ લોકસાહિત્યની આરાધના કરી રહ્યા છે. વળી **આરાધનાની આ કેડી પર આજે** તો લાંબી વણઝાર નજરે ચઢે છે. તેમાં શ્રી. પુષ્કર ચંદરવાકર, શ્રી. મધુભાઈ પટેલ, ડૉ. સુધાબહેન રમણલાલ દેસાઈ, શ્રી. લાલચંદ નીનામા, શ્રી. શંકરભાઇ તડવી, શ્રીમતી રેવા બહેન તડવી, શ્રી. અનવર આગેવાન, શ્રી. કનૈયાલાલ જોશી, શ્રી. ચંદ્રકાંત વાઘેલા, શ્રી. જોરાવરસિંહ જાદવ — ઇત્યાદિ પ્રતિષ્ઠાને વરીને બેઠા છે.

આ સર્વ ભાઈ-બહેનો લોકસાહિત્યના ક્ષેત્રે જે કાર્ય કરી રહ્યા છે તેના પુરસ્કારરૂપે ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ તરફથી પ્રકાશનનું કાર્ય હાથ પર ધરવામાં આવ્યું છે. આજ પર્યંત "ગુજરાતી લોકસાહિત્યમાળા" ના ત્રણ મણકા પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે, ને એ સાથે આ ચોથો મણકો પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આ મણકામાં પ્રસિદ્ધ થતા સાહિત્યના સંપાદન માટે પોતાનો સર્જનફાલ મોકલી આપવા લેખક ભાઇબહેનોના સહકારને તો કેવી રીતે ભૂલી શકાય? આ પુસ્તક માટે સુંદર કલાત્મક મુખપૃષ્ઠ તૈયાર કરી આપવા બદલ ચિત્રકાર શ્રી. નટુભાઈ મિસ્ત્રી (ચેતક) ના સૌજન્યનું પણ આ સ્થળે સ્મરણ આવે છે. છેલ્લું પ્રુફ તપાસી આપવા માટે શ્રી. કૃષ્ણપ્રસાદના સહકારને પણ ભૂલી શકાય તેમ નથી. ધી ડાયમંડ જ્યુબિલી પ્રિ. પ્રેસના વ્યવસ્થાપક શ્રી. સુરેશભાઇએ પણ પુસ્તકનું પ્રકાશન સુંદર બને એ માટે ઘણી જહેમત લીધી છે.

— ને આ સર્વના સહકારથી આ પુસ્તકમાં વિધવિધ લોકગીતો અને અનેકવિધ લોકવાર્તાઓનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

આશા છે કે "ગુજરાતી લોકસાહિત્યમાળા" નો આ ચોથો મણકો લોકસાહિત્યના અભ્યાસીઓ અને ચાહકોની રસતૃષાને તૃપ્ત કરશે.

—સંપાદક સમિતિ

અનુક્રમણિકા

એક વિજ્ઞપ્તિ

'ગુજરાતી લોકસાહિત્યમાળા'ના ત્રીજા મણકામાં સંપાદિત થયેલ કૃતિઓની અનુક્રમણિકામાં તેમ જ પૃષ્ઠ-૪૧ પર "ભરુચ જિલ્લાના આદિવાસીઓમા ગવાતાં ગીતો" – કૃતિ માટે તેના સંપાદક શ્રી. વાડીલાલ ઠક્કરનુ નામ પ્રસિદ્ધ કરવું રહી જવા પામ્યું છે.

મંડપનાં ગીતો

સંપાદકો : જોરાવરસિંહજી ડી. જાદવ એમ. એ.
સજ્જનકુમારી જે. જાદવ

[ઉત્સવ એ લોકજીવનના ઉલ્લાસનો પુરસ્કાર છે. મંડપ એ ઉત્સવનું એક આવશ્યક અંગ છે. અહીં રજૂ થતા 'મંડપના ગીતો' ઉત્સવોના ઉમંગના આવિષ્કારનું પરિણામ છે]

૧. દ્રાક્ષનો છાયો વીરનો માંડવો.

લીલવા દ્રાક્ષનો છાયો વીરનો માંડવો!
બાજુભાઈ દાદાને પૂછેઃ
આપણે આંગણિયે આનંદ શાનો?
દીકરા તુજને પરણાવું, જાડી જાન જોડાવું
દીકરા આપણે આંગણિયે આનંદ એનો?
લીલવા દ્રાક્ષનો છાયો વીરનો માંડવો!
કાકા આપણે આંગણિયે આનંદ શાનો?
દીકરા તુજને પરણાવું, કળસી કુટુંબ તેડાવું,
દીકરા આપણે આંગણિયે આનંદ એનો?
લીલવા દ્રાક્ષનો છાયો વીરનો માંડવો!

*

૨. માન સરીખો માંડવો.

માન સરીખો માંડવો રે!
જોયા સરીખી છે જાન!
વેવાયો મન દેજો રે.
કંકુ લાવ્યા ને લોકીટ લાવશું રે!
પહોંચી ઘડાવે વહુના બાપ!
વેવાયો મન દેજો રે.
માન સરીખો માંડવો રે!
જોયા સરીખી છે જાન!

વેવાયો મન દેજો રે.
હાર લાવ્યાને બંગડી લાવશુ રે !
બ્રેસલેટ ઘડાવે વહુના વીર !
વેવાયો મન દેજો રે.
માન સરીખો છે માંડવો રે !
જોયા સરીખી છે જાન !
વેવાયો મન દેજો રે.

*

૩. નાણાવટી સાજન બેઠું માંડવે.

નાણાવટી રે સાજન બેઠું માંડવે !
લેખાવટી રે સાજન બેઠું માંડવે !
જેવી ભરી સભાના રાજા
એવા બળવંતભાઈના દાદા !
નાણાવટી રે સાજન બેઠું માંડવે.
જેવા હાર માયલા હીરા
એવા બળવંતભાઈના વીરા !
નાણાવટી રે સાજન બેઠું માંડવે.
જેવા અટલચના તાકા
એવા બળવંતભાઈના કાકા !
નાણાવટી રે સાજન બેઠું માંડવે.
જેવી ફૂલડીઆની વેણી
એવા બળવંતભાઈના બે'ની !
નાણાવટી રે સાજન બેઠું માંડવે.
જેવા ચૈત્ર વૈશાખના આંબા
એવા બળવંતભાઈના મામા !
-નાણાવટી રે સાજન બેઠું માંડવે.

*

૪. મોભીનો માંડવો.

માંડવે લીલી આડી ને પીળી થાંભલી
માંડવે બેસે રાજા ને બેસે રાજિયા.
માંડવે બેસે રાજુભાઈ દેહોત રે!
વીરાજીનો માંડવો......
માંડવે મ્હાલે રાણા ને મ્હાલે રાજિયા
માંડવે મ્હાલે દાદાજી દેહોત રે!
મોભીનો માંડવો......
માંડવે મ્હાલે રાણાને મ્હાલે રાજિયા
માંડવે મ્હાલે કાકાજી દેહોત રે!
ભત્રીજાનો માંડવો......
માંડવે મ્હાલે રાણા ને મ્હાલે રાજિયા
માંડવે મ્હાલે મામાજી દેહોત રે!
ભાણેજનો માંડવો......
માંડવે મ્હાલે રાણા મ્હાલે રાજિયા
માંડવ મ્હાલે બે'નીબા દેહોત રે!
બેનીબાનો માંડવો
વીરાજીનો માંડવો......

×

૫. માંડવ રંગ ભર્યો.

આગ માંડવ ફાલ્યો ફૂલ્યો રંગભર્યો
મોટામોટા ગજુભાઈના બાપુ વદનસિંહભાઈ
મારે માંડવ પધારજો.
તમે આવો માંડવનો રંગ રહેશે.
નહીંતર જાશે માંડવડાની લાજ,
વદનસિંહભાઈ માંડવે પધારજો.

ગજુભાઈના કાકા અચળસિંહભાઈ
મારે માંડવ પધારજો.
તમ આવ્યે માંડવડાનો રંગ રહેશે
નહીતર જાશે માંડવડાની લાજ.
મારો માંડવ ફાલ્યો ફૂલ્યો રંગભર્યો
ગજુભાઈના મામા ભિખુસિંહ ભાઇ
મારે માંડવ પધારજો.
તમે આવ્યે માંડવડાનો રંગ રહેશે!
નહીંતર જાશે માંડવડાની લાજ
મારો માંડવ ફાલ્યો ફૂલ્યો રંગભર્યો.

*

૬. માંડવે મીઠી નાગરવેલ્ય.

ઊંચો ઊંચો દાદાજીનો માંડવો રે!
તેથી ઊંચેરા પરહર બે ચાર
દાદાજીનો માંડવો રે.
માંડવે લીલી દાંડી ને રાતી થાંભલી,
માંડવે થઈ છે મીઠી નાગરવેલ્ય,
દાદાજીનો માંડવો.
માંડવે બેસે રાજા ને બેસે રાજિયા,
માંડવે બેસે જાદવ બે ચાર,
દાદાજીનો માંડવો.
નીચો નીચો વેવાયોનો માંડવો રે,
તેથી નીચેરા પરહર બે ચાર,
વેવાયોનો માંડવો રે.
માંડવે સૂકી દાંડી ને થોરની થાંભલી રે,
માંડવે થઇ છે કડવી કુકડવેલ્ય,
વેવાયોનો માંડવો.

માંડવે બેસે ગોલા ને બેસે ચામઠા રે,
માંડવે બેસે બચુભાઈ કજાત કે,
વેવાયોનો માંડવો

*

૭. માંડવ રઢિયાળો......

મારો માડવ રઢિયાળો લીલી પાંદડીએ શણગારો.
લીલી પીળી માંડવડાની છાય માણારાજ.
વીરના કાકા જોઇએ તો કનુભાઇને તેડાવો માણારાજ.
લાડે કોડે ભત્રિજા પરણાવો માણારાજ.
મારા માંડવ રઢિયાળો લીલી પાંદડીએ શણગારો.
વીરના મામા જોઈએ તો રાયસંગભાઇને તેડાવો.
લાડે કોડે ભત્રિજા પરણાવો માણારાજ.
વીરના વીરા જોઈએ તો અજિતભાઇને તેડાવો.
લાડે કોડે બાંધવ પરણાવો માણારાજ.
વીરના બે'ની જોઈએ તો ઘનુબાને તેડાવો.
લાડે કોડે વીરને પરણાવો માણારાજ.
મારો માડવ રઢિયાળો લીલી પાંદડીએ શણગારો માણારાજ.

*

૮. લીલો મારો માંડવો.

લીલા સરોવર લીલો માંડવો.
લીલી છે કંઇ તારા જગની વાડી.
એનો છાંયો ને લીલો મારો માંડવો.
માંડવડે રે કંઇ ચાર મોટેરા તેડાવો.
માંડવ દીસે રે રળિયામણો.
મોટેરા મારે જીતુભાઈ આવંતા

વદનસિંહભાઈ આવે મારે માંડવે
માંડવડે ચાર અત્તરિયા તેડાવો.
માંડવ દીસે છે રળિયામણો.
અત્તરિયા મારે રાજુભાઈના કાકા
કાળુસિંહભાઇ આવે મારે માંડવે.
લીલા સરોવર લીલો માંડવો
લીલી છે કંઈ તારા જગની વાડી
એનો છાંયો ને લીલો મારો માંડવો.
માંડવડે ચાર ગલાલિયા તેડાવો.
માંડવ દીસે રે રળિયામણો.
ગલાલિયા મારે રાજુભાઇના મામા
ભિખુસિંહભાઇ આવે મારે માંડવે.
લીલા સરોવર લીલો માંડવો.
લીલી છે કંઈ તારા જગની વાડી.

*

૯. માંડવો નાખ્યો મલપતો

માંડવો નાખ્યો મલપતો, સોની ઘડે / સોના ઘાટ;
મારે જાદવરાયના બેસણા રુક્ષ્મણી ઢોળે વાય,
સોની ઘડય રે કરશનજીના મોળિયા, ઘડય રે નવલખ હાર.
કયા દેવ ઘોડે, કયા દેવ હાથીએ, શત્રુઘ્ન તેજીના અસ્વાર,
રામ ઘોડે લક્ષ્મણ હાથીએ, શત્રુઘ્ન તેજીના અસ્વાર રે,
માંડવો નાખ્યો મલપતો ત્યાં સમરો ઢળાવો રે.
કયા વહુ ઓરડે કયા વહુ ઓંશરિયે, કયા વહુ માંડવે મ્હાલે રે,
શાંતુ વહુ ઓરડે, હેમલત્તા વહુ ઓંશરિયે સજન વહુ માંડવ મ્હાલે રે.
માંડવો નાખ્યો મલપતો......

*

૧૦. ઝમરખ મંડપ રચાવિયો

ઝમરખ મંડપ રચાવિયો, મળિયા ભૂપતિ ભારે રે!
સીતાએ છાયા મોરિયા, ચુંદડી ઓઢી છે બહુ સારી રે!
કેશભરી કંકાવટી, ચોખલા ચોડયા લલાટ!
રૂપ દેખી રાવણ બોલિયો, બળવા જુજ અમારા!
કર રે જોડી સીતા કરગરે લજ્જા રાખો અમારી!
ધનુષ્ય મૂકયું જનકે ચોકમાં, કોઈ જોદ્ધો બળવાન!
રૂપ દેખી રાવણ ઊઠયો, બળવા જૂજ અમારા!
રાવણથી ધનુષ્ય ને ફર્યું, દશરથનો દીકરો રામચંદ્ર!
ટચલી આંગળીએ ધનુષ્ય ઉડાડિયા, ધનુષ્ય ઊડયું છે અકાશ!
પાતાળે ખડછંદા પહોંચ્યા, નવકુળ નવસો નાગનીઓ જાગી!
ઊઠોને નાગ ઉતાવળા ધરતી ધ્રુજવાને લાગી!
કોઇ કહે લંકાગઢ ઉમટયું, કોઇ કહે ઉમટયું હાલાર!
નથી લંકાગઢ ઉમટયું નથી ઉમટયું હાલાર!
દશરથના દીકરા રામચંદ્ર પરણ્યા જનકકુંવરી!

*

૧૧. માંડવે મથુરીનો વેલો.

માડવે મથુરીનો વેલો મારા વેવાયો રે!
માવગંગ છે એમની બૈયરના ચેલા વેવાયો રે!
બૈયરે લુગડાં ધોવા મેલ્યા મારા વેવાયો રે!
સાડલો ધોયો, કાપડું ધોયું ને ઘાઘરો ધોતા આવડે નહીં!
રોતો કકળતો એની બૈયર પાસે આવ્યો!
છાનો રે છોકરડા તને કોણે રોવડાવ્યો રે!
જાદવોના નાને મોટે ઢાળડ ભૂણડ ઢીખ્યો રે!

*

૧૨. મારે માંડવે મોગરો છાયો.

મારે માંડવે મોગરો છાયો ને નેત્ર ઓછાડીઓ રે!
મારે માંડવે કેળના સ્થંભ શો માંડવો રે!
મારે માંડવે કોણ કોણ આવ્યું રે, કોણ કોણ આવશે રે!
હું તો જોઉં કયા દેવની વાટ રે?
એમને આવ્યે રંગ રહેશે!
મારે માંડવે રામાભાઇ આવ્યા ને
સીતા દેવી આવશે રે!
હું તો જોઉં શાંતુ વહુની વાટ કે
એમને આવ્યે રંગ રહેશે?

*

૧૩. સોનાની સળીઓનો માંડવો.

સોનાની સળીઓનો માંડવો રે!
રૂપા સ્થંભ રોપાયા, બાળા જોબનમાં માંડવો રચ્યો રે!
કયા ભાઈને ઘેર શુકન ગોરી રે!
મીઠા બોલી છે નાર,
મીઠે ને બોલે દિલ વસ્યાં રે,
હૈયે હરખ ન માય!
હરખે શું આપ્યા બેસણા રે,
દૂધ ધોયા છે પગ,
બાળા જોબનમાં માંડવો રચ્યો રે.

*

૧૪. માંડવ રળિયામણો.

માંડવડે સોનાના થંભ રૂપા કેરી વળીયું,
માંડવડે અંતરિયા હોય રે મારો માંડવ રળિયામણો.

માંડવડે અંતરિયા ફતેસંગ હોય રે મારો માંડવ રળિયામણો.
માંડવડે સોનાના થંભ રૂપા કેરી વળિયું,
માંડવડે ગલાલિયા હોય રે મારો માંડવ રળિયામણો.
માંડવડે ગલાલિયા નારૂભાઈ હોય રે મારો માંડવ રળિયામણો.
માંડવડે છોગાળા હોય રે મારો માંડવ રળિયામણો.
માંડવડે છોગાળા બળવંતભાઈ હોય રે મારો માંડવ રળિયામણો.
માંડવડે નાણાવટી હોય રે મારો માંડવ રળિયામણો.
માંડવડે નાણાવટી ગજુભાઈ હોય રે મારો માંડવ રળિયામણો.

*

૧૫. મધ બેઠું રે લીલા માંડવા હેઠ.

મધ બેઠું રે લીલા માંડવા હેઠ કે
મધડા રે રળિયામણા.........
મધ પાડશે રે પેલા માવસંગ જમાઈ કે
મધડા રે રળિયામણા............
મધ ગાળશુ રે સાચા સાળુના છેડે કે
મધડા રે રળિયામણા..............
મધ પીશે રે રાજુભાઈ બે હાથ કે
મધડા રે રળિયામણા..............
હોઠ ચાટશે રે પેલા માવસંગ જમાઈ કે
મધડા રે રળિયામણા..............

૧૬. માંડવે રે હીરના દોર.

મારે માંડવે રે હીરના દોર ચીરના દોર
ઘૂઘરિયાળા ગોદડા...
મારે માંડવે રે અગરસંગ ચોર (૨)
ગોદડા ચોરી ગયા...

મારા ધનુબા રે ઊંધુ લઇ બુંધુ લઇ ફરી વળ્યા,
મારી નહીં મારી સકર્ણી નાર !
ચારીશ રે તારા બાપના ઢોર !
હવે નહી ચોરું ગોદડાં...
ઉડાડીશ રે લીલી વાડીના મોર !
હવે નહીં ચોરું ગોદડા...

*

૧૭. વેવાયોનો માંડવો.

વેવાયોના માંડવે રમવાને ગ્યાંતા,
પરાણે પાળી ઈંડું વળગાડયું રે.
મારા બાલુભાઇને.................
અમારા બાબુભાઇ બાળાને ભોળા,
જગના ધૂતારા પેલા વેવાઈ રે.
વેવાયોને માંડવે જમવાને ગ્યાંતા
છૂટા ચોખાને ચપટી ખાંડ રે.
મારા હોંશી વેવાયો રે
હોંશે જમાડ્યા અમને ખાંતે જમાડ્યા.
હોંશી વેવાયો, ખાંતી વેવાયો.
હોંશી વેવાયોને માંડવે જમવાને ગ્યાંતા.
કાચા ચોખાને કળશી કાંકરા રે
મારા હોંશી વેવાયો રે...........

*

લગ્નગીતો

[લગ્ન ઉત્સવ એ લોકજીવનનું અનન્ય આનંદ લહાણું છે. અહીં તુલશી વિવાહના ગીતો, શઠવા કોળીના લગ્નગીતો અને ઝાલાવાડનાં ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણના લગ્નગીતો સંપાદિત કરવામા આવ્યા છે. આ ગીતોમા લગ્નજીવનની મંગલ ભાવના છે, પ્રણયમસ્તિ છે, તો મીઠી મઝાક કટાણુંઓ પણ જોવા મળે છે]

તુલસી વિવાહના ગીતો

સંપાદકો : જોરાવરસિંહ ડી. જાદવ એમ. એ
સજજનકુમારી જે. જાદવ

૧. તુલસીબા રે કુંવારા.

વનરા તે વનમાં તુલસીબા રે કુંવારા!
તુલસીને પાણીડા પાવ રે મોહનભાઈ રાણા!
મોતીના દાણા......!
તમારા સાસરિયામાં ઊતારા કરતા જાવ રે!
તુળસીને પાણીડા પાવ રે મોહનભાઇ રાણા!
મોતીના દાણા......!
તમારા સાસરિયામા દાતણ કરતા જાવ રે!
તુલસીને પાણીડા પાવ રે મોહનભાઇ રાણા!
મોતીના દાણા......!
તમારા સાસરિયામાં નાંવણુ કરતા જાવ રે!
તુલસીને પાણીડા પાવ રે મોહનભાઇ રાણા!
મોતીના દાણા......!
તમારા સાસરિયામા ભોજન કરતા જાવ રે!
તુલસીને પાણીડા પાવરે મોહનભાઇ રાણા!
મોતીના દાણા......!

તમારા સાસરિયામાં મુખવાસ કરતા જાવ રે !
તુલસીને પાણી પાવ રે મોહનભાઈ રાણા !
મોતીના દાણા......!
તમારા સાસરિયામાં ઓઢણુ કરતા જાવ રે !
તુલસીને પાણીડા પાવ રે મોહનભાઈ રાણા !
મોતીના દાણા......!

*

૨. કાળા રે કરશનજી...

કાળા રે કરશનજી મથુરાના રહેવાસી,
કાળા કરશનજીને કેશરિયા વાઘા,
કાનજી કહે છે બે'ની ઓરેરા આવો,
દેવકીજી દેવલોક કીમ પરણે ?—મથુરા.
સોનાનો માંડવો ને સોનાની વળીઉ !
સાવરે સોનાના માણેકસ્થંભ રે !—મથુરા.
કાનજી કહે છે બે'ની ઓરેરા આવો !
મરતુકલોક કીમ પરણે ?
લાકડાનો માંડવો ને લાકડાની વળીઉ !
લાકડાનો કોર્યો માણેકસ્થંભ રે !—મથુરા.
દેવકીજી મરતુકલોક ઈમ પરણે !

*

૩. હેલ્યું હૂંગે વળે......

મારે આંગણિયે તુલસીનો કયારો !
મારે આંગણિયે રૂડા રામ રમે !
હેલ્યું હૂંગે વળે, સાચા મોતી ચરે.
હેલ્યું ચારો ચરે, કયાભાઇને ગમે ?

ઢેલ્યું ઢુંગે વળે સાચા મોતી ચરે !
એ તો ટેમુભાઈને ગમે......મારે.

૪. તુળસી રોપે છે વરમાળ.

પડવે પહેલો તમ અવતાર રમવા નિસર્યા રે લોલ.
બીજે બાળક બેઠુ બહાર, મેં સમજાવ્યું રે લોલ.
ત્રીજે ત્રણ ભૂવનનો નાથ, તાળી પાડો ટાચકા રે લોલ.
ચોથે છોગાળા ભગવાન, કે મારે મો'લ આવજો રે લોલ.
પાંચમે માર્યો હરણાકંસ, કે એક માર્યો મૃગલો રે લોલ.
છઠ્ઠે તેડાવો જોષી કે જોષ જોવડાવો રે લોલ
ભાઈ જોષીડા વીગ સારા સારા તુ જોજે જોષ.
કે લગ્ન કે દિવસના આવશે રે લોલ.
આવશે અગિયારસને સોમવાર કે વિવાહ આવ્યા ઢૂંકડા રે લોલ
આવી રૂડી અંધારી રાત કે અજવાળા કયાંથી પડે રે લોલ.
દ્વારકામાં પોંખાય રણછોડરાય કે અજવાળા ત્યાં પડે રે લોલ
તુલસી રોપે છે વરમાળ કે બ્રહ્મા વેદ ભણે રે લોલ.

૫. તુળસી તારા મોંઘેરા નામ.

ધન્ય ધન્ય આકરૂ ધન્ય ધન્ય ગામ.
ધન્ય ધન્ય રે તુલસી તારા મોંઘેરા નામ. સાભળો ગુણવંતા.
રામજી ખેડે ને લક્ષ્મણ વેડે. ,, ,,
સતી રે સીતાજીએ પાણીડા સિંચ્યા. ,, ,,
અપાઢે તુલસી રોપે રોપાણુ. ,, ,,

શ્રાવણે તુલસી બબ્બે પાંદડિયે. સાંભળો ગુણવંતા.

હરખ્યા નારયણ તુલસી નામે. ,, ,,

ભાદરવે તુલસી વેલે વળુંભ્યા. ,, ,,

દેવ દામોદરે ખોળામાં લીધાં. ,, ,,

આસો એ તુલસી આછા વળુંભ્યા. ,, ,,

કુંવારા તુલસીબાનો કરો રે વિવાહ. ,, ,,

કારતકે તુલસીના વિવાહ નિરધાર્યા. ,, ,,

લગ્ન નિર્ધાર્યા ને પરણ્યા મોરારી. ,, ,,

માગશરે માવઠડા રે થાશે. ,, ,,

શિયાળે તુલસીબાના આણુલાં રે જાશે. ,, ,,

પોષે તો તુલસી પડયા રે શેપમાં. ,, ,,

તુલસી વિના ત્રિભુવન રે ડોલ્યા ,, ,,

મહારાજે તો વન સઘળી રે વેડ્યાં ,, ,,

ફુડલા કોડલાની રમત રે માડી. ,, ,,

ફાગણે ફાગ ખેલે રે ગોવિંદા. ,, ,,

હોળી ખેલે ચંદ્રાવતી લીલા. ,, ,,

અગર તુલસી હિંડોળા બંધાવે. ,, ,,

હીંડોળે હીંચે શ્રી કૃષ્ણજી ભોળા. ,, ,,

વૈશાખે વાવલિયા રે વાશે. ,, ,,

ઘેર પધારો શ્રીકૃષ્ણ નાવલિયા. ,, ,,

જેઠે તો તુલસી સૂકાવા રે લાગ્યાં. ,, ,,

તુલસી વિના સૂનો સંસાર. ,, ,,

જેણે કર્યો તુલસીને દીવો. ,, ,,

એનો વીરોજી ઘણું રે જીવો. ,, ,,

જેણે રેડ્યાં તુલસીને બેડાં. ,, ,,

એને આવે શ્રી રામના તેડા. ,, ,,

૬. ક્યાં વસે તુલસી ?

ક્યાં વસે તુલસી ? ક્યાં વસે રામ ?
ક્યાં વસે મારા શ્રી ભગવાન ?
શું જમે તુલસી ? શુ જમે રામ ?
શું જમે મારા શ્રી ભગવાન ?
ક્યાં પોઢે તુલસી ? ક્યા પોઢે રામ ?
ક્યાં પોઢે મારા શ્રી ભગવાન ?
ક્યારે વસે તુલસી, મંદિરિયે વસે રામ,
પાલખીએ વસે મારા શ્રી ભગવાન !
દૂધ પીએ તુલસી, સાકર જમે રામ,
કંસાર જમે મારા શ્રી ભગવાન !
ક્યારે પોઢે તુલસી, મંદિરે પોઢે રામ,
પાલખીએ પોઢે મારા શ્રી ભગવાન !

*

૭. તુલસીએ કામણ કીધાં.

વરઘોડો રે કંઈ વિઠ્ઠલજીનો !
ઘોડાને રે કંઈ ઓરડિયે બાંધવોજી રે !
ઘોડાને રે કંઈ નાગરવેલ્ય નીરાવો રે !
ઘોડાને રે કંઈ ત્રાંબાકુંડિયે નીર પાવા રે !
ઘોડાને રે કંઈ તેત્રીસ શણગાર સજાવો રે !
બાર ગણા કંઈ ઢોલડિયા વગડાવો રે !
શિવ ગંતો રે કંઈ શરણાયુંના બે જોટા રે !
ઘોડાને રે કંઈ પવન વેગે ચલાવો રે !
વેવણ રે તું વહેલેરી આવજે રે !
થાળ ભરીને મોતીડા લાવજે રે !
ઉપર રે કંઈ શ્રીફળ મેલાવજે રે !

મારા વા'લાને વીગતે વધાવજે રે !
રૂડા તુલસીએ કામણ કીધાજી રે !
મારા વહાલાના મન હરી લીધાજી રે !

*

૮. કોણ હરિના જાનૈયા થાશે ?

લગન બાજોઠી સુથારે ઘડી.
ઘડતા શું ઘડીને હીરલે જડી.
સુથારીનો બેટો કામણગરો.
અમને હરિવર વહાલા.
કોણ કોણ દેવ હરિના જાનૈયા થાશે ?
કયા દેવ થાશે હરિના રખવાળ રે ?
અમને હરિવર વહાલા.
રામ અને લક્ષ્મણ હરિના જાનૈયા થાશે.
હનુમાન થાશે રખવાળ રે.
કોણ કોણ હરિની જાનરડી થાશે ?
કોણ થાશે લુણવંતી રે ?
માતા કુંતાજી હરિની જાનરડી થાશે.
બેની સુભદ્રા થાશે લુણવંતી રે.
અમને હરિવર વહાલા......

*

૯. સીતા પાણીડાં ગ્યાંતાં.

સાવરે સોનાના સરોવરે સીતા પાણીડાં ગ્યાતાં.
સૈયર મેગુલા બોલી, આવડાં સીતા બાળકુંવારાં
પાણીડાં ગ્યાંતા રામની વાડીએ રે લોલ.
રીસાયાં સીતા ઘેર પધાર્યા.
આવીને ઢોલિયા ઢાળ્યા. પાણીડાં૦

કેમ રે સીતાજી તમારાં માથડાં દુઃખ્યાં ?
ક્યાંથી આવ્યો તરિયો તાવ ? પાણીડાં૦
સરખી સાહેલી પાણીડાં ગયા'તાં.
સહિયર મેણુલા બોલી...... પાણીડાં૦
કહો તો સીતાજી સૂરજ સાથે વરાવું,
કહો તો ચંદ્રમાના માગા. પાણીડાં૦
સૂરજના તેજ દાદા અતિ ઘણેરા,
ચંદ્રના તેજ રાતના ઝાંખા. પાણીડાં૦
કહો તો સીતાજી હનુમાન સાથે વરાવું,
કહો તો કૃષ્ણજીના માગા... પાણીડાં૦
હનુમાનને તેલ દાદા અતિ ઘણેરા,
કૃષ્ણ દાદા કાળી કુબ્જા વાળા... પાણીડાં૦
એક રામજી મને મન ભાવ્યા... પાણીડાં૦

*

૧૦. અધઘડી ઊભલા રહેજો !

મારે આંગણ ગુલાબ ચંપો ને વળી મરવો.
ડોલર લહેરો રે હો લેશે.
ત્યાં રાધાજી કૃષ્ણને કહે છે રે.
અધ ઘડી ઊભલા રે હો રહેજો.
મારે આંગણ ઊતારા કરતા જાજો અધઘડી.
આજ મારે ઊતારા કરવાની છે બાધા,
એ શું બોલ્યા રે હો રાધા.
મારે આગણ ચંદન ચંદનનો સોટો,
નાખ્યો ફૂલનો ગોટો રે હો ગોટો અધઘડી.
મારે આંગણ દાતણ કરતા રે હો જાજો,

મારા વા'લાને વીગતે વધાવજો રે!
રૂડા તુલસીએ કામણુ કીધાજી રે!
મારા વહાલાના મન હરી લીધાજી રે!

*

૮. કોણ હરિના જાનૈયા થાશે?

લગન બાજોઠી સુથારે ઘડી.
ઘડતા શું ઘડીને હીરલે જડી.
સુથારીનો બેટો કામણગરો.
અમને હરિવર વહાલા.
કોણ કોણ દેવ હરિના જાનૈયા થાશે?
કયા દેવ થાશે હરિના રખવાળ રે?
અમને હરિવર વહાલા.
રામ અને લક્ષ્મણ હરિના જાનૈયા થાશે.
હનુમાન થાશે રખવાળ રે.
કોણ કોણ હરિની જાનરડી થાશે?
કોણ થાશે લુણવંતી રે?
માતા કુંતાજી હરિની જાનરડી થાશે.
બેની સુભદ્રા થાશે લુણવંતી રે.
અમને હરિવર વહાલા......

*

૯. સીતા પાણીડાં ગ્યાંતાં.

સાવરે સોનાના સરોવરે સીતા પાણીડા ગ્યાતાં.
સૈયર મેણલા બોલી, આવડાં સીતા બાળકુંવારાં
પાણીડાં ગ્યાંતા રામની વાડીએ રે લોલ.
રીસભર્યાં સીતા ઘેર પધાર્યાં.
આવીને ઢોલિયા ઢાળ્યા. પાણીડાં૦

કેમ રે સીતાજી તમારાં માથડા દુઃખ્યાં ?
ક્યાંથી આવ્યો તરિયો તાવ ? પાણીડા૦
સરખી સાહેલી પાણીડા ગયા'તા.
સહિયર મેણુલા બોલી...... પાણીડા૦
કહો તો સીતાજી સૂરજ સાથે વરાવું,
કહો તો ચંદ્રમાના માગા. પાણીડા૦
સૂરજના તેજ દાદા અતિ ઘણેરા,
ચંદ્રના તેજ રાતના ઝાંખા. પાણીડા૦
કહો તો સીતાજી હનુમાન સાથે વરાવું,
કહો તો કૃષ્ણજીના માગા... પાણીડા૦
હનુમાનને તેલ દાદા અતિ ઘણેરા,
કૃષ્ણ દાદા કાળી કુબ્જા વાળા... પાણીડા૦
એક રામજી મને મન ભાવ્યા... પાણીડા૦

*

૧૦. અધઘડી ઊભલા રહેજો !

મારે આગણુ ગુલાબ ચંપો ને વળી મરવો.
ડોલર લ્હેરો રે હો લેશે.
ત્યાં રાધાજી કૃષ્ણને કહે છે રે.
અધ ઘડી ઊભલા રે હો રહેજો.
મારે આંગણુ ઊતારા કરતા જાજો અધઘડી.
આજ મારે ઊતારા કરવાની છે બાધા.
એ શુ બોલ્યા રે હો રાધા.
મારે આંગણુ ચંદન ચંદનનો સોટો,
નાખ્યો ફૂલનો ગોટો રે હો ગોટો અધઘડી.
મારે આંગણુ દાતણુ કરતા રે હો જાજો.
આજ મારે દાતણુ કર્યાની છે બાધા.
એ શુ બોલ્યા રે હો રાધા

મારે આંગણુ પ્રભુજી નીત નીત આવતા.
અધઘડી ઊભલા રે હો રહેજો.
મારે આંગણ નાવણ કરતા રે હો જાજો,
આજ મારે નાવણ કર્યાની છે બાધા.
એ શુ બોલ્યા રે હો રાધા.
અધઘડી ઊભલા રે હો રહેજો.
મારે આંગણુ ભોજન કરતા રે હો જાજો,
આજ મારે ભોજન કરવાની છે બાધા.
એ શુ બોલ્યા રે હો રાધા.
મારે આંગણુ પ્રભુજી નીત નીત આવતા.
અધઘડી ઊભલા રે હો રહેજો.
મારે આંગણુ મુખવાસ કરતા રે હો જાજો.
આજ મારે મુખવાસની છે બાધા.
એ શુ બોલ્યા રે હો રાધા.
મારે આગણુ પોઢણુ કરતા જાજો,
આજ મારે પોઢણુ કર્યાની છે બાધા.
એ શું બોલ્યા રે હો રાધા ?

*

ઝાલાવાડનાં ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણનાં લગ્નગીતો

સંપાદક : શ્રી. પુષ્કર ચંદરવાકર

ફટાણાં

(૧)

ગોરી ગાગરડીમા સોપારીનો કટકો.
પારકે માડવે અનુરાધા આવડો શો લટકો.
વિવા વિતશે કાઢી મૂકશે,
પછી ચડશે ચટકો.

ધીમે ધીમે ચાલો,
તમારા ઘાઘરાને આવશે ઝડકો.
ખંભાતમા દરજી નથી,
કોણ ભરશે ઝડકો

(૨)

આવી આવી ભાદરની રેલ ! ભાદર ગાજે છે. રે.
આપણા વેવાણ તણાતાં જાય ! „ „ „
તાણો તાણો અમરતભાઈની દોર ! „ „ „
વેવાણ તણાતા જાય ! „ „ „
આપણા વેવાઇ વાઢા થાય ! „ „ „
છોરૂડા મા વિનાનાં થાય ! „ „ „

(૩)

ઊંચે ટીબે કાબર માસી,
કાબર કહે અનુરાધાની માસી.
ભાઈને સાસરે જમવા ગઇ'તી,
ઘીમાં રાખ્યો દૂધમાં ઝબોડી
લે લે કૂતરા તૂ તૂ.

(૪)

ભારતીબેન ચાંદાના પાદરડુ,
રમણીકલાલ વગડાનું વાદરડુ.
ચાદરે બહુ કલપના કીધી,
ત્યારે અમે દેવકન્યા દીધી.
ભારતીબેન મોટરમાં ફરવા જાશે,
ત્યારે રમણીકલાલ ડ્રાઈવર થઇને જાશે

ભારતીબેન દેવ પૂજવા જાશે,
ત્યારે રમણીકલાલ માળી થઇને જાશે.
માળીએ બહુ કલપના કીધી,
ત્યારે અમે દેવકન્યા દીધી.
ભારતીબેનને સાડી પહેરવા જોઇશે,
ત્યારે રમણીકલાલ કાપડિયો થઇને જાશે.

(૫)

અગર ચંદનની રાત,
તારલિયો ક્યારે ઉગશે ?
જયાવહુ તમારલા કંથ,
પ્રતાપભાઈ ક્યારે પધારશે ?
ગયા છે ઓફિસરોની સાથ,
અંદારિયા હમણાં પધારશે....અગર...
સવિતાવહુ તમારલા કંથ,
પ્રાણભાઈ ક્યારે પધારશે.
ગયા છે કંઈ ખેડૂતોની સાથ,
વેવારીયા હંમણા પધારશે....અગર...

(૬)

સાગ સિસમનો ઢોલિયો,
અમરાડમરાના વાણ.
ગાલમ મસૂરના તકિયા,
સખમલની તળાયું.
ત્યાં ચડી કૃષ્ણ પોઢસે,
રુક્ષ્મણી ઢોળે છે વાય.

ચાય ઢોળતાં પૂછીયું,
સ્વામિ સૂણો મારી વાત.
જેવા ભાભીને તનમનિયા,
તેવા અમને ઘડાવો.
સંપત હોય તો ઘડાવિયે,
કોઇનો વાદ ન વદીએ.
વીરા બળભદ્ર તમને વિનવું,
આડી વંડિયું ચણાવો.
તમારા ગોરાદેને તનમનિયાં,
અમારા ઘરમાં વઢવેડ.
વીરા કૃષ્ણ શું મુઝવે,
વહુને તનમનિયા ઘડાવું.
નવા નગરના સોનિડા,
સામે ઓરડે બેસાડું.
અમારા ગોરાને તનમનિયા,
તેથી સવાયા કરાવું.

(૭)

પ્રતાપભાઈ મુબાઈ શેર ગ્યાતાં સેજી માલણુ રે
જયાવહુ હલવો મંગાવે ,, ,, ,,
પ્રતાપભાઇએ મુંબઇ શેર ડોળર્યું ,, ,, ,,
હલવો નજરે ન દીઠો ,, ,, ,,
પ્રતાપભાઇ ભાઇબંધને પૂછે ,, ,, ,,
ભાઈબંધ ગોરી રિસાણી ,, ,, ,,
ભાઇબંધે સોટા લીધા ચાર ,, ,, ,,
આપ્યા પ્રતાપભાઇને હાથ ,, ,, ,,
સોટા સબ સબ વાગે, હલવો કોઇ દિ ન માંગે ,, ,, ,,

(૮)

ઓજા માટી કયાંથી લાવ્યો ? કયાં ચીકવી રે ?
ગંગામાંથી માટી લાવ્યો ? દૂધે ચીકવી રે ?
પ્રતાપભાઇની દીકરી પરણે, ચોરી ચીતરી રે !
જયાવહુના જન્મ્યા પરણે, ચોરી ચીતરી રે !
પુષ્કરભાઇની ભત્રીજી પરણે, ચોરી ચીતરી રે !
નાનાભાઈની ભાણેજ પરણે, ચોરી ચીતરી રે !
સોનલ બેનની બેની પરણે, ચોરી ચીતરી રે !

* * *

શઠવા કોળીઓનાં લગ્ન ગીતો

[શઠવા કે રાઠવાકોળી તરીકે ઓળખાતી જાતિ નસવાડી તાલુકામા, છોટાઉદેપુર તાલુકામા અને પંચમહાલના દાહોદ તાલુકામા વસે છે. નસવાડી તાલુકામા રહેતા લોકો શઠવા કોળીમા છેલ્લા પચાસેક વર્ષ બ્રાહ્મણોનો પ્રવેશ થયો છે, અને લગ્નની વિધિ તેઓ કરાવે છે. પરંતુ 'વરલી', 'ક્ષત્રિય', 'પીઠી', 'ગાણુ ભરવો' જેવી વિધિઓ પોતાની કોમના 'નાત-ગોર' મારફત થાય છે. અહીં તેમનામા ગવાતા લગ્નગીતો રજૂ કર્યાં છે]

સંપાદકો : **શ્રી. રેવાબેન તડવી**
શ્રી. શંકરભાઈ સોમાભાઈ તડવી

બેઠકનાં ગીત

ચોખા સાફ કરતાં કે પાપડ વણતા આ ગીતો ગવાય છે. બધાં ગીતોમાં ડ ને બદલે 'ળ' ચ ને બદલે 'સ' વપરાય છે.

(૧)

વળલી રે તારુ સકરિયાળું પાન,
થળુલે બાંધદો ઓસેકલો[૧] રે.

૧. હીચકો

(૨)

સોકો[1] મોંઘો અરીપરાની[2] વાઇટે[3]
સોકા રે મોંઘા મુલેનો રે.
બે'ની મોઘાં દાદાજીને કાજે,
સોકા રે મોઘા મૂલેનો રે.

(૩)

સાતે બેનળીઓ રે!
કૂવે પાણી ના જૈશ, કૂવે પાણી ના જૈ'શ,
કોઈ ઘેલોમેં ડાકોર લઈ જઈ શ (૨),
પગોનાં કલિયાં રે!
પગે જોલેણું લેય, પગે જોલેણું લેય-કોઈ (૨),
પગોના ઝાંજરાં રે!
પગે જોલેણા લેય, પગે જોલેણું લેય-કોઈ (૨),
આથોના વાંકલા રે!
આથે જોલેણા લેય, આથે જોલેણું લેય-કોઇ (૨),
કોઇટાની આંહળી રે!
કોઇટે જોલેણું લેય, કોઇટ જોલેણું લેય-કોઇ (૨),

(૪)

તળકે આવી રે સાઢેણી

(૫)

બે'નીની ઊંસી, મેળી, નીચી ભીંત, ભીંતે દીવળા બળે.
બે'નને મોજળી પે'રવાની ઘણી ઓંશ મામા દલમેં રી'જો.
બે'નને કલિયા પે'રવાની ઘણી ઓંશ, બાપા દલમેં રી'જો.
બે'નને સાંકળાં પે'રવાની ઘણી ઓશ, બાપા દલમેં રી'જો.
બે'નને કળાં પે'રવાની ઘણી ઓશ, વીરા દલમેં રી'જો.

---

૧. ચોખો ૨. હરિપરાની ૩. વાટે.

(૬)

કુંબાળાં ઝાલીને બે'ની રીસાઇ રે'લાં !
ગોરાંણીઓની કાજ બે'ની રીસાઇ રે'લાં !
કુંબાળાં ઝાલીને બે'ની રીસાઇ રે'લાં !
ઢોલીઆને કાજ બે'ની રીસાઇ રે'લાં. !

પીઠી ચડાવતી વખતે

(૭)

કાસી ભાજી વેસાય રે દરિયા પાળે !
કાસી........વેસાય રે દરિયા પાળે !

(૮)

અરધી સે પીળી રે, પીળાં બે'ની !
દાદા સે ગોરા રે, ગોરાં બે'ની !
અરધો સે કાળો રે, કાળો શોરો !

(૯)

એરે અરધેરી બે'ની કાંથી રે લાઇવા ?
......ગાંમમે' આપણો ગોરે દેશાવર,
ઈમની ગોરાણી એ મોકલાઇવી.

(૧૦)

બે'ની તારો પીઠીરાળો રે, કોણ કોણ ચોળશે ?
બે'ની તારો ૧ રે, જમના

ઊકરડી નોંતરનાં

(૧૨)

પાપોળ લેવરે, પાપોળ લેવરે,
ઢેબરા લેવરે, ઢેબરા લેવરે,
મીઠું લેવરે, મીઠું લેવરે,
મીઠું લે કોણુ આ...વે...

(૧૩)

કૂરી ખાકેરીએ પાંન મંગાવો રે !
બે'નીના બાપા જગ્ગ વેવારીયા રે !
પાપોળ ઊળાઈવા રેલા ને સેલા રે !
શેરાનો મનિયો જાણે ખારુલો રે !
ખાખરા ઉળાઈવા રેલા ને સેલા રે ! !

(૧૪)

બે'નીના ઘર પાસળ આંબો રે મો'રીયો,
આંબો મોર્ઈ રે સાર પાંનડીઓ;
સાહેલી આંબો રે મોરી'યો.
બે'નીના ઘરમેં શાની શાની જોળ,
સાહેલી આંબો રે મો'રીયો.
બે'નીના ઘરમેં સે બાપોની જોળ,
સાહેલી આંબો રે મો'રીયો.
બે'નીના ઘરમેં સે માળીની જોળ,
સાહેલી આંબો રે મો'રીયો.
શેરાના ઘર પાસળ લીંબેળો રે મો'રીયો,
લીંબળો મોર્ઈ ગે સાર પાંનડીઓ;
સાહેલી લીંબેળો રે મો'રીયો.

શોરાના ઘરમેં શાની શાની જોળ,
લીંબેળા રે મો'રીયો.

(૧૫)

શોરાના ઘરમેં ગધેળીઓની જોળ,
સાહેલી લીંબેળા રે મો'રીયો.
શોરાના ઘરમેં બલાળીઓની જોળ,
સાહેલી લીંબેળા રે મો'રીયો.
શોરાના ઘરમેં કૂતરીઓની જોળ,
સાહેલી લીંબેળા રે મો'રીયો.

(૧૬)

આ પાહે ભાળું તા'રે મોવળાં ડોલાં મારે રે,
ઓ બે'ની ખાદા વનુ રજનું સાલે રે.
આ પાહે ભાળું તા'રે, આંબલો ડોલા મારે રે,
ઓ બે'ની ખાદા વનું રજનું સાલે રે.

(૧૭)

પાનાવાળા રે રે વાર શાંની લાગી ?
કાતળો બાદો રે રે ખુશાલિયાને મોબે બાદો !
ડેબરાંવાળા રે રે વાર શાંની લાગી ?
સારીયું બાંદો રે રાણીયાને મો'બે બાંદો !
દારૂવાળા રે, વાર શાની લાગી ?
ભાઠિયું બાદો રે સીંડીયાને મોંબે બાદો !
મારી બે'નીઓ રે કાલથી ઊંઘી જેલો !

(૧૮)

સારીયું[1] ઓરૂં રે ઘૂમે સારીયું પરુ રે ઘૂમે,
અજુ ટેમરાની કેટલી શે વારો રે ?
ટેમગની કેટલી શે વારો રે ?

૧ સારીયું (ચોખા-ટોપલા)

સીમોભય આખો રે કાંળે, જાનળી મોંળું રે મધમે,
અજુ ઢેળરોવી કેટલી શે વારો રે ?

(૧૯)

તારા તારો ને વરતે જાનળી રે.
તારા તારો ને વરતે રે લોલ.

(૨૦)

ચૂતીયા બાજરી બશેર તાડી માપો
આજ રે આજ મારા ભાયા તોળાવો;
નાની બોઈત પીજે મોટી બોઈત મેલે.
આજ રે આજ પેલી ઝીણુવીની વેળા,
આજ રે આજ પેલી ગુસીની વેળા

(૨૧)

(આ ગીત નૃત્ય ગીત જેવું લાગે છે.)
અમી ઘેરેલું[1] જીયે જાનળી રે,
અમી ઘેરેલું જીયે રે લોલ.
તારાં તારા ને વરતે[2] જાંનળી રે,
તારાં તારા ને વરતે રે લોલ.
તારાંને માળિયે સરાઈવાં જાંનળી રે,
તારાંને માળિયે સળાઈવાં રે લોલ.
શું કરવા નોતરાં મેલેલાં જાંનળી રે,
શું કરવા નોંતરાં મેલેલાં રે લોલ.
બે'નીઓ દારૂલો માગે જાંનળી રે,
બે'નીઓ દારૂલો માંગે રે લોલ.

---
૧ ઘેર ૨. આગે.

(૨૨)

અમારે ! મગનિયાને ઘરે વરો કરે
કળકી ઢબરેનો ઘરે વરો કરે !
કળકી પાપોળનો ઘરે વરો કરે !

(૨૩)

અમોને ઉકીળે ઉનાઈરાં રે ગલી લાંડી રે ગલી લાંડી.
અમોને કાંણે ડાયે પાણી પાચું રે—ગલી લાંડી રે ગલી લાંડી.
અમોને સાંસળ સાકણુ કેળી ખાદાં રે, મણિ લાંડી રે મણિ લાંડી.

(૨૪)

ગલી લાંડી કાજેલી, ઢોલ્યા હોલ્યા ઢાઈરા.
બે'નીની બે'નીઓ કાં બેહસે, ,, ,, ,,
નાંનો લાંડો કાં જેલો, ઉકલા હુકલા ભાઈરા.
બે'નીના વીરા શુ પીશે, ,, ,, ,,

(૨૫)

મારે માંડવે કેળોના થંભ રે,
આસો રૂડો માંડવો.
મારે માંડવે કયો વીરો આવે,
કયે વીરે રંગ રાખ્યો.
મારે માડવે......વીરો આવે,
......વીરે રંગ રાઈખો.
મારે માડવે કયાં વોવ આવે,
કયી વોવે રંગ રાખ્યો.
મારે માડવે......વોવ આવે,
......વોવે રંગ રાઈખો.

(૨૬)

બાંમણિયું રે સોરી કરે
સપટી સોકોની કાઇજ વેજે ભણે

(૨૭)

લીલુરી, માંડવે લીલુરી જાળીઓ
લીલા તોરણોની સોબત રે !

(૨૮)

લીલા વાંસની સુપરલી
શોભા શરીરામા !

(૨૯)

બૂટી તળાકા મારે રે !
તાળે સળવાને સારુ !
જાનળી તળાકા મારે રે !
સાંઇતક કરવાને સારુ !

(૩૦)

લીલા રે પીળા વાંસ વળાવો રે !
તીના રે રૂળા માડેવળો સવરાવો રે !
આંબા રે ખેરી(ડેરી) પાંનળીઓ મંગાવો રે !
તીના રે રૂળા તોરણિયા બંધાવો રે !
અંગા રેખેરી ગોરમટી મંગાવો રે !
તીની રે રૂળી સોરીઓ થપાવો રે !
લીલા ને પીળા સોકલયા પીલાવો રે !
તીની રે રૂળી સોરીઓ સિતરાવો રે !

(૩૧)

હું તો સવામણનુ દીપટીયું ધળાઇવુ !
કે સોનાની ડાડીનો દીવલો !
......તારાં તે કોઇએ નુ આઇવા !
કે સોનાની ડાડીનો દીવલો !
તારી આઇવી છે લઇસમી[1] એકલી !
કે સોનાની ડાંડીનો દીવલો !

(૩૨)

એક કાગળ ડાકોર જઇને મોકલાવો !
ડાકોરના ઠાકોર વેલેરા આવો !
સાંઇતક વેળા વઈ જશે !

(૩૩)

આઇવો આઈવો સરોવરસી મેઘ,
મેઘે વરઇસો ને મેડી ભીંગે સે.
આવો આવો કયા ભય મો'લોમે' ?
તમારા ભીંગે સે માથાના મોળ.
ટાળો ભીંગે રે સવા લાખનો !
આવો આવો કયી વોવ મો'લોમે' ?
તમારા ભીંગે સે દખ્ખણીના સીર,
પાલેવ ભીંગે રે સવાલાખનો !

(૩૪)

આવી રૂળી આંબલોની ડાઇયો,
સરોવરની પાઇળો !
મેલીને કોયલ રાણી કાં જ્યા'તાં રે ?

---

૧. લક્ષ્મી.

આવી રુળી ઘરે સાઇતક થાય રે।
જોવાને સારું તા જ્યા’તા રે।
પઇણે સીપાની દીસરી।
જોવાને સારું તા જ્યા’તા રે.

(૩૫)

પે’લેને સાંઇતક રે[૧] મારે કોણુ સેરે આવે?
સાંઇતકરો મેલીને મારે કોણુ સેરે આવે?
પે’લેને સાઇતક રે મારે......ભાય રે આવે?
પાઘડીના સારેવ[૨] શેળા[૩] ઘણુકતા રે મેલે
સારે ને શેળે રે સાર ઘૂઘરીઓ મેલાવે
બીજે ને સાંઇતક રે મારે......વોવ રે આવે
પાટિયાના સાનેવ શેળા ઘણુકતા રે મેલે
સારે ને શેળે રે સાર ઘૂઘરીઓ મેલાવે

(૩૬)

લોભી સીપાભાય લોભ ના કરીએ
દીસરી પઇણાવવાની શોભત[૪] રે.

(૩૭)

ઉં તો ઉદેપરિયા રાય તમને વીનવુ
તમારી મોટરો ઉધારે અમને આલ
રાજાની રાયકુંવરી પઇણે સે[૫]
ઉં તો નસવાડીના રાય તમને વીનવુ
તમારી ગાડીઓ ઉધારે અમને આલ
રાજાની બઝીણા પઇણે સે

૧. સાઇતક–ગાંતિ–ગ્રહશાંતિ, ૨. ચારેય, ૩ છેડા. ૪. શોભા. ૫. છે

ઉં તો ઓરિયાસિયારાય[૧] તમને વીનવું
તમારા હાથીળા ઉધાર અમને આલ
રાજાની બજીઆ પઇણુ સે

(૩૮)

રેવાં તેરે રેઇસે બે'નના માંમા,
કંઇ લઇખા કાગળ મોઇકલા રે.
બે'નીના મામાં મોટેરા શણગારે,
કંઈ સાઇકલો શણગારે;
કંઈ લઈખા કાગળ મોકલે રે.
બે'નીના કાકા હાથીળા શણગારે,
કંઈ ઘોળીલ શણગારે;
કંઈ લઈખા કાગળ મોકલે રે.

(૩૯)

અરધી ગાંઇઠે મહિયારી રે,
અરધી વેસાય સે રે.
અરધીને કોરા સોકોનું ભાવે રે,
અરધી વેસાય સે રે.
શાંતિને કોરા જેઠાભાય ભાવે રે,
શાતિ વેસાય સે રે.

(૪૦)

તમારા ગોરેજી બોલાવે લાડકળી,
આવે વરઘે વધા'વા.
તમારા સાથે સોનાના વેળ રે લાડકળી,
આવે વરઘે વધા'વા.

---

૧. ઓરિઆદિયા–ઓરિયાદના.

(૪૧)

નાંનાં નાંનાં રે નાંનાં કઈનાબે'ન,
પાટલે બેસારો રે.
ઈમિનાં ભોજ્ય રે ભોજ્ય કયી વેવ,
પાટલે બેસારો રે.

નવરાવતી વખતે ગવાતું ગીત

(૪૨)

ના'જો રે ના'જો ગોરાં રે બે'ની,
વાવાડીઓનુ પાંણી રે.
તમારા બાપે વાવડી ખોદેલી,
વાવડીઓનુ પાણી રે.
ના'જો રે ના'જો કાળા રે શેરા,
ખાબોસીયોનુ પાંણી રે !
તમારા કાકે ખાબરાં ડોસેલાં,
ખાબોસીયોનું પાંણી રે !

(૪૩)

ઉં તને પૂછુ રે મારી જાનળી વેવ,
તારી દીસરી શા વળે નવરાવી ?
લાઢળુ રે સબીલા[1] વાંણુ[2].
ઘીએ ને દૂધળે નવરાવી,
લાઢણુ રે સબીલી વાંણુ.
ઉં તને પૂછુ રે મારા મનીયા વેવાઈ રે,
તારો દીસરો શા વળે નવરાઈવો ?
લાઢણુ રે સબીલા વાંણુ.

---

૧ છબીલું–સુંદર. ૨ વાન–વાનો–કાઠું.

ઘોળા ને ગધેળાને મૂતરે નવરાઇવો,
લાઢણુ રે સળીલા વાંણુ.

(૪૪)

પાટ બેસી ના'ય મારી ક્રેના બે'ન રે,
ઇની ગજરીને લાઇગો રે લુવાર,
ઘીયે ને દૂધળે ભેરીયા તલાવ,
મોતીળે બાંધી શે પાળ !

(૪૫)

તરાંબાનાં તપેલા પાંણી,
વાટકળોના નાવેણાં રે !
આજ તમારા બાપા નવરાવે,
'ઓશીખુશી'[૧] નાવેણાં રે.

(૪૬)

આબાની એક ડાળ મીઠી ઓ બે'ની !
બાપોને ખરસોમેં કેમ લાઈખાં ઓ બે'ની ?
એ ખરસા કેમ પૂરા થઇસે ઓ બે'ની ?
માળીને ખરસોમેં કેમ પાઇળા ઓ બે'ની !
એ ખરસા કેમ પૂરા થઇસે ઓ બે'ની ?

(૪૭)

શારો તારું મારું પે'રી, એવળો શું મેળ (૨)
શારો ઘેર જીને કાડી લેશે, કંઇક થશે ચેઈળ (૨)
મારો તીસો દરજી ઘેર નથી, કોણુ ભરશે જૈળ (૨)

૧. હસી–ખુશી–આનંદથી.

(૪૮)

પેલે ફળિયે પડણુ થાય
સાલો જોવા જીયે (૨)
એ પડલામેં એંશ ઘેંશ–સાલો૦
એ પડલામેં......ભેંસ–સાલો૦

(૪૯)

માર ઘેર કેસુળિયોનો રંગ સે,
......દેખો રંગવા આવજો.
માર ઘેર ડાબળી ભરેલો રંગ સે

(૫૦)

આંબા તારી વાંકી ડાઇળ, કાજળિયું ઘૂમે રે !
નઇ માંનું ગીલુળી, ,, ,,
ઊંસું ભાળ નીસું ભાળ, ,, ,,

પ્રાદેશિક લોકગીતો

[વિધવિધ પ્રદેશની વિભિન્ન વિશિષ્ટતાઓનું પ્રતિબિમ્બ લોકગીતોમાં ઝીલાય છે. અહીં રજૂ થતા પ્રાદેશિક લોકગીતોમા વિષય, રચના અને બોલીમા રહેલી ભિન્નતા અભ્યાસીઓ માટે તુલનાત્મક છે.]

પોરબંદર પંથકનાં લોકગીતો

સંપાદક : શ્રી. પુષ્કર ચંદરવાકર

સરનામુઃ વાડી પ્લોટ પોરબંદર (સૌરાષ્ટ્ર)

(૧)

ઈંઢાણીને કારણીએ મેં ઘેલી કીધી ગુજરાત,
કે નણદલબાઈના વીરા લાવો મારી ઈંઢાણી !...ઇંઢાણી
ઇંઢાણીને કારણીએ મેં મેલી દીધા માબાપ,
સુરત શહેરના લાવો મારી ઈંઢાણી !...ઈંઢાણી.
ઈંઢાણીને કારણીએ મેં મેલી દીધા કાકા કટંબ,
કે નણદલબાઈના વીરા લાવો મારી ઇંઢાણી !...ઇંઢાણી.
ઇંઢાણીને કારણીએ મેં મેલી દીધા મામા મોસાળ,
ચોખલીડા સાહબા લાવો મારી ઈંઢાણી !...ઇંઢાણી.
ઈંટાણીને કારણીએ મે મેલી દીધા ભાઈ ભોજાય,
કે નણદલબાઈના વીરા લાવો મારી ઇંઢાણી,
કે સુરત શહેરના સાહબા લાવો મારી ઈંઢાણી !...ઇંઢાણી.

(૨)

બપરની સીમમા સાવજડાને માર્યા રાણા જેઠવા !
બંધુકોને તલવારે રાજ તમને બિજાવે દુનિયા ઝાઝો,
એ અમ્મર રહે તમારા રાજ.
ખાણું ઝુવો રાણા જેઠવા, અમ્મર રહે તમારા રાજ.

ટેબલ ખુરશી તમને ગમે પલંગનો ઘણો શોખ,
ઘણું જીવો રાણા જેઠવા, અમ્મર રહે તમારા રાજ.
અપરની સીમમા સાવજડો માર્યા ને દુનિયા કારીગરના કામ,
ઘણું જીવો રાણા જેઠવા, અમ્મર રહે તમારા રાજ.

(૩)

ગાધીએ ઠરવો વેપાર આદર્યો,
એ વસતીને કીધી પાયમાલ રે,
પરદેશી ભૂખ્યાં ટોપીવાળાંના ટોળા ઉમટયા !
એ સ્ટેશન દરવાજે તોફાન આદર્યાં,
એ આદર્યાં છે ભદકારી ફોજે રે,
પરદેશી ભૂખ્યાં ટોપીવાળાના ટોળાં ઉમટયાં !
એ વધી કલમ ને વધ્યા કાયદા,
એ વધ્યાં છે કાંઈ ભાઈબંધુના જોર રે !
પરદેશી ભૂખ્યાં ટોપીવાળાનાં ટોળાં ઉમટયાં !
એ આંબે આબે રે કોયલ રેરકે,
એ રોયાં છે કાંઈ સિહ ને શિયાળ રે,
પરદેશી ભૂખ્યાં ટોપીવાળાનાં ટોળાં ઉમટયાં !
એ ગાધી ઠરવો વેપાર આદર્યો.

(૪)

એ નદી કિનારે ગેડીદડે રમતાં,
એ ગેડી વેચીને લીધાં સાજ મોતીવાળો ખેલે છે
સાવજનો શિકાર
સિહની સામે બધુકું ઉગામીયુ,
બંધુકુંના બાણુથી થઈ ગઈ લાચાર-મોતીવાળો.
સાવજ શિકાર ઘણો છે પ્યારો મોતીવાળો.

એ નવમાળે તંબુઓ તાંળિયા.
એ એક હાકલ મારતા પાણી પાણી થાય—મોતીવાળો.
સાવજ શિકાર કર્યો છે પાર—મોતીવાળો.

(૫)

એ ઓરડીયા ચણાવે વાલો મારા વસીયા ગોકુળગામ !
ઉતારા કરશે શ્રીભગવાન વાલો મારા વસીયા ગોકુળગામ !
અબોલડાં લીધા રે ભગવિક માંખણીયા !

દાંતણ વીખો દાડમ કેરી શાખ,
દાંતણીયા કરશે શ્રીભગવાન વાલો મારા વસીયા ગોકુળગામ !
અબોલડાં લીધા રે ભગવિક માંખણીયા !

નાવણ વીખો વાલો મારા નાવણીયા ચણાવ,
નાવણીયા કરશે શ્રીભગવાન વાલો મારા વસીયા ગોકુળગામ !
અબોલડા લીધા રે ભગવિક માંખણીયા !

કદુસુ બેસાડ રે વાલો મારા ભોજનીયા રંધાવ !
ભોજનીયા જમશે રે શ્રીભગવાન વાલો મારે વસીયા ગોકુળગામ !
અબોલડાં લીધા રે ભગવિક માંખણીયા !

બોજોડુયા રે ડોલાવ રે વાલો મારે રમતીયા હજાર !
રમતીયા રમશે મારે શ્રીભગવાન વાલો મારો વસીયા ગોકુળગામ !
અબોલડાં લીધા રે ભગવિક માખણીયા !

ઢોલીયા રે ઢાળાવો રે વાલો મારો પોઢણીયો !
ઢોલીડે પોઢે શ્રીભગવાન વાલો મારો વસીયા ગોકુળગામ !
અબોલડાં લીધા રે ભગવિક માંખણીયા. !

(૬)

નીચે લોઢું ને ઉપર લાકડું રે લોલ !
રે ચંદરિયામા ઉડયા વાર રે ઉડતી દેરી ! રામાદે તારજો રે.

રામદે પીરના ઉતર ઓરડા રે લોલ !
વીરમદેવને મેડીયુંના મોલ રે ઊડતી દેરી ! રામાદે તારજો રે.
રામદેપીરના દાતણુ દાડમ કેરી નાખ રે લોલ !
વીરમદેવને કરણુની ઝાલ રે ઊડતી દેરી ! રામાદે તારજો રે.
રામદેપીરને નાવણુ કુંડીયું રે લોલ !
વીરમદેવને નદીયુના નીર રે ઊડતી દેરી ! [રામાદે તારજો રે.
રામદેપીરને ભોજન લાપસી રે લોલ !
વીરમદેવને કડીયલ દૂધ રે ઊડતી દેરી ! રામાદે તારજો રે.
રામદેપીરને પોઢી ટોલીયા રે લોલ !
વીરમદેવને હીંડોળાની ખાટ રે ઊડતી દેરી ! રામાદે તારજો રે.

(૭)

આવજો આવજો રામાપીર વેલા આવજો !
ઉતારા દેશુ ઓરડા દેશુ મેડી કેરા મોલ !...વેલા આવજો
દાતણમા દેશુ દાડમડી રે દેશુ કનેરાની શાખ !...વેલા આવજો
નાવણુ કુંડીયા ને નદી કેરા નીર !...વેલા આવજો
ભોજન દેશુ લાપસી રે દેશુ કંસાર રે !...વેલા આવજો
મુખવાસ દેશુ એલચી રે લવીંગની જોડ !...વેલા આવજો
રમત દેશુ સોગઠા રે દેશુ પાના કેરી જોડ !...વેલા આવજો
પોઢણુ દેશુ ટોલીયા રે દેશુ હીંડોળા ખાટ !...વેલા આવજો

(૮)

ઓ કચ્છ અંજાર મોટું ગામ છે રે !
ત્યાં વસે જેસલપીર રાજ !
અમને આપો તમારા ઘોડલા રે લોલ.
જેસલપીરને ઉતારા ઓરડા રે !
તોરાંદેને ઉતારા મેડીના મોલ રે !
અમને આપો તમારા ઘોડલા રે લોલ.

જેસલપીરને નાવણુ કુડીયું રે!
તોરાંદેને નાવણુ નદીયુંનાં નીર રે!
અમને આપો તમારા ઘોડલા રે લોલ.

જેસલપીરને ભોજન લાપસી રે!
તોરાંદેને ભોજન કંસાર રે!
અમને આપો તમારા ઘોડલા રે લોલ.

જેસલપીરને મુખવાસ એલચી રે!
તોરાદેને મુખવાસ લવીંગ રે!
અમને આપો તમારા ઘોડલા રે લોલ.

જેસલપીરને રમત સોગટા રે!
તોરાદેને રમત પાનાની જોડ રે!
અમને આપો તમારા ઘોડલા રે લોલ.

જેસલપીરને પોઢણીયા ઢોલીયા રે!
તોરાદેને હીંડોળા ખાટ રે!
અમને આપો તમારા ઘોડલા રે લોલ.

(૯)

ગઢ ગિરનારથી બાવોજી ઉતર્યો
એ આવીને ધૂળીયું ધખાવે રે!
માગણુ બાવો જોગી ભમતો આવે.

જૂનાગઢ શહેરમાં જૂની તારી થાપના
વિલાત અમરો લાવે,
માંગણુ બાવો જોગી ભમતો આવે.

એ રમતો ભમતો આવે,
માંગણુ બાવો જોગી ભમતો આવે.—ગઢ૦

ચોટિલા શહેરમાં જૂની તારી થાપના,
વિલાત અમરો લાવે,
માંગણુ બાવો જોગી ભમતો આવે.

એ રમતો ભમતો આવે,
માંગણુ બાવો જોગી ભમતો આવે.

ઉપલેટા શહેરમાં જૂની તારી થાપના,
વિલાત અમરો લાવે,

એ રમતો ભમતો આવે,
માગણુ બાવો જોગી ભમતો આવે —ગ૯૦

(૧૦)

મંદિર પછવાડે રાણા ઓધવજી મોહન મોરલીવાળો !
એ રી મોરલીએ મારા મન હરી લીધા મોરલીએ મનવાળો જી રે !
હલ્લાર શહેરનાં હીરા મંગાવો તેની મને ટીલડી ઘડાવો જી રે !
વાદળ શહેરના વારા મંગાવો તેની મને ટીલડી ઘડાવો જી રે !
કીયો સોની ઘડશે, કીયો સોની જડશે, કીયો સોની પરોવશે જી રે !
રામ ઘડશે, લછમણુ જડશે, પરશોતમ પરોવશે જી રે !
કીયા બેસી ઘડશે, કીયા બેસી જડશે, કીયા બેસી પરોવશે જી રે !
ઓરડે બેસી ઘડશે, ઓસરી બેસી જડશે, પરશાળે બેસી પરોવશે જી રે !
ટીલડી ચોડી રાધા મંદિર પધાર્યાં, સાસુને પાય લાગ્યા જી રે !
સાસુડીએ મોં મચકોડયા, જઇ મોહું ઊભા જી રે !
ટીલડી ચોડી રાધા મંદિર પધાર્યાં, જેઠાણીને પાય લાગ્યા જી રે !
જેઠાણીએ આશિષ દીધા લાવ્યા એ બળજો જી રે !
લાવ્યા એવા બળજો વવહારુ તાર્યા એવા તરજો જી રે !
હું તો સૂતી મારા સેજ પલંગમાં તોય નીંદર નો આવે જી રે !

*

અરડાનાં લોકગીતો

સંપાદિકા: કુ. પદ્મજા ચંદરવાકર

(૧)

ઝીણી ઝીઝી કેસરીયા લાલ કાંટો વાગ્યો.
મારા સસરાજીને ઓરડે તેડાવો, રાજપાટ મારા સે!
ઝીણી ઝીણી કેસરીયા લાલ કાંટો વાગ્યો.
મારા જેઠજીને ઓરડે તેડાવો, રાજપાટ મારા સે!
ઝીણી ઝીણી કેસરીયા લાલ કાંટો વાગ્યો.
મારા દેરજીને ઓરડે તેડાવો, રાજપાટ મારા સે!
ઝીણી ઝીણી કેસરીયા લાલ કાંટો વાગ્યો.
મારા પરણ્યાને ઓરડે તેડાવો, રાજપાટ મારા સે!
ઝીણી ઝીણી કેસરીયા લાલ કાંટો વાગ્યો.

(૨)

એક સાથીડે રે શોભતી રે પેલી વાંસળીયું
કાનને ભાવે ગોરસડા રે.
એ દ્વાર ઉઘાડી કાનો વાસે આવે,
સીંકે ગોરસના માટ જો.
એ મટકીની વારે વારે મોરલી રે થઈ મહીડાની,
વ્રજની નારીયું આથડયું રે કાનો મહીડાનો ચોર,
કોઈ કહે કાનને મારો
કોઈ કહે નંદનો કુંવર!
હાથમાંથી કાને માર્યો આંચકો
મોતી રે રાણા ચોક વેરાણાં!
કેમ કરી વીણશું? કેમ કરી પોરવશું?
હાથે વીણશું, મુખે આરશું
જીભે ગઇ તારી દર જો. એક સાથીડે.

(૩)

આજ જરૂર જાજો રે માનેતીને મોલે (૩)
ખોટા સોગંદ ખાજો ને મેલજો (૨)
ઉતારા કરજો તમે રાજી થઇને,
આજ જરૂર જાજો રે માનેતીને મોલે.
દાતણીયા કરજો તમે રાજી થઇને,
નાવણીયા કરજો તમે રાજી થઇને,
આજ જરૂર જાજો રે માનેતીને મોલે.
ભોજનીયા જમજો તમે રાજી થઇને,
મખવાસીયા કરજો તમે રાજી થઇને,
આજ જરૂર જાજો રે માનેતીને મોલે.
રમતીયા રમજો તમે રાજી થઇને,
આજ જરૂર જાજો રે માનેતીને મોલે.
ખોટા સોગંદ ખાજો ને મેલજો.

(૪)

હું તો હાલી વનરાવન એકલી રે લોલ !
વાલો એકલો જાણીને વાસે આવીયો રે લોલ !
આવો આવો રામજી કદમ છાયડા રે લોલ !
તમે આણી પાણી પાઓ ઠાઠા પ્રેમના રે લોલ !
ભોજન જમો તો સુખડા લાવીયા રે લોલ !
તમે રમો તો સોગઠાં મંગાવીએ રે લોલ !
રમતા રામનો સોગઠો રણે ચડયો રે લોલ !
હાર્યા હાર્યા દીનનાથ–હવે નહી રમીયે રે લોલ !
હાર્યા કેશુ તો લોક કરશે ઠેકડી રે લોલ !
હાર્યો ગાયોનો ગોવાળ હવે નહી રમીયે રે લોલ !
રામના સાવ રે સોનાના સોગઠા રે લોલ !
દોરી હીરની આકડાં છે હેમના રે લોલ !

(૫)

બાર બપોર થયાને પરણ્યા જોઈ તમારી વાટ રે (૨)
જોઈ તમારી વાટ રે બપોર થયાને પરણ્યો નાવીયો રે
જોઈ તમારી વાટ જાગે સારી રાત
બાર બપોર થયાને !
મોજડી ઘડાવે ઓલો મોચીડાને હાટ રે
બાર બપોર થયાને !
ઝૂમણું ઘડાવે ઓલો સોનીડાને હાટ રે
બાર બપોર થયાને !
ઢોલીયો ઘડાવે ઓલો સુથારીને હાટ રે
બાર બપોર થયાને !

(૬)

ઊઠ રે આળસુડા તારે નદીયા ટાણાં !
અરે ઊઠ રે આળસુડા તારે નાવણુ ટાણાં !
આઘીપાછી જા મા ગોરી જેઠ કરી નવરાવ ગોરી !
અરે ઊઠ રે આળસુડા તારે મોએ લાય લાગી !
આઘીપાછી જા મા ગોરી જેઠ કરી ઓલવ ગોરી !
ઊઠ રે આળસુડા તારે ભોજન વેળા થઇ !
આઘીપાછી જા મા ગોરી જેઠ કરી ધવરાવ ગોરી !
ઊઠ રે આળસુડા તારે રમવા વેળા !
આંધાપો ગોરી અધાપો જેઠ કરીને રંડાપો !

(૭)

ઘણાં ઘણા ગોકળ વ્રજની નાર
કે મહીડા વેચવા ગઇ રે લોલ.
એક માતા જશોદાનો કાન મારગ રોકી ઊભો રે લોલ !

ફોડયા છે મહીડાના માટ ગોરસ ઢોળીયા રે લોલ !
હાલો બાઇ હાલો જશોદાના ઘરે જઇને માને કહીએ,
માતા તમારો રે કાન બહુ છે લાડકો રે લોલ !
વાલો મારો કાન ધેન ચારી આવીયો રે લોલ !
માતાએ માંડી છે વઢવેડ રે લોલ !
માતા સૂણો અમારી વાત રે એક કરૂં વિનંતી રે લોલ !
એક અમારો ઝાલ્યો છે અમારો હાથ,
બીજીએ ઝાલી વાસળી,
ત્રીજીએ બાંધ્યા છે હાથ,
ચોથીએ ઝાલી છે ચોટલી,
પાચમીએ ફોડયા છે,
મૈહીડાના માટ કે ગોરસ ઢોળીયા રે લોલ !

(૮)

વાલા લાગે તારા વેણુ રે ! મીઠા લાગે તારા બોલ રે !
સપનામા શામળીયો સાંભરે !
ઉતારા ઓરડા દાદાના દેશમા,
ઉતારા કરે દીનોનાથ રે !
સપનામા શામળીયો સાભરે !
દાતણુ દાડમડી દાદાના દેશમા,
દાતણુ કરે દીનોનાથ રે !
સપનામા શામળીયો સાભરે !
નાવણ કૂંડીયા દાદાના દેશમા,
દાતણુ કરે દીનોનાથ રે !
સપનામા શામળીયો સાભરે !

ભોજન લાપસી દાદાના દેશમાં,
ભોજનીયા કરે દીનોનાથ રે!
સપનામાં શામળીયો સાંભરે!
મખવાસ એલચી દાદાના દેશમા,
મખવાસીયા કરે દીનોનાથ રે!
સપનામાં શામળીયો સાંભરે!
રમત સોગઠા દાદાના દેશમાં,
રમતું રમે દીનોનાથ રે!
સપનામા શામળીયો સાંભરે!
વ્હાલા લાગે તારા વેણુ રે મીઠા લાગે તારા બોલ રે,
સપનામા શામળીયો સાંભરે!

(૯)

હારે કુંભારજા નાર મળી રે ધન ધન!
ઘરમાં ઘંટી ઘરમાં લીધો, પરઘેર ખાંડવા જાય,
ખાંડતા જોવું મારા ધન કાગડા ખાય,
દળતાં દળતાં જોસો લાગ્યો, ધાન કુતરાં ખાય,
હાં રે કુંભારજા નાર મળી.
દેશ પરદેશના મેમના આવ્યાં સામી દોડી જાય,
હામે દોડીને દુઃખણા લીધા જાય પોતાનો જેઠ,
હાં રે કુંભારજા નાર મળી.
બામણો આવ્યો ભીખવા ને ઘરમા દોડી જાય,
ઘરમાં જઇને તાળીચું પાડે બામણ ભાગ્યો જાય,
હાં રે કુંભારજા નાર મળી.
સાત કોરનો સાડલો લીધો ભતીયાળી ભાત,
ખાઈ પીયને ચળુંકયાં સાડલે લૂછ્યા હાથ,
હાં રે કુંભારજા નાર મળી.

*

કનેરનાં લોકગીતો

સંપાદિકા : કુ. પદ્મજા ચંદરવાકર

કનેરનાં લોકગીતો

[ચંદરવાનો પ્રદેશ કનેરને નામે ઓળખાય છે. આ પ્રદેશને ભૌગોલિક દૃષ્ટિએ જોતા સૂક ભાદર અને ઉતાવળી નદી વચ્ચેનો છે। ઉત્તરે બોડીઆ બરાનિયા નામના ગામડાંઓ, પૂર્વે જશકા, પશ્ચિમે ખસખગડ ને સાળગપુર ને દક્ષિણે ખાંભડાભલાને ગુંદા આવેલા છે.

આમ આ પ્રદેશના ચાર સીમાડે, ઝાલાવાડ, પંચાળ, ગોહિલવાડ, અને ભાલ આવેલા છે.]

× × ×

(૧)

જશોદા ને દેવકીજી બે બેનડી રે,
બેઉ બેની જળ ભરવા જાય રે વાલા।
નાની બહેને મોટી બેનને પૂછીયું રે!
કહો બેની કેટલા માસ વાલા?
પહેલો માસ તો એળે ગીયો રે!
બીજલો જણુ અજાણુ વાલા,
ત્રીજે માસે સૈયરને સંભળાવ્યું રે!
ચોથલો જાણુ અજાણુ વાલા,
પાચમે પંચમાસી બાંધી રાખડી રે!
છઠલે ચુરમાનો ભાવ વાલા,
સાતમે હતભાગી બાંધી રાખડી રે!
આઠમે મૈયર વળાવ વાલા,
નવમા માસે કાન કુંવર જલમીયાં!
સોનાસઢીયા નાળીયેર વધેર વાલા!

ભોજન લાપસી દાદાના દેશમાં,
ભોજનીયા કરે દીનોનાથ રે !
સપનામાં શામળીયો સાંભરે !
મખવાસ એલચી દાદાના દેશમાં,
મખવાસીયા કરે દીનોનાથ રે !
સપનામાં શામળીયો સાંભરે !
રમત સોગઠા દાદાના દેશમાં,
રમતું રમે દીનોનાથ રે !
સપનામાં શામળીયો સાંભરે !
વાલા લાગે તારા વેણુ રે મીઠા લાગે તારા બોલ રે,
સપનામાં શામળીયો સાંભરે !

(૯)

હાંરે કુંભારજા નાર મળી રે ધન ધન !
ઘરમાં ઘંટી ઘરસા લીધો, પરઘેર ખાંડવા જાય,
ખાંડતા જોવું મારા ધન કાગડા ખાય,
દળતાં દળતાં જોસો લાગ્યો, ધાન કુતરાં ખાય,
હાં રે કુંભારજા નાર મળી.
દેશ પરદેશના મેમના આવ્યાં સામી દોડી જાય,
હામે દોડીને દુઃખણા લીધા જાય પોતાનો જેઠ,
હાં રે કુંભારજા નાર મળી.
બામણો આવ્યો ભીખવા ને ઘરમાં દોડી જાય,
ઘરમાં જઇને તાળીયું પાડે બામણ ભાગ્યો જાય,
હાં રે કુંભારજા નાર મળી.
સાત કોરનો સાડલો લીધો ભતીયાળી ભાત,
ખાઈ પીયને ચળુંકયાં સાડલે લૂછ્યા હાથ,
હાં રે કુંભારજા નાર મળી.

*

કનેરનાં લોકગીતો

સંપાદિકા : કુ. પદ્મજા ચંદરવાકર

કનેરનાં લોકગીતો

[ચંદરવાનો પ્રદેશ કનેરને નામે ઓળખાય છે. આ પ્રદેશને ભૌગોલિક દૃષ્ટિએ જોતાં સૂક ભાદર અને ઉતાવળી નદી વચ્ચેનો છે! ઉત્તરે બોડીઆ બરાનિયા નામના ગામડાંઓ, પૂર્વે જશકા, પશ્ચિમે ખસખગડ ને સાળંગપુર ને દક્ષિણે ખાંભડાબેલાને ગુંદા આવેલા છે.

આમ આ પ્રદેશના ચાર સીમાડે, ઝાલાવાડ, પંચાળ, ગોહિલવાડ, અને ભાલ આવેલા છે.]

× × ×

(૧)

જશોદા ને દેવકીજી બે બેનડી રે,
બેઉ બેની જળ ભરવા જાય રે વાલા!
નાની બહેને મોટી બેનને પૂછીયું રે!
કહો બેની કેટલા માસ વાલા?
પહેલો માસ તો એળે ગીયો રે!
બીજલો જણુ અજાણુ વાલા,
ત્રીજે માસે સૈયરને સંભળાવ્યું રે!
ચોથલો જાણુ અજાણુ વાલા,
પાંચમે પંચમાસી બાંધી રાખડી રે!
છઠ્ઠલે ચુરમાનો ભાવ વાલા,
સાતમે હતભાગી બાંધી રાખડી રે!
આઠમે મૈયર વળાવ વાલા,
નવમા માસે કાન કુંવર જલમીયાં!
સોનાસઢીયા નાળીયેર વધેર વાલા!

રૂપાં કો એ ભોંમાં ભંડારીયા રે!
પાણી મેલી દૂધે નવરાવીયા વાલા,
ચોખા મેલી મોતીડે વધાવીયા રે!
ખીનખાપના ખોયા બંધાવ વાલા,
હીર ફાટી ચીરના બાળોતીયા રે!
હીરલાની દોરી છે હાથ વાલા.

(૨)

ચંદરવા તે ગામને ગોંદરે ઢોલ વાગે ને પરજા ભેગી થાય,
મોજડીદાર મહેતા આવડા દુઃખ ને દઇએ લોકને.

પગી હીરો હાલે મરકે જીવીદારની જોડી ભેગી થાય,
મોજડીદાર મહેતા આવડા દુઃખ ને દઇએ લોકને.

ઘેર ઘેરથી દુધલીયા મંગાવીયા છાશુ વના છોકરા દુઃખી થાય,
મોજડીદાર મહેતા આવડા દુઃખ ને દઇએ લોકને.

હમીર હવાલદાર હાલે હાકથી રાંધણું રાધી કઇ ગામડુ થાકી જાય,
મોજડીદાર મહેતા આવડા દુઃખ ને દઇએ લોકને.

ઘેર ઘેરથી ઘઉં ઉઘરાવ્યા રોટલા વના છોકરા રોઇ રોઇ જાય રે,
મોજડીદાર મહેતા આવડા દુઃખ ને દઇએ લોકને૦

હાકે હાંકે ગામના લોક સૌ ખેતરના મપારા કાઢવા જાય રે,
મોજડીદાર મહેતા આવડા દુઃખ ને દઇએ લોકને૦

રીગણુ ખૂટયાં ને ખૂટયાં તુરીયા શાક વના સૌ દુઃખ થાય રે,
મોજડીદાર મહેતા આવડા દુઃખ ને દઇએ લોકને૦

વાલજીભાઈ મોજડીદાર તને વીનવું વેજુ ને ચંદરવામાં કીધો કાળરે,
મોજડીદાર મહેતા આવડા દુઃખ ને દઇએ લોકને૦

વહીવટદાર જમાદારના જોડલા એક જ હુમકે ચાલે આખું ગામ રે,
મોજડીદાર મહેતા આવડા દુઃખ ને દઇએ લોકને૦

(૩)

વાગ્યા વાગ્યા રે કંઇ ત્રાબાળુ ઢોલ રે !
રાજા ઘરે કુંવરી અવતરીયાં રે !
તેડાવો તેડાવો જાણપરના જોષી રે !
કુંવરીના જોષ જોવરાવો !
આવ્યા આવ્યા જાણપરના જોષી રે !
કુંવરીના જોષ જોવાય છે !
પહેલો પાયો રે ઇમના દાદાજીને ભારે રે !
બીજો પાયો રે ઇમના માતાજીને ભારે રે !
ત્રીજો પાયો રે જૂનાગઢને ભારે રે !
ચોથો પાયો રે ગીરનાર ઘેરશે.
મેલો મેલો રે દીકરીને વાર,
દીકરીને બારે માટી ખાણે મેલી આવજો.
આવ્યો આવ્યો કંઇ ઓઝો ઓઝો રે !
બાળક રોતુ ઓઝે સાંભળ્યું રે !
લઇ આવ્યો રે કંઇ ઓઝો એને ઘરે રે !
દીકરી કરી ઓઝે ગણીયાં રે !
દીકરી રૂપે કંઇ અથોગત રૂપાળા રે !
રાજકન્યા રે મોટા થયા !
પાણી ભરે રે કંઇ સરોવરીયા પાળ રે !
સરોવર પાળે ઘોડા પાવા રાજા આવીયા રે !
કોની દીકરી તુ તો કોની વહુવારું ?
હુ છુ હુ છુ ઓઝા કેરી દીકરી હજી બાળ કુંવારી.
માગુ નાખ્યું રે રાય ખેંગારે રે !
ઓઝાને તેડા મોકલ્યા રે !
લગન કરજે તારી દીકરીના રે !
રાજાના માગ આવીયા રે !

આલાવીલા ને વાંસ વઢાવો રે!
ચોરી ચીતરાવો ચાપાનેરની રે!
પરણે પરણે કંઇ રાય ખેંગાર રે!
બીજી પરણે રાણક દેવડી રે!
પરણી પરણી કંઈ રાણક દેવડી રે!
રાજાના મોલે પધારીયાં રે.

(૪)

ખાટી છાશનો ઠુંબરો રે
નહીં ખઉં ઘેશ મારા વાલા
ક્યાં વહુ આવ્યાં રુસણે? ક્યા ભાઇ મનાવા જાય?
પરભા વહુ ચાલ્યા રુસણે, કૈબા મનાવા જાય મારા વાલા!
વળો મારાં ભાભી, વળો મારા ભાભલડી, બોલાવે મારા વીર!
તમારા વાર્યા નહીં વળું, આવે તમારા વીર મારા વાલા!
કાનજીભાઇ પૂછે વાતલડી રે કેમ ન આવ્યાં તમારી ભાભી?
અમારા તે વાર્યાં નહીં વળે, જાય છોરુડાનો બાપ મારા વાલા!
હાથમાં લીધો પરોણો, લીધી છે બેવડ રાશ મારા વાલા!
વળો ગોરી પાછલા રે, વળો છોરુડાની માત રે!
અમે તે પાછા નહીં વળીએ, રે તમે દીધી ગાળ મારા વાલા!
રાશે ને રાશે સબોવાને પરોણે પાછી વારી મારા વાલા.

(૫)

એક અંધારી ઓરડી રે! બીજી અધારી વેરણ રાત વાલા
વાલમ જાવું ચાકરી રે! વાલમ વળાવવા જઇશ વાલા
વાલમ વળાવી હું ઊભી વડલા હેઠ વાલા!
પરહે ચાહે મોરલો ભીંજાય અમારા ચીર વાલા!
હું રે ભીંજાઈ ઘરને આગણે વાલમ ભીંજાય પરદેશ વાલા!
કેટલે દિવસે તમે આવશો? કેટલા થાશે માસ વાલા

જેટલા પીંપરના પાંદડે પાંદડે દિવા બળે તેટલા થાશે માસ વાલા!
એટલે દિવસે ગોરી આવશું તમારા મૈયર છે વેગળા રે!
તો જોશો મૈયરની વાટ વાલા,
વેંત જેવડી તલાવડી દડા જેવડા ફૂલ વાલા!
કાચા ઉતરે કડપલ ને પાકાના જાશે મૂલ વાલા!
ત્રણ તીસુનું લાકડું નાખ્યુ સુથારીને ઘેર વાલા!
તમારું ઘડામણુ થાય તે લેજે વધે તેટલુ પાછુ આપજે વાલા!
સોપારી જેટલુ સાવજડું તલમાં તરીએ ન ભાગ વાલા!
ખાય બામણુ, ખાય વાણીયા, ખાય અઢારે આલમ વાલા!
ચતુર હશે તે સમજી જાશે, મુરખ કરશે વિચાર વાલા!
મેમાન આવ્યા પરોણલે ફળિયામા સુકવી કમોદ વાલા!
મેમાન જાણે હું ફૂલ્યો પેપર નાર હું ય વાલા!
ચતુર હશે તે સમજી જાશે મુરખ કરશે વિચાર વાલા!
સાસુને વહુ માદીકરી ચાલીનો એક ભરથાર,
ચતુર હશે તે સમજી જાશે મુરખ કરશે વિચાર વાલા.

(૬)

સોના ઇંઢોણી રૂપા બેડલું,
મીઠા પાણીડાં જાય ગુજરી!
ચોરે બેઠલ તેનો સસરો વા'રે,
મીઠા પાણીડાં જાય ગુજરી,
તમારા વાર્યાં નહીં વળું,
મારે જઈ જોવી બજાર ગુજરી,
માચીએ બેઠેલ સાસુ વારે,
મીઠાં પાણી ન જાવ ગુજરી,
તમારા વાર્યાં નહીં વળું,
મારે જઈ જોવી બજાર ગુજરી,
બાગશાહી બાદશાહ હેઠે ઉતર્યાં,

તારું મુખ દેખાડ ગુજરી ?
મારું મુખ દેખાડશે ચાંદો સુરજ.
સોના ઈંઢોણી રૂપા બેડલું,
મીઠા પાણીડા જાય ગુજરી !

(૭)

પાનવાડીમા દીપડો, નથુ પાનવાડીમાં દીપડો;
ભાણી ને ભાણેજ રુએ રજપૂતીયા.
આપણા શેઢા સાચવે, નથુ શેઢા સાચવે;
રંધાની વાડ શેઢા સાચવે રજપૂતીયા.
ધારું ધાન છે, નથુ ધારું ધાન;
ધાનની પછવાડે આવી સૂતો રજપૂતીયા.
બાર બાર બંધુકું, નથુ બાર બાર બંધુકું;
તેરહેં તલવારે દીપડો મારવો રજપૂતીયા.
તારી માતા વારે, નથુ તારી માતા વારે;
બેટા દીપાને નથી મારવો રજપૂતીયા.
તારો દાદો વારે, નથુ તારો દાદો વારે;
બેટા દીપાને નથી મારવો રજપૂતીયા.
આંધળા માબાપ છે, નથુ આંધળા માબાપ;
આંધળાની દોલત ના આવી રજપૂતીયા.
બારહેં બંધુક છે, નથુ બારહેં બંધુક;
ને રહેં તલવારે દીપડો મારવો રજપૂતીયા.
ઉગમણો મેડો, નથુ ઉગમણો મેડો;
આથમણા બારના તારા પડદા રજપૂતીયા.
નીરખી જોઇ તારી લાશ રે રજપૂતીયા,
આંધળા માતાની દોલત ન આવી રજપૂતીયા;
તારો બાંધવ રોવે, દીપા તારો બાંધવ રોવે;
[illegible] [illegible] ભાંગી રજપૂતીયા.

પરદેશી બેન છે, વીરા પરદેશી બેન છે;
પરદેશણુ બેન ભેળા નો થ્યા રજપૂતીયા.
ભાણેજ રોવે, દીપા ભાણેજ રોવે;
મારે મામાના પડ્યા કાલ રજપૂતીયા.
હાટે હડતાલ છે, દીપા હાટે હડતાલ છે;
બજારે ડાયરા રુવે રજપૂતીયા.
રેઢીયા કહુંબા, દીપા રેઢીયા કહુંબા;
રેઢીયા કહુંબા ઊંધા પડીયા રજપૂતીયા

(૮)

સોના ઇંઢોણી ને રૂપા બેડલું રે લોલ!
પાણીડાં ગ્યાતાં જમના રે લોલ!
જમનાજીના કાંઠે કદમ કેરું ઝાંડવું રે લોલ!
નવલખ ધેનું ને પરભુજી ચારતા રે લોલ!
રાધારાણી ભાતલીયા દઈ જાય રે લોલ!
ભાતલીયાની વાટ ફૂલો વીણુતા રે લોલ!
વીણુતાં વીણુતાં ડશીયો કાળીલો નાગરે લોલ!
પરભુજી પાંહે કડવો લીંબડો રે લોલ!
ચાટીઘૂટી રાધાજીને પાયો રે લોલ!
પરભુજીએ ડુંગર ચડી દડુલો દોડાવીયો રે લોલ!
જઇ પડયો જમનાજીને માંહ......જમનાજીના કાંઠે કદમ.
ઝાડવે વીંટાણો છે કાળો નાગ રે લોલ!
કાળા નાગને પરભુ કર્યો પોથીયો રે લોલ!
નાગણીયું કરે રે વિલાપ, બાળ રંડાપા પરભુ દોહ્યલાં રે લોલ!
રંડાપામાં આપું ધંધુકા ધોળકુ રે લોલ!
અમને આપો અમારો ભરથાર, બાળ રંડાપો દોયલો રે લોલ!
તારો નાથ કરડયા રે મારી ગોરાંદેને રે લોલ!

તેથી તમને આવ્યા છે રંડાપા, આજ રે બાળ કયાં ગયા હોયત્યાં રે લોલ !
જાવ જાવ નાગને કરું છું સડક, જન્માને આવતા ન આવશો રે લોલ !

(૯)

ડીરની નાખી તરીયેલી છે ગાડીને ગાવા મોરારી !
બેસણીએ બેની ગામ ગિરનારે મારા વાલા !
રામહરિએ તું ગીદ ગીયો મેં જાણે રે વાલા !
ઉતરવાનો ન મળે ઠેકાણ આરા મારા વાલા !
મેં જાણ્યું કે ધોળા એટલી ખાંડ રે મારા વાલા !
જાતે ને જનવારે માટી કાશ મારા વાલા !
મેં જાણ્યું કે ઉજળું એટલું દૂધ રે મારા વાલા !
જાતે ને જનવારે માંડયુ છુંદ મારા વાલા !
મેં જાણ્યું કે લીલા એટલા મગડા રે મારા વાલા !
જાતે ને જનવારે માંડયા ઝગડા મારા વાલા !

(૧૦)

રામ લક્ષ્મણ બે બંધવા, રામૈયા રામ !
બે ભાઇ ચાલ્યા શિકાર, રામૈયા રામ !
રામને લાગી તરશ, રામૈયા રામ !
લક્ષ્મણવીરા પાણીડા પાવ, રામૈયા રામ !
ઝાડે ચડી જળ જોઈ વળ્યા, રામૈયા રામ !
વનરા તે વનમાં વાવલડી, રામૈયા રામ !
પાણી ભરે બાળકુંવાર, રામૈયા રામ !
પાણી ભરી પૂછી વળ્યા, રામૈયા રામ !
બાઈ તુ પરણી છે કે બાળકુંવાર, રામૈયા રામ !
નથી પરણ્યા નથી પરહર્યા, રામૈયા રામ !
હજી લગણુ બાળકુંવાર, રામૈયા રામ !
ચોરી ચીતરાવો ચાંપાનેરની, રામૈયા રામ !
પરણે સીતાને શ્રીરામ, રામૈયા રામ !

(૧૧)

શાણા થઈએ સહુને ગમીએ જાતીલા કહેવાઈ રે!
જાતીલાને એ શિખામણ કજાત ન કહીએ રે!...શાણાં.
ગામમાં સાસરું ગામમાં પિયર વગર તેડે ન જઈએ જી રે!
રોજ જવાથી ભાવ ઘટે છે એ વડલા ન કરીએ જી રે!...શાણાં.
માથા ઓળીએ સેંથા પૂરીએ દર્પણમાં ન જોઈએ જી રે!
મોટાં દેખી દર્પણ ન દેખીએ એ વડલા ન કરીએ જી રે!...શાણાં.
દેર સાથે હસીએ રમીએ હાથતાળી ન દઈએ જી રે!
કોઈ કહે કોની નારી એ વડલા ન કરીએ જી રે!...શાણાં.
માથે ઓઢી રોજ ફરીએ આંગણીએ ન ઊભીયે જી રે!
કોઇ કહે કોની દીકરી એ વડલા ન કરીએ જી રે!...શાણાં.
વાતો કરતાં હસીને ન બોલીએ જી રે!
કોઈ કહે છે કજાત નારી એ વડલા ન કરીએ જી રે!...શાણાં.

(૧૨)

પડવે પ્રીત કરું છું પહેલી,
વાલે મારે અઘોર વનમાં મેલી;
દિવસ બહુ થયાં રે લોલ!

બીજે કાંઇ ન જાણું બીજું,
જોબન ભમરો થઇને ઊડે;
દિવસ બહુ થયાં રે લોલ!

ત્રીજે તન તપે તમારા,
જોબન વયા જશે અમારા;
દિવસ બહુ થયાં રે લોલ!

ચોથે ચતુરા સરખી નારી,
મનડા રાખ્યા એને વારી;
દિવસ બહુ થયાં રે લોલ!

પાંચમે પરદેશ કીધી પ્રીતું,
વાલે મારે એ રાખી છે રીતું;
દિવસ બહુ થયાં રે લોલ !
છઠ્ઠે છઠ્ઠીના લખ્યા લેખ,
વિધાત્રીએ અવળા લખ્યા લેખ;
દિવસ બહુ થયાં રે લોલ !
સાતમે આવોને અલબેલા,
મારા રંગીલાના રેલી;
દિવસ બહુ થયાં રે લોલ !
આઠમે આનંદ ઓછવ થાય,
ગોપીયું ગરબે રમવા જાય;
દિવસ બહુ થયાં રે લોલ !
નવમે નમીએ મારા નાથ,
હરિએ ઝાલ્યા તેમના હાથ;
દિવસ બહુ થયાં રે લોલ !
દશમે દયા કરી દીનબેલી,
વાલે મારે કૂવામાં મેલ્યા ઠેલી;
દિવસ બહુ થયાં રે લોલ !
અગીયારશે એકાદશીના વ્રત,
વાલે મારે બહુ કર્યાં છે તપ;
દિવસ બહુ થયા રે લોલ !
બારશે બત્રીશ વાડીની રસોયું,
તેરશે તેત્રીશ વાડીના શાક;
દિવસ બહુ થયાં રે લોલ !
ચૌદશે ચિંતા મેલી નાથ,
હરિએ ઝાલ્યો મારો હાથ;
દિવસ બહુ થયાં રે લોલ !

પુનમે પંદર તિથિ થઇ પૂરી,
તેમાં એક નથી અધુરી;
દિવસ બહુ થયાં રે લોલ!

*

મેવાશ પ્રદેશનાં લોકગીતો

સંપાદક :

ભગત કાંતાબહેન અને ભગત જયંતકુમાર એન. સરગી

લગ્ન ગીત

(૧)

ઊંચી નીચી મેડી, રણઝણુ બોલે...!
મેડીએ બેઠા રે, ઠાકોર બે જણા.
જે રે માગો તે, માગો મારા ગૌરી.
જે રે માગો તે, અમે આપીશુ.
કે શીંગારા ઘોડીલા[૧], લાવો ઠાકોરીયા.
અણુશીગા ધોરી[૨], મારે જોઇશુ.
અવડી બોલીઓના, બોલશો મારાં ગૌરી... ૨
શીગારા ઘોડીલા, ના હોઇ ગૌરી.
અણુશીંગા ધોરી, અમને ના મલે.
બાવરની બાજો, લાવો ઠાકોરીયા.
સમડીના પડીઆ, મારે જોઇશું.
બાવરની બાજો, ના હોઇ ગૌરી.
સમડીના પડીઆ અમને ના મલ્યા... અવડી બોલીઓ.
ચાંચળની ચૂંદડી, લાવો ઠાકોરીયા.
માકનની મોજરી, અમારે જોઇશુ.
ચાંચળની ચુંદડી, ના હોઈ ગૌરી.
માંકનની મોજરી, અમને ના મળી...અવડી બોલીઓ.

---

૧. ઘોડો. ૨. બળદ.

ચીનીના ચૂડલા, લાવો ઠાકોરીયા.
રૂઇનાં કાંકણ, અમારે જોઇશું.
ચીના ચૂડલા, ના હોઇ ગૌરી.
રૂઇનાં કાકણ, અમને ના મલે.
અવડી બોલી ના, બોલો મારાં ગૌરી.
અવડી બોલડીએ, ના મળે ગૌરી.

(૨)

પાટણની પ્રાચીન કલા જાણે જીવનમાં વણાઇ તણાઇ ઊર્મિના ઉમળકામા સુંદડીની સૌંદર્યતાના સૂરોમાં સરી પડતુ મધુર દાંપત્ય-જીવનનુ ગીત પરણવા બેસતી વખતે મેવાસ પ્રદેશમાં ગવાય છે. દેશના અજબ કસબની મીઠી યાદગીરી ગીતમાં ઝીલાઇ છે. ને ઉલ્લાસની મહેંક પ્રગટે છે.

જેવી પાટણે રંગી, એવી સુંદડી.
જેવી નખમાં સમાઇ, એવી ઓઢો લાડકી.
મારા દાદાજી દેખે, મારા માડીજી દેખે.
નહી રે ઓઢું, રાયવર સુંદડી.
તમારા દાદાના તેડીઆ, અમે આવીયા.
તમારા માડીનાં લાજ, લોપો લાડકી.
ઓરો રાયોના વર, સુંદડી.

(૩)

મેવાસ પ્રદેશના લોકો પોતાનો સાંસારિક જીવનના પ્રથમ સ્નેહ-સંબંધ, લગ્ન થતા પહેલા બાંધે છે ત્યારે ભવિષ્યમાં થનાર પતિને આદર્શ કરવા કન્યા પક્ષના માણસો પગપાળા જાય છે તે સમયે વર-પક્ષની સ્ત્રીઓ ચેવઇને ગીત લલકારે છે.

નવલા વેવાઈ આવ્યા નવ જાણુ,
આવી ઓટલે બેઠા.
ખાસડા મેલ્યા ખાટલે,
આવી ઓટલે બેઠા.
એવા તે વેવાઈ મૂર્ખા,
બેસણુ બેસી ના જાણ્યા.
તેડાવો અમરસંગ ચતુરને,
બેસણુ બેસી દેખાડે.
ખાસડા મેલ્યાં ઓટલે,
આ ઓટલે બેઠા....નવલા વેવાઈ.
દાળના વાળ્યા કોળીયા,
કંસાર લીધો સૈડકે.
એવા તે વેવાઈ મૂર્ખા,
જમણુ જમી ના જાણ્યાં.
તેડાવો પરવતસંગ ચતુરને,
જમણુ જમી દેખાડે.
કંસારના વાળીયા કોળીયા,
દાળને સૈડકે લીધી...નવલા વેવાઈ.

(૪)

આણાંનું ગીત

હિંદુસ્તાનમાં પ્રાચીન સમયથી લગ્ન થયા બાદ આણાં વાળવાનો રિવાજ પ્રચલિત છે. આણું એ માનવ જીવનના દ્વારનું બારણું છે. એ બારણામાં સહકાર, સદ્ભાવના અને પ્રેમ–ઐક્યના કુંજોમાં રહી જીવન રસમય બનાવી જગતનું કલ્યાણ કરવાનું હોય છે. આણાં વખતે જ્યારે કન્યા પક્ષ તરફથી વેવેંગો તેડવા આવે છે ત્યારે વરપક્ષ તરફથી વેવાયોને જમાડવા વખતે આ રંગમિશ્રિત ગીત ગવાય છે. હૈયાની ઊર્મિ જગાવે છે.

મારે તે આંગણે તલવાડી રે, મહીં છબછબ પાણી.
આવતા તે મૂળજી વેવઇ, બેસી ગયા રે એમની કેડ છે લચકાંણી.
સેક દો, સેક દો, સેક દો રે, એમની કેડ છે લચકાંણી.
ઘી પાવ, ઘી પાવ રે, એમની કેડ છે લચકાંણી.
ઘીની સાથે સૂત્તર પાવ રે, એમની કેડ છે લચકાંણી.
ગોળ દો, ગોળ દો રે, એમની કેડ છે લચકાંણી.
ગોળને સાટે છાણુ દો રે, એમની કેડ છે લચકાંણી.

(૫)

દણુઘેલુ દાઇઝુ

ખેતી એ હિંદુસ્તાનનો પ્રાચીન સમયનો ધંધો છે. હિંદુસ્તાન દેશ ખેતીપ્રધાન દેશ છે. ખેડૂતો મોટે ભાગે ખેતી કરવા માટે ચાકર કે નોકર કહે છે. ગામઠી ભાષામા તેને ‘ આરી ’ કહેવામાં આવે છે. પ્રાચીન આર્ય ભાવના અગ્રેજોના આગમનથી રંગમિશ્રિત ને વ્યસની બનેલી. ઉનાળાના ઘોમ ધગધગતા તાપમાં પરિશ્રમ કરીને ‘હળ લાકડુ” ઘેર લાવતાં વ્યસન તરફ પ્રથમ દષ્ટિપાત પડે છે. તે સમયે મેવાસ પ્રદેશમાં ગીત ગવાય છે.

ઓરના[૧] છૂટા આરી[૨] આવે, રાસ[૩] પરોણા[૪] ખૂટીએ ભરવ્યા.
ઉકલીઆ[૫] બરી આપો રાણીજી, દણુઘેલું દાઇઝુ.
આપણા ચૂલામા સાપણ વઈ છે, પડોશણુના ચૂલે જાવ રાણીજી.
......દણુઘેલું દાઇઝું.
આપણાં પાડોશણુ ધાબડ ધીંગાં, લઈ સાંબેલું નડે રે શામળીયા.
......દણુઘેલું દાઇઝું.

અર્થ : ૧. હળ. ૨. નોકર કે ચાકર. ૩. દશ હાથ પાતળું દોરડું. ૪. વાંસની પાતળી પાંચ ફૂટ લાકડી ૫. ઉકો. ૬. દોડે.

(૬)

હોળી ગીત

હિંદુસ્તાનમા હોળી પ્રગટાવવાનો રિવાજ પ્રચલિત છે. લોકો ફાગણ સુદ ૧૫ ને દિવસે ચકલે ચકલે ને શેરીએ હોળી પ્રગટાવે છે. સ્ત્રીઓ ગરબા ગાય છે. પુરુષો રાસ ખેલે છે. ને છોકરાઓ ગેડી દડા ખેલે છે. પ્રાચીન સમયથી એવુ કહેવાય છે કે હિરણ્યકશ્યપુ રાજાએ પ્રહ્‌લાદને રામનામનુ રટણ ભૂલાવવા માટે બાળી નાખવા હોળિકા નામની રાક્ષસીને મોકલી હતી. પરંતુ પ્રહ્‌લાદને બાળવા જતાં તે પોતે જ હોળિકા બળી ગઈ. અને પ્રહ્‌લાદ બચી ગયા. આ હિંદના મહાન બનાવની ખુશાલીમાં લોકોનો દર વર્ષે ફાગણ સુદ ૧૫ ના રોજ હોળીને પ્રગટાવવાનો રિવાજ ચાલુ છે. તે સમયે **પાલ પ્રદેશમાં** નાયક, કોળી તેમ જ બીજી અન્ય પછાત કોમના લોકો નીચે પ્રમાણે ગીત ગાય છે. આ અનોખો દેશનો તહેવાર મારવાડી પ્રજા એક સપ્તાહ સુધી ઉજવે છે. આ દિવસો દરમ્યાન પછાત જાતિઓના લોકો રંગગુલાલ ને ધૂળ એકબીજા ઉપર ઉડાડે છે.

મારો રાયોનો વીછી,
    રાયની શેરીએ રમતો ફરે.
પેલા તે વેવાઈને કેડો રે;
    ધમ્મ પછાડા કરે રે
એમને કા કેડા કા,
        જ્યા જુઓ ત્યાં.
અમ્મજ[1] નહી કહુઉં;
    મારે ઘેર જઈને કહીશ.
ધોળા ધીંગ;
    મારો રાયોનો વીછી...રાયની શેરીએ.

---

૧. બાદલી.

હોળીને ઉધારે કેડો;
દીવાળીને દા'ડે કેડો.
ધીબો ધીબ:
મારો રાયોનો વીંછી...રાયની શેરીએ.

(૭)

બાળ લગ્ન ગીત

પ્રાચીન સમયથી પ્રચલિત રિવાજોના ઢાંચા હજુએ પલટાયા નથી. કન્નેડા ને બાળ લગ્ન હજુ ચાલ્યા કરે છે તેથી વીસમી સદીમા છૂટાછેડાની પરંપરા સર્જાતી જાય છે. ખરે જ, સંસારિક આગની ઝપટ જબરી છે! બાળ વહુ અને સાસુ સાથેનો વાર્તાલાપ પોતાની જનની સન્મુખે કહી સંભળાવે છે ને જીવના રસભર્યા ઉલ્લાસની મીઠી ઝલક મેવાસ પ્રદેશની પછાત જાતિની સ્ત્રીઓના મુખમાંથી ગીત ગવાય છે.

મા, મારી સાસુ એમ કે'છે;
વહુ અચ્છેરની ખીચડી ઓરો,
— મનોરબાઈ એમ કે'છે.

મા, હું નાનેરું શુ સમજું;
અધમણની ખીચડી ઓરી,
— મનોરબાઈ એમ કે'છે.

મા, મારી તે સાસુ એમ કે'છે,
વહુ ડોબાને[1] ગાતુ[2] મેલો,
— મનોરબાઈ એમ કે'છે.

મા, હું નાનેરું શુ સમજું;
મેં તો ડોહાને ગાતો મેંલા,
— મનોરબાઈ એમ કે'છે.

---

૧. ભેંસો, ૨. બાફેલા કપાસીયા તથા પાલો,

મા, મારી તે સાસુ એમ કે'છે;
વહુ ચૂલામાં મોરણુ[1] મૂકો,
— મનોરબાઈ એમ કે'છે.

મા, હું નાનેરું શું સમજું;
મોભારે[2] મોરણુ મેલું,
— મનોરબાઈ એમ કે'છે.

મા, મારી તે સાસુ એમ કે'છે;
વહુ બેડે પાણી ભરો,
— મનોરબાઈ એમ કે'છે

મા, હું નાનેરું શું સમજું;
મેં તો દેડે પાણી મેલુ,
— મનોરબાઈ એમ કે'છે.

(૮)

કાપણીનું ગીત

ચોમાસું જાય છે ને દિવાળીના ઉલ્લાસમય વાતાવરણમાં ખેડૂતો બીડોના ઘાસની કાપણી કરાવે છે. પછાત જાતિઓના લોકો હાથમાં દાતરડું લઈ ઘાસ કાપવા સીમમા ટોળાબંધ જાય છે. ખેતરોમાં ગીતો લલકારતા જાય છે. ખરીફ પાકથી લીલી બનેલી ધરતી ગીતોના રમઝટથી ગુંજી ઊઠે છે. ઘાસ વાઢીને પાછા ફરતાં ઘાસના ભારાઓ લાવતી. ભીલ, નાયા, કોળી જાતીની પછાત કોમોની સ્ત્રીઓ ગીત ગાય છે. નીચેના ગીત પરથી પહેલા હિદમા પછાત જાતિમાં રેંટિયાઓ ઘેર ઘેર રાખી પોતાનુ વસ્ત્ર બનાવતા હોવા જોઈએ.

ખરા મોરાનુ દાતેડું ને, ઘાસ વાઢવા જ્યાં તાં
બાર બીડાંનો ઘાસ જ વાઢીયો ને, બાર બંધે બાંધીયોજી રે.

ઉગળી[1] વળીને ભારો લીધો ને, નવ ગજ ધરતી ડોલીજી રે,
ઘેર આવીને ભારો નાખ્યો ને, નવ ગજ ધરતી ધમકીજી રે.
કાછડો વાળીને કોઠીમાં ઉતરી ને, આરો[2] ચોખા કાઢયાજી રે,
આરો ચોખાનો ખીચડો રાધીયો ને, લઈ પરસારે બેઠીજી રે.
એટલુ ખઈ ને મેડીએ ચઢી, તોય ભૂખે ભમ્મરીયાં આઈવાંજી રે,
કાછડો વાળીને કોઠીમા ઉતરીને, આરો જાર કાઢીજી રે.
આરા રે જારની ધાણી ફોડીને, લઈ રેંટિયો કાંતવા બેઠીજી રે,
તરાગડે[3] તરાગડે ફાળકો માજ્યો ને, પૂણીએ પાલી ખાદીજી રે.
એટલુ ખઈ ને મેડીએ ચઢી, તોય ભૂખે ભમ્મરીયાં આઈવાજી રે.

(૯)

લગ્ન ગીત

મેવાસ પ્રદેશમાં ઠાકોર કોમમા પરણતી વખતે નીચેનું ગીત ગવાય છે.

ચાંદો ઘેલો સૂરજ ઘેલો,
વર-ઘેલો ના કહીએ—મારા બેજીબા.
ઘોડી વેચવા મોકલા,
ત્યારે ઘોડી વેચી આવ્યા—મારાં બેજીબા.
આદુ વેચવા મોકલા,
ત્યારે દાદા વેચી આવ્યા—મારા બેજીબા.
આંબા વેચવા મોકલા
ત્યારે મામા વેચી આવ્યા—મારા બેજીબા.
હીરા વેચવા મોકલા
ત્યારે વીરા વેચી આવ્યા—મારા બેજીબા.
[illegible] વેચવા મોકલા,
[illegible] [illegible] વેચી આવ્યા—મારાં બેજીબા.

૧. [illegible], ૨. [illegible], ૩. [illegible], ૪. કાપવા

નળીયું વેચવા મોકલ્યા,
ત્યારે ફળીયું વેચી આવ્યા—મારાં ભૈજીબા.

(૧૦)

ગુજરાં ગુરમટી-ગીત

મેવાસ પ્રદેશના વાંશદિયા–ઘરિયા–ઘોયલ–સુરતિયા જાતિમાં લગ્ન સમયે ગુજરાં ગુરમટી–ગોરમટી કે લાલમાટી સ્ત્રીવૃંદ જાય છે. ત્યારે તે સમયે તેમ જ ગ્રહશાતિ વખતે ગીત નીચે પ્રમાણે ગાવામાં આવે છે.

લાંબી લાંબી શેરીઓના લાંબા લાંબા શેર,[1]
દાતે રંગા એના પીયુ પરદેશ.
સાડીઓ વસાવો સાઈભા સાડીઓ વસાવો,
અંમરની[2] સાડીઓ નહીં ઉચલાઈ,
નહીં ઉચલાઈ સાઇભા નહીં ઉચલાઇ,
ઉદેપુરનું રાજ મારા નખમાં સમાઇ.

(૧૧)

આણાંનુ ગીત

મેવાસ પ્રદેશમાં પછાત જાતિની સ્ત્રીઓ આણુ લઇને આવતા વેવૈયોને જમવા બેસાડે છે ત્યારે ગીત ગાવામા આવે છે.

આંબાલાલ વાદેડુ વાસે ચઢીયું,
આંબાલાલ છત્રાસંગને લેતું ચઢીયું.
આબાલાલ મૂછોમા માળા કર્યા,
આંબાલાલ દાઢીમાં ઇંડા મૂકયા,
આબાલાલ મોઢામા ઇંડાં ફોડીયા,

૧. રસ્તો. ૨. અકબર.

આંબાલાલ મોઢામાં બચ્ચાં કાઢીયાં,
આંબાલાલ અડધેથી પડતા મેલ્યા,
આંબાલાલ ગોવાળીયે ઝીલી લીધા,
આંબાલાલ ગોવાળીયાને બાપુ કીધા.

(૧૨)

ભોજન ગીત

મેવાસ પ્રદેશમાં જમવા બેસતી વખતે ઠાકોરોમાં ગીત ગવાય છે.

ડાબે ખૂણે ડોમચીયો ડોલે
તેને મોહનસંગ બાલાડા બોલે રે!
કોળીયો કંસાર આપે તો ખઇયે રે!
'નીકળ'[1] તો ઘરના ખીલાડા થઇયે રે!
નીકળ તો આશા મેલીને ઘેર જઇયે રે!

(૧૩)

લગ્ન ગીત

પ્રાચીન સમયમાં પણ વૃદ્ધાવસ્થાએ લગ્ન કરતા ઠાકોરિયાને લગ્નસરામાં પરોક્ષ રીતે કટાક્ષયુક્ત વાણીમાં હૈયુ વલોવી વીંધી નાખતાં ગીત ગવાય છે. ગીતના સૂરોની જાણે ગાલે ઠીકડીયો વાગતી હોય એમ લાગે છે. મેવાસના રજપૂત કોમોમાં વરરાજા જાણે વૃદ્ધ હોય તેમ નીચેનું ગીત લલકારી વૃદ્ધ કજોડાં લગ્નને ગીતના સૂરોના ચાબૂક વડે ચીમકી દે છે. હૈયાના ઐકયની જ્યોત જલાવવા જૂના રિવાજના દરદરને એલાન કરી લલકારે છે.

વર એવડીઆ! વર કેવડીઆ!
વર વચલી ધારણ[2] જેવા જેવડીઆ!

---

૧. નહિ. ૨. મોભ.

વર ગાલે પડી ઠીકરીયો,[1]
કોણ દેશે દીકરીયો ?
વર બાવડીઓ શા પેડા,[2]
વર દાંત પેડા બે પાવલીયા.

(૧૪)

લંગોટીનું ગીત

લંગોટી એટલે રાા હાથ લાંબી શરીરની લાજ ઢાકવા માટેનો વસ્ત્રનો ટુકડો. આ લંગોટી લાલ, પીળા રંગની હોય છે. તે લંગોટીને બન્ને છેડે ફૂમતાં લગાડેલાં હોય છે જાંબુગામ તાલુકા તથા છોટાઉદેપુર તાલુકાના આદિવાસી પછાત જાતિના લોકો જ્યારે બાળકને લંગોટી પહેરાવે છે ત્યારે હસતાં હસતા નીચે પ્રમાણે ગાય છે.

લાલ ફૂમતું ફરકે
વાંકી ઢગરીયે,
હોલો[3] આવ દલ્યા
તું મઝાનો દેખાહ રે !
રમકે નાચહ રે ડેડા,[4]
રૂપાલાહ દેખાહ રે !

*

---

૧. કરચલીઓ. ૨. બાવરની શીંગો. ૩. અહીં. ૪. બાળક.

કથાગીતો

[કથાગીતો એ આપણી લોકસંસ્કૃતિના પ્રતીકરૂપ એવા લોકગીતોનો એક પ્રકાર છે. આ કથાગીતો સાંભળીને માણસનું મન હળવું અને હળવું અને આનંદથી પ્રફુલ્લ બને છે. તે મનુષ્યને સુંદર વિચારો અને પ્રેરણાનાં પીયૂષ પાય છે. તે લોકઈતિહાસને જીવંત રાખે છે. અહીં રજૂ થતા પાંચ વૈવિધ્યયુક્ત કથાગીતો આ હકીકતની પ્રતીતિ કરાવે તેમ છે.]

'હરિ-હાસ'

(સંપાદક : શ્રી મંજુલાલ મજમુદાર)

રુકિમણી અને કૃષ્ણ વચ્ચેનો વિનોદ પ્રસંગ ભાગવત દશમસ્કંધ, અધ્યાય ૬૦ માં 'હરિ-હાસ' એ નામે વર્ણવાયો છે.

રુકિમણીને રીસ ચઢાવવા, શિશુપાલ સાથે થનાર વિવાહનો પૂર્વ પ્રસંગ સંભારી, હરિએ જે હાસ્ય-વિનોદ કર્યો તે દ્વારકા-લીલાનો પ્રસંગ આ અધ્યાયમાં વર્ણવેલો છે.

ભાલણે પોતાના દશમસ્કંધનાં પદ ૩૮૭ થી પદ ૩૯૩ સુધીનાં સાત પદમાં આ રસિક પ્રસંગ ગાયો છે. (જુઓ, રા. બા. હરગોવિંદદાસ કાંટાવાળાની આવૃત્તિ પૃ. ૩૨૦-૩૩)

પ્રેમાનંદ શિષ્ય સુંદરે રચેલા 'દશમસ્કંધ-ઉત્તરાર્ધ' (કવિ નર્મદની આવૃત્તિ, પૃ. ૧૪૪-૪૫-૪૬) માં પણ આ પ્રસંગ આવી જાય છે.

પરંતુ આ પ્રસંગનુ સ્વતંત્ર કાવ્ય ફક્ત એક જ પ્રાપ્ત થયેલું છે તેનો કવિ અજ્ઞાત છે, સં. ૧૮૮૦ના આસો સુદ ૧૫ (કાવ્ય રચાયા પછી લગભગ ત્રણ વર્ષ પછી) ની મારી પાસેની હસ્તલિખિત પોથી-માંથી આ ખંડ કાવ્ય પ્રાપ્ત થયું છે.

કાવ્યરસિકોએ આ કાવ્ય ઉપરનાં લખાણ સાથે સરખાવીને વાચવા જેવુ છે.

કડી ૧૯ માં "રાધાને મૂકી એકલી" નો ઉલ્લેખ થયેલો છે માટે જુઓ ભાગવત, દશમસ્કંધ પૂર્વાર્ધ, અધ્યાય ૩૦.

—સંપાદક.

હરિ-હાસ

શિવસુતને રે ચરણે નમુ;
એ તો ગવરીનો ગજાનન રે.
સરસ્વતી માત કૃપા કરો;
હરિ હાસ થાય રે આનન્દ રે. ૧
"હરિ હાસ" કહ્યાના મને કોડ પૂરણ;
મા! વાણી મધુરી રે દીજીએ;
પ્રસન્ન થાજો મુજ માવડી;
બ્રહ્મકુંઅરી! કરુણા કીજીએ. ૨
પૂર્ણાનન્દ પ્રગટયા પરમેશ્વર;
ભૂતલ ભાર ઉતારવા,
ભકતજનનાં કામ કરવા;
દૈત્યકુળ સંઘરવા. ૩
વસુદેવ તાત, માત દેવકી;
બલભદ્ર ભ્રાત ભગવાન તણા.
દ્વારકા તે નગર સોહામણું;
મોહોટાં મંદિર તણી તહાં નહિ મણા. ૪
દ્વારકાની શોભા શી કહુ ?,
ફણીશેષ કહેવા સમરથ નથી.
વૈકુંઠ થી સોહામણું;
કેમ કહું એક જીભે કથી? ૫
સોળ સહસ્ર રાણી, ને અષ્ટ પટરાણી;
સૌમાં તે શ્રેષ્ઠ શ્રી રુકિમણી.

સૌથી તે વહાલી વૈષ્ણવી;
રાખી રમા હૃદે વૈકુંઠ ધણી. ૬
એક સમેને રે કારણે;
સેજે સુતા હુતા તાંહાં શ્રી હરિઃ
ચરણ તળાંસે રાણી રુક્મિણી;
ઘણું આનન્દે હેતે કરી. ૭
માધવને મનછા રે વાધી;
" હાસ કરું રે રાણી રુક્મિણી."
માનિનીનું તાહાં મન જોવાને;
વચન બોલ્યા વૈકુંઠ ધણી. ૮
કૃષ્ણ કહે રે " સુણો કામિની!
શિશુપાળ વર તમે નવ વર્યો
ગજગામિની! ગોવાળ પામ્યો;
એવો જોગ વિધાતાએ કર્યો! ૯
શિશુપાળ ગોરા અમે શામળા;
તમો ભીમકસુતા સોહામણાં;
નગ્રપતિ શિશુપાળ કહાવે,
ને અમારે ગોકુળ ગામડાં! ૧૦
શિશુપાળને ઘોડાં ઘણાં;
ગજ રથ વેહેલ્યો ને પાલખી.
અમારે ગાયો, ગરુડ બેસણુ;
અર્જુનના રે અમો સારથી! ૧૧

તિલક છાપાં તુલસીની માળા
એવા અમારે શણગાર છે. ૧૩
શિશુપાળ ઓઢે રે શાલ દુશાલા,
પાઘ પટકો ને પામરી;
અમારે પહેરણુ પીળાં પીતાંબર,
ખાંધ નાખવાને કામળી! ૧૪
જમણુ ઝાઝા રે શિશુપાળને;
પકવાન જાતો–જાતનાં;
શીરા પૂરી, ને વડાં વેડમી;
શાક પાક ભાત–ભાતનાં. ૧૫
છખીલાને છાશ ઝાઝી;
ઘેંશ રૂડી રાબડી,
મન ભાવે તો સહી ખાવાને;
દૂધ દોહવાને ગાવડી. ૧૬
દ્રવ્ય ઝાઝાં શિશુપાળને;
એ મોહોટા મહિપત રાજીઓ,
અમે ગાયોના ગોવાળીયા;
અમને ભાવે વિદુરની ભાજીઓ." ૧૭
વચન સાંભળીને વિસ્મે પામ્યાં;
સતી શિરોમણી સુન્દરી,
"વાંક અમારો શું છે? સ્વામિ!
આવડું દુભાણા શ્રી હરિ? ૧૮
મન વિચારે માનની;
સીતાને મૂક્યાં રે વનવિખે!
રાધાને મૂકી એકલી;
વહાલો વિસારતા મુજને રખે! ૧૯
હું તો દીન દાસી તમતણી;
અપરાધ શો છે? રે નાથજી!

વણ—અપરાધે વાત આવડલી;
કારણ કોહોની કાહાનજી ?" ૨૦
મુખે બોલે તો બોલાય નહિ, ને;
નયણેથી આંસુ ઢળ્યા !
ચરણે તે ધરણી ખોદતાં;
પછે મૂરછા ખાઈ પૃથવી પડયાં. ૨૧
ધરણી તે ધસીયાં ને આભરણ ખસીયાં;
પડીયાં તે રાણી રુક્મિણી;
વચન હાડો હાડ લાગ્યું;
જયમ ડસ્યો રે કાળો ફણી ! ૨૨
કમલ વદન કરમાઈ ગયાં ને;
શિથિલ થયાં સ્વામિની !
શુદ્ધ ન રહી શરીરની,
પછે ભ્રાત ભાગી ભામિની. ૨૩
હરિએ ઊઠીને ઓછુંગે લીધાં;
"હાસ કર્યું રે મે તો સુંદરી !"
હૃદે તે સાથે ચાંપીયાં, પછે
સમ ખાઈ કહે શ્રી હરિ ! ૨૪
"માહારા સમ જો સુંદરી !
મહારા પ્રાણતણો રે આધાર છો !
"હૃદે સંધાથે રાખું રામા !
સૌમા શિરોમણિ નાર છો !" ૨૫
હરિ તે હાથે પુષ્પ સમારે,
ને વેણી ગૂંથે નાથજી !
ઓછંગથી નવ કરે અળગાં:
મુખ લૂછે મોરારજી. ૨૬

"રમણુ કરતા રાહાડ થાશે;
આવડું મેં નવ જાણીઉં;
હદે—સંધાથે રાખ્યાં રામા !
તોયે તમે કેમ માનીઉં ? ૨૭

સજ્જ થાઓની તમે સુંદરી !
કોમલ માહારી કામિની !
[ચતુર્ભુજને ચિંતા રે વાધી;]
મુજ સાહામુ જુઓની ભામિની !" ૨૮

રુક્મિણીને સમરણ આવ્યું;
આંખ ઉઘાડીને ભાળીઉં !
લજ્જા તે પામ્યાં પ્રેમદા;
પછે નીચું નિરખીને નિહાળીઉં, ૨૯

પ્રાણ પતિને પાય લાગ્યાં;
ચરણે તે શીશ નમાવીઉં !
"સત્ય કહ્યું રે તમે સ્વામિ મારા;
[કમળા કહે;] કારણ લહ્યું. ૩૦

અમો ભીમકસુતા તમો વિશ્વપતિ;
હું તો ભાગ્યવંતી નહિ આવડી.
શુદ્ધ મને મેં સેવ્યા શંભુ;
મેં તો પૂજ્યા અંબા માવડી. ૩૧

તે પુન્યે રે હું પાપી પ્રભુજી !
દરશણ દુર્લભ દેવને.
મમ સ્વામિ ! તમો વિશ્વપતિ;
કરે સનકાદિક તમ સેવને. ૩૨

સત્ય તણા રે શણગાર પ્રભુજી;
વિશ્વનાં રે વસન ધર્યાં;

ભક્તજનનાં કોટે માદળિયાં;
એવાં આભરણ અંગે સર્યાં. ૩૩
વિશ્વપતિ રે પશુપાલ પ્રભુજી;
સમરથ છો તમે શ્રી હરિ !
સ્વર્ગ; મૃત્યુ પાતાળ પ્રભુજી
રાખ્યા ઉદરમાં ધરી. ૩૪
ભક્ત માટે ભિક્ષા રે માગો,
વામન રૂપે જાચીયાં; ”
ભક્ત—આધીન ભૂધરા !
બલિ–દાન દેખી રાચીયા ! ૩૫
અસત્ય નહિ લવલેશ સ્વામિ !
સત્ય બોલ્યા શ્રી હરિ,
ભેદ ભાગ્યો ભૂધરા ! ”
—એમ સમ ખાઈ કહે સુંદરી. ૩૬
રીસ નહિ લવ લેશ;
'નારી મીઠાં વચન બોલે છે ઘણાં;
સ્વામીને સારું મનાવે;
મુખ વચન ઝરે છે અમૃત–તણા. ૩૭
રાહાડ ભાગી ને આનંદ વાધ્યો;
અંગે રંગે બેહુ મળ્યાં; !
વાહાલની વાધી વેલડી;
જેમ દૂધ ને સાકર ભળ્યાં ! ૩૮
હરિહાસ–ક્રીડાનો મહિમા મોહોટો;
સંક્ષેપે સંભળાવીઉં
દશમ—સ્કંધ માંહે છે વિસ્તારે;
મતિ પ્રમાણે રે ગાઇઉં. ૩૯

સંવત અરાઢ સીતોતેર કહાવે;
ઉત્તમ શ્રાવણ માસમાં;
કૃષ્ણપક્ષ રવિવારે;
"હરિ–હાસ" ગાયો ઉલ્લાસમા ૪૦
ગાય શીખે ને સાંભળે;
સહાય થાય કૃષ્ણ ને રુક્મિણી;
સેવક શરણે રાખો શામળીયા ।
વિશ્વ વૈકુંઠના ધણી. ૪૧

*

રે ડામોર ધાળે ઘોડે અસ્વાર

સપાદક :

શ્રી. લાલચંદભાઈ ધૂળાભાઈ નિનામા

ભારત દેશના આદિવાસીઓ, પહાડ–કે ગિરિકંદરાની ખીણોમાં અને વનરાજીથી ભરપૂર એવા સૃષ્ટિસૌંદર્યના ધામમા હરનિશ વસવાટ કરી રહેલા છે. એમની જીવન સંસ્કૃતિ કુદરતને ખોળે ઘડાયેલી હોય છે તેથી કુદરતી વનરાજીમા આનંદ મસ્ત જીવન સેંકડો વરસથી તેઓ વિતાવતા આવ્યા છે. અને એથી તેમનામાં નીડરતા અને હિંમત; સાહસ અને ધૈર્યના ગુણો જોવામા આવે છે.

ભારતના આદિવાસીઓમા અનેક જાતિઓ જેવી કે, ભીલ, સાતાલ, નાયક, ધાણુકા, ગામોત, ધોડીયા, ચોધરી, માડીયા, ગોંડ, વારલી, કાતકરી, ઉરિયા વગેરે અનેક જાતિઓ છે. જેને અનુસૂચિત: જન જાતિ તરીકે ભારતના બંધારણમાં ઉલ્લેખ કરવામા આવ્યો છે.

આ જાતિનો શૌર્યપૂર્ણ ઇતિહાસ તેમના પરાપૂર્વથી ચાલતા આવતાં લોકગીતો અને દંતકથાઓ ઉપરથી મળી આવે છે.

ગુજરાતમાં, ભીલ નાયક, ધાણુકા, રાઠવા, દુબળા ચૌધરી, ગામીત, ધોડીયા, વસાવા, વગેરે આદિવાસી જનતા દૂર દૂર જંગલ અને પહાડી પ્રદેશમાં આજે પણ વસવાટ કરી રહી છે. તેમના જીવનમાં વીરતા ધીરતા અને સાહસિકતા લોકગીત નૃત્ય ને નિખાલસતા, સત્ય, વિવેક, વફાદારી, આગતા સ્વાગતા જેવા ઉમદા ગુણો ભરપૂર જોવા મળે છે. આદિવાસીઓમાં નિનામા, નિસરતા, અડ, અમળી, આચાર, કટારા, કતીજા, કળમી, કામોળ, કિહુરી ખરાડી, ગરાસિયા, ડામોર, ડાગી, ડિંડોડ, તડવી, પરમાર, બારીયા, ભીલવાળ, હઠીલા, હનોડ, હાડા, હપન્યા, ટિંયર, હુવર, ઈત્યાદિ અનેક અટકો–પેટાજાતિ છે. અને આ અટકથી દરેકનું કુટુંબ ઓળખાય છે. દરેક પેટા જાતિઓના વીરપુરુષોનો પણ ઇતિહાસ હોય છે. તે તેમના લોક ગીતો જે પરાપૂર્વથી ચાલ્યા આવે છે તેના ઉપરથી જાણી શકાય છે.

અહી ભીલ જાતિમાં ડામોર અથવા ડામરાની વીર ગાથા પ્રાચીન કાળથી બડવા–ભોપાને કંઠસ્થ છે. તેનું વિવરણ કરવામાં આવે છે.

ભીલ સરદાર–સીદડાની શૌર્ય અને વિતક કથાનો આખો ઇતિહાસ દટાએલો પડયો છે. એ ઇતિહાસના દટાએલા પાના ઉકેલવા અને સમજવા પ્રયત્ન કરતા કથાનો સાર સ્પષ્ટ થશે.

આદિવાસીઓમાં ખાસ કરી કોઈ કુટુંબી લાબી બિમારીમાં સપડાઈ જાય, અનેક દવા દારૂ કરવાથી દર્દી સાજુસમુ નહિ થાય ત્યારે છેવટે બડવા–ભોપા પાસે તેને ફરજિયાત જવુ પડે છે. બિમાર માણસના માથા ઉપર મકાઈના ૨૦–૨૫ દાણા ઉતારી ભોપા પાસે જાય છે. તે જોઈ બડવો–ભોપો ગાયણું ગાવું પડશે. એટલે 'મંડાળ' બેસાડવું પડશે તો જ સુધરશે તેવું કહે છે. અને તેથી તેના ઉપર શ્રદ્ધા–આસ્થા તુરત બંધાય છે.

હિન્દુઓમાં પણ સત્યનારાયણની કથા–ગીતાપાઠ કરાવે છે. તેવા

જ પ્રકારનું આ મંડાળ હોય છે. આ મંડાળમાં ભીલોના પૂર્વજોમાં જે વીર પુરુષ થઈ ગયા છે તેના પરાક્રમોની વીરકથા છે.

વીરસીદ્દડા ડામોરનું ગાયણું.

ઓ, વાંદુ ધોળકા બળિયા રાજ નાગર નાવલિયુ.
ઓ, વાંદુ જમીન ને અસમાન ,, ,,
ઓ, વાંદુ રામ લસમણની કસેરી ,, ,,
ઓ, વાંદુ સીતામા માતા ,, ,,
ઓ, વાંદુ લંકાનો રાઉણ ,, ,,
ઓ, વાંદુ સકરમી તારો ,, ,,
ઓ, વાંદુ સાદામાં સૂરજ ,, ,,

આ પ્રમાણે ધોળકાના રાજાને, જમીન, આસમાન રામ–લક્ષ્મણ, સીતામાતા, સૂરજ અને ચાંદ, તારા વગેરેને વંદન કરવામા આવે છે.

ઓ વાંદુ ધોળકાના રાજુ નાગર નાવલિયું.
ઓ વાદુ 'સીદડો' ડામોર ,, ,,
ઓ ડામોર માલુના ફાટેલા ,, ,,
ઓ ડામોર હુનાના નળિયાં ,, ,,
ઓ ડામોર રૂપાના હડુણ ,, ,,
ઓ ડામોર રૂપાની વળીયો ,, ,,
ઓ ડામોર રૂપાના એહડા ,, ,,
ઓ ડામોર હુનાની ઓડેણ ,, ,,

પ્રાચીન સમયમાં "ધોળકા"મા જ્યારે ભીલો વસતા હતા, ત્યારે તેમની સમૃદ્ધિ અને જાહોજલાલી કેવી હતી તેનુ વર્ણન કરવામા આવે છે.

ભીલોના સરદારનુ નામ છે સીદડો ડામોર, ધોળકા નગરીમા તેમની સમૃદ્ધિ જોઈ જોઈને ભલભલાને અદેખાઈ આવે એટલી બધી મિલકત હતી. ઘર ઉપર રૂપાની વળીઓ છે અને તેના ઉપર રૂપાના

સેડણુ બાંધેલું છે, ને તેના ઉપર સોનાનાં નળીયાં ચઢાવેલાં છે—એવાં તો તેમનાં ઘરો બાંધેલાં છે.

પાણી ભરવાના બેડાં રૂપાનાં છે અને સોનાની ઇંઢોણીથી પાણી ભરે છે, એવા તે ધનદોલત સંપત્તિને તે વરેલા હતા. તેથી તેમની ઇજ્જત આબરૂ પણ રાજ્યમાં સારી હતી. એટલું જ નહિ, રાજદરબારે તેમનાં માન પાન થતાં.

ઓ, ડામોર ખાય ને કરચાટે નાગર નાવલિયું.
ઓ, ડામોર મારે તેને મારે ,, ,,
ઓ, ડામોર અરેડી કેવા યા ,, ,,
ઓ, ડામોર માલુના મસતાના ,, ,,
ઓ, મારા હજારે ડામોર ,, ,,
ઓ, ડામોર ખાય ને કુદે રે, ,, ,,

ડામોર ઘણા સુખી અને વૈભવશાળી ઉપરાંત, તેમના કુટુંબમાં એક સંપ હતો, તેથી તેમના સામે કોઇ માથું ઉચકી શકે તેમ નહોતું તેમ જ તેમના વિરુદ્ધમાં કોઇ ખોટી વગોવણી કરી શકે નહિ તેવી સમાજમાં છાપ હતી.

ઓ, ડામોર આમળીયાં ખભાના નાગર નાવલિયું.
ઓ, ડામોર પરોણા મુસોના ,, ,,
ઓ, ડામોર ગુંજાયા પટાના ,, ,,
ઓ, ડામોર રાહ ને ફેરે ,, ,,
ઓ, મારા હજારે ડામોર ,, ,,
ઓ, મારો સીદડો ડામોર ,, ,,
ઓ, ડામોર કુકરો ડામોર ,, ,,
ઓ, ડામોર આંકેડી ડામોર ,, ,,
ઓ, મારો નાહુણો ડામોર ,, ,,
ઓ, ડામોર સીકારી ડામોર ,, ,,

આમાં ડામોર શરીરે કદાવર, પટોળી છાતીના અને ઘટાદાર ખભાના. એમની મૂછો પણ કેવી લાંબી છે. સાથે આમળીયા પટા રાખેલા છે, એટલે કે શરીરે ભરાવદાર અને શક્તિશાળી છે. તેમનામાં સંપ કેવો છે તે બતાવવા અહી "ડામોર રાહને ફેરે" એટલે એક હજાર ભીલો સીદડા ડામોરની આજ્ઞામાં રહી એક સંપ હતા. તેમાં કુકરો ડામોર, નાહણો ડામોર, વાહણો ડામોર, નાહલો ડામોર, વગેરે આગેવાનો છે.

તેમની જમીન જાગીરી અને ધન-દોલત, ઘર-બાર, સંપત્તિથી ભરપૂર હોવાથી તેમને કોઈ જાતની કમીના ન હતી. સપીલા પણ એવા હતા કે સીદડા ડામોરનો પડયો બોલ ઊઠાવવા એક હજાર ભીલો તૈયાર હતા.

સીદડો ડામોર, તેજસ્વી, શૂરવીર અને ટેકીલો હતો. એનુ ચારિત્ર્ય પણ ઊંચા પ્રકારનુ હતુ. ભીલ સમાજમાં અને આમ પ્રજામાં પણ તેમનો માન મરતબો એક રાજા જેટલો હતો. પરંતુ કાળના મોઢામાં કોણ ટકી રહ્યું છે ? સુખ અને દુઃખની જોડી આ સંસારમાં કાયમની સર્જાયેલી છે. કાળના ચક્કરમા રાય તે રંક થાય છે. અને રંકના રાય થાય છે. ડામોરોની જાહોજલાલીની જાણે કુદરતને ઈર્ષ્યા આવી હોય, તેમ એક દિવસ તેમના ઉપર કાળનુ ચક્કર ફરી વળ્યું.

ગાયણું

તારા બાપનુ વાડુ-મેઘુંની સોરિયો, ડામોરુની સોરિયો,
મોજાળે સરીવોર, ભેળાયો થાયો-ડામોરુની સોરિયો,
કેવા લાગી તમુ કાળાં ઢુમણા-તમારું સરૂપ અમને,
સોટી જાટે હમુ ગોરિયો સે તમુ પાડો બીજો,
આરો..........મોજાળે.............સરિવોર........! ૧
તારા બાપનુ વાડુ, ડામરાની સોરિયેં, મેઘુની સોરીની,
ઘાઘરી ઓડણિયો ફાડી નાખી-મેઘુની સોરિયો રડે,
રોદન કરે, મોજાળે સરિવોર....................! ૨

તારા બાપનું વાડું મેઘુની સોરિયો-મેઘુ વાડે જાવા લાગી.
ડામોરની સોરિયો ડામોર વાડે જાવા લાગી-મેઘુની
સોરિયો ભરેલે બેહડે ફરે ભરેલી.....કસેરીયે......... ૩
તારા બાપનુ વાડુ-આ બેહડુ આહર્યું બાપની કસેરીયે
તમુ હું રાજપાટ કરો-રાજપાટ કરે રે
ધોળકા...............ના ડામોર.................... ૪
તારા બાપનુ વાડું-બેટા-બેટા તન વાડનો
કાટો વાગ્યો હોય, તીની વાડ બાળી દઉ
આગળી વતાડી હોય તીનો હાથ વાડી નાખુ......! ૫
તારા બાપનુ વાડુ ઘોરનો ઘટવાળો વાગ્યો હોય
તીનું ઘોર બાળી નાખુ-આંખ કાડી હોય
તીનુ માથુ વાડી નાખુ....... ....! ૬
તારા બાપનું વાડું-ફણીની ઝાળ સાથે ગી ને
સોટલીની ઝાળ પગે ગી-મારા જોડીના
બાંદમ.........કયાં ગ્યા મારા હોબહે બાંદમ્......! ૭
તારા બાપનુ વાડુ-પેલો દેનો વારો સે, જેઠ
વસાકનો...વસાક બોલતા જેઠ બોલી ઉઠયો,
દાદા, વાજીયા આબા મેલ જે-ધોળકા બળીયા રાજમાં...! ૮

ભીલ સરદાર સીદડા ડામોરની છોકરીઓ એની બેનપણીઓ સાથે અને ઇન્દ્રદેવ એટલે મેઘ રાજાની કુંવરીઓ દરરોજ મોજાળે સરોવરની પાળે ભેગી થાય છે ફરે છે, આનંદ મસ્તી કરે છે. અને દિવસ બુડતાં સૌ વિખરાય છે.-બન્નેની ગાઢ દોસ્તી થઈ ગઈ છે. એક બીજાની વહાલી વસ્તુઓની ખુલ્લા દિલથી આપ લે કરે છે. એવી મીઠી દોસ્તી બંધાઈ ગઈ છે, પરંતુ એક દિવસ એ દોસ્તીનો અંત આવે છે. ઇન્દ્રદેવની કુંવરીઓ અને ડામોરની છોકરીઓ વચ્ચે તકરાર થઈ. અને તેમા ડામોરની છોકરીઓએ ઇન્દ્રદેવની છોકરીઓને ગાળો બોલી ભારે અપમાન કર્યું. બસ થઈ રહ્યું, કુંવરીઓ રડતી

કકળતી મેઘરાજા જ્યાં દરબાર ભરીને બેઠા છે, ત્યા ફરિયાદ કરી. બાપા બાપા તમે શુ રાજ કરો છો. રાજ તો કરે છે ધોળકાના ડામોરો, એમની છોકરીઓએ અમોને ગાળો આપી અમારુ અપમાન કર્યું છે. માટે ડામોરોની સાથે પૂરેપૂરુ વેર બાંધી તેમનુ ખેદાનમેદાન થાય, તેમને ખાવા એક કણ દાણો ન મળે, અન્ન અને દાંતને વેર થાય, પહેરવા ઓઢવાના કપડાં ન મળે, ચીંથરેહાલ દશા થાય, તેવું કરો. બાર વરસનો દુકાળ પાડી દો તેમને પીવાનુ પાણી પણ ન મળે એવું કરો તો જ તમે મેઘરાજા ખરા.

કુંવરીઓની વાત સાંભળી, મેઘરાજા ગુસ્સાથી સમસમી જાય છે. અને પોતાના સોળસેં બધુઓને આજ્ઞા કરે છે કે ધોળકા રાજમાં ભારે દુષ્કાળ મોકલો.

ગાયણું

ઓ, આવી ગ્યા જેઠ વસાકના દાડા નાગર નાવલિયું.
ઓ, સડી ગી હુરીની ઉનમેણુ ,, ,,
ઓ, મેઘ ગાજે ને ગરડે ,, ,,
ઓ, વીજળી ઝણુકી લાગી ,, ,,
ઓ, સડી ગી હુરીનું કોયણું ,, ,,
ઓ, સડી ગી રોયણી ભોયણી ,, ,,
ઓ, મેઘ વહરતો આવે રે ,, ,,
ઓ, વહર્યો ધોળકા બળિયારાજ ,, ,,
ઓ, મેઘ વરહી ને રડાયો ,, ,,

વૈશાખ, જેઠના દાડા આવ્યા. વાવાઝોડું શરૂ થાય છે. ઉત્તર દિશાનો પવન-વંટોળ શરૂ થાય છે આકાશમાં ધૂળની ડમ્મરીઓ ચઢવા લાગી. અને મેઘરાજાની સ્વારી ગાજતેવાજતે આવી ચઢી વરસાદ વરસીને રહી ગયો. પશુ, પક્ષી અને કિસાનોમા આનંદની લહેરી ફરી વળી છે.

ગાયણું.

ઓ મારા હજારી ડામોર   નાગર નાવલિયું.
ઓ, ડામોર સારસે પૂળે રે ,, ,,
ઓ, ડામોર હુરો હુરાની ડુંગરીયે ,, ,,
ઓ, વાહ બણી ગ્યો પરભાતી પોર,, ,,
ઓ, હંડયો પોહરાનો દાટો ,, ,,
ઓ, હંડયો બાજરાનો દાંટો ,, ,,
ઓ કરીયો ઘર સે નાંગોળ ,, ,,
ઓ, વાહ ડામોર ટોપલા ભરી લીધા રે,, ,,
ઓ, સાલી ઘરસે નાગોળો ,, ,,
ઓ નાગોળો રોહાને મારેગ ,, ,,
ઓ ડામોર-ઉકનીયા પારખે રે ,, ,,
ઓ કાબરસી ટિચું ટિચુ બોલે રે ,, ,,
ઓ ઉકનીયા નગળા થાયા રે ,, ,,

ત્યારબાદ જોવાલાયક નાચ થયાથી ડામોર ઘાસ પૂળા ત્રેવણુમાં પડ્યા. બીજના પોસરા ખુલ્લા કરી અને બીજના ટોપલા ભરી હળ નાગોળા લઇને ખેતી કરવા હોંશભેર જાય છે, પણ શુકન સારા થતા નથી.

ઓ, ડામોર ઓર્યાં ને ડોર્યા રે ,, ,,
ઓ, ડામોર વળતાં બહુપોરિયાં સોજ્જા ,, ,,
ઓ, બાજરો, ઓર્યોને રાહણ્યો ,, ,,
ઓ બાજરો ઉગવા લાગ્યો રે ,, ,,
ઓ, બાજરો ઘૂંટણ ને પરમાણે ,, ,,
ઓ બાજરો હાથોળને પરમાણે ,, ,,
ઓ, બાજરો કેહડને પરમાણે ,, ,,
ઓ, બાજરો સાતિયે' આયો રે ,, ,,

ડામોર પોતાના કાળીયા ખાંકણ નામના ખેતરોમાં બાજરી ઓરવા લાગ્યા છે. તેમાં નીંદામણ કાઢી નાખ્યું છે અને રાત દિન બાજરી વધવા લાગી. ઘુંટણ, સાથળ, અને છાતી પ્રમાણે મોટી થવા લાગી છે. ગળે નિગલ આવવા લાગ્યા છે.

ગાયણું

ઓ બાજરો હુકાવા લાગ્યો રે, નાગર નાવલિયું,
ઓ ની મળે વીજળી વરહાદ રે, ,, ,,
ઓ કાંડે વરહાદના હુકનુ રે, ,, ,,
ઓ પડી ગ્યો બાર વરહનો કાળ ,, ,,

પણ વરસાદ ક્યાં છે? સૌ આકાશ સામુ જુએ છે, રાત્રે તારાના દર્શન થાય છે. દિવસો કરડવા લાગ્યા. વરસાદનું ટીપુ નથી. ઊભો પાક સૂકાવા લાગ્યો, નદી, કોતરના નીર પણ સૂકાવા લાગ્યા. પશુધન ઘાસ વગર ભૂખે ટળવળવા લાગ્યા. અનુભવી માણસો વરસાદના શુકન જોવા લાગ્યા. લોકો માટે ભારે કપરા દિવસો આવ્યા. બાર વરસનો દુષ્કાળ પડ્યો. ડામોર પાસે પોતાની મુડી હતી ત્યાસુધી વેચી–સાટીને પોતાના કુટુંબો નિભાવ્યા. પશુધન મરવા લાગ્યા. કોઠીમાં ધાન ખૂટયાં. ઘરેણાંગાઠાં વેચી ખાધાં. દુકાળે ભારે કેર વરતાવ્યો.

ગાયણું

ઓ, ડામોર ભૂકે મરે રે નાગર નાવલિયું.
ઓ, ડામોર જીવતાં ડગરાં મારી ખાય ,, ,,
ઓ, ડામોર ખાંખરા ખોદે રે ,, ,,
ઓ, ડામોર કકરાં સાહરા રે ,, ,,
ઓ, મારો કુકરો ડામોર રે ,, ,,
ઓ, મારો સહરો ડામોર રે ,, ,,
ઓ, ડામોર, હાલણુ ગાળ્યા ગંઠુણુ ,, ,,
ઓ, ડામોર કાજ ખાઈ ગ્યા વાજ ,, ,,
ઓ, આખા વાંહડાના ગુંડા ,, ,,
ઓ, ડુંગોર ખોદી ખાઈ ગ્યા ,, ,,
ઓ, ની મળે વીજળી વરહાદ ,, ,,
ઓ, બાહ ની મળે વીજળી વરહાદ ,, ,,
ઓ, પડી ગ્યો બાર વરહનો કાળ ,, ,,
ઓ, ડામોર પડાયો કરે રે ,, ,,
ઓ ડામોર ઉંદા સાટવા ખૂંહે ,, ,,

ડામોરનાં કુંટુબો ભૂખે મરવા લાગ્યાં છે. માણસોને જીવાડવા સારુ, ઢોર મારી ખાય એવા દિવસ આવી લાગ્યા. ખાખરાંના મૂળ, ગોજવા–વાજ, બધે ખોદી વળ્યા. અન્ન અને દાંતને વેર થયાં બાર વરસ સુધી દુકાળ ચાલુ રહ્યો. ડામોરો તેથી ધોળકા છોડીને માળવામાં કુટુંબ ને લઈને જવાની તૈયારી કરવા લાગ્યાં.

ગાયણું

ઓ ડામોર ઝીમરાની કેહડયો રે નાગર નાવલિયું.
ઓ ડામોર આખા વાહડાની ડાંગ્યો રે ,, ,,
ઓ, ડામોર ભૂખના ભાગેલા રે ,, ,,
ઓ ડામોર તરહના તજેલા રે ,, ,,

ઓ વાળે ધોળકા બલિયારા રે ,, ,,
ઓ, આપું જીવાયેં જાયે રે ,, ,,
ઓ, જાય માણીક માળવે રે ,, ,,
ઓ, વાળેં ખાળુ માળ દરિયાળ ,, ,,

એક વખત જાહોજલાલી ભોગવેલી, ધન દોલતથી ભરપૂર હતા તે ડામોરોની કરુણ દશા થઈ પહેરવાને પૂરતા કપડાં નહિ અને જે પહેરવાના કપડાં હતાં તે પણ ફાટેલા-ભૂખ્યા-તરસ્યા કુટુંબકબીલા સાથે ગુજરાત છોડી માળવાની ધરતીમાં જવા માટે ચાલી નીકળ્યા.

ગાયણું

ઓ વાળે મોળુ સે દરિયાળ નાગર નાવલિયું.
ઓ, વાળે બીખું સે દરિયાળ ,, ,,
ઓ, વાળે લીલવું સરોવર ,, ,,

આમા મોળુ અને પીળુ દરિયાળ એ રૂપક છે. કહેવાનો અર્થ કે આવા વિકટ પ્રદેશના મોટા તળાવો પસાર કરવા પડ્યા હતા.

ગાયણું

ઓ, વાળે ખંગાળા ખોબ્યો નાગર નાવલિયું
ઓ, વાળે રણખડ વગડુ રે ,, ,,
ઓ, વાળે હુપ્પડકનો દેહ ,, ,,
ઓ, વાળે એક ટંગીયો મલક ,, ,,
ઓ, વાળે રાણીસે રાજ્યુ રે ,, ,,
ઓ, વાળે વાંકાસે પાલ ,, ,,
ઓ વાળે સત્તરીસેં વાગોડ ,, ,,
ઓ, વારે ગલીયાકોટનું રાજ ,, ,,
ઓ, ડામોર, સડી ગ્યા માણીકલખ માળવે.,,

ડામોરોની વણુજાર રાત-દિન ચાલે છે; ઉત્તર ગુજરાતને રસ્તેથી ડુંગરપૂરને રસ્તે ચાલ્યા. જ્યાં રણુખડ વગડુ, અને ખંગાળી ખોળ્યો. એટલે ડુંગરોની ધાર વચ્ચે ઊંડાણુમાં થઇને તેમને પસાર થવું પડયું. રાણીના રાજમા થઇને એટલે તે વખતે ગુજરાતના ભાગમાં રાણી ગાદી પર હશે. એમ માનવાને કારણુ છે (સુપડકનો દેહ, કે એક ટંગીયો મલક એ રૂપક છે.)

વાગડ, અને ગલીયાકોટ-ઉપર થઈ-ઉજેણુ નગરીમાં આવી પહોંચ્યા.

ધોળકાથી ચાલતા ચાલતા અને મહેનત મજૂરી કરતા કરતા માળવામાં પહોચી ગયા.

ગાયણું

ઓ, ડામોર ભૂખના ભાંગેલા, નાગર નાવલિયું !
ઓ ડામોર, સડી ગ્યાં ધારની ધરતી ,, ,,
ઓ, ડામોરને પડી ગ્યાં આખુને કુંડાળાં ,, ,,
ઓ, ડામોર, ખેલણુ પરના ખેડા ,, ,,
ઓ, મારો દુધો સે વજીર ,, ,,
ઓ, મારો ગેહલો રાજા ભોજ ,, ,,
ઓ, અમો નવાસે વહતરી ,, ,,
ઓ એના ખેલણુ પરના ખેડા ,, ,,
અંઇ ડામોર પડાવે નાખ્યો ,, ,,
ઓ અમુ જીવાયેં આયા રે ,, ,,
ઓ ડામોર બટિયાં વાઢે રે ,, ,,
ઓ ડામોર, મારા કૂરડીયા ડામોર ,, ,,
ઓ, દાતડીયા ડામોર ,, ,,
ઓ, આવી ગ્યા વેશાખ સે જેઠ ,, ,,
ઓ, પાસુ વરહ વળ્યુ રે ,, ,,

ઓ મેઘ ગાજ્યો ને ગરૂડે ,, ,,
અર વળિયો ખેલૂણુયા ખેડામાં ,, ,,
ઓ ડામોર થાગો પરભાતી પોર ,, ,,
ઓ, ડામોર હુરાની ડુંગરીયે રે ,, ,,

ભૂખ, દુઃખ અને થાકને લીધે ડામોરના શરીર નબળાં પડ્યાં છે. આંખો ઊંડી ગઇ છે. પણ હિંમત હાર્યા નથી. સીદડા ડામોરની સરદારી નીચે સલામત ધારની ધરતીમાં આવી બધાએ પડાવ નાખ્યો.

માળવાની 'રાજગાદી પર રાજા ભોજ રાજ કરે છે. અને તેમના વજીરનુ નામ દુધો વજીર છે.

સીદડો ડામોર, માલવપતિના દીવાન દુધાને મળ્યા. દુષ્કાળને લીધે વખાના માર્યા માળવામા આવ્યા છે. માટે ખેતી કરવા માટે નવી જમીન કાઢી આપો તો અમો નીરાંતે જમીન સાફસૂફ કરી ને તેમાં ઝૂંપડાં બાંધીને વસવાટ કરી ખેતી કરીશું. અને અમારા કુટુંબોનું ભરણ-પોષણ કરીશું. તમારી રૈયત થઇને રહીશુ.

માલવપતિના દીવાન દુધાએ સીદડા ડામોરની કથની ધ્યાનમાં લઇ ખેલણુપરના ખેડાની નવી જમીન કાઢી આપી. અને બે ભાઈઓ વચ્ચે બે બે બળદ આપ્યા. અને નવી વસતિ વસાવી. કાટમાલ આપ્યો, તેનાથી ઝૂંપડાં બાંધ્યાં. અને ખેતરની જમીન ખેતીલાયક બનાવવા માટે ત્રાડ-કાટા કરવા લાગ્યા.

વૈશાખ, જેઠ માસના દિવસો આવ્યા. અને આકાશમાં વાદળ ચઢવા લાગ્યાં, અને વ ટોળ-વાવાઝોડા શરૂ થતાં આકાશમાં મેઘની ગર્જના સાથે વીજળીના ચમકારા થવા માંડયા.

ગાયાણું

ઓ તારા બાપનું નાકુ-પાણી બે બે જણાને બે
બળદ આલ્યા-ઘેલા રાજા ભોજ............! ૧

ડામોરને કમાયે લગાડયા, લીલણીયા ખેડામાં.
ડામોરે મકી ઓરી દીધી, નાગર નાવલિયું !
ઓ ડામોર રાહણી દીદી, નાગર નાવલિયું !
ઓ ડામોર હાળ વાયે ડાળ નાગર નાવલિયું ! ૨

ઓ તારા બાપનુ વાડુ—ડમરાણીઓ જાય—મેનત
મજૂરીયે દુદાળી ધાર.........મા.........! ૩

તારા બાપનું વાડુ—પણે સોરીયો, બજારે ફરે ધુધળી ધારે
સિનાળિયો વાણિયો, હવાહો થેલા ઠાલવા લાગ્યો.
હવાહો ખાડણિયા વતાડવા લાગ્યો.........! ૪

રાજા ભોજના હુકમથી, ડામોરોને જમીન અને બળદ આપ્યા છે તેથી તે ખેતીવાડી પર લાગી ગયા છે. કોઇએ મકાઇ ઓરી, કોઇએ સાળ વાવી છે. ડામોરની સ્ત્રીઓ અને તેમની છોકરીઓ ધાર નગરમાં મજૂરી કરવા જાય છે. એક વેપારીએ ડાગર ખાંડવાનુ કામ આપ્યું છે.

અ...ર તારા બાપનુ વાડુ—હવાહો મૂહળા આલવા
લાગ્યો પેલો સિનાળિયો વાણિયો.........!
તારા બાપનુ વાડુ—સોરીઓ સોકા કુદી કુદી ખાડે-
ઇ વાણિયો સોકા જોતો જાય—ઓબા મહકતો
જાય............!

તારા બાપનુ વાડુ—કોયલી ડમરાણી કને જઈ બેઠો
સોકા જુવે—મહકરી કરે— ડમરાણી કેવા લાગી
ભૂખની ભાગેલીઓ સે—તરહની તજેલીઓ સે.
માળવિયો ગોળ આલ—બાખડીનુ ઘી અને ગઉ
નુ ગરકું—રાતીયો—માતીયો થાહુ તેર તને રેહુ
સિનાળિયો વાણિયો ઊઠી પડયો—ગઉનો કરકો
આલ્યો—માળવિયો ગોળ આલ્યો. બાખડીના
ધિયું આલ્યા...........

સમય સમયનો તડકો છાંયો છે. કયાં ધોળકા રાજમા તેમની જાહોજલાલી. કયાં ઇન્દ્રદેવની કુંવરીઓ સાથે બેનપણીઓ-જેમણે કોઈ દિ દુઃખ જોયેલુ નહિ, તે આજે મજૂરી શોધવા લાગી.

ડામોરની છોકરીઓ અને સ્ત્રીઓ ધાર નગરીમાં મજૂરી કરવા જાય છે. છોકરીઓ દેખાવડી, સ્વરૂપવાન હતી. ત્યાં એક વેપારી-વાણિયાની નજરે આ છોકરીઓ પડી. તેની દાનત બગડી આ બાઇઓને કામ આપવાને તેની દુકાને બોલાવી. ડાંગર ખાંડવાનુ કામ આપે છે. અને મજૂરી પણ ધાર્યા કરતાં વધારે આપી. જેથી બીજે ન જતાં આ દુકાને દરરોજ કામે આવે એવી દાનતથી.

એ પ્રમાણે દરરોજ એ વાણિયાને ત્યાં ચોખા ખાંડવાની મજૂરી કરવા આવે છે. પેલા વાણિયાની દાનત બગડી ને છોકરીઓ સાથે છૂટથી બોલવા લાગ્યો. અને તેના કબજામાં લેવા સારુ લલચાવવા લાગ્યો.

પણ કોયલી ડમરાણી હોશિયાર હતી. તે વાણિયાના ચેનચાળા અને તેની મેલી મુરાદ સમજી ગઇ. તેથી, કહેવા લાગી, ભાઈ, અમે દુઃખના માર્યા પરધરતીમા આવ્યા છીએ ધારની ધરતીમા વસવાટ કરી જમીન મેળવી ખેતી કરવાના છીએ. અમારા દન ન વળે ત્યાંસુધી મહેનત મજૂરી કરીશુ, તમારી દૃષ્ટિએ ભલે અમે ગરીબ ભીલ બાઇઓ છીએ, પણ અમારી ઇજ્જત આબરૂનુ અમને ભાન છે. અમારી જાતને નહિ વેચી ખાઇએ. તમારી દાનત અને નજર કેવી છે તે હુ પારખી ગઇ છું. તું અમોને ઓળખતો નથી. આ છોરીઓ વાઘડીઓ છે. ફાડીને ખાઇ જાહે. એટલે વાઘના બચ્ચાં છે.

પેલો કામાંધ વેપારી ન સમજ્યો ને મશ્કરી કરવાનું તેણે ચાલુ રાખ્યું. આ વાત કોયલી ડમરાણીએ ઘેર આવી ડામોરને વાત કરી. તે સાભળતાં જ ડામોરના શરીરની રૂવાટી ઊભી થઇ ગઇ. બસ મશ્કરી કરનાર વાણિયાને પરચો બતાવવા નક્કી કર્યું

ગાયણું

તારા બાપનું વાડુ–પરભાતિ પોર થાયો. પણ કંઈ ગ્યા, મારા હજારી ડામોર–મોસુ કતરાવીએ. આપણે જાઈએ–મીનત મજુરિયે.
તારા બાપનું વાડુ–દન ઉગતાં મુસો કતરાવી નાખી–માથા સોળી નાખ્યા–ઘાઘરીયો–ઓઢણિયો પહેરવા લાગ્યા–મારા જોડીના બાદમ્......
તારા બાપનું વાડુ–ડામોર નીકળી પડયા રે સેલી બજારે, વાણિયો–હવાહો થેલા ઠાલવી નાખ્યા–હવાહો ખાંડણિયા વતાડી દીધા રે હવાહો ખાંડણિયા...
તારા બાપનુ વાડુ–સિનાળિયો વાણિયો જોતો હીડે ને જોતો ફરે–સોકા ફોલતો ફરે–પલાથિયે બહતો હીડે મારો.
સીદડે ડામોરે ઘાણીના ખૂંટ હરખૂ મૂહળુ લીદુ રે–મૂહળુ ખાંડે
તારા બાપનું વાડુ–સિનાળિયો. વાણિયો, સોકા જોતો હીડે–સોકા ફોલતો હીડે નયણા હાલતો જાય–તારા અવલ નથી......
મારા જોડીના બાંદમ્......સીદડે ડામોરે ફૂટી માર્યો રે.

કોયલી ડમરાણીની પેલા બદદાનતી વાણિયાની વાત સાંભળી સીદડો ડામોર અને તેના આગેવાનો રાત્રે ભેગા થયા. અને આવતી કાલે કોઈ છોકરી કે સ્ત્રી મજૂરી કરવા જાય નહિ, તેમને બદલે આપણા જુવાનો વેશ બદલીને જાય એવું નક્કી કર્યું. બીજે દિવસે ખરી ખાતરી કરવા ડામોરોએ સંપ કરી સ્ત્રીઓનો પોશાક ધારણ કર્યો. અને જે વાણિઓ દરરોજ મશ્કરી કરતો હતો અને છોકરીઓની આબરૂ લેવાની તજવીજમાં હતો તેની દુકાને પહોંચી ગયા.

જુવાન છોકરાઓ ખરેખર પહેરવેશથી સ્ત્રી છે કે પુરુષ તે પારખી શકાતું નહોતુ. કેટલાકે લાજ તાણેલી હતી તેથી મોઢાં જોઈ શકાતા નહોતાં. તેથી પેલો વાણિયો પારખી શકયો નહિ, એ તો દરરોજની જેમ; ડાંગરની ભરેલી ગુણો વખારમાં બતાવવા લાગ્યો. અને ચોખા

ભાગે નહિ તેવી રીતે ખાંડણિયામાં ખાંડવાની સૂચના આપવા લાગ્યો. અને ઠઠ્ઠા મશ્કરી ને ચેનચાળા શરૂ કર્યા. આથી ડામોરોને પાકી ખાતરી થઈ કે કાલે જે કોયલી ડમરાણીએ વાત કરી તે સાચી નીકળી. બસ તેમને તો ખાતરી કરવી હતી. કારણ કે પરદેશમાં ખોટી રીતે કોઇને હેરાન ન કરવું. પણ અપમાન તો સહન ન કરવુ તેમ જ સ્ત્રી અને છોકરીઓની ઇજ્જતનું રક્ષણ કરવું એ પણ તેમની ફરજ હતી. તેથી પેલા કામાંધ માણસ બીજે દિવસે કોઇ મજૂર બાઈ સામે નજર ન કરી શકે તે માટે એવો સરસ મેથીપાક આપ્યો કે તેની જિંદગીમાં ખો ભૂલી ગયો.

બેયરાંએ તેને માર્યો તેથી પોતાની આબરૂ જાય તે માટે આ વાત તે કોઈને કરી શકયો નહિ!

ડામોરોના વળતા દાહડા થાય છે

ગાયણું

ઓ, ડામોર કમાયે લાગ્યા રે નાગર નાવલિયું.
ઓ, ડામોર કૂદીને ઓરે રે ,, ,,
ઓ, ડામોર બીલણુ પરના એડામાં ,, ,,
ઓ, ઓરે મકીયું ના બીજ ,, ,,
ઓ, વાવે મુસાળી હાળો ,, ,,
ઓ, ડામોર ઓર્યા તે ડોર્યા ,, ,,
ઓ ડામોર મકીયો જબરીયો નીકળીયો ,,
ઓ, મકીઓ ઘુંટણુ પરમાણે ,, ,,
ઓ, મકીઓ હાથોળ ને પરમાણે ,, ,,
ઓ, ની મળે જીવને કવા ,, ,,
ઓ, મકીઓ કેહડને પરમાણે ,, ,,
ઓ, મકીઓ કાપી સે આવ ,, ,,
ઓ, મકીઓ સાતીને પરમાણે ,, ,,

ઓ, મકીઓ ગળે સે નગલ ,, ,,
ઓ, મકીઓ માથા સે ઝબોળ ,, ,,
ઓ, મકીઓ ભુરહાટી નીકળી ,, ,,
ઓ, મકીઓ દોડા જબરા બઠા ,, ,,
ઓ, રાડે તાણુ તાણુ દોડા ,, ,,
ઓ, ડામોર માળા ને વાંદે ,, ,,
ઓ, ડામોર હુડા કાગડા પડે રે ,, ,,
ઓ, ડામોર રખવાળી કરે રે ,, ,,
ઓ, મકીઓ જબરીયો પાકી રે ,, ,,
ઓ, ડામોર મકીઓ વાડવા મણ્યા રે ,, ,,
ઓ, ડામોર મકીઓ વાડી પરવાર્યા ,, ,,
ઓ, ડામોર હાળો સાતી પરમાણે ,, ,,
ઓ ડામોર હાળો પાકી પરવારી રે ,, ,,
ઓ, હાળો વાડી લીધી રે. ,, ,,

માળવાની ધરતી ઉપર મેઘરાજાએ મહેર કરી, ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો. વર્ષાઋતુનું શુભ આગમન થયું. જીવ જંતુ, પશુ, પક્ષી, મનુષ્ય ઇત્યાદિને શાન્તિ વળી. ખેડૂતો આનંદથી હોંશે હોંશે સાંથીડા જોડી ખેતી કરવા લાગ્યા.

સરદાર સીદડો ડામોર અને એના બાંધવો નવી ધરતીના બેલણુ પરના ખેડોમાં વાડ કાંટો કરી, ખુટડા કાઢી સાફ કરેલી ધરતી પર આનંદથી મકાઈ અને ડાંગરના પાકનુ વાવેતર કરવા લાગ્યા. નવી જમીન હોવાથી મકાઈ અને ડાંગરનો પાક જોઈને નજર ઠરવા લાગી

મકાઈ વાડી કુટીને પોરસા ભર્યા. સાળો મસળીને ઢગલા કર્યા. ખળામા પાકના જ્યાં જુઓ ત્યાં ઢગલા ઢગલા ! પ્રભુકૃપાએ ડામોરોના દિવસો વળ્યા. શિયાળુ પાક એટલે રવિપાકમાં ઘઉં ચણાનો પાક પણ બહુ સારો ઉતર્યો. ડામોરો ઉપર આવેલી આફત દૂર થઈ. વરસ પછી વરસ તેમની ચઢતી થવા લાગી.

સીદડાએ પંચકલ્યાણી ઘોળી સફેદ ઘોડી રાખી. ઘોડેસ્વારીનો પણ એટલો જ શોખીન. નિશાનબાજી અને તીરંદાજીમાં તે હોશિયાર હતો. ઘોડી ઉપર ચઢી પોતાના બાધવો સાથે તે શિકારે નીકળી જતો. શિકાર કરવામાં પણ પાવરધો. કેટલીકવાર એકલો ઘોડેસ્વાર થઈને નીકળી પડતો.

સોનેરી ભમ્મરીયા વાળના પટા છે. માથે ડેરી પાઘડી બાંધેલી છે. વાકડી મૂછો છે. જુવાની ઢળી ગયેલી છે પણ ભારે તેજસ્વી.

ગાયણું

ઓ, ડામોર, દાહડા વળ્યા રે, નાગર નાવલિયું.
ઓ, ડામોર સીકારે સડયો રે ,, ,,
ઓ, વાણિયેણ મોજાળે સહીવા રે ,, ,,
ઓ, વાણિયેણ પાણી જાવા લાગી ,, ,,
ઓ, ડામોર સૂંટલો ઓળ્યો રે ,, ,,
ઓ, ડામોરે હુનાનો વાળ નાખ્યો રે ,, ,,
ઓ, નાખ્યો સમદરની બીટયુમાં ,, ,,
ઓ, પડીકુ ઓરમા વાણિયેણના ખોળામાં,, ,,
ઓ, પડીકું સોડીને ભાળ્યું રે ,, ,,
ઓ, બાપે રૂ, રૂ, હુનાના વાળવાળાને ,, ,,
ઓ બીજા મારા ભાય ને બંધ ,, ,,

ડામોરના દિવસો વળ્યા છે. આનંદ ઉલ્લાસથી રહે છે. સીદડો ડામોર, ઘોડી ઉપર બેસીને શિકાર કરવા જાય છે. ત્યાં રસ્તામાં તળાવ છે ત્યાં ઘોડી ઉપરથી ઉતરી ઘોડીને પાણી પાઈ એક ઝાડ નીચે બેસીને માથાના પટાના વાળ ઓળાવી, કાસકામાંથી વાળ કાઢી, પડીકી વાળી, જમીન પર નાખી દે છે અને પછી ત્યાંથી આગળ જંગલમાં જાય છે અને શિકાર કરી પાછો ઘેર આવે છે.

તળાવને આરે વરમા નામની એક વાણિયણ પાણી ભરવા આવે છે. ત્યાં પેલા વાળ ઓળાને ફેંકી દીધેલી પડીકી પેલી બાઈની નજરમાં પડે છે. તેણે પડીકી વીણી લીધી. ખોલીને જોયું તો સોનાના વાળ, વરમા વાણિયેણ વિચાર કરે છે. ભારે વિચારમાં પડી. શું આ ખરેખર સોનાના વાળ છે? કોઇ માનવીના વાળ હોવા જોઇએ, ત્યાં દૂર એક ઘોડેસ્વાર જતો જોયો. બસ, મનમાં ગાંઠ વાળી કે આ સોનાના વાળવાળા નરને મારે શોધી કાઢવો ને રહું તો તેના જ ઘરમાં. બીજા મારા બાપ અને ભાઇ. એ પ્રમાણે તેણે પાકો વિચાર કરી લીધો. ને જેમતેમ પાણી ભરીને તે ઘેર આવી.

ગાયણું

ઓ, બાપ વરમા જોવા પડી રે, નાગર નાવલિયું.
ઓ, જોએ ખેલણીયાં ખેડામા રે ,, ,,
ઓ, ડામોર જોઇ જોઇ કાઢયો રે ,, ,,
ઓ, ડામોર, હાથ જોડી ઊભો રે ,, ,,
ઓ, નાનો મોટી બૂહન ,, ,,
ઓ, ડાહી ને જોવાન ,, ,,
ઓ, વરમા માથું માથું દે રે ,, ,,
ઓ, ડામોર પાસા પાસા ઓહરે રે ,, ,,
ઓ, ડામોર નીરે બંધાયા રે ,, ,,
ઓ, ડામોર નાહવા લાગ્યા રે ,, ,,
ઓ ડામોર હંતાવા લાગ્યા રે ,, ,,
ઓ, રાંડ ગોહી ગોહી માર હે ,, ,,
ઓ, રાડ પાડી પાડી માર હે ,, ,,
ઓ, રાંડ રાવળાંમા સડાવ હે ,, ,,
ઓ, ડામોર આરીમાં ની આયા રે ,, ,,
ઓ, ડામોર આરીમાં ની આયા રે ,, ,,

ઓ, ડામોર નીની ધીર્યા રે ,, ,,
ઓ, વરમાએ માથુ કાઢ્યું રે ,, ,,
ઓ, હુવું સીદડાના ખોળામાં ,, ,,
ઓ, વરમા પાસી વળી રે ,, ,,
ઓ, વરમા મનમાં એ ઘાટ ,, ,,

એ સોનેરી વાળ ધારણ કરનાર વીર પુરુષને શોધી કાઢવાની વરમાને તાલાવેલી લાગી. તેણે જેમ તેમ પાણીનું બેડુ ભર્યું ન ભર્યું ને તે ઉતાવળી ઉતાવળી ઘેર આવી પાણીનુ બેડુ ઘેર ઉતારી એ તો ચાલી નીકળી છે. બાવરી બની ગઇ છે.

એ તો શોધતી શોધતી નવા વાસમાં ખેલણપરના ખેડામા આવી પહોંચી.

સીદડો ડામોર ઢોલીડો ઢાળીને નીરાંતે બેઠો છે. માથા પરની પાઘડી ઉતારી ખા`ટીએ ટીંગાડી છે.

માથાના સોનેરી વાકડીયા વાળ સુંદર શોભી રહ્યા છે; વરમા એ નખશિખ નિરખી રહી છે. તેણે જોઇને નીચી નજર કરી કહેવા લાગી, તમારા સોનેરી વાળ નિરખીને તમારે બારણે આવી છું ને મારે એ સોનેરી વાળવાળા નર પુરુષને રહેવું છે !

સીદડો ડામોર, આ બોલ સાંભળી ખાટલા ઉપરથી ઊભો થઇ ગયો ને બે હાથ જોડી તે વરમાને કહેવા લાગ્યો. બહેન મારે તો મારી સ્ત્રી સિવાય બીજી બધી નાની કે મોટી-ઘરડી કે જુવાન, એ બધી સ્ત્રીઓ મારી મા બહેનો છે. બહેન તમે આવુ મા બોલો. તમને પગે લાગું તમે તમારે ઘેર જાઓ-પણ વરમા ત્યાંથી ખસતી નથી. અને બળજબરાઇથી પણ રહેવાનો આગ્રહ કરે છે. ને નીચે પ્રમાણે ગીત ગાવા લાગી.

ડામોર ઘોળે ઘોડે અસ્વાર રે ડામોર બડો સોબીતો.
ડામોર તારે ને મારે માયા લાગી રે ,, ,, ,,

[illegible], who [illegible] to the.

આ વાત વિસારે પડી છે. સીદડો ડામોર પોતાની ધોળી ઘોડી ઉપર સ્વાર થઇ જંગલમાં શિકારે જાય છે. આવે છે–સીદડો ડામોર પેલી વરમાની વાત ભૂલી ગયો છે.

એક દિવસ જંગલમા શિકાર રમીને સરદાર સીદડો ડામોર અને તેના સાથીદારો સાથે મારતે ઘોડે પાછા વળે છે ઉનાળાના દિવસ છે. તરસ ખૂબ લાગી છે. પાણી મળે તો તે પીવાની ભારે ઇચ્છા છે, એટલામા સામેથી એક બાઈ કૂવા પર પાણી ભરે છે. સીદડા ડામોરે ઘોડા કૂવા તરફ વાળ્યા. કૂવા પાસે જઇને પેલી બાઇને સીદડો ડામોર કહે છેઃ બહેન પાણી પાશો? મારે તરસ લાગી છે. પેલી બાઇ પારખી ગઈ, આ જ પેલો સીદડો ડામોર, તેણે મોઢા પર છેડો વાળ્યો. અને પિત્તળનો ઘડો ભરીને સીદડા ડામોરના સાથીને આપે છે. સીદડાએ અને તેના સાથીદારોએ પાણી પી તૃષા છીપાવી. ઘડો બાઇને પાછો આપ્યો. બાઇએ પાણી ભરી બેડું માથે લીધુ અને સીદડો ડામોર અને તેના સાથીદારો ઘોડા ઉપર સ્વાર થાય છે. ત્યા તે ઉતાવળી આવીને તેમની આગળ બેડું પછાડ્યું. ને કહેવા લાગી," હુ સામી જાતીએ તારે ઘેર આવી પણ મને નહિ રાખી! પણ આજ તારું વેર લઉં છુ." એટલુ બોલી એ તો ખાલી બેડુ લઇને ચાલતી થઇ.

ગાયણું

ઓ, વરમા પાણી ભરવા ચાલી નાગર નાવલિયું.
ઓ, સીદડો, ઘોડીલો ભીડ્યો, ,, ,,
ઓ, સીદડો શિકારે ચડ્યો ,, ,,
ઓ, સીદડો તરગે મે સિંહ, ,, ,,
ઓ ભૂત પાણી પીવા આસ, ,, ,,
ઓ, વરમા પાણી આલવા લાગે ,, ,,
ઓ, સીદડો પીવા પીવા લાગે ,, ,,
ઓ, વરમા બેડું ફગોટી નાઠી, ,, ,,

એ, વરમા કસેરીએ સાલી નાગર નાવલિયું
એ વાણિયણ કસેરીએ સાલી ,, ,,
એ, સીદડો સિનાળા કર્યા રે ,, ,,
એ, દુદે દુદલી ભીડી રે ,, ,,
એ ગેહલ ગેહલા ભીડી રે ,, ,,

વરમા રાજા ભોજની કચેરીમાં આવી પહોંચી. અને ડામોરોને ફસાવવા સારુ, ફરિયાદ કરી કે સીદડા ડામોરે મારી ઇજ્જત પર હાથ નાખ્યો છે; અમો તમારી દીકરીની ઉપર આમ ધોળે દિવસે લાજ લૂંટાય તો પછી અમારુ રક્ષણ કોણ કરે? નવી વસતિના ડામોર લોકો ભારે તોફાની અને બાઇ-બહેનોની ઇજીત આબરૂ ઉપર હાથ નાખે છે. હવે તો તમે જ અમારું રક્ષણ કરો. એમ કહીને એ તો રડવા લાગી. એણે પૂરેપૂરું ચરિત્ર દાખવ્યું.

રાજા ભોજે અને એના દીવાને વાત સાચી માની લીધી.

દુધા દીવાને ઘોડો ભીડયો. સાથે ચાર ઘોડેસ્વાર લીધા છે. ચાલ્યા ખેલણપરના ખેડામાં

એ, ડામોર વના સે હથિયાર નાગર નાવલિયું.
એ, આવજો ભરી રે કસેરીયે ,, ,,
એ, તમૂને એક એક આલહું ,, ,,
એ, વનારે હથિયાર આવજો ,, ,,
એ, હાથ હલાવતા આવજો ,, ,,
એ ડામોર ભરી સે કસેરી ,, ,,

પ્રધાને યુક્તિ વાપરી. ડામોર એક સંપવાળા છે. ખોટી ધાંધલ ન થાય તે માટે ડામોરોને સંદેશો કહ્યો કે તમો નવી વસતિના માણસો ઉપર રાજા ભોજ ખુશ થયા છે. તેથી દરેકને એક એક ઘોડાનું ઇનામ આપવાના છે. માટે કોઇ ઘેર ન રહેતા બધા દરબારમાં આવે. દીવાન અડધે રસ્તેથી પાછા વળ્યા.

એ, ડામોર ધોરી ઝાંપા દઇ દીધા નાગર નાવલિયું.
એ ડામોર ને હાઇ બાદી લીદા. „ „
તારા બાપનુ વાકુ–ડામોર કસેરીગે ભરાયા,
બહવા લાગ્યા રે મારા હજારી ડામોરા........!
ડામોરોને હાઇ બાદી લીદા–કિલ્લા પાડી સણી દીદા,
એ ધુધાળી ધારમાં...........!
તારા બાપનું વાકુ ડામોરોને ધારમા સણી દીદા સે, પણે
સીદડા ડામોરને ધોરી ને ઝાંપે સણી દીદો ધુધાળી
ધાર...........મા...........
તારા બાપનુ વાકુ દુદલે દુદલી ભીડી, ગેહલે ગેહલી
ભીડી–જાય પડયા ખેલણિયા ખેડામાં...........
અરે તારા બાપનુ વાકુ–ગાબણિયુંના ગાબ કાઢયા
ડામોરને ખૂદી માર્યા...........

રાજાનો અદેશો અને તે ખૂદ દીવાન કહેવા આવ્યો. એટલે સીદડો ડામોર, એમના બધા ભાઇઓને લઇને હોંશભેર ઘોડાના ઇનામ મેળવવા રાજાના દરબારમા આવી પહોંચ્યા.

પેલી વરમા વાણિયેણના કાવતરાની અને જુઠ્ઠી ફરિયાદની ડામોરોને ખબર પડી નહિ. સર્વ ડામોરે કિલ્લાના દરવાજામા પ્રવેશ કર્યો ને સીધા રાજ દરબારમાં તેમને દાખલ થતા તુરત દરવાજા બંધ થયાં. ડામોરના ટોળાને જોતા જ લશ્કરના માણસો તેમને ઘેરી વળ્યા. રાજાએ હુકમ કર્યો કે આ બધાને જીવતા ને જીવતા આ ધાર નગરીના કિલ્લામાં ચણી દો.

ડામોર છેતરાયા. સીદડો ડામોર હાથ જોડી કેવા લાગ્યો. બાપુ અમારો શો ગુનો છે. તમારી રૈયત છીએ. આવું કેમ કરવું પડયું. કઈ સમજાતું નથી. પણ કોણ સાંભળે ? “ રાજા વાજા ને વાંદરાં ” ! બસ રાજાનો હુકમ થતા જ બધા ડામોરોને લશ્કરે ઘેરી વળીને બાંધી દીધા. ને જોતજોતામાં ધારના કિલ્લાના પત્થરો પડવા લાગ્યા અને

આસમાનની પરી જેવી જાજવલ્યમાન નારી તે જસમા ઓડણી હતી. સિદ્ધરાજ એકવાર તળાવનુ ખોદકામ જોવા માટે આવ્યા. તેમની નજર જસમા ઉપર પડી.

આ છે આ કથાગીતનું જન્મસ્થાન. અહીંથી લોકકવિ પોતાની કલ્પનાને રંગબેરંગી છાંટણાથી અને મનોરમ અલંકારોથી સજાવે છે. કવિ પ્રસ્તાવનારૂપે ગીતની ભૂમિકા બાંધે છે.

ગાજે પાટણપુરમાં ગરવો ગુર્જરનો ધણી રે!
સાચો સગળો પેલો સોલંકી સિદ્ધરાજ.
જેની કીર્તિ વ્યાપી રહી છે આ જગમાં ઘણી રે!
તેણે લોકો કાજે વાવ કૂવા બંધાવિયા રે!
મોટા માનસરોવર દેવળ ધર્મ વિશાળ,
પોષી સર્વ પ્રજાને શત્રુ સર્વ નમાવિયા રે!
તેણે પાટણપુર પાસે એક સરોવર આદર્યું રે!
ખોદે ખાડા ત્યાં તો માળવી ઓડ અનેક,
નાખે ઓડણો મટોડાં માથે લઈ પણું રે,
માટી લેતાં જસમા ઝૂલાવે નિજ બાળ,
સાદે વેશે ફરતા રાજાએ દેખી પરી રે,
જાતે રૂપાળી રંગીલી પરમ ચતુર.

આવી રૂપાળી બાળા પ્રત્યે સિદ્ધરાજના દિલમા સહાનુભૂતિના સૂર ઊઠયા. તેણે જસમા પાસે જઇને શું કહ્યું ?

પાસે જઇને રાજા કહે સુણ સુંદરી રે!
માટી વહેવાને આ કોમળ કાયા નથી કરી રે!
પાલ્યે બેસીને તુ રીઝવ તારું બાળ!
બીજી ઓડણો છો કામ કરે તારાવતી રે.

ત્યારે પરસેવાની રોટી કમાનાર શ્રમજીવી સ્વમાની નારીએ કેવો પ્રત્યુત્તર વાળ્યો ?

જસમા કહે છે રાજા કામ કરી ખાવુ ગમે રે,
મુજને બેસી રહેતાં અંગે વાધે રોગ;
મારા દાંડા નવરા બેસે નવ જાય રે.

સિદ્ધરાજ ફરીવાર મુખ પર સ્મિત લાવી કહે છે :—

જસમા જંગલમા વસવાને તું સરજી નથી રે,
મારા નગરજનો તું આવીને જો રે !
પાટણપુરની શોભા હું તુજને કહુ કથી રે,
નગરે અધારી શેરી ને ઊંચી મેડિયો રે !
તેમા માણુસ આડે ચાલ્યાનો નહી માગ !
જાણે ઉનાળે ઉભરાતી દેખું કિડિયો રે !
જસમા માણુસ દેખીને બહુ શુ ઘેલી બને રે !

સ્વમાની પતિવ્રતા નારી આ સહન કરી શકતી નથી. અને ગરવી ગુજરાતના મહારાજાને પણ સણસણતો જવાબ પરખાવી દે છે.

તારા હલકા મનમાં ઊઠે છે હલકા ઘાટ,
ન કળે ખાખરની ખિસકોલી સાકરના સ્વાદને રે.

રાજા મેલા મન માણુસના મેલા શહેરના રે,
મેલી ગલીઓમાં બહુ મારે છે દુર્ગંધ.

મેલા ઝરણુ તણા જીવો તે જીવે ઝેરમાં રે !

સિદ્ધરાજની સમજાવટ આગળ વધે છે, કવિ તેના મોંમાં નગરનુ વર્ણન મૂકે છે.

જસમા રાજાના દરબાર તે દીઠયા નથી રે !
તેના બાગબગીચે ખીલે ફૂલ ગુલાબ.
મોટા હોજ, ફૂવારા આવે જોરથી રે !

કુદરતી સૌંદર્યને પારખનાર, સાચા સૌંદર્યનુ ઉપાસક જસમાનું હૃદય નગરની કૃત્રિમતા સામે પોતાનો રોષ ઠાલવતાં કહે છે—

રાજા જંગલ આગળ બાગબગીચા ધૂળ છે રે.
જેવો સૂરજ આગળ તારાનો ચળકાટ રે.
મારા જંગલની મોજો તો મોંઘા મૂલની રે.

નગરનિવાસી રાજા પોતાની નગરીના ગુણગાન ગાતા થાકતો જ નથી. તે આગળ કહે છે.

જસમા જંગલની વાતો તું આજ વિસારજે રે.
મીઠા નરઘાને સારંગી કેરા સૂર,
ગાયન સૂણવાને કાજે તું મહેલ પધારજે રે.

બંને વચ્ચે વાર્તાલાપ આગળ ચાલે છે. જસમા કહે છે કે તારી સારંગીમાં શું છે?

રાજા નવ રીઝુ તારી સારંગી કેરા સૂરથી રે!

હે રાજા! તારે સંગીતના જાદુ જો જોવા જ હોય તો જો આ રહ્યા.

મેના, મોર, બપૈયાથી ટેવ્યા છે મુજ કાન રે!

રાજા બીજું આકર્ષણ બતાવતા કહે છે કે—

ઓડણ આવે તો ઉતારું મેડી માળિયે રે!
રહેજો મિત્ર, સહોદર સર્વ સંબંધી સાથ.
તમને પ્રિયજનો માનીને નિશદિન પાળશુ રે!

પણ જસમા લાચાર છે, પોતે જ કહે છે કે—

મારે ઓડણને ઊતરવા જોઈએ ઝૂંપડી રે!
મેડી માળે ચડતા મુજને આવે ફેર.
પડતા પગ ભાગે ને કાયા થઈ જાય કુબડી રે!

રાજા ભોજનનો આગ્રહ કરે છે—

ઓડણ આવો તો પિરસાવું મેવા ચુરમા રે!
ઝૂલે હાથી, ઘોડા ગુર્જરપતિને દ્વાર,
તેને દેખીને હરખાશો ઓડણ ઉરમાં રે

જસમા કંટાળીને જવાબ આપે છે. હે રાજા ! ભલા થઈને મને મારું કામ કરવા દો. મારે મેવા કે ચુરમા નથી જમવા. તમારા ચુરમા ને મેવા તમને મુબારક

મારે ઓડણને વાળુ જોઈએ ભેંસના રે.
રાજા શું છે મારે હય હાથીનું કામ રે.
દહીં ને દૂધ મારે ભૂરી ભેંસના રે.

આમ મેડી, માળિયા, ચુરમા, મેવા, હાથી, ઘોડા અને અંતમા રાજા એક વધુ પ્રલોભન આપે છે.

ઓડણ માગી લ્યોને આછા સાળુ ઓઢણા રે,
હીરા માણેક મોતી સોનાના શણગાર,
આવી કંચન વરણી કાયા પર શોભશે ઘણા રે !

મારે હીરા, માણેક, મોતી કે સોનાના શણગાર એ કશું જ જોઈતું નથી. એ તમારા ઝનાનખાનામાં પુરાઈ રહેતી રાણીઓને બતાવીને રીઝવજો. મારા શણગાર તો..........

છાયલ ટકશે આછા સાળુ ફાટી જશે રે.
નાખું ઘાસ ચણોઠી કંઠીનો કરે હાર.
પહેરું ફૂલનણી માળા તો પરણ્યો રીઝશે રે.

પતિવ્રતા નારીનો આવો સુંદર જવાબ સાંભળીને રાજા મુગ્ધ બનીને તેની સમજણશક્તિ પર વારી જાય છે. અને પૂછે છે કે હે જસમા !

કહે તું મુજને કેવો છે તારો પતિ રે ?
તારા જેવી સમજુ નારી જેને ઘેર,
એના જેવો સુખિયો આ જગમાં બીજો નથી રે.

જસમા હસતી હસતી ગોરધન પોતાના પતિ તરફ આંગળીથી ઇશારો કરતાં કહે છે કે જુઓ તો ખરા, કેવો રંગીલો મારો છે ?

પેલો કેડય કસીને કામ કરે મારો પતિ રે,
જેના મોળિડામાં બહેકે છે બહુ ફૂલ,

જેના કોદાળીના ઘા થી ધરતી ધ્રુજતી રે
જો કામ કરતા એ ન્યાળે તારા ભણી રે.

ત્યારે રાજા જસમાના મનમાં સંદેહ ઊભો કરવા માટે યુક્તિપૂર્વક કહે છે :

એને મનમાં તારો પૂરો નહીં વિશ્વાસ,
તારી બૂઝ ન જાણે જસમા એ તારો ધણી રે.

પરંતુ જસમા વિશ્વાસપૂર્વક કહે છે:—

રાજા સાચાને ભય લેશ નથી સંસારમાં રે.
મારા પતિને મારો સંપૂર્ણ વિશ્વાસ.
હું તો અન્ય જણોને ભાઈ ગણી રહુ ભોમમાં રે !

અહીં રાજાનુ પાણી ઊતરી જાય છે અને ખુમારી ઓસરી જાય છે.

જસમા રાણા રાજાને હુ તાબે કરું રે !
મોટા મહારથી પણ સામો ના આપે બોલ
તારા આગળ હું નવ અમલ ચલાવવા આદરું રે.

ત્યારે ચતુર જસમા તત્ત્વજ્ઞાન પણ છેડી જાણે છે.

રાજા કાયા ને માયા પર બળ નૃપતું વર્ત્યું રે !
પ્રભુએ જીવ ધર્યો છે જુદો કાયા માંહ્ય.
તારે ભૂપ તણું પણ તે પર ના ચાલે રાજ્ય રે.

રાજા જસમાના આવા સુંદર જવાબથી ઝંખવાણો પડતાં વિસ્મય અનુભવે છે.

જસમા દઢતા તારી દેખી વિસ્મય થાય છે રે.
આવા દંપતીને પણ આખર ન હોય વિયોગ.
મિથ્યા આ જગના સુખ માટે મન મૂંઝાય છે રે

જસમા પ્રત્યુત્તર વાળે છે.

રાજા કોઇ ન જાણે કાલે મારું શું થશે રે ?
એવી અલ્પ જિંદગી માણે આ સૌ લોક
રૂડી રહેણી સુખ પરલોક પુરણ આપશે રે.

બીજી મતભેદની વાત, પરસ્પર વર્તાવ સંબંધી છે. સાસુમાં સાસુપણુ અને વહુમા વહુપણુ હોય ત્યા જ મીઠાશભર્યા સબંધો વિકસવા પામે છે અને ટકી રહે છે. પરંતુ વહુ અને દીકરી વચ્ચેના ભેદભાવ ભરેલો સાસુનો વર્તાવ જ્યારે થાય છે ત્યારે કુટુમ્બમાં જાસુસી વાતાવરણ સર્જાય છે. આવો ભિન્નભાવ ન હોવો જોઇએ એ સમજાવવા માટે આપણામાં બીજી કહેવત છે કે, મા તથા સાસુએ બન્ને જણે સમજવુ જોઇએ કે 'આપ ઘેર દીકરી, પર ઘેર વહુ.' એટલે જેવુ કરશો તેવુ પામશો. બન્ને પ્રત્યે સમભાવ રાખવાનો તેમાં ઉપદેશ છે.

આ પ્રકારના ગૃહજીવનનાં મુખ્ય સૂત્રધાર જેમ ગૃહિણી સાસુ છે, તેમ વહુ પણ છે: વહુને કુટુમ્બમાં લાવતા પહેલા, સાસુના મનમા ઉદારતાના કેટલાક કાલ્પનિક ખ્યાલો રહે છે, પરંતુ એ જ વહુ કુટુમ્બમાં રીતસર પ્રવેશ પામતાં, વાતાવરણ પલટાઇ જાય છે. તે માટેનું આપણું લોકગીત બહુ જાણીતુ છે. વહુ જ સાસુને એના બાઇજીને યાદ કરાવે છે:

પહેલા તો બાઇજી, એમ કહેતા કે,
વહુ તો મીઠી સાકર રે।
હવે તો બાઇજી, એમ કહો છો કે,
વહુ તો ઘરની ચાકર રે।

દયારામભાઇએ સાસુ-વહુના સંવાદની ગરબીઓ રચી છે પરંતુ તેમા સાસુને ન પરવડતી વાત માત્ર કૃષ્ણ પ્રત્યેના લોકદૃષ્ટિએ અણઘટતા સ્નેહભાવની છે.

'શીખ સાસુજી દે છે રે, કે વહુજી રહો ઢંગે,
આવડો શો આસંગો રે, શામળિયાની સંગે—શીખ'

તેને વહુ ઠંડો કરડાકીભર્યો ઉત્તર આપે છે:—

'એહવાં વચન સુણીને રે, વધા વળતા વહુજી:
ગંગાજળ સરખાં રે, હો સાંભળો સાસુજી!'—વગેરે

માથું ખોળામાં લઈને સતી થઈ. આજે પણ સહસ્રલિંગ તળાવને કાંઠે જસમાની દે'રી મોજૂદ છે.

નોંધ : ૨. ઘણા સંશોધકો માને છે કે સિદ્ધરાજ જયસિંહની ઉજ્જવલ કારકીર્દિમાં આ બનાવ બન્યો જ નથી. એ તો માત્ર લોક-વાયકા જ છે. બીજા એક લોકગીતમાં સિદ્ધરાજ અને જસમાનો આખો પ્રસંગ આલેખાયો છે. જ્યારે ઉપરના ગીતમાં લોકકવિ, સિદ્ધરાજને જસમાના સતીત્વનું પારખું થાય છે એમ બતાવે છે. યુદ્ધ વિશે કંઈ જ પ્રકાશ પાડયો નથી. આ ગીત સિદ્ધરાજની કારકીર્દિને કલંકરૂપ નથી તેથી અહીં આપવા પ્રેરાયો છું. આ પ્રસંગ વિશે સવિશેષ માહિતી ડૉ. મંજુલાલ મજમુદારે સંદેશ ૨૦૦૯ના દીપોત્સવી અંકમાં 'સહસ્રલિંગ સરોવર' નામના લેખમાં આપી છે.

સંપાદક—

* * *

સાસુ અને વહુ

બે ગરબા

પહેલુ તો તમે એમ કહેતા, જે વહુને આપું સાકર રે,
હવે તો વીઆળુ વેળા, શેં મારો છો ટાકર રે ?
સાસુજી ! તમે એમ કહેતા, જે કોઇ આપે પીગાણી રે,
હવે હુ એકલડી પાસે, શેં ભરાવો પાણી રે ?
પહેલુ તો તમે જાણતાં જે, કો સુતને આપે કન્યા રે;
હવે સુખ તે શેં નથી દેતાં ? મેં નથી કીધો અન્યા' રે.
પહેલુ મારા બાપને, તમો ટળવળતાં કર જોડી રે.
હવે શેં પીસો છો, સાસુ ! શિર ને કર મોડી રે ?
'સુત માહારાને પરણાવો તો, જે કોહો તે આપુ રે'
હવે શેં જાણો છો સાસુ ! વહુનો છાંહડો કાપુ રે
પરાણે પરાણે મોહો મોહડું, તે શેં કરી રોહો છો રે ?
મણ દળું, ને અધમણ ખાડું, તો એ ભૂંડી શેં કોહો છો રે.
પહેલું કહેતાં, વહુ આવે તો સુખ દેઇને કરું કટી રે.
હવે શુ પીરસો છો સાસુ ! બાવટો ને બંટી રે ?
હુ-પાસે, ઘરમા ખડકી સુધી, શેં દેવરાવો ઝાડુ રે ?
હુ-ને કોરું પીરસો છો ને નણદીને તો લાડુ રે !
હું-થી ઘર વસશે તમારું, નણદીથી પીઆરું રે;
હુ-આવ્યે દિવાળીના દિન, ઘરમાં દીસે સારું રે.
વતાં તમારા કરી કરીને, ધાઠા માહારા હાથ રે;
હુ-ને કુંબર બાજરો, ને નણદીને તો ભાત રે.
જાણો તો હુ દીકરી પેં વાહાલી, તમને હોઉં રે;
મા-મહારી-પેં વાહાલા છો, તો તમને કેમ વગોઉં રે ?
વહુને જો સુખ દીજીએ, તો દીએર પરણે સઘળા રે;
સાસુ-વહુને સપ હોય, તો આવે ધનના ઢગલા રે.
નાથ કહે છે સાસુ-વહુને, જે કોઇ સપ કરાવે રે;
પેટ આવે દીકરા, ને અતે તન તરાવે રે
અટસથી જે ઊપનુ તે, વચ્ચે કરાવે ટાઢ રે;

અહીં પહેલી વાર પ્રગટ થતા ગરબામાં, સમગ્ર ગૃહજીવનના પ્રશ્નો ગુંથેલા છે. અહીં આપેલા બે ગરબા, નડિયાદની ડાહીલક્ષ્મી લાયબ્રેરીના પોથીસંગ્રહમાંથી પોથી અંક ૧૧/૬ માંથી ઊતાર્યા છે. મધ્યકાલીન સમાજ કેવળ ધર્મની જ વાતો કરીને બેસી રહેતો હતો એમ કહી શકાય તેમ નથી સમાજના પ્રશ્નોને પણ આ રીતે કવિઓદ્વારા વાચા મળતી હતી. પહેલો ગરબો કોઇ નાથ કવિનો છે; અને બીજો દલપતનો છે. સમાજજીવનના અભ્યાસીઓ માટે આ બહુ કીમતી દસ્તાવેજો છે બંને ગરબા એકબીજાના પૂરક જેવા છે.

—સંપાદક

(વહુ સાસુને સંભળાવે છે)

સાસુ ! શેં રંજાડો છો ? ને શેં મુજને પરણાવી રે ?
વધાવી હું મોભ તમારો, કુલ વસાવવા આવી રે.
પહેલું તમે તરસતાં, જે વહુ આવે કે વારે રે;
હવે હાથ ધ્રુજે છે પીરસતા, દળવુ સાજ સવારે રે.
પહેલુ તો તમે જાણતાં. જે વહુને કે વારે દેખું રે;
હવે શેં જાણો છો મનમાં, રાત ને દહાડો શેકું રે ?
પહેલુ સુતને પરણાવવા માટે, પૂજતાં હરિહરને રે;
હવે શેં જાણો છો બાઇજી ! રખે મળતી વરને રે !
પહેલું તો તમે જાણતા જે સુત કે વારે પરણે રે ?
હવે તો બાઈજી ! આહીઆ, ઉબકું છું આ દળણે રે.
પહેલુ તો તમે એમ કહેતાં, જે કોઈ વહુની ભાગે ભુખડી રે;
હવે તો ઊખળ-ચક્કીની આપો છો તમે સુખડી રે.
[illegible] આવવાને બાઈજી ! તમે, લાંચ આપી છે સહુને રે;
દીકરાને ભંભેરીને, શેં દમાવો છો વહુને રે ?
પહેલુ તો તમે એમ કહેતાં, જે કરું સારું મોંહો-જોણું રે.
હવે નીત કંસારને સાથે, આપણું લુગડાં વેળા ખાણું રે.

પહેલુ તો તમે એમ કહેતા, જે વહુને આપુ સાકર રે,
હવે તો વીઆણુ વેળા, શેં મારો છો ટાકર રે ?
સાસુજી ! તમે એમ કહેતા, જે કોઇ આપે પીંગાણી રે,
હવે હૂં એકલડી પાસે, શેં ભરાવો પાણી રે ?
પહેલુ તો તમે જાણતાં જે, કો સુતને આપે કન્યા રે;
હવે સુખ તે શેં નથી દેતાં ? મેં નથી કીધો અન્યા' રે.
પહેલું મારા બાપને, તમો ટળવળતાં કર જોડી રે.
હવે શેં પીસો છો, સાસુ ! શિર ને કર મોડી રે ?
'સુત માહારાને પરણાવો તો, જે કોહો તે આપુ રે.'
હવે શેં જાણો છો સાસુ ! વહુનો છાંહડો કાપુ રે.
પરાણે પરાણે મોહો મોહટું, તે શેં કરી રોહો છો રે ?
મણ દળું, ને અધમણ ખાંડું, તો એ ભૂંડી શેં કોહો છો રે.
પહેલું કહેતાં, વહુ આવે તો સુખ દેઇને કરું કટી રે:
હવે શુ પીરસો છો સાસુ ! બાવટો ને બંટી રે ?
હું–પાસે, ઘરમા ખડકી સુધી, શેં દેવરાવો ઝાડુ રે ?
હું–ને કોરું પીરસો છો ને નણદીને તો લાડુ રે !
હું–થી ઘર વસશે તમારું, નણદીથી પીઆરું રે;
હું–આવ્યે દિવાળીના દિન, ઘરમાં દીસે સારું રે.
વર્તાં તમારાં કરી કરીને, ધાઠા માહારા હાથ રે;
હું–ને કુંબર બાજરો, ને નણદીને તો ભાત રે
જાણો તો હુ દીકરી પેં વાહાલી, તમને હોઉં રે;
મા–મહારી–પેં વાહાલા છો, તો તમને કેમ વગોઉં રે ?
વહુને જો સુખ દીજીએ, તો દીએર પરણે સઘળા રે;
સાસુ–વહુને સંપ હોય, તો આવે ધનના ઢગલા રે
નાથ કહે છે સાસુ–વહુને, જે કોઇ સંપ કરાવે રે;
પેટે આવે દીકરા, ને અતે તન તરાવે રે.
અટસથી જે ઊપનુ તે, વચ્ચે કરાવે ટાઢ રે;

'વહુ ભૂંડી કે સાસુ ભૂંડા ?' તે કરે વઢવાડ રે.
સાસુજીને દુઃખ દેશે, જે વહુઍર થઇને આ ભવમાં રે;
અન્ત વિના તે તરફડશે ને દૂધ હશે જમ દવમાં રે.
સતકુલની જે વહુ લાડીને, દુઃખડાં દેશે સાસુ રે;
કુલ તેહનુ વસશે નહીં, ને સૂકાશે નહીં આસુ રે.
સાસુ–વહુ બે, જો ડાહ્યાં હોયે, તો ચાલે ઘરસૂત્ર રે;
નાના વિધના સુખ પામે, ને પરણાવે પંડ–પુત્ર રે.
વહુ–સાસુનો ગરબો નાથે, કીસો તે સાંભળજો રે;
સઘડ હોયે તો સાસુ–વહુ બે, કંઠ વળગીને મળજો રે.

(સાસુ વહુને સંભળાવે છે :—)

સાસુ કહે છે સુણ વહુવારુ, કાંહાં છાં તે સમઝું છું રે:
પેહેલું બહુ સુખ પામતી ને, તે વહુવારુ હું છું રે !
હવે હું ઘરડી થઈ, ને પહેલા હૂતી નાહાની રે;
હું સાસુની સેવા કરતી, ઘણીએ મુંને માની રે.
પ્રાત સમે ઊઠીને હું તો, સૂરજ પૂજા કરતી રે.
જુઠા સાચા થોડા કરતી, ધ્યાન પ્રભુનુ ધરતી રે.
સાસુ માહારી શાણી હૂતી, જે શિખામણ દેતી રે;
તે સરવે પરણામ કરીને, શીશ ચઢાવી લેતી રે.
વાશીદાથી દીવા સુધી, કેહેના તે હું કરતી રે;
બાગ ને વળી મીઠાં પાણી, લોટા સુધી ભરતી રે.

... ...

સાસુની આગન્યા–પાખી હું, ન મુકતી ઘરનો ઉંબરો રે.
ઘરમા ઘી થોડું હતું, તો જમીએ અણ અવગારે રે;
ઘરમાની બહાર ન કેહેનાં, જેવારે રાખે વારી રે.
એક નણદલ તુંને અદકી વસે છે, માહરી હૂતી ચાર રે;
ઘરની વાત તો ઘરમાં રહેતી, કહી નવ કેહેતી બાહાર રે.

વરત વરતુલાં નીત્યે કરતી, સરવે રહેતાં સાથ રે;
સાસુ વહુને કેમ બને છે, લોકની રહેતી ભ્રાંત રે
નણંદ, સાસુ, ને કંથ પોતાનો રાખતાં તે બહુ હેત રે;
હું તારા સારાને કહું છું, ચેતવુ હોય તો ચેત રે.
તાહારા જે જે અવગુણ છે તે, લોક આગળ શુ કહીએ રે;
વચન વિખ શાં બોલો છાં, એ મનમા જાણી રહીએ રે.
પોતાના અરથને કરવુ, તે લોક આગળ શુ કહેવું રે;
ગાળ દેતાં નીત છોકરાને, પડે દુ ખ ને સુખ તે સેહેવું રે.
આખો દહાડો કલેશ કરીને, શું ચઢાવાં ફડકો રે ?
શિખામણ માનાં નહીં, ને મોટો કરા છા મડકો રે.
ચંચલ થઇને વહુઅર ! વાટે, શું જુવા સઉ સામુ રે ?
ઘણી ખરી તે કુળ વગોવે, તેહમા તારું નામુ રે ;
ગુણ તમારા સહુકો જાણે, બોલા અનાતાલ રે;
વિવાહમાં વગોણું કરો, સહુને પાડો ફાળ રે.
ઘર પોતાનું સૂનુ મેહેલી, બહાર શું હીંડા છા ફરતી રે ?
જે વાળ જોઉં તે વાળ દેખું, ઘરમાથી કંઇ ચરતી રે.

કંથને તો કામણે બાંધ્યો, કહ્યા ફાં તે કરે છે રે;
આખો દહાડો ઘેહેલો થઇને, તૂં પૂઠે ફરે છે રે,
હેત તે સરવને હશે, પણ કાઇંક હોયે લાજ રે;
રડવુ ખપવુ સરવે મેહેલ્યું, વણસે એહેનુ કાજ રે.
હુ સાસુની આગન્યા લેઈ ને, ઘરમાથી નીસરતી રે;
હું જે વારે સાસરે રહેતી, સહુની આખો ઠરતી રે.

અમાસ બારસ પીહેર જાઉં તો, માજીના દુઃખ કેડું રે;
સાસુને ઘર સુનુ લાગે, તરત મોકલે તેડું રે.
ઘટ–સ્નાન નાહીને મેં તો, સાસુને સંતોકી રે;
પીહેરથી પૈસો લાવીને, નણદલોને પોખી રે.
હુ જો દળવા ખાંડવા બેસુ, સાસુ આવે ધાતી રે;

નણુદલોને ઠપકો દે, ને થાયે રાતી રાતી રે.
"વહુ તો માહારે લાડકબાઇ, તમને ના આવે મેહેર રે;
તમ થકી કાંઇ નીપજે નહી, તો જાઓ તમારે ઘેર રે.
સાસુની હાકે નણુદો, કરતી છાંહીઆ હાથે રે;
અન્યો અન્યે સ્નેહ કરીને, શીરાવતાં સૌ સાથે રે.
તું છાં વહુઅર એકલસૂરી, કોઈ નવ ગમે દીઠુ રે;
માણુસનું તો મોહો ના ગમે, ઘાલતી આંખમાં મીઠું રે.
માત પિતા પોતાનાં છે, તો તે સાથે કેમ વઢાં છો રે ?
ભાઇ ભોજાઇને હસતાં દેખી, મનમાં શું કઢાં છાં રે ?
કંથને શુ ભંભેરાં છાં ? તે તો માહારો જાયો રે,
હું-સાથે સલુક હશે તો, સોપીશ ઘરનો માયો રે.
પુત્રને પરણાવીને, ખરચ્યા છે બહુ દોકડા રે;
'ભૂંડી ભૂંડી' સઘળે કાહાં, પણ માને નહીં કાંઇ લોકડા રે.
કે વારે તાહારે કુંદન જોઇએ, કે વારે જોઇએ મોતી રે;
લુગડાં તો હું નીત લેઊં, ને શેં હીંડાં વગોવતી રે ?
કોઈ વેળા કસુંબુ પહેરે, ને કોઈ વેળા હોયે ચીર રે;
ભાર પોતાનો રાખીએ વહુઅર, નારીએળ જેમ નીર રે.
આટી કીટી સરવે ટાળી, સેવા અરથે આણી રે;
ગંગાજીથી થાકી આવું: શેં ન પાઊં પાણી રે ?
સજાઇ હુ સરવે પેહેલીને, રસોડામાં પેસું રે;
બહાર જઇને બેસી રાંહાં, તે તારા મનમા શું છે રે ?
પીહેરમાં પનોતી છો, તો આવડો શે અહંકાર રે ?
હું તો જાઊં છુ કાશીએ, હવે ભોગવજો ઘરબાર રે.
હું તો એહવી આશિષ દેઊ છું, જે પસરજો પરિવાર રે;
તું-સરખી વહુરો હજો, જે તારો નાદ ઊતારે રે.
કામ પડગે સંભારશો: 'મેં શેં વળાવી સાસુ રે ?'
પુત્ર એક પરણાવશો તે વારે, આંખે આવશે આસુ રે.

થોડે ઘણે સંતોષ હશે તો, તમે સઘળે સમાશો રે;
જેહેની આંખમાં ઝેર હશે, તેહેને પંચે ટાળી થાશે રે.
જીભલડી વશ કીજીએ તો, સઊ કોનું મન રીઝે રે;
હરખે હરિરસ પીજીએ, ને સઘળાં કારજ સીજે રે.
વહુ સાસુને સુખ દેશે તો, પામશે બહુ ભંડાર રે;
સાસુ તે વહુને ન માને, તેહેનો ધિક્ અવતાર રે.
પોતાના અરથે કહુ છું, દીકરાને ને વહુને રે;
ચતુર હોય તે રાખે મનમાં, એ શિખામણ સહુને રે.
આગલો ગરબો નાથનો ને, પાછલો છે દલપતનો રે;
સુઘડ હોયે તો શીખજો, એ સાસુ—વહુના મતનો રે.
ગાયે શીખે ને સાંભળે, તો ભાજે ભવની રાઢ રે;
સાસુ વહુ સુખ ભોગવે, ને કંથ લડાવે લાડ રે.

*

દ્રૌપદીવસ્ત્રહરણ

સંપાદક :
શ્રી. હરિકાન્ત ન્હાનાલાલ દીક્ષિત.
બી. એ, એસ. ટી. સી. વડોદરા.

['દ્રૌપદીવસ્ત્રહરણ 'નો પ્રસંગ મૂળ સંસ્કૃત મહાભારતમાં વર્ણવેલો છે. ત્યાં દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચ્યા-ઊતાર્યાં—એમ કોઈ ઉલ્લેખ નથી. માત્ર એકવસ્ત્રાને દુઃશાસને ખેંચી—'**चर्पिता**'—એમ વર્ણન છેઃ પરંતુ આગળ જતાં, આ પ્રસંગમાં, કૃષ્ણભક્તિનો વિકાસ થતાં, કૃષ્ણે એકને બદલે નવસેં નવ્વાણુ ચીર પૂર્યાં અને દ્રૌપદીની લાજ રાખી એવું ચમત્કારયુક્ત વર્ણન પછીના સમયમાં પલ્લવિત થયેલું છે.

આ માન્યતા, હિંદભરના મધ્યકાલીન ભાષાસાહિત્યમાં સ્વીકાર પામી છે તે પ્રસંગનું કોઈ અજ્ઞાત લેખકનું ગુજરાતી કથાકાવ્ય અહીં આપ્યું છે. નરસિંહ મહેતાનું આ સંબંધી પદ નીચે પ્રમાણે છેઃ

" કોણ એ-સમાના કામિની, દત્ત-ફળિયેલ રામા :
દ્રૌપદીની લજ્જા રાખવા, હરિ ઊભા છે સામા—કોણ૦
વાહાલોજી ગયા'તા વાડીએ, સર્વે સુંદરી સાથે :
શેલડીની છોઈ ઉતારતા, છરી બેઠી છે હાથે—કોણ૦
માનિની મંદિર સિધાવિયાં, ચીંથરડું રે લેવા :
દ્રૌપદીએ ચીર વધેરિયું, હરિને હાથે બંધેવા—કોણ૦
ત્રીકમે તેના તાતણા, લખી રાખ્યા છે લેખે :
નવસેં નવ્વાણું ચીર પૂરિયાં, સઘળી સભા રે દેખે—કોણ૦
ગરુડે ચઢીને ગોવિંદ આવિયા, આવ્યા અંતરજામી :
ભક્ત-ઉદ્ધારણ ભૂધરો, મહેતા નરસઇનો સ્વામી—કોણ૦ "
—આ પ્રસંગને લોક કવિએ આખ્યાન શૈલીમાં અહીં વર્ણવ્યો છે.

સંપાદક.]

૧

અર્જુનના અભિમાન માટે ચઢી ચતુર્ભુજને રીસઃ
પાંડવે નવ જાણિયું, જે દૂભાયા જગદીશ.
કૌરવ સાથે દ્યૂત રમતાં, હાર્યા રાજા ધર્મ :
રાજ-સંપત્તિ ભાંડુ ને વળી, હાર્યા દ્રૌપદી પરમ.
નિજ જાતને પણ હારીને, સર્વસ્વ ખોયું દ્યૂતમાં :
દુષ્ટ દુર્યોધન ખુશી થયો, અધર્મની આ જીતમાં.
પાય લાગ્યો પિતા કે રે, ગુરુને નામ્યું શીશ :
" પ્રભુ ! બોલ આપણો ઉપર થયો, જીતાડયા જગદીશ.
હાર્યા ભક્ત પોતા તણા, મન આણિયું અભિમાન :
પાંડવ સાથે હીડતા, સમરથ સારંગપાણ !
હવે આણ વર્તાવો માહરી, જે પાંડવ હવા વન જાય ;
હાર્યા, તે શું મુખ લઇને બેઠા સભા માહારી માય ?
[ભીષ્મ દ્રોણ ને કૃપાચાર્ય, અશ્વત્થામા ગુરુ મુન્ય :

વિદુર અળગા થઈ રહ્યા, "આ શું કીધું ? જગજીવન ! "]
પાંડવને કહે, "શે' નથી બોલતા ? અસ્ત્રી રાખવી છે ઘેર?:"
વળતું તે ધર્મરાય બોલિયા " જા ભાઈ તેડી લાવ્ય :
કહેજે જે તારા કંથ હાર્યા, સ્વામી ભક્ત ચૂકયા ભાવ ! "

૨

સેવક ચાલ્યો માગી શીખજી :
મનમાં ધરશો ન કોઈની બ્હીકજી.

બ્હીક ના ધરશો મનમાં, જાજો અંતઃપુર મોઝાર:
પ્રાવરણ ગ્રહીને લાવજો, પ્રેમદા તે આણીવાર.
ભડ થઈ સુભટ સંચર્યો, પોહોચ્યો પાંચાલી દ્વાર :
પર પુરુષ દીઠો આવતો, નાહાઠી અંદર નાર.
દાસી ભણે, " ઓ રાવત ! એમને છે ઋતુધર્મ :
એને અડકવા અધિકાર નથી, બ્રાહ્મણ વૈશ્ય ક્ષત્રીયજન. "
સાંભળી વાણી, ને વળ્યો પાછો, બોલતો મુખ હીણુ :
" એ દયાપણેથી શું નીપજે ?, જા ભાઇ ! દુઃશાસનઃ "
સાંભળી ક્ષિપ્ર કોપે ચડયો, કરડતો મુખ-દંત;
'મારતો લાવુ માનુની, દેખતાં એના કંથ.'
સુભટ થઈ ભડ સંચર્યો, પોહોંચ્યો પાંચાલી-દ્વાર;
જમ સરખો દીઠો આવતો, નાહાશી અંદર પેઠી નાર.
દાસી ભણે, " ઓ રાવત !, અળગા કેમ લ્યો છો પરાણુ ?
રાણી છે એ રજસ્વલા, મુખથી ન બોલે વાણુ. "
ચરણુ-પ્રહારથી પડી દાસી, ગયો દુષ્ટ અંતઃપુરમાંય;

શીશ ધૂણે ને સતી કહે, "મારા સ્વામી રાજા ધરમ."
નથી વિદુર, ને નથી ભીષ્મ, નથી દ્રોણ ગુરુદેવ;
તે હોય તો આમ થવા નવ દે, નથી સ્વામી અવશ્યમેવ.
"સમર તાહારા હોય તેને, તાહારી કરે સંભાળ;
હશે તે હમણાં વન જશે, જે તાહરા ભરથાર."
સમરણ કરતી સુંદરી, સમર્યા તે સારંગપાણ;
"સ્વામી! આ વેળાના તમો ધણી, ભક્તવત્સલ ભગવાન.
મુજ માત, ને મુજ તાત, તમે સ્વજન ને મોસાળ;
મહીઅર માહારું તુ જ, માધવ! સાસરું સંભાળ."
વલવલ કરતી વનિતા, આણી સભા મોઝાર:
નાથ દીઠા અનાથની પેરે, બેઠા અળગે ઠાર.
અસુર જોવા મળ્યા ટોળે, જુવે સતીનું રૂપ:
શીશ ઉઘાડું દેખીને, બળ આયુષ ઘટિયું ભૂપ.
"આવ ઓરી, ને બેશ ખોળે" [એમ બોલ્યો દુર્યોધન]
હશી હતી સહુ દેખતાં, તે દિન વીસરે કેમ?
અંધ કહેતી ધૃતરાષ્ટ્ર કેરા, પુત્ર દુર્યોધન:
હશી હતી સહુ દેખતાં, તો હાવાં જાશો વન!"
તુચ્છકાર કીધો કામિની," શું મૂઢ! બોલ્યો અજાણ?
વડી ભોજાઇ તાહારે માને સ્થાનક, એમ વદે વેદ પુરાણ.
ગોવાળતણો નથી ખરખરો, મનમાં ન જાણીશ મૂઢ!
ભીમતણી ગદા અહીં બેસશે, જ્યારે રૂઠશે ગરુડારૂઢ"

૩

કોપે ચઢિયો કૌરવ કાળજી;
બાણ ચઢાવી, રહ્યો વિકરાળજી.

વિકરાળ મુખ રાજાતણું, ધસ્યા આગનાં ગોમ;
શ્વાસનેથી ઝાડ ઉખડ્યો, તે લાત લાગી ભોમ.

કૌરવ જોવા મળ્યા ટોળે, સતી કાઢે છે લાજ;
લાજ એની નિર્ગમી, આવરણ ગ્રહી તે કાજ.
ગંગાપુત્રને ઘણા વીનવ્યા, "એમ ના ઘટે વીર!"
દુઃશાસન વળગ્યો વરુની પેરે, જઈ સતીને ચીર.
કો કોથી બોલાય નહિ, અબળા કોણ સામુ જોય?
ભીમ થયો તવ રાતડો, ધર્મે તે વાળ્યો સોય.

૪

"હા રે મારા સ્વામીજી! શેં નથી બોલતા? આવડો શો મર્મ?
હઇયે હાણ જ્યારે થશે, પ્રગટશે પરબ્રહ્મ.
પ્રભુજી! કચ્છપ રૂપ ધર્યું, તમે કાઢયાં ચૌદ રતન;
લક્ષ્મીજી લઈ ઘેર પરવર્યા, તેનાં કીધા જતન.
પ્રભુજી! વરાહ રૂપ ધર્યું, દાઢ કાઢી વિકરાળ;
નરસિંહ રૂપ ધર્યું તમે, રાખ્યું દૈત્યનું બાળ;
પ્રભુજી! રઘુકુળ દીપાવીને, માર્યા દૈત્ય અનેક;
ભક્ત ઘણાએક ઉદ્ધર્યા, રાખી જ્ઞાન વિવેક.
પ્રભુજી! વામન થઈ બલિ ચાંપિયો, રાખ્યું ઇંદ્રાસન;
ભક્ત-કારણ પ્રભુ ભૂધરા, આપ્યું અઢળક ધન.
પ્રભુજી! મોટા ભક્ત પાળ્યા, સેવક સીધ્યાં કાજ;
ધ્રુવ ભક્ત વન રાખીને, આપ્યાં અવિચળ રાજ.
આગે પરશુરામે હણ્યા ક્ષત્રિય પાળ્યાં તાતવચન!
માતાનું શિશ છેદીને, માર્યો સહસ્રાર્જુન,
આગે દ્રુપદરાયે યજ્ઞ માંડિયો, આવ્યા વિશ્વાધાર;
અર્જુને મચ્છ વેધતા, મને સોંપી દીધી તે વાર.
રાજસૂય યજ્ઞ કરાવીને, અમ માન મોટેરાં કીધાં;
આજે આઘાં તેડીને ઊશેટિયા, લોક-મહેણા આજ દીધાં!
સ્વામી! સભા મધ્યે આણી, ઊભી કીધી, દેખે મોટેરા ભૂપ;

મારો નખ કોઇએ દેખ્યો નથી, કો પરપુરુષે આ સ્વરૂપ.
સભા મધ્યે આણી ઊભી કીધી, સહ્યા પાટુના પ્રહાર;
વાટ જોઉં છું મારા નાથની, જાણું જે ચઢશે વાહાર.
સ્વામી! આગે કહેતા હુતા, જે દ્રૌપદી પાંચાલી નાર.
એના જેવી મુને કો નથી, વાહાલી આણે સંસાર.
સ્વામી! વાહાલપણું એ કયાં ગયું? કમળાજીના કંથ!
કૌરવકુળને સાંખી રહો થઈ રહીને નિશ્ચિંત!

૫

રૂડા કૃષ્ણજી પોઢ્યા રે દ્વારિકાં, રૂક્ષ્મણી ચાંપે છે પાય;
રાધાજી ઢોળે છે વાય;
ભરનિદ્રામાંથી પ્રભુ જાગિયા, મુખે શ્વાસ ન માય.
એટલે કમળા તે લાગ્યાં પૂછવા, "આવડા કાં રે ઉદાસ?
ભર રે નિદ્રામાંથી જાગીને, મુખે મૂકો નિઃશ્વાસ!"
"રુકમણીજી! શુ ના રે ઓળખો, તમે પૂછો છો નાર!
પાંડવને ઘરે રહુ ઘણુ, સેવા કરે અપાર,"
નંદ સુનંદ ત્યાં તો તેડાવિયા, "ભાઈ! ધાઈ ગરુડને લાવ્ય;
બ્હેની દુષ્ટને વશ પડી, ક્ષણું ન કરો વાર"
પાંચાળીના શરીર ઉપરે, પડયું નાથનું બિંબ;
અજ્ઞાનીએ નવ ઓળખ્યા, દુષ્ટ દુર્યોધન.

૬

ત્યાં તો કોપે ચડયો રાજા, બોલ્યો ફટ! દુઃશાસન.
ઘડી વારનો પટ ગ્રહી રહ્યો છુ, ફટ! ભૂંડા અંધ."
હા રે ત્યાં તો એમ કહેતાં, તેણે તુર્ત તાણ્યું ચીર;
બીજું ત્યાં બાકસે પ્રીઉં, ઝટ ત્યાં જદુવીર!
કૌરવ કહે કૌતુક થયું, બીજલું ધારે અંગ;

તે કાઢીને જુવે સહી, ત્યાં ત્રીજલું નવરંગ!
ચોથું ચતુર્ભુજે પૂરિયું, પાંચમુ તે રઘુવીર;
છઠ્ઠું છબીલાએ છાઈયું, સાતમુ બલભદ્ર વીર.
આઠમું અલબેલે મોકલ્યું, નવમુ નારાયણ! ગોકુલચંદ,
દસમુ દયાળે પૂરિયું, અગિયારમુ શ્રી ગોવિંદ.
ત્યાં તો વસ્ત્રતણા ટીંબા વળ્યા, જોઇ જોઈ કાઢી છે ભાત;
એક એકપેં આગળા, લીલાં પીળાં અવનવી છાપ
જેને સમરથ પાસું શેઠનું, એહ ગાંજ્યું કેમ જાય?
નવસેં નવ્વાણું પૂરિયા ચીર, દ્વારિકાને રાય!
ત્યા તો ધૃતરાષ્ટ્રે દ્રૌપદી તેડાવિયાં, "બાઈ! હું અંધ અજ્ઞાન;
પાય લાગી પ્રણમો મને, ને માગો ચાર વરદાન."
ત્રણ વર લીધા રે કામિની, હું છુ દાસી-કુમાર!
પાંડવ-સરસા વન રહું, માગું વસ્ત્ર હથિયાર,

૭

હરિએ હાથ સાહ્યો રે પાંચાલી, ઓળંભા લીધા તે વાળી વાળી
આપ્યું આસન તે અવળે હાથ, ત્યાં બેઠા શ્રી જદુનાથ.
"તમો દેખતા સારંગપાણિ! હું ભરી સભામાં વગોવાણી;
દુષ્ટે ચીર ગ્રહીને રે તાણી, એક વસ્ત્રે સભામાહે આણી;
દુષ્ટે ચીર ગ્રહ્યું છે જેમ, કઠણ હૃદય ના ફાટે તેમ.
ત્યાં હું 'કેશવ! કેશવ!' પોકારી, તો યે શેં ના આવ્યા મોરારિ?
ત્રિકમ! શેં ના આવ્યા તમો ધાઈ? પાવે થયા છે પાંચે ભાઈ.
ભણવું લખવું પાંચે યે વિસાર્યું, રાયજીએ રમતા રાજ્ય હાર્યું!
"તું છે દુર્યોધનની દાસી", રાય બોલ્યા તે મન વિમાસી
અર્જુન! ધિક પડો તું ધનુર્ધારી, ભીમસેન થયા રે ભીખારી!
કઠિયારા યે સ્ત્રીને તો પાળે, રંક જનાં યે દુઃખડું ટાળે;
સહુને એક કો રે સ્વામી, હું તો પાંચ પાંડવ કયાથી પામી?"

૧૨૨

"પાંચાળી! મારા રે સમ, પાંડવ દ્યૂત રમ્યા હશે કયમ?
પાડવ દ્યૂત રમ્યા હશે જ્યારે, હું તો દ્વારિકા હુતો ત્યારે.
જો હું હોઉં તો ધાઇને આવું, ઊગમતા રે શોક સમાવું;"
હરિ આંસુ લ્હુવે, દે ધારણ; દ્રૌપદી સ્થિર રાખોની રે મન.
સુંદરી! શ્યામ વદન નવ કીજે, આપત્તિ પોતાની વાળીને લીજે.
દુઃખમાં રાખીએ ઝાઝી ધીર—" એવું કહી ગયા યદુવીર.

ઉત્તર ગુજરાતનાં વર્ષાગીતો—"મેહુલા"

સંપાદક :

શ્રી. માણેકલાલ રાવલ

સર્વ વિદ્યાલય, કડી.

ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લો અને તેની આસપાસના પ્રદેશમાં વર્ષાગીતો–મેહુલા–ત્યાંના લોકજીવન, રીતરિવાજ, માન્યતાઓ અને ઊર્મિઓનું સુંદર આલેખન પૂરું પાડે છે.

ચૈત્ર-વૈશાખના ઓતરા–ચિતરાના તાપથી ધરતી ધખી રહી હોય ત્યા જેઠ માસના બળબળતા બપોર જામે. અષાઢ માસની શરૂઆત થતાં લોકજીવન ઉત્કટ તાપ–ઉકળાટ–બફારાથી વલવલાટ કરતું વરસાદની કાગડોળે રાહ જોઈ રહે છે. પરંતુ ઊની લૂ–અને વાયરા વહી રહે અને વરસાદ વરસે નહિ એવા સમયમાં ઉત્તર ગુજરાતમાં પછાત ગણાતી વાઘરી કોમની સ્ત્રીઓ–કાળી ચીકણી માટીની એકાદ ફૂટની મૂર્તિ-(ઢૂંઢિયા બાપજી) બનાવી પીળી કરેણનાં ફૂલની માળા પહેરાવી એક સ્ત્રીના માથાપર પાટલાપર મૂકી 'મેહુલા' ગાતી પોળમાં શેરીમાં ઘેર ઘેર ફરે છે. એક સ્ત્રી ગવરાવે અને બીજી સ્ત્રીઓ ઝીલે છે. તે પ્રમાણે ઘેર ઘેર ગાતાં ફરતાં અનાજ માગવા નીકળે છે.

વરસાદને આર્જવ સ્વરે વિનંતી કરતી નીચે મુજબ મેહુલા ગાય છે:—

તુ તો વરસીને ભર રે તળાવ મેહુલીઆ!
તારી કીડી—મકોડી તરસે મરે—તું તો...
તારા ગાયોના ગોવાળ તરસે મરે—તુ તો...
વરસોને કાળા મેહુલા રે!
તું તો વરસીને ભર રે તળાવ મેહુલીઆ!

મેહુલો આર્જવ વાણી સુણી જવાબ મોકલાવતો હોય તેમ:—

હુ કેમ વરસું એકલો રે ?
વીજળી ગયાં છે મુસાળ !
વીજળીને તેડા મોકલો રે !
વરસીને ભરું રે તળાવ !

હું કેમ આવું એકલી રે ?
સાંકળોથી નુઝેલા મેઘ !
સાંકળો મેલો ઝૂલતી રે ?
વરસીને ભરું રે તળાવ !
વીરાને શેઢે બાજરી રે ?
વીરો મારો પુંખતો જાય !

આમ ઘેર ઘેર—આંગણે આંગણે વરસાદને વિનવતી દાણા માગતી સ્ત્રીઓ ફરે છે. ઘરની સ્ત્રીઓ પાટલાપર માટીની મૂર્તિ (ઢૂંઢિયા બાપજી) પર પાણીનુ પ્યાલુ રેડે છે—ઢૂંઢિયા બાપજી અને સ્ત્રી ભીંજાયેલાં કપડે પાણીથી તરબોળ થતી ગાતી આગળ જાય છે :—

ઢૂંઢિયા બાપજી મે વરહાવો
સુંડલે સુપડે મે વરહાવો
ગાયોના પુન્યે મે વરહાવો
ઢૂંઢિયા બાપજી મે વરહાવો

આમ વરસાદને વિનવણી અને વિનંતી છતા ન વરસતાં નિરાશાના સૂરે આક્રંદ કરતાં હોય તેમ :—

નાવ્યો ધરતીનો ધણી મેહુલો,
આલી લીલી વાડી સૂકાઈ ગઈ રે !
ગાવલડી દીએ રે શરાપ—નાવ્યો...
નારી નદીયું ને તળાવ સૂકાઇ ગયા
ઓલી માછલડી દીએ શરાપ—નાવ્યો ..

પ્રાણીજીવન પર વરસાદની અછતથી ઉપર મુજબ કરુણ સ્થિતિ છવાઇ જાય છે, તેવી જ રીતે માનવજીવન પર પણ વરસાદની

ભૂખને લીધે પરિવારને પાળવાની મુશ્કેલીથી પત્ની-બાળકને-પિયર મોકલવાનો પ્રસંગ પ્રસ્તુત ગીતમા જણાય છે :—

જેઠ મહિનાના જાંબુ પાકયા ઓલ્યાં મેહુલા!
શેઠે શેઠાણી કાઢી મેલ્યા ઓલ્યા મેહુલા!
મેહુલો વરસે તો ગોરીને તેડું ઓલ્યા મેહુલા...!

મેઘરાજા ધરતીની વિનંતી સાભળી જાણે રીઝી જઇ વરસવા માંડે છે તેમ સૌ ગાય છે:—

ઉત્તર વરસ્યો,
દખ્ખણુ વરસ્યો,
વરસ્યો બારે,
મેઘ રે વીજળી!

મેઘરાજા પધારતાં ગીતોમાંનો પેલો કરુણ રસ ઓઝલ થઇ જાય છે અને ત્યા ટીખળ અને સ્થૂળ હાસ્યવૃત્તિ સ્થાન મેળવે છે. ચારેતરફ જળબંબાકાર જોઇ જાણે સમદર હેલે ચઢયા હોય તેવો ભાવ વ્યક્ત કરતાં ગાય છે:—

આંબલીના કાંઠે તળાવ
સમદર હેલે ચડયાં રે!
કાનજી નાવા ના જઇશ,
દેડકો તાણી જશે રે!
દેડકાનો તાણ્યો કેમ જાઉં?
મારી મા ઝીલી લેશે રે!

વરસાદ વરસતાં હળ જોતરવાની અને 'લાન' લઇ જવાની આનંદદાયક પ્રવૃતિમા ગૂંથાના સમાજનુ કેવું સુંદર ચિત્ર નીચેના ગીતમાં રજૂ થાય છે :—

કાળી દાડીનો ડમર મેઘ ચડયા રે મારુ!
કયા ભાઇએ હળ જોતર્યા રે મારુ!

ઓતર-દખ્ખણ ચડી વાદળી રે મારુ!
ગઢના પાણી નેવે ચઢ્યાં રે મારુ!
કયા ભાઇએ હળ જોતર્યાં રે મારુ!
કઇ વહુ ભાતની ભતવારણ રે મારુ!
કુંવરભાઈએ હળ જોતર્યાં રે મારુ!
બાલુ વહુ ભાતની ભતવારણ રે મારુ!
ગઢના પાણી નેવે ચઢ્યા રે મારુ!
કાળી દાંડીનો ડમર મેઘ ચઢ્યા રે મારુ!

આવી રીતે સરળતા અને સચોટતાનો સુભગ સમન્વય સાધતા લોકગીતો પરથી-મેહુલા પરથી-માનવજીવનની હૃદયની ઊર્મિઓ, પ્રવૃત્તિ અને જીવનની રહેણીકરણીનું સુંદર આલેખન પામી શકાય છે.

મરસિયા અને રાજિયા

સંપાદક :

શ્રી. કનૈયાલાલ જોશી

સંયોગ અને વિયોગ, આનંદ અને દુઃખ, ખુશી અને ગમ— આ તો જીવનચક્રની ગતિનો સનાતન ધ્વનિ છે. કવિના હૃદયમા સ્પંદન પામતી સંવેદનાનો આવિષ્કાર છે, પરિણામે જેમ આનંદ અને ઉલ્લાસના ગીતોનો ફાગ ફોરાયો છે તેમ ગમનાં ગીત પણ કવિહૃદય-માંથી સ્ફૂર્યાં છે.

સંસ્કૃત સાહિત્યમા 'વિલાપ' નામથી ઓળખાતા કાવ્યો આવા શોકોદ્દગાર છે. કવિકુલગુરુ કાલિદાસ કૃત 'રઘુવંશ'મા આવતો 'અજવિલાપ'; 'કુમારસંભવ'માં રજૂ થતો 'રતિવિલાપ' અને પત્ની વિયોગથી સ્ફુરેલો પંડિત જગન્નાથરાયનો 'કરુણવિલાપ' આનાં ઉદાહરણો છે.

અંગ્રેજી સાહિત્યમા 'એલેજી' (Elegy) નામનો કાવ્યપ્રકાર શોક, દુઃખ અને કરુણતામાંથી સ્ફુરે છે. મૃત્યુ નિમિત્ત કરુણ ઉદ્દગારને 'કરુણપ્રશસ્તિ' કહેવામાં આવે છે. મિલ્ટન તથા ટેનિસનના મિત્રવિરહથી સ્ફુરેલા કરુણકાવ્યો 'લિસિડાસ' તથા 'ઇન મેમોરિયમ' ઘણાં જ વિખ્યાત છે.

ગુજરાતી અર્વાચીન સાહિત્યમાં કવિ દલપતરામ કૃત 'ફાર્બસ વિરહ' હૃદયના કરુણ ઉદ્દગારનો નર્યો શબ્દદેહ છે. કવિ ન્હાનાલાલ કૃત 'પિતૃતર્પણ' સંવેદનાની અંતર્વ્યથાની પરમ પ્રૌઢી પામેલી કાવ્ય-કથા છે. મસ્ત કવિ ત્રિભુવને 'કલાપીનો વિરહ'માં વિરહની પ્રબળ લાગણીને વ્યક્ત કરી છે. નરસિંહરાવ કૃત 'સ્મરણસંહિતા'મા કરુણતા-માંથી જીવન અને મૃત્યુ સબંધી ચિંતન સ્ફુરે છે.

મરસિયા પણ આવા જ મૃત્યુ નિમિત્ત કરુણ શોકોદ્દગાર છે. અરબી ભાષામાં **મરસી** એટલે 'વિલાપ કર્યો', એ શબ્દ ઉપરથી

मर्सियह अर्थात् મરનાર માણસની પ્રશસ્તિ એવો અર્થ પ્રચારમાં આવ્યો, ને આમ મરનાર માણસનું વર્ણન જેમાં એવી રીતે કરવામાં આવે કે જેથી સાંભળનારને રડવું આવે એવા શોકના ગીત કે વિલાપને 'મરસિયા' કહે છે.

ગુજરાત રાજસ્થાનમા પ્રચારમા આવેલા આવા પ્રકારના શોક-ગીતને 'રાજિયા' કહેવામાં આવે છે. મરનાર પુરુષ હોય તો તેને રાજવી અને સ્ત્રી હોય તો તેને 'રાજવણ' કહીને 'રાજિયા'માં સંબોધવામા આવે છે.

મહાભારતમા ચક્રવ્યૂહમાં અભિમન્યુનું સાતમો કોઠો જીતવા જતાં મૃત્યુ થાય છે, એ પ્રસંગે વ્યાપેલા શોકને કોઇ લોકકવિએ શબ્દદેહ આપ્યો છે :

અભિમન્યુ ચડયા રણયુદ્ધ, ઉત્તરા રાણીને તેડા મોકલ્યા!
ભાઇ માળીડા તું છે મારો વીર, ગજરા કાઢને મોંઘા મૂલના,
સારા કાઢે ને કરમાઈ જાય, ઉત્તરા કરમના એવા દોષ છે!
ભાઈ દોસીડા તુ છે મારો વીર, ચૂંદડી કાઢને મોંઘા મૂલની,
સારી કાઢી ને નુકસાની નીકળે, ઉત્તરા કરમના એવા દોષ છે!

આવો બીજો રાજિયો પણ અભિમન્યુ અને ઉત્તરાને લગતો ચલિત છે :

અભિમન ચડયો રે રણવાટ, ઉત્તરા રાણીને આણાં મોકલ્યા,
અભિમન ગયો દોશીડાને હાટ, સિરબંધ વસાવે મોંઘામૂલના.
એ તો વસાવ્યા વાર-કવાર જેવા પહેર્યા તેવા ઊતર્યા ?
રાણી રુવે રે રંગ મોહોલમાં, દાસી રુવે રે દરબાર,
ઘરમા રુવે રે ઘર બંધવા, પોપટ રુવે રે પાંજરે,
ઘોડા રુવે રે ઘોડારમાં, હાથી રુવે રે હલકાર;
વનમા રુવે લીલાં ઝાડવાં, છોરુ રુવે ઘર આગણે,
ચોરે રુવે ચારણભાટ, હાટે રુવે રે હાટવાણિયા!

કૂકડો જાગૃતિનુ પ્રતીક લખાય છે, પરંતુ મૃત્યુ તો આખરી કાયમી નિદ્રા છે, મૃત્યુની ચાદર ઓઢયા પછી ઓછું કોઇ જાગી શકે

છે ? છતાં કૂકડો–મરઘાને લક્ષમાં રાખી રચાયેલા રાજિયા ઘણા પ્રચલિત છે નીચે આવો એક રાજિયો રજૂ કર્યો છે, તેમાં કેન્દ્રમાં તો ઓતરા રાણી જ છે :

પાછલી રાતને પરોઢીએ, મરઘો બોલ્યો ને વહાણાં વહી ગયા !
હાય રે પરોણા હાયે હાયે !
ભાઈ રે રાકા હાથણી શણગાર રે, ઓતરાને આણા મોકલ્યા;
ભાઈ રે ડોસીડા વેગે વે'લો આય રે, સાડીઓ લાવ મોંઘા મૂલની.
લાવ્યો લાવ્યો લાખ બે લાખ રે, રાતી કાઢે ને કાળી નીકળે,
ઓતરાના કરમનો વાંક રે, એમા ડોસીડો શુ કરે ?
પાછલી રાતને પરોઢીએ ઓતરાને આણા મોકલ્યાં,
ભાઈ મણિયારી વે'લો વે'લો આય રે' ચૂડીઓ લાવ મોંઘા મૂલની
લાવ્યો લાવ્યો જોડ બે ચાર રે, સારી કાઢે ને નંદાએલી નીસરે રે !
ઓતરા કરમનો વાંક રે, એમા મનિયારી શુ કરે ?
પાછલી તે રાતને પરોઢીએ, બાળ અભિમન્યુ જુદ્ધે ચઢયો,
પાછલી તે રાતને પરોઢીએ, મરઘો બોલ્યો ને વહાણા વહી ગયા,
હાય રે પરોણા હાયે હાયે !

Coming events make their shadow before !– આવતા પ્રસંગના ઓળા પડછાયા અગાઉથી પરખાય છે ! આ લોકોક્તિ અનુસાર ઓતરાને થતા અપશુકનને લક્ષમા ગણી તેના સૌભાગ્યનો દીવડો જે બુઝાઈ જવાનો છે તેની કરુણતા ઉપર્યુક્ત રાજિયામાં જોવા મળે છે.

મરઘાને કેન્દ્રમા રાખી પ્રચલિત થયેલો બીજો એક રાજિયો નીચે મુજબ છે :

લીલી લીલી લીંબડીની છાય, મરઘલો બોલ્યો રે ક્રોધમા
ઓય બાપજી હાય હાય રે !
મરઘલે એમના દીકરાને જગાડયા. ઓય બાપજી હાય હાય રે !
દીકરાના રામબાણ છૂટશે રે, ઊડતા મરઘલા તને મારશે રે !
ઓય બાપજી હાય હાય રે !
લીલી લીલી લીંબડીની છાય, મરઘલો બોલ્યો રે ક્રોધમા
ઓય બાપજી હાય હાય રે !

મરઘલે એમની વહુયારુને જગાડી રે, ઓય બાપજી હાય હાય રે!
વહુયારુનાં રામબાણ છૂટશે રે, ઊડતા મરઘલાં તને મારશે રે!
ઓય બાપજી હાય હાય રે!

મરઘાને પાત્રમાં રાખી સંવાદયુક્ત લઢણમા રચાયેલો એક બીજો રાજિયો નીચે મુજબ છે. આ રાજિયાની ધ્રુવ પંક્તિ તો ઉપર જણાવેલા રાજિયા જેવી જ છે :

લીલી લીલી લીમડીઓની છાય રે, મરઘો બોલ્યો રે ક્રોધમાં!
મેર મૂઆ મરઘા વાળ્યા ઊંડા વેર, શીદ બોલ્યો રે ક્રોધમાં?
મરઘે એમની માતાને જગાડિયાં, માતા તમને છેલ્લા જવાબ રે!
આજના ઉપડયા દીકરા તમને નહીં મળે,
મળશે મળશે માસ છ માસ રે!
ભાદરવાના પાછલા પખવાડિયે!
—લીલી લીલી૦

મરઘે એમના પિતાને જગાડિયાં, પિતા તમને છેલ્લા જવાબ રે!
આજના ઉપડયા દીકરા તમને નહીં મળે,
મળશે મળશે માસ છ માસ રે!
ભાદરવાના પાછલા પખવાડિયે!
—લીલી લીલી૦

મરઘે એમના ઘરસૂત્ર જગાડિયાં, ઘરસૂત્રને છેલ્લા જવાબ રે!
આજના ઉપડયા પતિ તમને નહીં મળે,
મળશે મળશે માસ છ માસ રે!
ભાદરવાના પાછલા પખવાડિયે!

મરઘે એમના બહેનીને જગાડિયાં, બહેનીને છેલ્લા જવાબ રે!
આજના ઉપડયા વીરા તમને નહીં મળે,
મળશે મળશે માસ છ માસ રે!
ભાદરવાના પાછલા પખવાડિયે!

મરઘે એમના કુટુમ્બ જગાડિયાં, કુટુમ્બને છેલ્લા જવાબ રે!
આજના ઉપડયા તમને નહીં મળે,
મળશે મળશે માસ છ માસ રે!
ભાદરવાના પાછલા પખવાડિયે!

ઉપર્યુક્ત રાજિયામાં મૃત્યુને લીધે કુટુમ્બવત્સલતામાં પરિણમતી કરુણતાનો ચિતાર જોવા મળે છે, 'આજના ઉપજ્યા તમને નહીં મળે"–એ ઉદ્દગારમાં રહેલું દુઃખ એ પંક્તિ પછી તુર્ત આવતી પંક્તિ "મળશે મળશે માસ છ માસ રે !"માં ઓછું થતું નથી, પરંતુ ભાદરવા માસના છેલ્લા પખવાડિયામાં જે શ્રાદ્ધવિધિ કરવામા આવે છે ને એ દ્વારા સ્વજનની સ્મૃતિને જે જીવંત બનાવવામાં આવે છે તેનો અણસારો છે, ને એ રીતે હવે સ્વજનને કેવળ યાદ કરવાનો જ રહ્યો એવો શોકાદ્રભાવ પ્રગટ થાય છે.

ઓતરા અને અભિમન્યુને કેન્દ્રમાં રાખીને જેમ રાજિયા રચાયા છે, તેમ રામ અને સીતા વિષે પણ રાજિયા પ્રચલિત છે. કેટલાંક ઉદાહરણો નીચે મુજબ છે.

રામરસ રે પીત્તળ લોટા જળે ભર્યા,
હેતે હરિને સંભારતા જાવ રે !
રામરસ રે ઊતારા કરતેલા જાવ રે !
હેતે હરિને સંભારતા જાવ રે !
રામરસ રે ઉતારા હરિને દ્વાર,
હેતે હરિને સંભારતા જાવ રે !
રામરસ રે દાતણિયા હરિને દ્વાર,
હેતે હરિને સંભારતા જાવ રે !
રામરસ રે ભોજનિયા કરતેલા જાવ રે !
હેતે હરિને સંભારતા જાવ રે !
રામરસ રે ભોજનિયાં હરિને દ્વાર,
હેતે હરિને સંભારતા જાવ રે !
રામરસ રે મુખવાસિયા કરતેલા જાવ રે !
હેતે હરિને સંભારતા જાવ રે !
રામરસ રે મુખવાસિયા હરિને દ્વાર !
હેતે હરિને સંભારતા જાવ રે !
રામરસ રે પોઢણિયા કરતેલા જાવ રે !
હેતે હરિને સંભારતા જાવ રે !

રામરસ રે પોઢણિયા હરિને દ્વાર!
હેતે હરિને સંભારતા જાવ રે!
રામરસ રે પીત્તળ લોટા જળે ભર્યા!
હેતે હરિને સંભારતા જાવ રે!

ઉપર જેવા જ ભાવવાળો, તેના જેવી જ કંઇક શબ્દરચનાવાળો છતા જુદો જ રાજિયો બીજો નીચે મુજબ છે:

શ્રી રામ રામ રે પીત્તળ લોટો જળે ભર્યો રે!
દાતણ વેળા વહી જાય; પ્રાણીયા! હેતે હરિને સંભાળજો!
શ્રી. રામ રામ રે તાણા તે કુંડીઓ જળે ભરી રે!
નાવણવેળા વહી જાય; પ્રાણીયા! હેતે હરિને સંભાળજો!
શ્રી. રામ રામ રે રાંધી રસોઈઓ ઇમ રહી રે!
ભોજનવેળા વહી જાય; પ્રાણીયા! હેતે હરિને સંભાળજો!
શ્રી. રામ રામ રે ઢાળેલા ઢોલિયા ઇમ રહ્યા રે!
પોઢણવેળા વહી જાય; પ્રાણીયા! હેતે હરિને સંભાળજો!
શ્રી. રામ રામ રે ખૂંટીએ માળા ઇમ રહી રે!
ભજ્યાની વેળા વહી જાય; પ્રાણીયા! હેતે હરિને સંભાળજો!
શ્રી. રામ રામ રે ધન દોલત અને રૂપિયા રે!
સાથે આવે ન કાંઈ, પ્રાણીયા! હેતે હરિને સંભાળજો!
શ્રી રામ રામ રે કાચા તે કંપનો ઘડુલિયો રે!
નંદાતા ન લાગે રે વાર, પ્રાણીયા! હેતે હરિ ને સંભાળજો!

સીતાને પાત્ર બનાવી ગવાયેલો એક રાજિયો નીચે મુજબ છે:

ઓય હાય રે સીતાની વાડીનો આછો ડમરો કેહરિયા!
ઓય હાય રે મરઘ ચરી ચરી જાય રે કેહરિયા:
ઓય સીતાએ લીધી છે ભારે રાડ રે કેહરિયા!
ઓય મરઘ મારીને સીવડાવો કંચવો રે કેહરિયા!
અરે નહીં રાણીજી એવું બોલીએ ના કેહરિયા!
ઓય વસ્તર લાવીને સીવડાવશું કંચવો રે કેહરિયા!
ઓય ડોસીડો આવી ફેરી લઈ ગયો રે કેહરિયા!
ઓય ચૂંદડીઓનું કોણ કરશે સાચાં મૂલ રે કેહરિયા!

ઓય સીતાજી સરીખી દાર લાવશું રે કેહરિયા!
ઓય સીતા ધરાવશું રૂડાં નામ રે કેહરિયા!

લોકસાહિત્યમાં માસ અને તિથિનાં ગીત આવે છે આવો નિથિઓ સાથે રચાયેલો એક સાહિત્યિક મૂલ્યવાળો રાજિયો નીચે મુજબ છે:

હાય રે બેની પડવે તે ગામ ન જઇએ;
પડવે તો હોય બેસતું વર્ષ જો!
ઘડી રે રાખોને બેની પાલખી!
હાય રે બેની બીજે તે ગામ ન જઇએ;
બીજે તો હોય ભાઈબીજ જો!
ઘડી રે રાખોને બેની પાલખી!
હાય રે બેની ત્રીજે તે ગામ ન જઇએ,
ત્રીજે તો હોય અખાત્રીજ જો!
ઘડી રે રાખોને બેની પાલખી!
હાય રે બેની ચોથે તો ગામ ન જઇએ,
ચોથે તો હોય ગણેશ ચોથ જો!
ઘડી રે રાખોને બેની પાલખી!
હાય રે બેની પાચમે ગામ ન જઇએ;
પાચમે હોય નાગપાચમ જો!
ઘડી રે રાખોને બેની પાલખી!
હાય રે બેની છઠ્ઠે તો ગામ ન જઇએ;
છઠ્ઠે તો હોય રાંધણછઠ જો!
ઘડી રે રાખોને બેની પાલખી!
હાય રે બેની સાતમે ગામ ન જઇએ;
સાતમે હોય શીતળા સાતમ જો!
ઘડી રે રાખોને બેની પાલખી!
હાય રે બેની આઠમે ગામ ન જઇએ;
આઠમે હોય ગોકુળ આઠમ જો!
ઘડી રે રાખોને બેની પાલખી!
હાય રે બેની નોમે ગામ ન જઇએ;
નોમે તો હોય રામનવમી જો!
ઘડી રે રાખોને બેની પાલખી!

હાય રે એની દશમે ગામ ન જઇએ;
દશમે તો હોય વિજ્યાદશમી જો !
ઘડી રે રાખોને એની પાલખી !

હાય રે એની અગિયારશે ગામ ન જઇએ;
એકાદશીએ હોય નિર્જળા એકાદશી જો !
ઘડી રે રાખોને એની પાલખી !

હાય રે એની બારસે ગામ ન જઇએ;
બારસે હોય વાઘ બારસ જો !
ઘડી રે રાખોને એની પાલખી !

હાય રે એની તેરશે ગામ ન જઇએ;
તેરશે હોય ધનતેરશ જો !
ઘડી રે રાખોને એની પાલખી !

હાય રે એની ચૌદશે ગામ ન જઇએ;
ચૌદશે હોય કાળી ચૌદશ જો !
ઘડી રે રાખોને એની પાલખી !

હાય રે એની પૂનમે ગામ ન જઇએ;
પૂનમે હોય શરદ્ પૂર્ણિમા જો !
ઘડી રે રાખોને એની પાલખી !

'ગામતરે જવું' 'પરગામ જવું'-જેવા રૂઢિપ્રયોગો મૃત્યુ માટે વપરાય છે; એ જ ધ્વનિમાં ઉપર્યુક્ત રાજિયામાં 'ગામ જવા'નો પ્રયોગ થયો છે આપણા પર્વો અને તહેવારોની યાદમાં રહેલો વિષાદ આ તિથિગીતમાં-રાજિયામાં ઘણો જ ઘેરો છે.

કેટલાક 'રાજિયા'માં મૃત્યુથી થતા શોકને જીવનમાં નિરર્થક ગણવા માટે ઉપદેશ પણ આપવામાં આવ્યા છે. ધીરા ભગતે આવો એક રાજિયો રચ્યો છે :

જાય તે જાવાના સહુ, જાશે જનમનાર રે;
મૂઆં તેને તમે શું રુવો ? રોનાર નથી રહેનાર રે;
—જીવો મણીગર બંધવા !

માળી આવ્યો ફૂલ વેડવા રે, કળીઓ કરે રે વિચાર
આજનો દિન રળિયામણો, કાલે આવશે આપણી વાટ રે;
— જીવો મણીગર બંધવા !
કોનુ છોરું ? કેના વાછરુ ? કેના માય ને બાપ ?
અંતકાળે જવું એકલાં, સાથે પુણ્ય ને પાપ રે,
— જીવો મણીગર બંધવા !"

મોહરમમા તાબૂત નીકળે છે તે દિવસે ઇમામહુસેનની શહીદી માટે સમૂહમા શોક દેખાડવામાં આવે છે. અરબી तअज़िअह શબ્દ ઉપરથી 'તાજિયા' શબ્દ થયો છે 'अज़ा' એટલે 'ધીરજમાં ભાગ લીધો"; એ ઉપરથી ભેગા થઇને શોક કરવો, ખરખરો કરવો એવો અર્થ થાય છે. મોહરમમા આ નિમિત્તે જે ગમનાં ગીત ગવાય છે તેને 'મરસિયા' કહે છે. આવો એક મરસિયો ઉદાહરણ તરીકે નીચે મૂજબ રજૂ કર્યો છે :

ચાલીસ દિન પડા રહા લાશા હુસયનકા !
ઉઠા કીસી તરહ ન જનાઝા હુસયનકા !
રોવો મોહીબ્બો પીટકે સર ઓર ઉડાઓ ખાક,
ફૂટા હય આજ કયદસે કુમ્બા હુસયનકા !
ઝયનબ યે રોકે કહેતીથીં ભાઈ કી કબ્ર પર,
ક્યુ કર મંય દેખું ચાંદસા મુખડા હુસયનકા !
હય હય કભી ન ઉઠુંગી મય ઈસ મઝારસે,
કુછ દાગ મંયને કમ નહીં દેખા હુસયનકા !
ક્યુ મોઅમીનો બડાઓ અલમ તાઝીઆ બડાઓ,
ચહેલુમ તમામ હો ગયા આકા હુસનયકા !
રોતે હંય મુસ્તુફા વ અલી ફાતેમા હસન,
હય શોર તાબ અર્શે મો અલ્લા હુસયનકા !
ઈસ ગમમે પારા પારા હય 'મુનીસ' કા જીગર,
તીરું સે છીદ ગયા હય કલેજા હુસયનકા !

મુસલમાનોમાં તો મરસિયા પુષ્કળ ગવાય છે. આવાં મૃત્યુગીતો હવે ખ્રીસ્તી કોમમાં ગવાય છે. હિન્દુઓમા અને મુસલમાન કોમમાં

જો કે જે રીતે મરસિયા અને રાજિયા ગવાય છે, તે રીતે ખ્રીસ્તીઓમાં ગવાતા નથી. વળી એમનાં ગીતોમાં બોધનું તત્ત્વ વિશેષ છે. ઉદાહરણુ તરીકે આવું એક મૃત્યુગીત નીચે રજૂ કર્યું છે.

ધૂળ તો થશે દેહ આપણી, ટકે કદી ન દેહ બાલ પ્રૌઢની;
ફૂલ તો ખરે સૂર્ય તાપથી, મનુષ્ય એ જ હાલ પાપ શાપથી.
ધૂળના બન્યા ધૂળમા જશે, દરિદ્ર કે ધનાળ ધૂળ સહુ થશે,
હંસ તો જશે દેહ છોડતા, પડી રહે શરીર ધૂળ ઓઢતાં.
મોત પાસ છે, આવશે ખરે; કરો ઉપાય આજ ત્રાણ કો કરે;
ત્રાણ તો થશે ખ્રિસ્તને ભજો; ખરો થશે બચાવ ખ્રિસ્તને સજો.
બીક મોતની કોણને ઘણી? કરો વિચાર આજ જિંદગી ભણી,
ખ્રિસ્ત સાહ્ય છે, દાસ એ કહે, નથી જરાય બીક મોત ક્યાં રહે?

આપણા ચારણુ કવિઓએ ચારણી શબ્દધારામાં મરસિયાના વાહન દ્વારા હૈયાના શોક અને દુઃખને વહાવ્યો છે પીઠવા ખુમાણુની યાદને બિરદાવતા ચારણુ કવિનો મરસિયો જાણીતો છે. ચારણીકવિઓએ રચેલા મરસિયામા પ્રકૃતિને ઘણુ સ્થાન મળ્યું છે વીસળના સુત માલાજમાને સંભારી એક ચારણે જે મરસિયો રચ્યો છે તેની માંડણી ચોમાસાના ધોરી માસ આષાઢથી કરી છે :

"ગહકે મોરાં ગિરિવરે, સજે વાદળ આષાઢ,
ધર ઉપર જાંબુ ઢળી, આઈ રત આષાઢ.
આષાઢ આયા, મન ભાયા, રંક રાયા રાજીએ;
કામની નીલા પેર્ય કંચવા, સધણરા દિન સાજીએ:
મગ-વરણુ ધરતી, તરણુ મેંમત, કણુ તે ઊગાવો કરે,
જસ-લીયંણુ, તઅરત માલજામ, સતન વીસલ સંભરે!
જી સતન વીસલ સંભરે!"

આષાઢનુ આવું વર્ણન અજમાલ નથુના પુત્ર આલણુને સંભારીને બીજા કોઈ ચારણે રચેલા મરસિયામાં પણ જોવા મળે છે :

"ગરજે મોર ઝીંગોરિયાં, મહેલ થારકકે માઢ :
વરખા-રી રત વર્ણવા, આયો ધધુંભ અષાઢ,

અષાઢ ઘઙ્ઘુંબીય, લુમ્બીય અંબર, પદ્દફળ બેવળ ચોવળિયા,
મહોલા–ર મહેલી ચ, લાડ ગહેલી ચ, નીર છલે, ન મળે નળિયા.
ઇંદ્ર ગાજ અગાજ કરે ઘર ઉપર, અંબ નર્યાં, સર ઊભરિયાં,
અજમાલ નથુ તણ કુંવર આબણુ, સોચ તણી શી સંભરિયા,
જ્ય સોચ તણી શી સંભરિયા
મુને સોચ તણી રત સંભરિયા'

ચારણી ભાષાની ઝલક મરસિયાની રચનામાં પણ જોવા મળે છે. માતર તાલુકાના ઠાકોર હિમ્મતસિંહને ઉદ્દેશીને કરેલી આવી રચના ઉદાહરણ તરીકે નીચે મુજબ છે :

"ચૈત્ર વૈશાખે ચોતરફ, ફોર વસંત ફોહાર'
અણ રત તખતે આવી યે, વખતાહર અણ વાર.
મધુકુજ ફોરે, અંબ મ્હોરે, મહક દેરે મંજરા,
કોકિલ કહે રે, ગણદ સહેરે, કુંજ લહેરે મધુકરા'
સર કુસુમ લેહેરે, ઉર ન સહેરે, પ્રીત ઠેરે પદમણી
રત રાણ હિમ્મત! વજ્ય રણ રત, ધારણ સર માતર ધણી'"

'મરસિયા' જેવાં જ–'રાજિયા' જેવા જ ગીતોને 'માતમ' : 'છાજિયા' પણ કહેવામાં આવે છે 'છાજિયાં' કૂટતી સ્ત્રીઓનું દશ્ય પથ્થર હૃદયને પણ પીગળાવે તેવું હોય છે. આવા 'છાજિયા'નો એક નમૂનો નીચે મુજબ છે.

હાયે હાયે લાડણા! હાયે હાયે લાડણા!
કોણે કોણે ભીખ્યુ લાડણા? હાયે હાયે લાડણા!
માતા ભીખી લાડણા! હાયે હાયે લાડણા!
કોણે કોણે ભીખ્યુ લાડણા? હાયે હાયે લાડણા!
બેની ભીખી લાડણા! હાયે હાયે લાડણા!

આ કરુણગીતોની કરુણતા કેટલીક વખત લઘુતાદર્શક પ્રેમસૂચક મીઠા સંબોધનથી વધારી દેવામાં આવે છે જુવાનજોધ માનવીના મૃત્યુ પાછળ ગવાતા નીચે દર્શાવેલા માતમમાં 'ઝમોરિયો' શબ્દ આનું ઉદાહરણ છે

પીત્તળ લોટા જળે ભર્યા, ઝમોરિયા રે મરણ કાળા કેરનું !
દાતણ વેળા વહી જશે, ઝમોરિયા રે મરણ કાળા કેરનું !
તાબા કૂંડીઓ જળે ભરી, ઝમોરિયા રે મરણ કાળા કેરનું ?
નાવણ વેળા વહી જશે, ઝમોરિયા રે મરણ કાળા કેરનું !

આ જ પ્રમાણે નાનેરી વહુના મૃત્યુ પ્રસંગે ગવાતાં નીચે જણાવેલા માતમમાં 'વહુ' માટે "મૈયારી ઢેલડી" જેવું સંબોધન વપરાયું છે.

ઓય મૈયારી ઢેલઠી ! ડોસીડો આવે તમારી ડેલીએ;
ઓય મૈયારી ઢેલડી ! ચૂંદડીઓ લાવે તમારે કારણે;
ઓય મૈયારી ઢેલડી ! ચૂંદડીઓનું કોણ કરે મૂલ ?
મૈયારી ઢેલડી ! પાણીડા ભરવાને આરો વેગરો !
ઓય મૈયારી ઢેલડી ! સોનીડો આવે તમારી ડેલીએ;
ઓય મૈયારી ઢેલડી ! સાંકળા લાવે તમારે કારણે;
ઓય મૈયારી ઢેલડી ! સાંકળાનું કોણ કરે મૂલ ?
મૈયારી ઢેલડી ! પાણીડાં ભરવાને આરો વેગરો !
ઓય મૈયારી ઢેલડી ! મણિયારી આવે તમારી ડેલીએ;
ઓય મૈયારી ઢેલડી ! ચૂડીલો લાવે તમારે કારણે;
ઓય મૈયારી ઢેલડી ! ચૂડીલાનું કોણ કરે મૂલ ?
મૈયારી ઢેલડી ! પાણીડા ભરવાને આરો વેગરો !

શ્રી. શેખાદમ આબુવાલાએ માતમ (છાજિયા) ની શૈલીમાં એક કાવ્યરચના કરી છે :

હાય ! આ કેવી મળી અમને બહારો હાય ! હાય !
પાનખરના હરઘડી આવે વિચારો હાય ! હાય !
સાંઝ પણ પડતી નથી કે ક્યાંક છાંયે બેસિયે !
આમ તો ક્યાંથી મળે રણમાં ઉતારો હાય ! હાય !
ફૂલ ને આકળ ગળે વળગી રડે છે બાગમાં !
રાતની પાછળ હતી કેવી સવારો હાય ! હાય !
કાળજું કળિયોનું ચીરાયું, ઘવાયા કંટકો;
રંગ કેવા અવનવા લાવી બહારો હાય ! હાય !
આ કયા કાંઠા ઉપર નૈયા અમારી લાંગરી ?
ઝાંઝવાં પેઠે ઠગી બેઠો કિનારો હાય ! હાય !

મહેફિલોમાં ઝૂમવા ખાતર અમે ઝૂમ્યા હતા;
એટલે આવી ગઈ હોઠે પુકારો : હાય ! હાય !
આટલાં ઠંડાં કદી સૂરજનાં કિરણો હોય ના !
અર્ધી રાતે તો નથી જાગી સવારો ? હાય ! હાય !

મૃત્યુ તો જીવન ઝોલાનુ અટક સ્થાન છે. જૂનાં વસ્ત્રો તજીને નવાં વસ્ત્રો ધારણ કરવામાં આવે છે, તેમ આત્મા એક દેહને તજી નવો દેહ ધારણ કરે છે. જન્મના પ્રસંગ જેવો જ મૃત્યુ એ પણ જીવનમાં મિથ્યા ન થઇ શકે એવો વિધિ નિર્મિત પ્રસગ છે. છતા આપણે મૃત્યુને અશુભ અને અમંગલ માનીએ છીએ. સાહિત્ય તો જીવનનું પ્રતિબિમ્બ છે. તેમા યે કવિતા તો ઉરની ઊર્મિનો ઉદ્ગાર છે પરિ- ણામે કવિતામાં ખુશી પણ મઘમઘે ને આંસુ પણ હોય.

લોકજીવનના સુખદુઃખ, આનંદ પ્રમોદ, વિનોદકલ્લોલ, રાગદ્વેષ વગેરે ભાવ અને ઊર્મિઓના તાદૃશ ચિત્રો લોકસાહિત્યમાં જોવા મળે છે. પછી લોકજીવનના એક અગ સમા મૃત્યુના પ્રસંગને અનુલક્ષીને યોજાતા વિષયો કવિતાના ક્ષેત્રથી કેવી રીતે પર બની શકે ? આપણાં મૃત્યુગીતો નરી ઊર્મિની ઊપજ છે. તેમા અર્થઘન રૂપકો છે, ધ્વનિ છે ને પ્રેરક બોધ છે. આપણા લોકજીવનના પ્રતિબિમ્બ સમાં આ ગીતોનુ મૂલ્ય આથી કંઈ ઓછુ નથી ? એ તો નરસિંહરાવનું આ ગીત જ તેની પ્રતીતિ કરાવે તેમ છે :

મંગલ મંદિર ખોલો,
દયામય ! મંગલ મંદિર ખોલો.
જીવનવન અતિ વેગે વટાવ્યું, દ્વાર ઊભો શિશુ ભોળો,
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો, શિશુને ઉરમા લો લો.
—મંગલ મંદિર૦
નામ મધુર તમ રટ્યો નિરંતર, શિશુ સહ પ્રેમે બોલો,
દિવ્યતૃષાતુર આવ્યો બાળક, પ્રેમઅમીરસ ઢોળો.
—મંગલ મંદિર૦

*

સમસ્યા

સંગ્રાહિકાઃ

શ્રી. દ્રૌપદીબ્હેન જનાર્દન દેસાઈ, વડોદરા

[પ્રસ્તુત સમસ્યાઓ એક દૂહા તથા પ્રાસંગિક સુભાષિતોની પોથીમાંથી ઊતાર્યાં છે. દૂહા તો પ્રેમના, નીતિબોધના અને જ્ઞાનના છે, પરંતુ એનાં પાન ૫ અને ૬ (બન્ને બાજુ) ઉપર ઉતારેલી સમસ્યાઓ એક રીતે ખાસ ધ્યાન ખેંચે તેવી છે.

પોથીમાં સમસ્યાને છેડે, સમસ્યાનો ઉત્તર ઉર્દુ લિપિમાં આપ્યો છે-જેથી સામાન્ય વાંચક તેનો તૂર્ત ઉત્તર, તેમાં જોવા છતાં ન આપી શકે. વર્તમાન યુગમાં, હજી જેમ ઘણો વર્ગ એવો છે જેમને અંગ્રેજી લિપિમાં લખેલું તરત ઊકલે કે સમજાય નહિ : એવાઓના કુતૂહલ ખાતર જેમ અંગ્રેજી લિપિમાં ઉત્તર લખ્યો હોય ને ન ઊકલે, તેમ આ પોથીમાં સમસ્યાનો ઉત્તર તેના સામાન્ય વાંચકથી છૂપાવવા માટે, તેને ઉર્દુ જેવી ઘણાને અજાણી એવી લિપિમાં આપીને, લહિયાએ સમસ્યાનું કૌતુક વધાર્યું છે.

આ દષ્ટિએ, આ સમસ્યાવાળા લખાણ સાથે **પાનાનો બ્લોક** જિજ્ઞાસુઓ માટે રજૂ કર્યો છે આ પોથી મને ઉપયોગ માટે ઘણાં વર્ષોથી ધીરવામા આવી હતી. આજે તે પ્રસિદ્ધિને પામે છે તે સુયોગ છે. —સંપાદક : **મંજુલાલ મજમુદાર**]

॥ श्रीःसंभश्चः चास्यलक्ष्मनेनेनः पंथ्

स्नीसः जीयन्चारस्दलन्वहस्थ्मे हस्के पंडीतडे

राखीयासःगा नागःकृ प्रेथ्हाथलापवन्वाः मरवा

(मुन्वपन (जःप्याक्ष कोमोसीलाईहेअकुः

केगास्केगायनाशा ——— गम्मामुखेक

अेदुजकनेमलमोनेपजेर्मःलेअन्नेनेलोगे

अस्लालस्मातोतेलः(ुहल(ृ्ृ ॥ स्ताउकृ नमन ऊमल

(उनलोपनःअेमश्वोलस्यारन्वालपुषु

डेअेरकेःलेनुन्मधारग कुहगाती पलंग

स्लानसलहेकहेस्कि स्वाहस्कान्लो(मुहुकु

(डुजोन्याक्ष्शःआपिवालोस्ला(ग) स्तलनरु

र्मोद्यास्सांभरःन्नलनछेला(ीमिःतमदेशाक

ङ्रालगोएपिग्राछितेगा॥ ॥ ७ पोलोप मालवा

गापपिरलसकोलापगलदोक्षगःयाकृनशेपा

ओनहीस्सेपडुानहीलाःगः ॥ जामर

(૧)

ચાર ચલત દસ નેન હે, પાંચ સીસ જીવ ચાર;
રતન પદારથ જે હસે, પંડિત કરો વિચાર. ૧ [મોરલો]
પગ–વના પાવે ચડે, મુખ–વના ખડ ખાય;
કે' જોસી તારું ટીપણુ, કે ગાડર કે ગાય? ૨ [?]
અમુલક બે તુજ કને, જલમાં નીપજે જેહ;
તે બંને મેલાવીએ, તાત હમારો તેહ. ૩ [નયન–કમલ]
આઠ કકડ નર નીપજે, બે અસ્ત્રી, નર ચાર;
તેમા નપંછ(સ)ક બેહ છે, તેહુ તજું ભરથાર. ૪ [પલંગ]
તીર તરકસ તરુ આરડો, ભાલો ને તોખાર;
ખેકુ દુજો ચાબકો, સાતે સાતી (થી) સાર. ૫ [?]
સત નર બાંધ્યા સામટા, નર નઈ નારી જેહ;
તમ રક્ષાને કારણે, હાથે ગ્રહી છે તેહ. ૬ [માલ]
પીલો પણ પોપટ નહીં, કાલો પણ નહીં કાગ;
પાંખ ખરી, પાંખો નહીં, ડસે પણ નહીં નાગ. ૭ [ભમર]
નારીએ નર ગ્રહો, નર રહો નિરધાર;
નરથી નારી ઊચલી, એ પંડિત કરો વિચાર. ૮ [ચાંદો]
હસ્તી દંત સરીખા જેહ। જકડબંદ કરી બાંધ્યા તેહ: ॥
નર ફીટી, ને નારી થઇ। એ વાત રાજા ભોજે કહી॥ ૯ [મૂળી]
એ ફીણુ કમલ ચક્ર ટંકાર। તરુ પવન જોબન શણુગાર॥
આગલી અક્ષર ચપટી માત્ર। રામ કેહો સીતા કુ બાત॥ ૧૦ [?]
દાતા ધન કુ સંભવે, બાલમ હી ઘર–અગ;
આહી પડ જો ઠરસી, ઊચરે પજ થણુ જંપ, ૧૧ [?]

(૨)

પ્રશ્ન ‘ સખી ! સખી ! મેં અણીઆલો દીઠો ! ’
ઉત્તર ‘ અણીઆલો તો ભાલો. ’

પ્રશ્ન 'ભાલો નહી ચોધારો;'

ઉત્તર 'ચોધારો તો મેઘ'

પ્રશ્ન 'મેઘ નહીં; ચોપાએ બાંધ્યો તેહ'

ઉત્તર 'ચો-પાએલો તોરી!'

પ્રશ્ન 'તોરી નહીં', પરભોગી'

ઉત્તર 'પરભોગી તો કેવડો'

પ્રશ્ન 'કેવડો નહીં', કટોરા જેવડો' ૧૨ [દીવો]

પ્રશ્ન કોણે હીમાલો સેવીઓ? કોણે સેવી આગ?
કોણે કરવત મુકાવીઉં', કેઈ નારને કાજ? ૧૩

ઉત્તર કાથે હીમાલો સેવીઓ, ચૂને સેવી આગ;
સોપારીએ કરવત મુકાવીયું', નાગરવેલને કાજ ૧૪

ભમરી ભમે, રુદન કરે, તારો મદગર મુવો ન જાણ;
બન્યો છે તે છુટસે, રવિ ઊગમતે ભાણ. ૧૫ [કમલ-ભ્રમર]

નીત નીત પાવક પરજલે, મૃત સજીવન થાય;
તે જોડે મેલ અમારડો, એ એધાણીએ આવે રાય. ૧૬ [લુહાર]

જે દીઠે મોહ પામીએ, તેહનું ખેદે સીસ;
તે જોડે મેલ અમારડો, તે એધાણીએ આવે તેહ. ૧૭ [મોળ]

જેહ સમારે ' ત્રુજને, તેને સમારે જેહ;
તે જોડે મેલ અમારડો, તે એધાણીએ આવે તેહ, ૧૮ [?]

જેને ખાધે વીખ ચડે, તેહને જે કોઈ ખાય;
તેહ પડીઉ મેડીએ, એ એધાણીએ આવે રાય. ૧૯ [મોર]

+ ‡ +

લોકભવાઈ

રતના-હમીરનો વેશ

ડૉ. સુધાબહેન રમણલાલ દેસાઇ, વડોદરા

[આ વેશ ગુજરાત અને મારવાડના સાંસ્કૃતિક સંબંધ ઉપર અવનવો પ્રકાશ ફેંકે છે વેશ ભજવાયો છે કચ્છ-ભૂજના રાજા રાવ દેશળની સમક્ષ. વેશનુ વસ્તુ છે મારવાડના એક રાજકુંવરના પ્રેમ-પ્રસગનુ. એ મારવાડી કથાનકને ' વેશ ' અથવા ' નાટિક ' કે ' ખેલ 'ના સ્વરૂપમા ભજવી બતાવવાનુ કામ ખાસ આમંત્રણે તેડેલા ત્રગાળા (તરગાળા) નાયકોને સોપાયલુ હોય છે, જે સૂચવે છે કે એક સદી પહેલા તરગાળા કલાકારોની અભિનય શક્તિ ખૂબ ઊંચા પ્રકારની અને પ્રસિદ્ધ હશે. તથા એક સૈકા પહેલા આ રીતે અનેક કથાનકો ઉપર વેશો રચાતા હશે અને ભજવાતા હશે.

આખાય વેશમા કથાનક, સંવાદ અને ' ગાણું '-(ગીત) મારવાડીમા છે. જયારે ભજવણી અગેનાં અભિનય વગેરેના સૂચનો ગુજરાતીમાં અપાયાં છે.

વેશ સંવત ૧૯૦૯ મહા સુદ પાચમને શુભ રવિવાસરે એટલે કે ઈ. સ. ૧૮૫૩ મા ભજવાયો હોય એમ લાગે છે. એટલે વેશની રચના તે કરતા કાંઈક આગળની જ હશે એમ ધારવુ વધારે પડતુ ન કહેવાય.

આ વેશ કે એના નામનો ઉલ્લેખ બીજે કયાંય મળતો નથી. માત્ર અકસ્માત મળી આવેલી એની હસ્તપ્રતમાં જ આ વેશ સંઘરાયેલો પડયો હતો. એ હસ્તપ્રત મળી ન હોત તો એ વિસરાઇ જ જાત. આવા કેટલાય વેશો પૂરતા સશોધનના અભાવે અજ્ઞાત રહ્યા હશે.

એક જમાનામા મારવાડ-મેવાડ-ગુજરાત વચ્ચે સારા એવા સાંસ્કૃતિક સંબંધો હતા, તેની આ વેશ સાક્ષી પૂરે છે મારવાડી અસર-વાળો આ વેશ વાચકને સમજવામા બહુ અઘરો તો નહિ જ થઈ પડે એવી આશા છે. વળી વેશમાં આવતા ગુજરાતી ભાષામાં જે નાટય સૂચના છે તે પણ ખૂબ રસમય નિવડશે એની મને ખાતરી છે.

—સંપાદક]

વારણે જાવા રે રાજા રે વારણે જાવાં રે ! ૧ છેક

સૂરજ ગઢ સોહામણો રે કંવર હમીરજી નામ,
મે માગણ ઉનરા રે જસ કહું આઠો જામ રાજા રે ! ૨ છેક

આસપાસ નરહિઆ ખેલત માગ્યો બેહારો બચન,
કૃપા કરી કંવર ફરમાયા સુણ રે મોરા સુકન રે ! ૩ છેક

સૂરજ ગઢ રે સ્વામીએ રે દીનો માને કોલ,
મે બી ઉઠે આવસા રે ચંદગઢરી કોલ રાજ રે ! ૪ છેક

ઝીણ વચન સુ મે આવીયા રે ઉમગ્યા મલણ રે આજ,
રાજ અબે પધારસી રે હોસી સગલાં કાજ રાજ રે ! ૫ છેક

એટલું ગાઈને પછે જે બીદારોથી રામ રામ સામસામા કરવા પછે કુશલ વાર્તા પૂછવી ને જલેબદારોએ કેવું જે કંવર પધારીઆરો કારણ મે કંઇ જાણુ નહી જી કો જાનતા હો શો કહો એવુ કે તારે માગણ જવાબ અમને આપે. જે જીણ દિન ચીત્રગઢનુ કવરજી પરણી અર સૂરજગઢ આવતાં થકા બીચમેં ચંપા બાગમેં સાહૂકારરી દાવડી રતના લાર પ્રીત વ્હૈ ગૈ. ઉન શારુ અઠે પધારા હૈ. સો બાત સૂણીજે.

હવે માગણ વાર્તાનો આરંભ કરે તેની વિગત...

અથ દોહા

પ્રગટ નોત પરમેશ્વરી શ્રી આશાપુરી સાંય,
કુલ દેવી કીજે કૃપા માત સદા મહામાય. ૧
બંસ સશી ઉજ્વલ બરન પચ્છમ પત ભૂપાલ,
માગ્મલ્લ સૂત સાવ ભલ દેશલ પરમ દયાલ. ૨
ન્યાય ધર્મ પુત નીતરી હુદે ગતી નિરધાર,
પ્રેમ રસ પ્રકાશણો રસનવ રૂપ શૃંગાર. ૩
આગે રાજા માનયો મણુસુ સુરધર ભૂપ,
તિણ મન યુગતીસો તિસો પોખ્યો પ્રેમ સ્વરૂપ. ૪
પૂરણચંદ સો પાસયો ભંડારી બડ ભાગ,
કવતા પદ જાણુનું કરે, રચી બાત અનુરાગ. ૫

છપ્પય

રચી બાત અનુરાગ ભૂપ સૂરજગઢ ભારી,
રાંણા તિકા હમીર પ્રીત મન રતનાં પ્યારી.
વન્દ સુ ગઢરી ચૂપ ભૂપ સોઈ મન ભાઈ,
ઇસી અકલ ઉપાવ વિગત સૌ કથા બણાઇ.
સોઇ બાત નૃપ દેશલ સુણી જુગત ભલી પર જાણીએં,
રણુ પ્રીત રીત ઉપર ઇસો પ્રગટ રૂપ પરમાણિએ.

દુહો

વદે યો હુકમ તે વાર ઇસો જગજીવન ઉપર,
કીજે અશલ પ્રકાશ ભાવ સો વરતે ભૂપર. ૧
તણુ વેલા તન ચારે ત્રાગલા નાયક તેડે,
ચાર નામ ધર ચિત્ત વદાં સો જાણુ વડેરે. ૨
પાનાચંદ પૂજો સપુન લાલસ ચૂની લાવણો,
વહુ અવલરામ ચારો વદાં વાસો વેસ બણાવણો. ૩
સુણી બાત તિણુ સમે કીયો સો ભેસ પ્રકાશી,
જુગતી રચી સુજાંણુ બાસ ગુજજર કે વાસી.
સંવત ઇસો ઉગણીસ રરસ નવ ઉપર રાજે,
માઘ શ્વેત પંચમી રવી સુમવાર બિરાજે.
તિણુ દિન કિયો નાટિક તિસો રાંમતખેલ રચાઉઓ,
સુકલ જીવો કહે ભલા ભૂપ મન ભાએઓ.

અથ દોહા

પછમ ધરારો પાતસા ભુજ નગરરો ભૂપ,
રાવ દેશલ રંગ રસીઓ ઇણુરી છટા અનુપ. ૧
રતનાં હમીરસે વેશ સુણુતા અણા પુરસે આસ,
કર જોડી પનાચંદ કહે સિગલા કવિરો દાસ. ૨

અથ રતનાં હમીરની વાત...

સૂરજ ગઢમે રાઓ દલપત રાજ કરહે સીસ પર છત્ર ધરે હે તિકો બડો વિસ્તાર ઇન્દ્ર અવતાર જીણુ તુ સારા ભૂપ થરેહે હે ડંડ ભરે ડર રહું હુકમ આધિન સુશાધન કરતા રહે તિણુરો કંવર હમીર તિકો બધી આદનતાક જિણુ રેખત મુછારી શાઇ જાંણે પુલાદ કહશી રો જહ બારીકા અર્જાન બાહ પુરુષ અથાહ લોએ સોલાએ બડી બલાય રિઝવારા રિઝવાર કવરાં શણુગાર તીખ ચોપગો રાખણુહાર રસ વિલાસરો ચાસણુહાર ફેર કવર કેસાઇ કહે.

અથ દોહા

જાતો આહેડે જડે તીખકરણુ તાતો
રંગ રાતો નિશદિન રહે મદ જોબન માતો... ...૧
સુખ હુગંતી મોસરાં મદ મગજા મઢીઓ
પાટી વીરતરી પઢરો ચીત ચાલ ચઢીઓ... ...૨

અથ વાત,

સો હમીર કવર ને કવરારો સાથ ॥ તિકે ઉદમાદાં કરતાં થકા અલવલીઆ બિમલીઆ છેલ । જિકે આગે ન ચાલે કિણુરો એ ફેલ એક એક સો આગે ॥ જિણુાને ઉપમા કિસી લાગે ॥ ઇશા દીસે કમરાંરા કસીઆ ॥ કાલીરા કુંમકના રંભારા રસીઆ ॥ રણુરા રિઝવાર સતીરા નાલિયરસા ॥ કમારી ગણુારા મેડણુહાર બકારીઆ શેરસા ॥ રજપુત વટ રા સમાત્રા કછીઆ કમ ॥ મદછકીઆ અલવલીઆ આલીજા મમર ॥ ફેર કવર કીશાહે.

દોહા

અડે મુજા અસમાન ॥
ગડે અબીઢા ઘાટ રમનટેઆ રણુસુરહ ॥
થટેઆ એ લખ થાટ ॥

સોરઠા

હદાં બેહદ હમીર પત પાલણુ રજવતણો ॥
તિશડાઇ તિણુ તિરમ તિકો સાથ કુંવરાં તણો ॥

અથ વાત

અતરેહી કવરરા વિવા શારુ ॥ ચત્રગઢરા રાવલ લશપતરી કવરી ॥ ચત્રલેખા રોટીકો આયો ॥ સો યા બડો ઉત્સવ કીનો અર, નાલીયર લગન બધાયો ॥ અવે જાનરી તયારી કીજે હૈ અનેકાં રીજમોજાં દીજૈ હૈ ॥ સારા સાથ કેસરીઆ કસૂબ કીઆ ॥ જલોસરા સાથ સાથ લીઆ ॥ બડા બડા કસબીઆરા તાએફા લારહે ॥ જિકે રાગ રંગ ઉધારે હૈ ॥ સાથમે અમલાંરી મનવારાં કરે હૈ ॥ નિશારા પણુ પિઆલા ફરે હૈ ॥ ઇણુતરે વુ હગામા કરતા થીકા વહે હૈ ॥ તીખ-ચોખ રાબેણુરી બાંતાં કહે હૈ ॥ ઇતરે બધાઇદારા રાવલ લખપતનુ વધાઇ દીધી ॥ તિકા મનમાની નિવાજસા લેવી ॥ અઠી રાવલ ઉઠી રાઓ દોનુ કાની સારીસો પ્રભાવ ॥ જિણુ શંમેરા મલાપરી ને જલુશરી એક જીભ્યા કિણુતરે સું લ્હીજે ॥ જો હજાર જીભ હોએ તો પણુ થાક રહીજે ॥ દુસાષાને મે તાબારો પ્રકાશ । જેકો જાણે ભાસ્કરરો હીજ માસં ॥ હવાઆં આસમાજમે છૂટે હે । તિકે જાણે તારાહીન ત્રુટે હે ॥ જિણુ ઉપરે પેજાં મારી જેહે ॥ કે જી તીને હે ને કેહા-રીજે હૈ ॥ ઇણુતરે યું કવર હમીર ઘણા ઉછાહ સો પરણીઆ ॥ જીણુરો સુજસ કવેશરાં રૂપગામે વરણીયો ॥ દોનુ કાની ધન ખરચર-ણુરો પ્રમાણુ કેસો ॥ ઓરછણાંને પુગે કોણુ એસો હમે ઘણા રસ રજાબંદી સો જાન વિવા હોએ વારે ચંપા બાગમે આવે હે ॥ ઇતરે અણુહીજ ટાણે રતનાંજીકા પીરતુ જાવે હે ॥ સો રતનાં કુણુ સો સુણીજે ॥ જીણુ સમે ॥ સરામે જું માનસરોવર ॥ તરનમે જું કરચ તરોવર ॥ ખગામે જું રાજહંસ નગામે જું મોમઅંસ નિશામે જું નેહરો જીસો ॥ રશામે જું શણુગાર રસરો લસો ઠસો તુરંગામે જું સૂરજરો તુરંગ ॥ કુરડવમે જું ચંદ કુરંગા ॥

દોહા

વહે કોડી ધનરા વરદ ।। લીયા મહાજન લોક ।।
બસે અડર બીહવાર ઉણ ।। જોક ચંદનગઢ ઝોક ।। ૧ ।।
જીણપુર રૂપાણીજીકો ।। પખ પડાં પુરો ।।
કસર ન કો લાગી કદે ।। સતવાયક શુરા ।। ૨ ।।
ત્યામે હિરાનંદ તિકો ।। તિખલીઆ વડતોલ ।।
જલમી જણ પુત્રી જીકો ।। અદ્દભુત રતન અમોલ ।। ૩ ।।
પ્યારીરાશે પુત્રસો ।। જાઝા કર જતના ।।
તીખ રતન સો તોલ તીણ ।। નામ કંહે રતના ।। ૪ ।।
વધતી રાઇ તલ વધે યલ વધતી જબ તેણ ।।
બરસા નવ નવ લાવણી અજબ સબ સતાબીઅણ ।। ।। ૫ ।।
તીર પહુંસતે નાવ તિમ ।। સિસુતા જોબન સાર
ચત ઉતરણ અર ચઢણુરી ।। હલવલ હૂઇ હકાર ।। ૬ ।।

સોરઠા

સિસુતા જલ સસી આહ ।।
જિમ જોબન ખજેરે ।।
ઉવા ઉસસી આહ ।।
અદભુદ રજ ઉરસ્થલી ।।

દોહા

ઉર ઉકસયાં ઉપરે ।।
સપી હુસ પટ સાજેહ ।।
મિટવ બે થયારી ગંકમન ।।
સોઅણ ચતલા જેહ ।। ૧ ।।
સુગડાપણે સુહાયણી ।।
રસ મૂરત રંગ રૂપ ।।
કામતીઆ સોહી કિહીકા ।।
ધણરી છટા અનૂપ ।। ૨ ।।

અથ વાત

ચોસઠ કલારી જાંણ ॥ ઇન્દ્રપરી એ નાણુ ॥ સરૂપરે માર મરીએ નાજક અંગ ॥ જિણઆગે કાંઇ કેશર અર કંધણરો રંગ ॥ નાલીસર જેસા સીસ પર કેસારો માર ॥ તિકો જાણે તિમરાઇ તાર ॥ જિણરા મુખરી ઉપમા તો પૂરણ ચંદ્રમાઈ નપાવે ॥ કાહા કઠા તાઇડિઠા હિ જ વણ આવે ॥ નેણીજકો તો મૃગરાઇજ નેણ ॥ વેણ જિકો તો કોયલ રાજ વેણ ॥ ધનેષ જો મોહોરા રી ખંચ નાસીકા જાણે સુવારી ચંચ ॥ અધર પરવાલી જિસાં વણીયા ॥ દાંત હીરારા કંણીયા બાઇ ચંપારી ડાલ ॥ હાથ પગ કમલાં સું સુકુમાર ॥ જિકાં હાલતી લજાવે હંસરી ગતનાં ॥ જિણરા રૂપ ગુણરી ઉપમા રંભા અર રતનાં ॥ અવર હી એણનાં ઓપમા દીઆ કિશડી ॥ આ તો કિરતાર હાથાં ઘડી હોય જિસડી ॥ અતરેહી ઇણરા વિવા સારૂ સગપણ સાંધીયો ॥ ચિત્રગઢરો કુલાંણી ઈદભાણ જિણરા બેટા લશમીદાસ રે દારો બાંધીયો ॥ અબે અઠીસો તોયાં માંડો છાયો ઉઠી હુઓ જાંન વણા અર આયો ॥ એ .વાર દોનુ દવરા ધણી ॥ કોડ બાતા હી ન હોવે કણી જોડી સરીસી બણી ॥

સોરઠા

જિમડી જીન જાંન ॥ સાંમેડો તિસંડો સરસ ॥
સનીઆ દોઉ સામાંન ॥ તોરિઆં કાનો તિતિહી ॥

દોહા

કંથ સુડરો કાંકરો ॥ રતનાજી કા રતંન ॥
બોધનારી રકના બડી ॥ જિણરો નકો જતન ॥

અથ વાત

હમે જાંનનું ભાત પહેરાંણી દે વિદ્યા દીની ॥ સાત સાહે-લીઆ દશ દાશીઆં ઈણરે સાથ કીની ॥ અબે ચીત્રગઢ જાએ પોહોચ્યા રતનાં ઉદાસ થકી રહે હે ॥ સાહેલીઆને પણ દિલરી ન કહે જો

ડીઠાંપે મે તો પીયારી ઉલૂ જાણુ પડે હે ।। પણ મનમે તો ઓર હી ઘટ ઘડે હે ।। એયો કરતાં ચિતેરા હીરા બેટી રૂપાં જાઈ ।। તિણુ જોતદાંન ખોલ તસબીરાં દિષાઈ ।। જિણુમે એક તસબીર ઘણુરે મનમાની ।। સો બાર વારદેષે ઉણુકાની ।। ઉણુ વેલાં રતના પણુ ઘસડી ફબી ।। શિબી દેષ માનુ હોય ગઈ આપહી સિબા ।। તદ ચિતેરી રૂપાં કહો ।। મારો બાપ સૂરજગઢસું હમાર આયો હે સો તસબીર ચિત્રગઢ ચિત્રલેખા રે વર કવર હમીરરી ઉતાર લાયો હે સી સબી રતનાં દિલમે ધાર લીવી અર આ બાત મુખંસી ઉચારે હે ।।

દોહા

વિધનાં હી પેદા કીયા ।। જાહી મૂરતી જહિ જોગ ।।
કુણુ કુણુ પાતક જુદા હુવા ।। જાતપાત સે જોગ ।।

અથ વાત

એહું સોચ દિલમે કરે હે ।। ધ્યાન શ્રી મહાદેવજીરો ધરે હે ।। સો રતનારે પીઅરસો આંણો આયો ।। જિકા સારેસો વીધા હોએ ।। પિયર જાતા ચંપા બાગમે ડેરા દિઆ સો બાગમે જોતિલિંગ શિવ ભીડભંજન બિરાજે હે ।। જિણરો દરસણુ કિએ સંકટ અર ભીડ ભાંજે હે ।। તઠે આએ સમુષ ઊભી રતના ધ્યાન ધરે હે ।। ગુણુની બાધ કરે હે ।। તિણુ સમે કવર પણ દરસણુનુ આયા ।। જિણુ સુષ નૂર બર બરશે હે ।। આગે રતનાં જીકા પણુ કાંનસરા દીપક જુ દરસે હે ।। સો કવર રતનાંજીરે દોપાદોપી તો હુઈ સોડી પાણુ લેખરે પ્રમાણે લગન તો પહલાં જ દોડી ।। સો રતના સાહેલીઆં સો બોલી ।। પાણુ અજે દિલરી પોલી અર યો કહી આઠે મરદાં માહી આપણી લાજ રેહણુ ન પાસી ।। આપાણુ ઉપરલે બંડ ચાલીજે ઘનરેહી એ દરશણુ કર પરા જાસી ।। એત્રેહી એક ચત્રુ નામા દાસી ।। તિણુ દિલરી લગન જાંણી ।। બાતરી ધુન પેછાણી ।। તિકા ચત્રુ કરી કહે ।।

દોહા

રાત દિવસ હાજર રહે ॥ રસમે અત રૂડીહ ॥
લવ જાવે દિલરી લગન ચાત્રુ રચિત રૂડીહ ॥૧॥

અથ વાત

તિણ ચત્રુ કવરરી તારીફ કરી ॥ જરે રતનાં એણ કવર સાંમી નજર ધરી ॥ અબે દોએ ઝડ દોહારી હોઠાં મહીજ બોલે હે ॥ ચત્રુ પાછા દોહી ઝડાં મે તર બોલ હે ॥

અથ રતના વાયક દોહા

મોટો ભ્રમ મન માહરે ॥ કયોં ચૂકયો ફિરતાર ॥

ચિત્ર વાયક

ફેરાં જખ મારત ફરે ॥ ભોગે સોઈ ભરથાય ॥

ફેર રતના વાયક

મૂરત ચિત્રક મે જીકો ॥ આણી માહેશ નીશંક ॥
અબ પીઅસો મલબો જરૂ ॥ ડરબો નહી કલંક ॥

અથ વાત

તિણ સમે કવર પણ સુખીઆ નામી ખવાસનું બોલે હે ॥ તદ સુખીઓ હી સારોહી ભેદ બોલહે ॥ તિકા સુખીઓ કિસોઇ કહે ॥

દોહા

અકલાં ઉક્ત ઉપાવણો ॥ મિલખેલણ સુખીએ
રહે ખવાસી મે રજુ ॥ સુખદાયક સુખીઓ ॥૧॥

અથ વાત

અત્રેહી રતનાં સાહેલીઆંરા ઘુમરા મે ઉપરલે ખંડ જાયે ઊભા ॥ તદ કવરજી સુખીઆનુ કહ્યો ॥ જો આ અસ્ત્રી માનુ દેખાવે ॥ તો મનમાંની અનામ પાવે ॥ તદ ખવાસ નંધિ કરને ॥ ફેટ પડેથી જઠે જાય ઊભા કીયા ॥ સો રતના પણ ઝણકારા સું જાંણ લેઆ ॥ હમે

રતનાં જાંણુ અજાંણુ હોવે હે ॥ સાહેલીઆં સો ચાલે લાગ તરછી નજારા ॥ કંવર કાની જોવે હે ॥ ચમક ચવદંત હુઇ લચકાણી પડ ગઇ ॥ જાંણે અંગમાં જષડ ગઇ ॥

દોહા

ઉભે દગ જોડે આઠ ॥ કાટ ઝીણુ પટકોર ॥
હલવો કટક હરોલમાં ॥ જું ઘુંમર પર જોર ॥૧॥

અથ વાત

ઇતરે હી પવનરી ફેટસોં રતનાંરી સાડીરો પલો પણુ દૂર હુઓ જઠે કવર રે ચિત્ત પણુ ઘણો ચકચૂર હુઓ રતના દીઠો માનુ દેખ તો ન લીવી ॥ એવુ જાંણુ કંવર સામી નજર દીધી ॥ સો ચ્યોં નજરાં હોતાંઇ સો રંગ વરસીઓ ॥ દોનોં હીરાં નેતરોમેં ઘણો સનેહ દરસીઓ ॥ ઊણુ વેલા રતનાં કેશીક નજર આઈ ॥ પણુ દુહારી બરાબર જાંણુ પાઈ ॥

દોહા

પાખા બીજલ પલકાતી ॥ મોત્યાં ચકતો મુખ
દીવાલી વાલી દમક ॥ દીઠા માંગે દૅષ ॥ ૧ ॥
ઇણુ વિધ આભા અગરી ॥ ઝીણો પટ ઝલકે ॥
બીચક જાણે બાદલાં ॥ મલી બીજલ મલકે ॥ ॥ ૨ ॥
લોઇણુ ઉણુરા લાગણાં ॥ પલકા બીચ મલકે ॥
લટકણુરો મોતી લીઆ ॥ ઠીલી નથ ઠલકે ॥ ૩ ॥
સોલે ફારણાં શરસીઓ ॥ પ્રગટ ફબ્યો બિણુ પંક ॥
સઇક સોવન બેલીસો ॥ મેલીઓ આણુ મઅક ॥ ૪ ॥

અથ વાત

રોમ જિણુરા હરખીઆ ॥ વદન મૂલકેઓ ॥ અંગ પુકેઓ ॥ પ્રવેશ આઓ પૂરણુ સુખ પાઓ ॥ મદન સરસેઓ જિણુસુ રંગ ઓર કો ઓર દરસીઆ ॥ ઉઠીને કવર પણુ હૂઓ સુશતાક ॥ જિકા છકીઆ પ્રેમરી છાક ॥

દોહા

અગ અંગ ઊફણીઓ અનંગ ॥ છેલ છટા છલીઓ ॥
અલવલીઓ ઊછાંછલો જિણ રસ ઝીલીઓ ॥ ૧ ॥

અથ વાત

સને તો દોનુર જાંણીઓ પણ મિલણરી ધારી ॥ તિણ ઉપર કવર વાં સલા વિચારી પહેલો તો રૂકો દીજે ॥ પૂઠે જાવઆ કરણાં હોય સો કિજે ॥

દોહા

અદ્ભૂત છટા અલૂઝીઓ ॥ ખીણ નહી એક ખિણે ॥
મન મ્હારો થે મોહીઓ ॥ કહે દોખુ ન કિશે ॥ ૧ ॥

અથ વાત

કવરજી રૂકો લિખ ખવાસરે હાથ દીનો ॥ ખવાસ આઘો પોચાવણરો ઉપાવ કીનો ॥ સૂરજગઢરી માલેણ ફુલાં ઉદારી બેટી ॥ ચિત્રગઢરા બાગવાન ॥ મુલાને પરણાઇતી ॥ તિણનું ફુલ લે રતનાં કને જાવતી દીઠી ॥ તદ માલણસુ ઈણ સે ધકાઢ કીવી મીઠી નેડે જાએ ને બતલાએ જતાવો તો ન કીયો પણ આસતે સૂ રૂકો ॥ છાબડી માએ નાખ દિયો માલણ જાએ રતનાં કને ફૂલ ઉઘાએ ને પાછી આઈ। જર હી સુખીએ ફિકરવાંન હોય માલણનું બતલાઈ ॥ અર યા કહી। એક થાસુ બાત કરતા એઓ ફલ પાયો ॥ એક કાંમરો રૂકો થો સો ગમાયો। જે તો દે ફૂલામે ગિર પડયો હોય ॥ જિણસું કહા છાં પાછી જાયને ફૂલનુ જોય ॥ એનું સુખીઓ અર માલણ બાત કરે હે ॥ જરાં ઉઠી ફૂલાંમે રૂકો રતનાં પાયો સો આપ બાગ ચતુરા નૂં વંચાયો ને પાછો જવાબ રો રૂકો વણાયો ॥ જિણમે સને દિલરો જણાયો ॥

દોહા

સાચાપણ રહીયો સગ્સ લેખ્યે સમજ લીયો ॥
આપ દિયો જદ આપને ॥ દિલમે પ્રથમ દિઓ ॥

અથ વાત

હમે રતનાં રૂક્કા પોંચાવણારી ચિતમે ધરી ॥ જરે માલણ આય રૂક્કો ગણિયારી વાત કરી ॥ તદ ઈણાં કહ્યો એક રૂક્કા મે પાયો હે સો સાભલ લીજે ॥ ઓર જણુરો છે જણનુ ઠાવો દીજે ॥ માલણ આણ રૂક્કો ષવાસરે હાથ દીનો ॥ ષવા ષવાસ કવરરી નજર કીનો ॥ કવરજી રૂક્કો વાંચને વેલે બાચાઓ રાઝમા અ પ્રમાણ રચીઓ ॥

દોહા

મેક હુત મેલીઆ ॥ પદમણના સુખ પાવસી ॥
મધુકર હી મલીઆ ॥ સો અજબ રસ આવસી ॥

અથ વાત

કવરજી રૂક્કા વણાય ખવાસરે હાથ દિઓ ॥ ખવાસ ચત્રુ સું મેલ મરજી પાએને રૂક્કો આઘો કીઓ ॥ સો ચતરૂ લે રૂક્કો રતનારે હાથ દીઓ ॥ રતના રૂક્કો વાચને અપાર સુખસીઆંણી ॥ દિલરી લગન સિધ હુઈ જાંણી ॥ અવે પાછો જવાબ ઘડે હે ॥ જિણમે જડાવ જડે હે ॥

રતનાં વાચક દોહા

સૂકો જોએ શરોજનૂં ॥ ઝટક ઉડે પર ઝાડ ॥
મધુકર મંતજ મતલબી ॥ બસ કર દીયે બીગાડ ॥

અથ વાત

એ રૂક્કો રતના લીખને ચત્રુરે હાથ દીનો ॥ ચત્રઆએ ખવાસરે હાથ દીનોં ॥ ખવાસ કવરજીરી નજર કીનો ॥ સો રૂક્કો બાચ કવરજી કિણતરાં રૂક્કો બચાણો

દોહા

કેતક પત્ર કરોતકી ॥ ધારે સિર પર ધાર ॥
તોઈ મધુકર નહ તજે ॥ ગહરી ધુન ગુંજાર ॥

અથ વાત

કવરજી યાં રૂક્કો બણાય ॥ સુખીઆરે હાથ દિનો ॥ સુખીએ આણ ચત્રૂંનું દિનો ॥ ચત્રૂ રતનાંરી નજર કીનો । રતનાં રૂક્કો બાંચ પોર રૂક્કો બણાયો ॥

અથ દોહા

ભમર અને સુખ સું મલી ॥ જુડતા કમલ જાય
કંટા બીચલી કેતકી । દિલકું આવે દાએ ॥

અથ વાત

સો રૂક્કો ચૂત્રરે હાથ દિનોં ॥ ચત્રઆએ ખવાસનું દિનોં ॥ ખવાસ આણ કંવરરી નજર કીનો ॥ કવરજી રૂક્કો વાચને ફેર રૂક્કો બણાયો ॥

દોહા

રિઝવારી રા રાહમે જિકો દિઓ પગજાય ॥
તકે ન ઓલો તાકસી ॥ બિધ ઇણ બાત બણાય ॥ ૧ ॥
અધર ઉકસતાં આંખરાં વચન રા મવણાહ ॥
પ્યારી હદ સુખ પાવસાં ॥ સુણસાં જદ શ્રવણાંહ ॥ ૨ ॥

વાત

કવરજી રૂક્કો ખવાસરે હાથ દિનો ॥ ખવાસ ચત્રુંનું દીનો ॥ ચત્રુ રતનાજીરી નજર કીનોં ॥ રતનાં રૂક્કો બાંચ ફેર બણાયો ॥

દોહા

અબ મો મન બસ આપરે ॥ આવે બીના ન આવ ॥
મિલવારો કીધાં મતો ॥ તનરો મટસી તાપ ॥

વાત

સો રૂક્કો રતનાં બણાય ચત્રુરે હાથ દીનોં ॥ ચત્રુ આંણ ખવાસરે હાથ દીનો ॥ સુખીએ રૂક્કો કવરજીરી નજર કીનો ॥ કવરજી રૂક્કો બાચ ફિર કિણુતરે સૂં બણાયો ।

દોહા

મિલવારી મન માહરે ॥ રંધ ન જેજ રહીજ ॥
જુગત બેત કહિદો જિકે ॥ સારો કરો સહજ

વાત

યા રુકકો ખવાસરે હાથ દિનો ॥ ખવાસ ચન્નુંનુ દીનો ॥ ચન્નુ આણ રતનારી નજર કીનો ॥ સો રતનાં રૂક્કો વાચ ચન્નુંનું લીવી બોલ ॥ ઊઠે સારી દિલરી મિલપંમે તો મંગ કીજો મતી ॥ કાચિ સલા પણ દિજો મતિ ॥ તદ ચન્નુ કહી ॥ છતરી અધિરમ તો નહી કરણી ॥ અર હુ કહૂં જિકા હિએમે ધરણી ॥ ઓ થારે મેલ તો વિધાના મેલીઓ કુણ મેટણ પાવસી ॥ પણ ઉવને નીસી તો કહણ મે આવસી ॥ અઠારો મિલાપ તો માફ કીજે ॥ છણમે મારા મુરી સુણ લીજે ॥ હમાર જાહર હુવા તો ઢબ નહી આવસી ॥ ઠીકાંણે પુગા સારોહી બેત બણ જાવસી ॥ કવરજી ઉઠે ચાલને આવે ॥ તદ લગ નહી પકી જાંણજો ॥ મનકી મોજાં પણ ઉઠે હીન માંણજો પ્રીતરી અર નાગરવેલરા પાનારી એક છટા દરસહે ॥ જ્યૂં જ્યૂં પાકે ત્યોં ત્યોહી જ અદકો રસ બરસેહે ॥ તદ છણ કહી । તે સલ્લા તો ડુરસ કરી ॥ પણ તું છણ કવરજી સોં મિલને કર લીજો ખરી ॥ મુરજી લીજે અર આ અરજી દીજે ॥

અથ ચંદ્રાયણો

બેગો બેત બણાય અર દરસણ દીજીઓ ॥
નિતનિત અધકો નેહ કવરજી કીજીઓ ॥

સબ ગુણ સુઘડ સુજાંણ રસિક રિઝવાર હો ॥
છકીઆ મા સિરછત્ર હિયારા હાર હો ॥

સાહેબ થારે સંગ મોહલ રંગ માંણસું ॥
પરેહા દેહ સુફલ દેદાર જવેહી જોંણસું ॥

અથ વાત

હમે ચત્રુ કવરજી સું મીલને અઠીકી લગન પકી જણાઈ ॥ રતનાંરા પીયરરા મીલાપરી ચેતમે અણાઈ અર યો કહી । આજ સું પનરમે દીન હરિઆલી તીજકો હંગામ હૈ ॥ જઠે રાજસા રક્ષક ઝિઝબારાં રો કામહે ॥ વે સુણ કુવર વાયક ॥

દોહા

પૂરણ જહી પ્રેમરસ પીસા અર પાવસાં ॥
હેન બંધીઆ તાબે હુઆ ॥ ઓસર ઉણ આસાં ॥

વાત

એ રૂક્કો લિખ ચત્રુરે હાથ દીનોં ॥ ચત્રુઆએ રતનાંનું દીનોં ॥ રતના મનમે હરષ કીનોં ॥ પ્રભાત હોતાં રતનાં ચન્દ ગઢરો મારગ લીઓ ॥ કવર રી જાંન પણ સૂરજગઢનુ કુચ કીઓ ॥ ચંપાબાગસું દોનુ હુઆ જુજુવા । રતનાં ચંદ્રગઢ દાષલ હુઆ ॥ કવરરી જાંન પણ સુરજગઢરા રંગબાગમે આયા ॥ બધાઈદારા ઈનામ પાયા ॥ સારો સેર માડો છાયો સામેલે રો ઘણો હબોલો બણાયો ॥ કવરજી હાથીરી અબાડી પર બિરાજીઆ હે ચમરરા ઓટાઝોટા વેહે ॥ શિર પર છત્ર ફડાક દે હે સોને રૂપેરી છડીઆરા નેકી બહાકા પુકારે હે ॥ સરદારાં ઘોડાં ઘુમરરા ઘૂમર લારે હે કવર હમીરજી ઘણા ઉછાસોં સૂરજગઢ મે આયા ॥ વધાઈદારાં સારા સેરરી સાહેલાં મિલ માંણક મોતીઆં બંધાયા ॥ હે કંવર પણ નજીક આવતો જાંણે હે ॥ જઠે કંવરનૂં બિચારમે દેપને કવરાણી બોલી ॥ પથીનાથ ઇતરો અતર ક્યૂં રાષીજે ॥ હિઅમે હોએ જીકા દાષીજે ॥ જરે કવરજી બોલીઆ માને શિકારશે શૌક ચડે રે ॥ હમે તો દિલકાઠે ન દોડે રે ॥ શિકારરી ભાલ સુણાંહાં । તદ ઘણાં ફૂલાંહા ઈસા રસબિલાસમે હુતો સુખ નહી ભૂલાંહાં ॥ એ બચન કવરરા કંવરાંણી સુણ ખુસી હોઈ ઉદાસી ન આંણી ॥ અગરી પ્રતક લાગણા જાંણી યારી લગન લાગા પાછે ન

છુટસી ।। તિકા તાર બંધસે સો કદેમ ન ત્રુટસી ।। ઈણ માત રાત તો રંગમે રહ્યા ને પ્રભાત હુ દરબાર કીઓ ।। ને સારાહી સાથરો મુજરો લિઓ ।। કિતરાકનુ તો નિજ ઉપરા ધરારી સીષ ।। પાશી પોશાંખાં અંતર આસારા નિવાજસો કીવી । હમે જાગડીઆણીકે ભલારમે દુઆ દેવે હે ।। રીઝા મોજા લેવે હે ।। કલાંમતાં કને આપરા કીઆ ખ્યાલ ટપા જીકા ગવાવે હે ।। તાંનાતાંન ઉપરે જીકાનુ એનામ દેવાવેહે ભગતણા તીષી તાના લેલે રસ બરસાવે હે ।। કટાછામે સારોહી હાવભાવ દરસાવે હો ।। ઈણ મિજલસરી તો છટાઇ ન્યારી ।। સારો સાથ મોત્યારી માલા કેના આફુરી કયારી જઠે કવેસરજીકે જસ રૂપક પઢે હે ।। તિણમે અનોષી યુકતીઆ દરસાવે હે ।। એક એક રીઝમે સાસણપટા લાષ પસાવતાંઇ પાવે હે ।। કોઈ રસીકજનાને નાયકાભેદ જણાવીજે હે । તિણમે રસરી સાગે ભૂતર બણાએ દીજે હે ।। વીજ રૂદરસેરા પણ રૂપકવવોસ પટાઇજે હે ।। ચોખતીખ ચઢાઇજે હે હાસરસ કિણહી સમે કરણો પડે હે ।। તિણસમે જીકા જાણે ફુલહી ઝડે હે ।। અતરે કવર હમીર સાર્થનુ તો શિકારરી સુરત દીવી । અસવારી ૧૦૦ ઘોડા સુ ચંદ્રગઢનુ કીવી ।। પનો અને મનો અસવાર ।। ઇઓ જોડો વિધાતા આપ વપાણીઓ પાચ સાત વાર ।।

દોહા

ગ્રહી પરાગુણ રૂપગુણ દિલરા દાઇદાર ।।
હદ પહેતલે હાલીઓ ।। રંગરસીઓ રીઝવાર ।।

વાત

ઇણમાંત કવર હમીરજી સૂરજગઢસુ ચંદ્રગઢનૂં આવ હે ।। જીકા આણંદ અગમે નહી સમાવે હે ।। જીસો ઈણાં દોનારો મોંહેમોહે સનેહ ।। તિસેહી ઉણ સમે ઝુક આયો મેહ જઠે બીજજીકા દુસાખારી પ્રજ સાજેહે ।। સેદાનારી સુરહોએ જીણમાત ઘનઘોર ગાજેહે ।। નદીયા પૂર બહહે કરડા રાતરો ઝરઠહ હે ।। પાવસ પડતાલા પડે હે ।। ઉણ વેલા એહી તાકડા ખડે હે ।।

દોહા

તિણુ પાવશ તમ ઘોર તદ ॥ ચિત્તાં ધરંતો વાવ ॥
બિલકુલીઓ મારગ વહે ॥ પ્રીતમ પ્રીત પ્રભાવ ॥ ૧ ॥
રંગ રાતો રળિઆમણો ॥ હીતરસ વાસણહાર ॥
ઉ પદમણુ હીત આવસી ॥ રસીક ભમર રિઝવાર ॥ ૨ ॥

વાત

ઈણુ મેતલબ સારૂ કવરજી અઠે પધારસી ॥ અને મે બી હુકમ મુજબ અઠે આંયે હાજર હુઆ ॥ એટલી વાત માગણે કેબી ॥ ત્યારે જલેબદારોએ જવાબ દેવો જે આછો આછો મીરાંજી થાં ખૂબ વાત બેતાડી અબે અથલ લેએ ॥ એમ કહી અફીણની મનવાર પરસ્પરે કરવી ॥ તટલામાં રતનાં તથા ચત્રુરાં તથા ચંદવતી તુ તથા નાઅણ તથા અમ્રતી તથા રતનાંની ભાભી વગેરા સાહેલીનો વેશ લાવવો ॥ તે પડદામાં સરવે મેલી ઊમે પછી સાષી દેઈ તેના છેક વાલી તથા આવણાનુ ગાવણુ સરૂ કરી તો તેના પણ બે છેક વાલીને સરવેને બેસવુ ॥

તેમાં રતનાને તથા ચત્રુરાને જોડે બેસવું ॥ ને રતનાને દિલગીરી તથા ઉત્કંઠી તપણાની દશા ભાવસા દરસાવી વ્યાકુલ થવું ચત્રુરાંને ખભે હાથ દઈ બેસવુ ॥ પછે પડદો આઘો કરવો ॥

અથ રતનાનું આવણું તેની સાખી ॥ રાગ બરો

અતિ શ્રમતે મુગતી મીલે ॥ દ્દઢ હી ધરમ કુલ નેમ
તનક બાત હર પ્રશ્ન હોએ ॥ સો એક ચિત્ત કેવલ પ્રેમ ॥ ૧ ॥

સાખી બીજી

જાત પાંત કુલરો જડે ॥ નાહી રહણુ દે નેમ ॥
રહે નિરંતર એક રંગ ॥ પરપષ સોહી પ્રેમ ॥ ૨ ॥

હવે ગાવણું ઓહનાની દેસીમાં

છુટી ફુલલાજરે ॥ પ્રીત બંધાઈ તાંજી રે લાલ ॥ છેક ॥
હોજી રે પ્રીત મનાં લાગી રે ॥ ફુલ કાંન ભાંગી રાંણાં હોજી રે ॥
સાજ સંજરો રે હો રાત સારી જાગી રે રાણા ॥ છેક ॥
પછે બેસવુ તે વાર પછે પાછુ ગાવણુ ગાવું...હો જી રે જી રે...
ચત્રુરાં તુ મુકી રે હો ॥ રાજને રજા દેવી રાણા ॥ હો જી રે ॥
કવરે દગો દીઓ હો ॥ સુધ ન લીવી રાંણાં ॥ છેક ॥ હો જી રે ૨
કાઇ નવ જાણુ રે હો ॥ છેલગફલ રાણા હો માને દીવી
॥ છેક હો જી રે ॥
અવધ બાધી આજરી હો ॥ અજહુ ન આયા રાણા ॥ હો જી રે ॥ ૨
પરબસ પડીયા કીણે મસ માયા રાણા ॥ છેક ॥ હો જી રે ॥ ૨
આગે મે જાણતી રે ॥ દેતી નહી જાણ રાણા હો જી રે ॥ ૨
હઠ કરી રાષતી રે ॥ પાલવ તાણુ રાણાં છેક ॥

આ ગાયા પછે ચત્રુરા તથા રતના ને સામસામુ ગાવણું ગાવું તેમાં કહેલા મતલબ ગાવણાના પ્રમાણે ભાવ કરવા ॥

॥ અથ ગાવણુ તેજાંના ગાણાની દેસીમાં અથ ચત્રુરા વાયક રતનાં પ્રતે ॥

કાઇને બાઈ થે સોચ કરો રે ॥ કાઇને દગલાવા નીર ॥
વહે તો નિસવે આવસી ॥ ધીરણ રાખો મન ધીર
રતનાં ખેલો રે આજે ત્રીજ ॥ થે રાખો મનને પતીત રતના ખેલો રે ॥ ૧ ॥

રતનાં વાયક ॥ ચત્રુરાં પ્રતે ॥

મેલ પણ તુ આઇ મુ દેરે ॥ દિલ પણ રઆ ન હોય ॥
રખે અકેલી ફીરે રહુ રે ॥ હેલી હેલન હોય ॥
માંને કયા દીવી રે કવર બિસાર ॥ થાને બુંજું ચત્રુરાં વારોવાર
॥ છેક ॥ ૧

ચત્રુરાં વાયક

મે દીઠી દગ માહેરે રે સા ઉણુરી ઉરડ ઉશીહ ॥
આઓ રહશી દેવ સએ ॥ સૈવ્યાં કરો પુસીહ ॥

રતનાં વાયક ॥ છેક ॥

કવલીઓ જિણુમે કશર ॥ રાખી રતી ન રંચ ॥
આલીજો અલસે અજૂરે ॥ કીતો હૈ ઇક ચંદ ॥
માંને કયા દી રે કવર બીશાર ॥ છેક ॥

ચત્રુરાં વાયક

નેણાંહૂ મે આઇ નરખ ॥ જિષરો થાસુ જીવ ॥
યો તો બીજનશ આવસી ॥ પ્યારી થારો પ્રાત ॥
રતનાં ॥ રતનાં ॥ છેક ॥

રતનાં વાયક

આવે હી આવે અવસ પરત ન ખોવે પ્રીત ॥ મું જાંણું મોનું હોસી ॥
મુજ સુંગણીરો મીત માંને કેઉં ॥ છેક ॥

ચત્રુરાં વાયક

ખેલ ત્રીજરો નાહી કરો રે ॥ દિલમાં લાવી અનુરાગ ॥
મરમે દુરીજન બોલસી ॥ બાત ન રહસી દાળ ॥ રતનાં ખેલો ॥ છેક ॥

રતનાં વાયક

થારી સીષામણ મે લહીરે ॥ વેગો કરોને ઉપાય ॥
વાટ બહતે દેખીએરે ॥ ઉભી જરોખે જાય ॥ માને કઉ ॥ છેક ॥
ઈ ગ્યાઈ રયા પછે ચત્રુરાએ રતનાં ને કેવુ જે ॥
મે ઝરોખે જાય બાટ દેખાહાં ને
થે નાયણ રંભાનુ કહો જે થાને શણુગાર સજાવે ॥ એવુ કેવુ ॥
એટલે રંભા રતના પાસે જઇ સણુગાર કરવાની ચત્રસ કરી બતાવે ॥
પછે આ દોહેરા રંભાએ ગાવા

દેશી સાવરંગાની વાતની ॥

ઓર શ્રંગાર સબે કીઆરે ॥ હોર હોર ચીતલાઈ ॥
દયા આવે ચિત માંહ ગ્હે ॥ કાજલ દીયોરે ન જાય ॥ ઊથલો ॥

કાજલ દીયો રે ન જાય નેણાં થારાં તીર હે ॥
કજ્જલ બાઠે નિરખ પિતમ બહુ પીર હે ॥
એ ગાઇ રહે ત્યારે રતનાએ નાયણને કેવું જે ॥
હાંસો કાંઈ કરહો ॥ અને કાજલ દીજે ॥
એવું કહે તેટલામા ચત્રુઆને ઉછાંના ચિહન દરસાતી વધામણી દેવી ॥
તેનુ ગાવણું દેસી સલુણીના આખડાની ॥

રાગ સામગ્રીમાં

મેતો આછી ગબાઇ આજ રે મે તો આઇ બધાઇયા દેખાં
કવર મહારાજ રે ॥ રાણા ॥
ઢાલ ઢલકે ને મારો હારે ॥ લારે દીસે સિલદારારા સાથ રે
॥ રાણા ॥ છેક ॥
ચાલે ઘોડા પાખરીઆ બાજે રે ॥ રાહ રે છત્ર સિરપર છાજે રે
રાણા ॥ છેક ॥
લટપટી પાગ છોગાં લટકે રે ॥ અલવલીઆ આટા ચિત અટકરે
॥ રાણા ॥ છેક ॥
સુર રાતા ટિકે પલકે રે ॥ પેચ પગીયાં બાલા પર ઢલકે રે
॥ રાણા ॥ છેક ॥
ગજરી સોભાગે ન કો પાર રે ॥ કેતા લાગી જે ઘણી વાર રે
॥ રાણા ॥ છેક ॥

આ ગાઈ રહ્યા પછે રતનાએ ચત્રુ ને કેહેવુ જે ફુલબાગ કાની
કવરજી આવે છે ॥ જીવાગ્રસુ જાણુ છો કે ।
ઉઠ ઉતરસી નિરાંતે જાગો સુણીઆસુ મિલને ગતાડી જે ॥
કે આજ તીરજ શેહાગણે બાગનુ આંબાડાં જહાં મીલાપ હોસી ॥
એવું કેહું તે પ્રમાણે ચત્રુએ બાગમાં જઈ સુણીઆને કેહુ ॥
ને સુણીએ તેજ પ્રમાણે હાથ જોડી મુખ આડો રૂમાલ લઈ
કવરજીને કેહુ પછે ચત્રુ ને સુણીઓ જવાબ આપે જે આછો એટલે

ચત્રુ પાછી વલી રતનાને કેવુ જે । સંદેશો દે આવી હાં ॥
એવુ કહ્યા પછી ત્રીજનું ગીત ગાતાં સહુ ઘુમરલેતે આનંદથી
બાગમા જાવુ તેનું ગીત ॥

રાગ દેસ ॥ તાલ ઝુમરુ ॥

આજ હરિઆલી ત્રીજ હમારી હેલી હો ॥ આજ શ્રાવણીઆરી ત્રીજ ॥
ઘોર ઘટા કારે મેઘ વરસત હે ॥ થહુ દીસ ચમકત બીજ ॥
મારી હેલીઓ ॥ ૧ ॥
દાદુર મોર પપૈયા બોલે ॥ કોયલ સોર અતીજ ॥
મારી હેલીઓ આજ ॥ ૨ ॥
લેગો અજબ મારી અગાયાં માજે ॥ સુએ સુનર મોરી કસુબીજ
મારી હેલી હો ॥ ૩ ॥
હિલમિલ સખી સબ મંગલ ગાવે ॥ આલીજો આયો ઘર રીઝ ॥
મારી હેલા હો ॥ આજ

એ ગીત ગાઈ રે ત્યારે ॥ રતનાએ ચત્રુરાને કેવુ જે ॥ કવરજીને કેજો જે રાતે પધારી જો ॥ અલ માલરી બાટ બતાઈ દીજે ॥ એવું કેવુ ॥ પછે ચત્રુરાં પાછી વલી આવે તારે ॥ કવરજી ને સુખીઆને સાથે તેડી પધારવુ ॥ તે આવે ત્યારે રતનાએ ઉભે થઈ સામે જાવું ॥ ને કુવરના આવકારનુ ગાણૂં ગાવુ ॥

રાગ વડો... દેશી સોવનાની... છેક દઈ ગાવું...

હો જી રે જી રે ॥ ઇલુવા પધારો રાજરે ॥ લટકતી ચાલ રાણા ॥
હો જી રે ।
લોક સબગા જાગે રે હો ॥ દેશે માંને ગાલ રે રાણા ।
॥ છેક ॥ હો૦ ॥
મિલણુરી પ્યારી સે હો ઊભી મગ દેખું રાણા ॥ ૧ ॥ હો૦ ॥
મલીઆ નાને આજ રે હો ॥ આનંદ લેખું રાણા ॥ ૨ ॥

ઈ ગાદીને બેસવું જણા બેને ॥ અને સુપિઆએ રૂમાલ લઈ ॥ કવરરો મુરછલ કરતે રહેવુ ॥ ને ચત્રુને રતનાને પારે એક કોર બેસવુ ॥ તે પછે રતના તથા કુવરે પરસ્પરે દોહેરા કેવા ॥

તે દોહરો બઢાણીની દેશીના ઢાલમાં ॥ રતના વાયક ॥

કુવર પ્રતે ॥

આવો પધારો કવરજી હોજી રાણાજી રાજ છબીલા રાજ
કરસા સસરી બાત હલવલ કાઇ કરો અબે ॥
પછે રમસા સારી રાત ॥ ૧ ॥
દો હલી રે છોગાલા બના છેલ છાડ દો હઠી રે ગેલ ॥
આલીજા રાજ... કુમાર ॥ ૨ ॥
અલવલીઆ પ્રાણ આધાર ॥ ચુપારા ચિતરા ચોર ॥
થઈઆ તથથે વાર ॥ ૩ ॥

॥ કુવરની વાયક રતનાં પ્રતે ॥

સીઢ સીચાણો પારધી ॥ રંગીલી નાર ॥
અતી સુકુમાર ॥ ગુલાબાં શાર મારે પકડા પેલ ॥
સોગત દેખેકા સુદરી ॥ જાણી જો મારી હેલ ॥ ૧ ॥
રસ ભીંની રતના નાર આજી આખ કટારી ધાર ॥
અલવેલી અનોખી ચાલ ॥ મન બસ કરવે કી જાલ ॥
છંદગારી પ્રેમરી પાસ ॥ થઇ૦ ॥ ૩ ॥

રતનાં વાયક ॥

હેલ તીહારી બાલમા ॥ મે જાણી બાગ મુફાર ॥
અરજ કરાં થે સાંભલો પહેલા ખેલીએ ચોપડ સાર ॥ ૧ ॥
અલવલીઆ પ્રાણ આધાર ॥ ૧ ॥

કુવર વાયક ॥

રતના આંક કહો અબે ॥ જો પડીઆ માહારી ઢાલ ॥
દાવ કહો તો ખેલસા ॥ અબે મરસે થારી લાલ ॥
રસભીંની રતનાં નાર ॥ ૧ ॥

ચત્રુ પાછી વલી રતનાને કેવુ જે । સંદેશો દે આવી હાં ॥
એવું કહ્યા પછી ત્રીજનું ગીત ગાતાં સહુ ઘુમરલેતે આનંદથી
બાગમાં જાવુ તેનું ગીત ॥

રાગ દેસ ॥ તાલ ઝુમરૂ ॥

આજ હરિઆલી ત્રીજ હમારી હેલી હો ॥ આજ શ્રાવણીઆરી ત્રીજ ॥
ઘોર ઘટા કારે મેઘ વરસત હે ॥ ચહુ દીસ ચમકત બીજ ॥
મારી હેલીઓ ॥ ૧ ॥
દાદુર મોર પપૈયા બોલે ॥ કેયલ સોર અતીજ ॥
મારી હેલીઓ આજ ॥ ૨ ॥
લેગો અજબ મારી અગાર્યાં માજે ॥ સુએ સુનર મોરી કસુબીજ
મારી હેલી હો ॥ ૩ ॥
હિલમિલ સખી સબ મંગલ ગાવે ॥ આલીજો આયો ઘર રીઝ ॥
મારી હેલા હો ॥ આજ

એ ગીત ગાઈ રે ત્યારે ॥ રતનાએ ચત્રુરાને કેવુ જે ॥ કવરજીને કેજો જે રાતે પધારી જો ॥ અલ માલરી બાટ બતાઈ દીજે ॥ એવું કેવુ ॥ પછે ચત્રુરાં પાછી વલી આવે તારે ॥ કવરજી ને સુખીઆને સાથે તેડી પધારવુ ॥ તે આવે ત્યારે રતનાએ ઉભે થઈ સામે જાવું ॥ ને કુવરના આવકારનું ગાણૂં ગાવું ॥

રાગ વડો... દેશી ઓવનાની... છેક દઈ ગાવું...

હો જી રે જી રે ॥ ઇલુવા પધારો રાજરે ॥ લટકતી ચાલ રાણા ॥
હો જી રે ।
લોક સબગા જાગે રે હો ॥ દેશે માંને ગાલ રે રાણા ।
॥ છેક ॥ હો૦ ॥
મિલણરી પ્યારી સે હો ઊભી મગ દેખું રાણા ॥ ૧ ॥ હો૦ ॥
મલીઆ નાંને આજ રે હો ॥ આનંદ લેખું રાણા ॥ ૨ ॥

રતનાં વાયક ॥

દોએ છકા અરદોએ હે ॥ ગણુ લીજે પ્રાણ આધાર હાંસો કાંઇ
કરો અબે ॥
મે બીરજાં બોબાર ॥ છોગાલા ॥ ૧ ॥

કુવર વાયક

કાંઈ ન કહો સુંદરી ॥ સાતાં સામો દાવ ॥ ખેલમે શાચો ખેલનસો ॥
તો બધસી મનમે ચાવ ॥ રસભીંની રતનાં ॥ ૧ ॥

રતનાં વાયક

દુર સ માષો બાલમા કાઈ કુડા અરખ કરો ॥
રસ અઠે નહી રાડહે ॥ વાયક ચિત ધરો ॥ છોગાલા બનાં ॥૧॥

કુવર વાયક

ચૂપ રહત જકુડા ચલણુ ॥ દાવ પડયો જુદે ॥
એતી માન બિનતી અબે ॥ તુ લે બડો જસ લે ॥
રસભીંની રતના નાર ॥ ૧ ॥
આજી આંખ કટારી ધાર ॥ અલબેલી અનોખી ચાલ
મન બસ કરવે કી જાલ ॥ છંદગારી પ્રેમરી ફાસ ॥
થઇઆ તત થઈ ॥ ૩ ॥

ઈ ગાઇ રહ્યા પછી કુવરે સુખીઆને હુકમ દેવો જે ॥ આસવ લાવ ॥ એટલે સુખીઆએ સીસો તથા પેયાલો કુંવરની પાસે મુકવો ॥ ત્યારે પ્યાલો ભરી કુંવરે રતનાને કેવુ જે પી ॥ ત્યારે રતનાં એ ના કેવી ॥ ત્યારે કુવરે હઠ કરી પાવા માંડવો ॥ તેના સામસામા દોહેરા ગાવા ॥

રાગ સોરઠ તાલ ધીમા ત્રત્રાલો

॥ રતનાં વાયક ॥

માને મત દીજો મધ મહારાજ રે ॥ એણ હઠ જાંણુંણો જાસે
ભરી લાજ ॥ માને

ઈશ્વર વાચક

પ્યારી ઉઠ છાડો ॥ પીજે પ્યાલો હાથ ॥ મદ છક પ્રેમનં ભિક્ષનું
નાગ ॥ પ્યારી ઉઠ છાડો ॥ પીજે પ્યાલો હાથ ॥

દોહા

પ્યારી પ્યાલો પીવજે સુંદર પ્રેમ ભરી ॥ જે કોઈક હો મતી ॥
દેખો કાંઈ કરી ॥ પ્યારી ઉઠ છાડો ॥ ૧ ॥

રતનાં વાચક

માને મત દીજે મધ મહારાજ ॥ દારૂ નહિ જાણ્યું અને
મહારી લાજ ॥ માનો ॥ ૧ ॥

દોહા

હુ મે માજન કુલવધુ ॥ કે ક્યા મદ કુરાં ॥
ભણી ગણી હોશી વધાવુ ॥ ગુરજગુ લોક કરા માને ॥ ૨ ॥

કુવર વાચક

પહેલો પ્યાલો પીવતાં ॥ પ્યારી કીધો વાદ ॥
દૂજો પ્યાલો દેવસી ॥ જીણસુ જાણ સવાદ ॥ પ્યારી હઠ ॥ ૧ ॥

રતનાં વાચક

જોડા રૂપ અર જોબનાં ॥ તીનુ છક વણીઆં ॥
ચોથો મદરો હોવશી ॥ રહશે નહી દબીઆ ॥ માને મ૦ ॥ ૧ ॥

કુવર વાચક

પડી મ પરાં ફેલમે ॥ ડર અબ કાંઇ કહો ॥
પીજો પાજો માણીજે ॥ હુણી હોસો હો ॥ પ્યારી હઠ છોડો ॥૧॥

રતનાં વાચક

હાય કરું ભીડો મતી ॥ ત્રાહે ન માનો નાથ ॥
ચતરૂ આવ અર રાજરો ॥ હઠસું ગ્રહીજો હાથ ॥ માને૦ ॥૧॥

એ ગાઈ રહે ત્યારે ચતરૂએ આવી કુવરજીરો હાથ ઝાલણો ॥ ને આ દોહેરો કેવો ॥

ધી જાવણ બીધ ચિત્ત ધરો ॥ હલવલ મત હુઓ ॥
રગદણ જુને રાજવણ ॥ જી મીત તો જુઓ ॥

ઇ દોહેરો કતર કેરે ત્યારે ॥ કુવરે આ દોહરો ચત્રુ પ્રત્યે કેવો ॥

દોહા

ચતરૂ તો જીસડી ચતુર ॥ સમઝ ન લીને સાર લુચે ન ડાલી લહલહે ॥ ૧ ॥
સમરા વાલે માર ॥ ૧ ॥

એ દોહરો કહ્યા પછી પ્યાલો તથા સીસો સુખીઓ પાછા લઈ જાય ॥ તે પછી સુરત સમે તથા સુરતાતના દોહેરા સામસામા કેવા ॥

રાગ સાએરી સલૂણાના ચલાસણાની દેશી ॥

અથ રતના નાયક દોહા

જી મારી લાજ જાવસી પાએલ ઠમકએ પાએ ॥
બેરી બીછુઆ વાજસી માને કહું સમઝાએ ॥ ૧ ॥

॥ ગાણું ॥

પાયે પેર્યા ઘુઘરા ॥ ઠમકે નેપુર શાર રાણાં ॥
અણવટ વિછિયા સોભતા ॥ કાઇ ઝાઝરરો ઝમકાર રાણા ॥ છેક ॥

ભાઇ ભોજાઇ અઠે ગુરૂજણા ॥ અબ ધીરજ નેક ધરો રાણા ॥
ધીરજ રહી રખે બાજહી ॥ માને કયો બદનામ કરો રાણા ॥ છેક ॥

કુવર વાયક

॥ સોરઠા ॥

પાખર મેર ન ફેર ॥ ચુણ રણ ચિત્ત ચાહા સુરકે ॥
ત્યો જાણુ સૂનત ઘનેર ॥ હોત બીર શ્રુગારમે ॥

રતનાં વાયક ॥ દોહા ॥

જી મારો જી જાએહે ॥ હલવલ કાઇ કગે ॥
કાંઇ ને કાઢો કાલજો કાઇને પ્રાણ હરો ॥

॥ ગાવણુ ॥

જીઆ ડરે કાઆ થરે મે ઓર રહી મુરઝાએ દાણા ॥
થકિત ભઇ છાડો અબે ॥

મારી હાઅ ન માનો હાએ રાણા ॥ છેક ॥
ફીર પગલાં સુ લે ચલો તો ॥ નેવે સોગ કરીસ રાણાં ॥
હઠ કરી બાલમ ઝાલસો તો આગે પ્રાણ ધરીસ રાણા ॥ છેક ॥

કુવર વાયક ॥ સોરઠા ॥

હનત સૂર જદ ધાબ ॥ ના હાહ દરહ રણ ખેત યોં ॥
ત્યો બલજો લગ દાવ ॥ પ્યારી જાંણ સુરતમે ॥ ૨ ॥

દોહા રતનાં વાયક

માંગી બીખરી છુટી અલક ॥ ત્રુટી મોતી લરાં ॥
એસર અટકે જુલકસું ॥ કહો અબ કેસે કરાં ॥ ૨ ॥

કુવર વાયક

પહેલો પ્યાલો પીવતાં ॥ પ્યારી કીધો વાદ ॥
દૂજો પ્યાલો દેવસી ॥ જીણસુ જાણ સવાદ ॥ પ્યારી હઠ ॥ ૧ ॥

રતનાં વાયક

જોડા રૂપ અર જોબનાં ॥ તીનું છક વણીઆં ॥
ચોથો મદરો હોવશી ॥ રહશે નહી દબીઆ ॥ માને મ૦ ॥૧॥

કુવર વાયક

પડી મ પરાં ફેલમે ॥ ડર અબ કાંઇ કહો ॥
પીજો પાજો માણીજે ॥ હુણી હોસો હો ॥ પ્યારી હઠ છોડો ॥૧॥

રતનાં વાયક

હાય કરું ભીડો મતી ॥ ત્રાહે ન માનો નાથ ॥
ચતરૂ આવ અર રાજરો ॥ હઠસું ગ્રહીજો હાથ ॥ માને૦ ॥૧॥

એ ગાઈ રહે ત્યારે ચતરૂએ આવી કુવરજીરો હાથ ઝાલણો ॥ ને આ દોહેરો કેવો ॥

ધી જાવણુ બીધ ચિત્ત ધરો ॥ હલવલ મત હુઓ ॥
રગદણુ જુને રાજવણુ ॥ જી મીત તો જુઓ ॥

ઇ દોહેરો કતર કેરે ત્યારે ॥ કુવરે આ દોહરો ચત્રુ પ્રત્યે કેવો ॥

દોહા

ચતરૂ તો જીસડી ચતુર ॥ સમઝ ન લીને સાર લુચે ન ડાલી લહલહે ॥ ૧ ॥
સમરા વાલે સાર ॥ ૧ ॥

એ દોહરો કહ્યા પછી પ્યાલો તથા સીસો સુખીઓ પાછા લઈ જાય ॥ તે પછી સુરત સમે તથા સુરતાંતના દોહેરા સામસામા કેવા ॥

રાગ સાએરી સલૂણાના ચલાસણાની દેશી ॥

અથ રતના નાયક દોહા

જી મારી લાજ જાવસી પાએલ ઠમકએ પાએ ॥
બેરી બીછુઆ વાજસી માને કહું સમઝાએ ॥ ૧ ॥

॥ ગાણું ॥

પાયે પેર્યા ઘુઘરા ॥ ઠમકે નેપુર શાર રાણા ॥
અણુવટ વિછિયા સોભતા ॥ કાંઇ ઝાઝરરો ઝમકાર રાણા ॥ છેક ॥
ભાઇ ભોજાઇ અઠે ગુરૂજણા ॥ અબ ધીરજ નેક ધરો શંણા ॥
બીરજ રહી રખે બાજહી ॥ માને કયો બદનામ કરો રાણા ॥ છેક ॥

કુવર વાયક

॥ સોરઠા ॥

પાખર મેર ન ફેર ॥ ચુણુ રણુ ચિત્ત ચાહા સુરકે ॥
ત્યો જ[illegible] સૂનત ઘનેર ॥ હોત બીર શ્રુંગારમે ॥

રતનાં વાયક ॥ દોહા ॥

જી મારો જી જાએહે ॥ હલવલ કાઇ કરો ॥
કાંઇ ને કાઢો કાલજો કાઇને પ્રાણુ હરો ॥

॥ ગાવણુ ॥

જીઆ ડરે કાઆ થરે મે ઓર રહી સુરઝાએ દાણા ॥
થકિત ભઇ છાંડો અખે ॥

મારી હાઅ ન માનો હાએ રાંણા ॥ છેક ॥
ફીર પગલાં સું લે ચલો તો ॥ નેવે સોર કરીસ રાણાં ॥
હઠ કરી બાલમ ઝાલસો તો આગે પ્રાણુ ધરીસ રાંણા ॥ છેક ॥

કુવર વાયક ॥ સોરઠા ॥

હનત સૂર જદ ધાબ ॥ ના હાહે દરહ રણુ ખેત ચોં ॥
ત્યો બલજો લગ દાવ ॥ પ્યારી જાણુ સુરતમે ॥ ૧ ॥

દોહા રતનાં વાયક

માંગી બીખરી છુટી અલક ॥ ત્રુટી મોતી લરાં ॥
બેસર અટકે જુલફસું ॥ કહો અબ કેસે કરા ॥ ૧ ॥

॥ ગાણું ॥

માથા કેરો ગોફણો ॥ કાંઇ બીખરી અલકાં સાર રાણા ॥
છુટી લર મુક્તા તણી ॥ મારો ત્રુટો નવસરો હાર રાણા ॥ છેક ॥
મોર ભોજાઇ દેશસી ॥ અરી લોક ચવાઇ કરે રાંણા ॥
કરપા કરી સબ સાધીજે જયોં જેણમે લાજ રહે રાણા ॥ ૧ ॥

કુંવર વાચક ॥ દોહા ॥

સાભ અલક વીજુરી સરસ ॥ વીખરે મુગતા ખેત ॥
મનહુ સસી સો ગગનમે ॥ રમણહી કરત ન ખેત ॥ ૧ ॥

રતનાં વાયક ॥ દોહા ॥

પલકાં પર પિક પડી ॥ ચખ ઘો રાતાં ચોલ ॥
કાજલ ભર્યા કપોલમે ॥ હુઓ ગજબ રંગ રોલ ॥ ૧ ॥

॥ ગાણું ॥

જડકસી મારી અંગીઆં તડકી મઇ ચકચુર રાણા ॥
ક્રડ કડ કડ કડકી ગઇ ॥ મહારી હરી હરી હરી રંગરી ચૂડ ॥
રાણા ॥ છેક ॥
આલસ અંગે ઊડે નહી ॥ ચાલતાં ઝોકા ખાત રાણા ॥
બોલત બાત બને નહી ॥ કો કી ગત હોસી પ્રભાત રાણા ॥ છેક ॥

કુંવર વાયક ॥ દોહા ॥

પ્યારી પીક પલ કાંપરે ॥ છબ આવત દલ નેન ॥
જું પંકજ રસબસ રહત સસિસોં શ્રવેન ॥ ૧ ॥

રતનાં વાયક ॥ દોહા ॥

અધરાં ડંક ચસકો કરે ॥ દાઝે દશણ પર ગાલ ॥
ઉર નખરેખ પીડા કરે ॥ કીધાં કવર તે બેહાલ ॥ ૧ ॥

॥ ગાણું ॥

બાત કરતાં નાથજી મહાને અધરાં ઉઠે પીડ રાંણા ॥
લચકાણી કંમર લચલચે ॥ કહો હો કેસે રાખો ધીર રાણા ॥ છેક ॥

ડંક કપોલ રા કયો છપે ॥ જે ઉઠીયા મારે ગાલ રાંણા ॥
મોર મએ સણ દેખસી ॥ માને નિસચે દેશી આલ રાંણા ॥ છેક ॥૧॥

કુવર વાચક દોહા

પ્યારી કાયા હેમરી ॥ લખી કુંદન નિરધાર ॥
કુચ કપોલ અક યૂં ફબે ॥ જડીયા માંકણ શાર ॥

ઈ દોહેરા પછી કુવરે બીજો દોહેરો કેહેવો

પ્યારી ગલબથ લેવતાં ॥ શીતલ લાગ્યો હાર ॥
જાવણ સુરજી દેશરો ॥ સીખ કરા નિરધાર ॥

રતનાં વાચક ॥ રાગ રાસથી ॥ દોહા

ભામણ કામણ સાખજે ॥ જો વિછડણ સો જીવ ॥
આપ હીએ ના ઓલજો ॥ પ્યારી કહના પીવ ॥ ૧ ॥

અથ ગાવણું ॥ ઢાલ આકડાનો ॥

પ્રિતમ પે કહી માને પ્યારી રે ॥
અબ ફીણ દીધ કરો માને ન્યારી રે રાણા
બસ પડતાં તજી કુલ લાજ રે ॥
દિલ દીયો થાંને માહારાજરે રાણા ॥ છેક ॥
મન જાંણ્યું બઢસી નિત પ્રેમરે ॥
મેતો રાખ્યો કછુ નહી નેમરે રાણા ॥ ૧ ॥
અઠે રેવણરી મને આણો રે માને ॥
કદમાંરી ઠેકર જોંણોરે રાંણા ॥ ૧ ॥

કુવર વાચક

સમાધાનરી જાણ સમે ॥ જીકર સકયો ન જાજ ॥
પ્યારી નહ જાવા પરત ॥ મત કરો માન મજાજ ॥ ૧ ॥

રતનાં વાચક

મન હર લીનો બાગમે ॥ મદ પાયો આએ અઠે ॥
રસબસ રોલી રંગ રોલમે ॥ અબ કો જાણ કઠે જા૦

ગાવણું

નજરમેલસું નામ જાપતી ॥ સાને નિસદીન ઓલ આવતી રાણા ॥
કદ લીઆ વી પાલસી ॥ રાજ બોલ રે રાણાં ॥
કદ કરસાં-સલી રંગરોલ રે રાંણા ॥ ૧ ॥
પ્રીત જાણી પધાર્યા નાથ રે ॥ રાજલીઆ તજો મે સાથ રે રાણા ॥
જીય એક દેશણુ તન દોએ રે ॥ કહો કીણુ બીધ જાવણુ હોએરે
રાણા ॥ ૧ ॥

કુવરજી વાયક ॥ દોહા ॥

પ્યારી હઠ કીજે પરો ॥ વ દીજે શીખ અબે ॥
મોરે માનવ- દેશર્ણી ॥ બાત ન રહસી દબે ॥ ૧ ॥

રતનાં વાયક ॥ દોહા ॥

જાવણુ જીવ કહતાં જસે ॥ નેચે નાથ જરૂર ॥
કહુ રહો અઠે મેલમે ॥ ઢાપ ન રહસી સૂર ॥ ૧ ॥

ગાવણું

કહુ બીરાજો અઠે રાજ રે ॥ રાણા ॥ લોક જાણે કહેરી અકાજ
રે ॥ રાણા ॥ ૧ ॥
પાસે બેઠા કંપે મારો જીવ રે કદચ પકડે અચાનક પીયરે રાણા ॥ ૧ ॥
જાવારે વારી નંકો સુઝરે ॥ પુછો ચત્રુરાં જો સલાહ બુઝે રે રાણા ॥ ૧ ॥
ઇ ગાઇ રહે ત્યારે સુશીએ આવીને કુવરને કહેવું જે ॥
રેન વીતી હુઇ ફજર ॥ કુરકટ બોલીએ બાજી ગજર ॥
અબે પધારી જે ॥
એવુ કે તે પછે ચત્રુરાં એ જે કુવર તથા રતનાં પ્રત્યે કેવુ ॥

દોહા

પ્યારી જાવારી કહો ॥ રાજ પધારીજો રાત ॥
અબે બાગ સધાઇજે ॥ મોર મયા પરભાત ॥ ૧ ॥

તે વાર પછી કુવરજીને ઉઠીને બાગમાં જાવુ ॥ ત્યા મીરાંજીએ હાસ્ય રસમાં ગાવણુ ગાવુ ॥

રાગ આસા તાલ દીપચંદ

અનોખો ખેલો હોસી સીકાર ॥ વણુયા આછા રે નીકા બણી ॥
આછો રાજકુમાર ॥ ૧ ॥ અનોખો૦ ॥
જુધમે રેન બીતી લાગત ॥ બોલ લોઆણુ અલશાર ॥ ૧ ॥
ઘાયલ હો મુરછાગત જાંણુ ॥ બાત ન હોત ઉચાર ॥ અ૦ ॥
મુખ પર ડંક લાગા જીગુારા ॥ ભીર નશ અક અપાર ॥ અ૦ ॥
માનો ઓઠીંહ તીણુ છાલા ॥ વેખત ચૂનડ સાર ॥ અ૦ ॥
જાણુા જદસુદ મો રમીઆ ॥ ભીર વીન ગુનરો હાર ॥ અ૦ ॥

એવું કહી રે તે વારે રતનાં

એવુ કહી રે તે વારે રતના પ્રતે ચત્રુરાએ સીક્ષા સારૂ તથા ઢાક રાખવાના દોહેરા કેવા.

ચત્રુરા વાયક દેસી સાવરંગાની ॥

ઓઢયા દુપટો થે કવરગે રે ॥ ચુનડ ગઈ તીણુ સાથ ॥
વેગે સાડી નહ ઓઢસી ॥ તો બાત ન રહસી હાથ ભાભી રે
અઠે આવસી ॥
થકીલી છકીલી અલસાન લખી લાજ જાવસી ॥
પેખ પલગા પડી કું અચેતસુ ॥
છુપાવો કપોલાગ ડંક કહાછા બાઈ હેતસું ॥ ૧ ॥
ઘ ગાઇ ે ત્યાર પછી ભાભીને આવવું ॥ તે ભાલીજીને આવતી દેખીને રતનાંએ આવકાર મેલો દોહરો કેવો ॥

દોહો એ ઢાલ છે ॥

આવો ભાભીજી કહું આજ ॥ ઉઠા કાઈ આવો પરા ॥
નીદ સુ હુઈ આતુર પલક લાગી જદી ॥
તીવારા ગડી આમાને ગાલ ગુદરીઆ તદી ॥૧॥

સુહો રહ્યો મુજ પાસ ।। દાડમ કલી ભોરમે ।। દીઆ દશણુ પર પર ડંક લાગ્યો જુ અધરમે ।। ઈ ગાઈ રે ત્યારે ભાભીએ કેવું ।।

દોહો એ જ ઢાલમાં

અધરા ચસકો ઉઠીઓ ભાભી બતલાતાં ।।
જબ મે નિણુદલ જાણુલી એ બાતાં ।। ૧ ।।
ઢાવ કરો તો કહુ ઠીક પુન છપસે નહી ।।
આપણે મહાજન જાત કરસ લાગશી સહી ।।

તે ગાઈ રહ્યા પછી રતનાં વાસકસજયા એણે ભાવ કરીને ।। ચત્રુરાં પ્રતે કેવુ તેનું ગાવણું ।। મણીઆરની ગુલાલની ।।

અને હો કદી સૂર હોસી રે અસ્ત ।।
અને હો પીઆં અમલં હોસાં મસ્ત ।।
અને હો ફુલારી સેજ બીછાવા ।।
અને હો પીઆ મન આજ મનવા ।।
અને હો લટકતી ચારે વારી ।।
અને હો અલબેલા પર બલેહારી ।।
અને હો મેહેલાંમે રંગ રંગીજે ।।
અને દીપક ચોફેર ધરી જે ।।
અને હો રાજ રે પંખા ઉડાવા ।।
અને હો બીડી પાનરી ચવાવાં ।।
અને હો લાગી તન સોહી જાંણે ।।
અને હો દેખ્યા ઘેન આવે માને ।।
અને હો ચત્રુરાં દોવારે ઉભીજે ।।
અને હો રાજના ઝાલો દીજે ।।

ઇ ગાઇ રહે ત્યારે રતનાના વર લખમીદાસને આવવું ।। તેનું ગાવણું ।।

॥ દેશી દેશી તેજાંની ॥

અડેક આયા દીલશે ભાયા ॥ જરીક લીજે જુહાર અડવા અડેક આયા ॥

૪ ગાઇને આવે તારે તેને પડવાલાએ પુછ્વુ જેથે કોણુ હો ॥ તારે તેને જબાબ દેવો ॥ જે મે લખમીદાસ હાં ને હીરાચંદરો જમાઇ હા ॥ ચીત્રગઢમે મારા ભાઇ જેતમાલરો વીવા હે છકે મ્હારી ગુલાઇરો આણો લેણ આયો હાં ॥ એ કે તારે પડવાલે કેવુ જે આછો થે અઠે બીરાજો ને મે સેઠરે ઘરે ખબર દેવાહાં ॥ એમ કહીને લખમીદાસને બેસાડવો ॥ પછે ભાભીએ રતનાંને કેવુ તેનુ ગાવણું ॥

॥ કજોડાના કાંચલીયાની ઢાલ છે ॥

ઠારો દેવર જેતમાલરો ઉઠે વીરો અવકાસરે ॥
આણો લેણ લખમીદાસ આયો ॥
ઓઢસી એણે અવાસ રે

રતનાં વાયક ભાભી પ્રત્યે

આજ સાંઝરો જાગ કીઓ મે છણસું જીર આયો નન રે ॥
કહોજી આવણ કી બણે ભાભીજી માયરા સોગન રે ॥

ભાભી વાયક

રતના કાજ કાઇ કરો રે નાહી નણુદ થે બાલરે ॥
આજ અઠે જો નહી મીલે તો ॥ આવસી નિસચે કાલ રે ॥

રતનાં વાયક ભાભી પ્રત્યે કહે છે

તાત ઘરે હુ નહી મલુ રે જરૂર ભાભી જાણુ રે
ચૂકા અઠે જો મેલસો તો તજીસ મ્હારો પ્રાણુ રે ॥

૪ ગાઇ રે તારે ભાભીએ જે લખમીદાસને કેવુ જે ॥ થે અઠે દો દીન રહો ને મે તૈયારી કરાહા ॥ એમ કહી બેસવું ॥ તારે રતનાએ ચત્રુરાંને કેવું તેનુ ગાવણું.

॥ ઢાલ સીઆં બાસણીનાં રાગ આસાવરી ॥ રતનાં વાયક ॥

આજ અચાનક આયો અઠે ॥ આણો લે ભરથાર રે ॥
તાત ઘરે કહું નઇ મલુરે જરૂર ભાભી જાણુ રે ॥

માણા રાજ હો મંગલ ગાવો ॥
મેલ તો બણીઓ લેખરે હાથ મંગલ ગાવો ॥
રતન દીઓ હે કયી ॥ હાથ માણાં રાજ મંગલ ગાવો ॥
ઈ ગાઇને પછે ચત્રુરાએ શેઠ ને કેવું જે જુસે ચંદગઢ આવ્યો ॥
જીમે ચંદાવતી રતનારી સાહેલી હે ॥ જીણનું રતના મિલણ જાસી ॥
જીકો આજ ડેરા અઠે હી કરી જે ॥ ત્યારે સેઠે કેવું ઘણું આછો ॥
આજ અઠેહી રેવસાં એસ કે એટલે રતના સાથેની છેડાછેડી
છોડીને અમૃતીની છેડાછેડી બાંધીને ચત્રુરાએ સેઠ ને કેવું જે
રતના મીલ આઈ ॥

અણે જાલી જે એટલે સેઠ તથા અમૃતી તથા ચત્રુરાં વગેરેને જેઈ વેસ
ઉતારવો ॥ ને રતનાએ આડો પડદો ઝાલી જનાની સંવાંગ ઉતારી
મડદાંનો સવાંગ કરવો ॥

તેમાં રતનના દડા કેડીઆમાં રેવા દેવા ॥
આયુધ ઢાલ ભાલૂં કમાન વિગેરે હથીઆર બાંધવા ॥
એસ મરદનો વેશ કરી ને પડદામાં સાખી દેવી ॥

॥ રાગ તોડી ॥ લાલ બટાઉની દેશીમાં ॥

બંધન જુગમે સહે વિધા ॥ જિણમે પ્રેમ સજોર ॥
નીત ધર્મ સુખ લાજનુ ॥ છાંડ મમત કુલ છોર ॥ ૧ ॥
છેક ॥ હોજી રે રતનસિગજી છેક ॥ હોજી રે ॥ ૨ ॥

ફીણુરો બાગ ઇકે દો માને ॥ કુણ કહો બાગવાન રે ॥ હારે
ફુલ ચવેલી કેતકીરા કાંઇ ગુલાબારો દામ રે ॥ છેક ॥ તે છેક કહી
ને પછે રતનગંગજીએ કેવુ જે લાલજી મે જીકો બાત કહી સો થે
સમન લીવી હોઇ તો માને જવાબ દીજે ત્યારે જે પાસે માણસ ઊભા
હોય તે કેજે ॥ થાં કયો જીકો મે ચાર બાત સમજ લીવી ॥ એકતો
થારો નામ રતનસિંગજી ॥ દુજો ફીરણો બાગ ॥ સો યા રંગ બાગ
કવર હમીરજીરો હે ॥ ત્રીજો કહ્યો જુ બાગબાન કુણ હે ॥ જીકો

બાગવાન મે માલી હાં ને મારો નામ ઉદો બાજે હે ।। ચોથી બાત કહી સો ગુલાબારો દામ કાંઇ ।। સો ગુલાબતો મુગા હે ।। એક ફુલરા પાંચ રૂપૈયા બેઠે હે ।। એવુ કે તે પછેનું ગાવણું ।।

હો જી રે ।। મે મુસાફર દૂર દેશાંરા ।। મુરજી રહણુ અઠે રાત રે ।। પાંચ મોહર મેં થાને દેસી ।। ચાલસા ફેર પરભાત રે ।। બાત ।।

એ ગાઇ રહ્યા પછે ઉદાએ કેવુ જે આછો અઠે બીરાજીએ ।। એટલે રતનસિંગજીએ બેસવુ ।। માલીથી બાત કરવી ને કવર હમીરજી રે પાસ સુખીઓ ખવાસ થો સો હે કે ને હે તારે જે માલી છે તે કે જે ।। આજકાલ સુખીઆરી હોડ કુણ કરસી ।। આજ તો ખાનખાના હો રહ્યો હો ।। તારે રતનાંસંગજીને કેવું ।।

જે એક માહરો કામ સુખીઆસુ હે સો થે કર દેવો ।। તારે માલી કે જે કાંઇ કામ હે ।। તારે કે જે માહરો એક રૂક્કો થે પોચાએ દેવો ।। સુખીઆસુ કાપ વાસ્તે જે મે અર સુકી.

ઉત્તર ગુજરાતની લોકકથાઓ

લેખક

શ્રી. ગણપતરામ મગનલાલ જોશી

શંઘેજા

[ઉત્તર ગુજરાતના ગામડાંની ધરતીની ધૂળમાં ઢબુરાયેલી કેટલીક લોકકથાઓને શ્રી. ગણપતલાલ જોશીએ અક્ષરદેહ આપ્યો છે. એમાંની કેટલીક કથાઓ શ્રી. રાયચુરા સંપાદિત 'શારદા' માં પ્રસિદ્ધ થઈ ચૂકી છે. અહીં પ્રસિદ્ધ કરેલી તેમની વાર્તાઓમાં વીરત્વ અને સમર્પણની ભાવના વિશેષ જોવા મળે છે.]

અજાની ભાલડી

"બાપુ ! મારાથી હવે ડગલુંએ નહિ ચલાય ! મારા પગ તો થાભલા જેવા થઇ ગયા છે, માટે હું તો અહીં બેસીશ !"

"બેટા ! આ તો વનવગડો ! ખરા બપોર થવા આવ્યા છે. પક્ષી સરખુએ ફરકતું નથી, માટે હવે જરા ચાંપીને આગળ ચાલ !"

"બાપુ ! ગમે તેમ હોય ! મારો કંઠ સૂકાઇ ગયો છે ! પગમાં જણકારા થાય છે માટે હવે તો થાક ખાવા દો !"

"શાન્તા ! કાલી ન થા ! આ તો મધ્ય જંગલ ! અજાજી જેવો કોઇ લૂંટારો આવશે તો આપણને લૂંટી જશે માટે વેળાસર ગામમાં જઇએ તો સારું ?"

આ પ્રમાણે મોટી ભોયણના સીમાડામાં ચૈત્ર માસના તીખા તડકામા મુસાફરી કરનાર બાપ દીકરી વાર્તાલાપ કરતાં પોતાનો પંથ કાપતા હતા. આ પૈકી બાપ આધેડ વયનો હતો અને દીકરી યૌવનના પૂર્ણ બહારથી વિકસતી ખીલતી કળી હતી. બન્નેના ચહેરા પર લાબી મુસાફરીના સ્પષ્ટ ચિહ્નો જણાઇ આવતાં હતાં.

જંગલ નિર્જન હોવાથી ઘણું જ ભયંકર લાગતું હતું. ફ્લાઉ ઝાડનાં દર્શન અત્રે ઘણાં જ દુર્લભ હતાં. ફક્ત ખાખરા, બાવળ,

વરખડા વગેરે ઝાડ જ્યાં ત્યાં જણાતા હતાં. જાણે કુદરત દેવીએ ખાખરાના વૃક્ષોને કેસરીઆ વાઘાથી નવાજેલા હોય એમ વનશ્રીની સુંદરતા નિહાળતાં ડોસાને કાંઇ આનંદ તો થયો, પણ દીકરી તરસી હતી એટલે માર્ગનો જલદી અન્ત આવે તો સારું. તેથી કુદરતના રસભંડાર તરફ પણ લક્ષ ન આપતાં એણે સાદ પાડયો. "શાન્તા! જરા ચાપીને ચાલ! જો અજાના સ્વારો મળશે તો આપણને લૂંટી લેશે!" આ સાંભળી શાન્તા કંઈ સમજી અને બન્ને બાપ દીકરીએ એકબીજાની નજીક રહી ચાલવાનો મક્કમ વિચાર કર્યો.

ઉપરોક્ત વાર્તાલાપ થયા બાદ તેઓ એકાદ ખેતરવા ગયા હશે. એ દરમ્યાન એક શસ્ત્રધારી માણસે એમને આંતરી લીધા અને રાતી આંખ કરી પૂછવા લાગ્યો. "અલ્યા તમે કોણ છો?"

યમદૂત સમા માણસને જોઈ બન્નેના હાજાં ગગડી ગયાં. એમને તો શ્વાસ લેવા જેટલી પણ શક્તિ ન રહી. આખરે મહા મુશ્કેલીએ બે હાથ જોડી બાપે જવાબ આપ્યો: "બાપજી! અમે તો બ્રાહ્મણ છીએ" ખંભાતથી આવીએ છીએ અને પાલનપુર જવું છે! આ મારી દીકરીને હું પાલનપુર મૂકવા જાઉં છું."

વિકરાળ સિંહગર્જના કરી બીજીવાર પેલો પૂછવા લાગ્યો. "અલ્યા તું એમ ધારે છે કે અજોજી કુવાસીઓના ગવાળા લૂંટનાર ધાડપાડુ છે?"

ડોસાએ કંપતા હૃદયે જવાબ આપ્યો: "ભાઈ સાબ, મારું નામ પ્રભાશંકર! લોકવાયકા એવી હતી જેથી અમે એ વાત કરતાં હતા."

જળના તરંગ સમ અજાના મોં પર હાસ્યની મધુર લહેરીઓ રમવા માંડી રુદ્રરૂપ ધારણ કરી જરા જોસથી બોલવા લાગ્યો.

"ત્યારે ઉતારો લૂગડા! તમે જેનાથી ડરો છો એ અજોજી આજ તમારા સામો જ ઊભો છે!"

ડોસો થરથર કંપવા લાગ્યો "ભાઈ સાબ ! અમે તો બ્રાહ્મણ, અમને બચાવશો તો પ્રભુ તમારું કલ્યાણ કરશે !"

અજોજી ખડખડ હસ્યા. "મહારાજ ! હું તો જરા ગમ્મત કરું છુ ! તમે ધારો છો એ ખોટું છે. મારા ઘોડા તો દુષ્ટને દંડ દેવા માટે ફરે છે. પણ આજ તો તમે મારા મહેમાન છો. માટે મારું ઝૂપડું પાવન કરવુ પડશે !" એમ અતિશય આગ્રહ કરી બન્નેને પોતાને ત્યા લઈ ગયો.

અજાજીએ એમની ત્રણ દિવસ સુધી રાજસી ઠાઠથી પરોણા ચાકરી કરી. એના માટે દરરોજ ઘીનાં જ આધણ મુકવા માંડ્યાં, પણ ...પણ ડોસાને ઘર છોડે ઝાઝા દિવસ થયેલા; જેથી એમને ત્યાંથી નીકળવાની રજા માગી.

"મહારાજ ! તમે અમારે ત્યાં ક્યાંથી ? માટે એકાદ દિવસ વધારે રોકાઈ જાઓ તો સારું !" એમ તેણે સવિનય એકાદ દિવસ વધારે રોકાઈ જવા આગ્રહ કર્યો.

પ્રભાશંકરે બીજી વાર દલીલ કરી. "ઠાકોર ઘર છોડે અમને ઘણા દિવસ થયા છે જેથી મને પાછાં વળતા વિલંબ થશે તો ઘેર સગા ચિંતા કરશે માટે અમને મહેરબાની કરી રજા આપો !"

અજાજીએ આ બાબત ખૂબ વિચાર કર્યો. છેવટે શાન્તા આગળ વસ્ત્રાભૂષણની એક પોટલી મૂકી. "દીકરી, તું તો બ્રાહ્મણની કુવાસી, એટલે મારી પાસે કાપડું માગે. માટે તારા મનગમતાં ઘરેણાં પહેરી લે !" એમ કહી એમણે પોટકી છોડી.

શાન્તાએ તેમાથી ફક્ત એક કંઠી જ લીધી. અજાજીને આ સમ્બાવતથી બિલકુલ સંતોષ ન થયો; જેથી એ હસતે મોએ બોલી ઉઠ્યા. "ઉંહુ ! એમાં શુ લીધુ અમે જે કમાઈએ છીએ તે તમારા જેવા બ્રાહ્મણ શ્રવણના નસીબનું ! માટે તું સુખેથી ગવાળો ભર ! અમારા પર રામધણીની મહેરબાની છે. માટે જરાપણ ગભરાઈશ

નહિ !" એમ સમજાવી એણે તમામ દાગીના તથા લુગડાં એના ગવાળામાં બંધાવ્યા.

આ ઘટનાથી પ્રભાશંકર કંઇ રાજી તો થયો પણ થોડી વાર વિચાર કરી બોલ્યો "ઠાકોર, તમે આપો છો ખરા ! પણ અમે એને ક્યાં વેંઢાળીશું ? અમારા પાસેથી તો કોઈ લપડાક મારીને લૂંટી જાય અને અમને માર પડે તે નફાનો ! માટે અધવચ ગુમાવ્યા કરતા આપની પાસે જ રાખો તો સારું !" એ પ્રમાણે એમણે દાગીના પાછા લેવા વિનંતી કરી.

અજાજીની આંખમાં શૌર્યના તેજ ચમક્યાં. તે એકદમ ગર્જના કરી બોલી ઊઠયા. "કોણ લૂંટનાર છે ? તમારે જરાપણ ગભરાવું નહિ. તમારી સાથે વળાવો મોકલીશ માટે જરા પણ ફીકર રાખશો નહિ." હિંમત આપી આમ અજાજીએ એમને શાન્ત પાડ્યા.

વિદાયગીરી વખતે અજાજીને આશિષ આપી. પ્રભાશંકરે વળાવો મોકલવાની માગણી કરી. આ સાંભળી અજાજીએ તુર્ત ભાથો મંગાવ્યો અને એમાંથી એક ભાલડી ખેંચી, "મહારાજ, આ તમારો વળાવો. તમે તેટલા સુધી જાઓ તો પણ તમારું કોઈ નામ નહિ લે." એમ સમજાવી એમના હાથમા એક ભાલડી મુકી.

પ્રભાશંકરને અજાજીના વચન ઉપર જરા પણ વિશ્વાસ ન આવ્યો. "ઠાકોર, આ જમાનામાં તો આ તમારી નિર્જીવ ભાલડીનો શો હિસાબ ! આપે શુ અમારાં માથાં રણમા રઝળાવવા ધાર્યા છે કે આપ આટલું જોખમ હોવા છતા પણ આ ભાલડી આપી અમને રવાના કરો છો ?"

અજાજીનાં રૂંવાટા ઊભાં થયાં "મહારાજ, એનુ બળ તો પચાસ માણસો કરતાં પણ વિશેષ છે તમારું નામ દે તો મારી પાસે આવજો. જો તમને માર્ગમાં કોઇ લુંટી લેશે તો હું એના બરાબર જવાબ દઇશ, માટે સુખેથી જાઓ !" એ પ્રમાણે આશ્વાસન આપી પ્રભાશંકરને રવાના કર્યા. પ્રભાશંકર પણ આ ભાલડીની મહત્તા સમજી એને

ડોસો થરથર કંપવા લાગ્યો "ભાઈ સાબ ! અમે તો બ્રાહ્મણ, અમને બચાવશો તો પ્રભુ તમારું કલ્યાણ કરશે !"

અજોજી ખડખડ હસ્યા. "મહારાજ ! હું તો જરા ગમ્મત કરું છું ! તમે ધારો છો એ ખોટું છે. મારા ઘોડા તો દુષ્ટને દંડ દેવા માટે ફરે છે. પણ આજ તો તમે મારા મહેમાન છો. માટે મારું ઝૂપડું પાવન કરવુ પડશે !" એમ અતિશય આગ્રહ કરી બન્નેને પોતાને ત્યા લઈ ગયો.

અજાજીએ એમની ત્રણ દિવસ સુધી રાજસી ઠાઠથી પરોણા ચાકરી કરી. એના માટે દરરોજ ઘીનાં જ આધણુ મુકવા માંડ્યાં, પણ ...પણ ડોસાને ઘર છોડે ઝાઝા દિવસ થયેલા; જેથી એમને ત્યાંથી નીકળવાની રજા માગી.

"મહારાજ ! તમે અમારે ત્યાં કયાંથી ? માટે એકાદ દિવસ વધારે રોકાઈ જાઓ તો સારું !" એમ તેણે સવિનય એકાદ દિવસ વધારે રોકાઈ જવા આગ્રહ કર્યો.

પ્રભાશંકરે બીજી વાર દલીલ કરી. "ઠાકોર ઘર છોડે અમને ઘણા દિવસ થયા છે જેથી મને પાછાં વળતાં વિલંબ થશે તો ઘેર સગાં ચિંતા કરશે માટે અમને મહેરબાની કરી રજા આપો !"

અજાજીએ આ બાબત ખૂબ વિચાર કર્યો. છેવટે શાન્તા આગળ વસ્ત્રાભૂષણની એક પોટલી મૂકી. "દીકરી, તું તો બ્રાહ્મણની કુંવાસી, એટલે મારી પાસે કાપડું માગે, માટે તારા મનગમતાં ઘરેણાં પહેરી લે !" એમ કહી એમણે પોટકી છોડી.

શાન્તાએ તેમાંથી ફક્ત એક કંઠી જ લીધી. અજાજીને આ સખાવતથી બિલકુલ સંતોષ ન થયો; જેથી એ હસતે મોએ બોલી ઉઠયા. "ઉંહ ! એમાં શુ લીધુ અમે જે કમાઈએ છીએ તે તમારા જેવા બ્રાહ્મણ શ્રવણના નસીબનું ! માટે તું સુખેથી ગવાળો ભર ! અમારા પર રામધણીની મહેરબાની છે. માટે જરાપણ ગભરાઈશ

નહિ !" એમ સમજાવી એણે તમામ દાગીના તથા લૂગડા એના ગવાળામાં બંધાવ્યા.

આ ઘટનાથી પ્રભાશંકર કંઇ રાજી તો થયો પણ થોડી વાર વિચાર કરી બોલ્યો. "ઠાકોર, તમે આપો છો ખરા ! પણ અમે એને કયા વેંઢાળીશુ ? અમારા પાસેથી તો કોઈ લપડાક મારીને લૂંટી જાય અને અમને માર પડે તે નફાનો ! માટે અવશ્ય ગુમાવ્યા કરતા આપની પાસે જ રાખો તો સારુ ! " એ પ્રમાણે એમણે દાગીના પાછા લેવા વિનંતી કરી.

અજાજીની આખમાં શૌર્યના તેજ ચમક્યા. તે એકદમ ગર્જના કરી બોલી ઊઠયા. "કોણ લૂંટનાર છે ? તમારે જરાપણ ગભરાવું નહિ. તમારી સાથે વળાવો મોકલીશ માટે જરા પણ ફીકર રાખશો નહિ. " હિમત આપી આમ અજાજીએ એમને શાન્ત પાડ્યા.

વિદાયગીરી વખતે અજાજીને આશિષ આપી. પ્રભાશંકરે વળાવો મોકલવાની માગણી કરી. આ સાંભળી અજાજીએ તૂર્ત ભાથો મંગાવ્યો અને એમાથી એક ભાલડી ખેંચી, " મહારાજ, આ તમારો વળાવો. ગમે તેટલા સુધી જાઓ તો પણ તમારું કોઈ નામ નહિ લે. " એમ સમજાવી એમના હાથમાં એક ભાલડી મૂકી.

પ્રભાશંકરને અજાજીના વચન ઉપર જરા પણ વિશ્વાસ ન આવ્યો. " ઠાકોર, આ જમાનામાં તો આ તમારી નિર્જીવ ભાલડીનો શો હિસાબ ! આપે શું અમારાં માથા રણુમા રઝળાવવા ધાર્યાં છે કે આપ આટલું જોખમ હોવા છતાં પણ આ ભાલડી આપી અમને રવાના કરો છો ? "

અજાજીનાં રૂવાટાં ઊભાં થયાં " મહારાજ, એનુ બળ તો પચાસ માણુસો કરતાં પણ વિશેષ છે. તમારું નામ દે તો મારી પાસે આવજો. જો તમને માર્ગમા કોઇ લૂંટી લેશે તો હું એના બરાબર જવાબ દઇશ; માટે સુખેથી જાઓ !" એ પ્રમાણે આશ્વાસન આપી પ્રભાશંકરને રવાના કર્યા. પ્રભાશંકર પણ આ ભાલડીની મહત્તા સમજી એને

બળવાન શસ્ત્રધારી શૂરવીર તુલ્ય માની બન્ને બાપ દીકરી પોતાનો પંથ કાપવા લાગ્યાં.

(૩)

ચાર દિવસમાં તો દડમજલ કરતાં બન્ને બાપ દીકરી કોઈ એક રમણીય સ્થળે આવી પહોંચ્યાં. પક્ષીઓના મંજુલ સૂરે તથા મહોરાતી મંજરીથી લચી રહેલા આમ્રવૃક્ષની શીતળ છાયાથી પ્રભાશંકરનું ચિત્ત આકર્ષાયું. એ ખડીઓ ઉતારી એક આમ્ર વૃક્ષની છાયામાં બેઠાં. સંસારના સુખદુઃખનો સ્વપ્ને પણ ખ્યાલ ન બાંધનાર હર્ષમાં આવી ખેલતી નિર્દોષ કુમારિકાની માફક આમતેમ નાચતી નદી જોઈ તેઓનું હૈયું ઠર્યું. જેથી ખળખળ વહેતા એના નિર્મળ જળમાથી એમણે થોડું પાણી પીધુ. પ્રભાશંકરે પણ પંચીયું પહેરી સ્નાન કર્યું અને જળમાં ઊભા રહી સવિતાદેવને અર્ઘ્ય આપ્યા. શાન્તા તે ભાલડી જોઇ સુખ્યત્વે અજાજીએ આંકેલી એની કિમત સાંભળી ઘણું જ હસવું આવતું જેથી મજાકમાં એ બોલી. "બાપુ, આપણો વળાવો નાહ્યા સિવાય રહી ગયેલ છે!"

ડોસાએ હસતાં જવાબ આપ્યો. "તેને પણ નવરાવને! તને કોણ ના કહે છે?"

શાન્તાએ એને જળમાં બોળી તથા થોડું નૈવેદ્ય ધરાવી બાપ દીકરી ભાથું ખાવા બેઠાં. આ દરમ્યાન ડોસાના કાને ઘોડાના ડાબલાનો અવાજ પડચો. "બેટા, આજે આપણ ભયમાં છીએ. જો સામેથી સ્વારો આવી પહોંચ્યા છે!" એમ દીકરી આગળ ભાવિ આફતનું બયાન કર્યું.

"અરે કોણ છો રે? જો તમારે તમારો જીવ બચાવવો હોય તો પાસે જે માયા હોય તેની ઢગલી કરો!" એમ ઉદ્દેશી ટુકડીનો નાયક બંદૂક ધરી ઊભો રહ્યો. જોતજોતામા ટુકડીના સ્વારોએ પણ એમને ઘેરી લીધા અને નાયકના હુકમની રાહ જોઈ બંદૂક ધરી તેઓ પણ તૈયાર થઈ ઊભા રહ્યા.

પ્રભાશંકરે આ લૂંટારાઓને ભાલડી બતાવી. "ભાઈઓ! અમારે તો અજા ભોંયણીઆની રખવાળી છે એની નિશાનીમા એણે ભાલડી પણ આપેલ છે માટે આપને યોગ્ય લાગે તે કરો!"

અજાજીનું નામ સાભળી તેઓ ચમકયા "અલ્યા શુ તું અમને અજાનો ડર બતાવે છે? અમે તો એને નથી ઓળખતા માટે સીધી રીતે લૂગડાં ઉતાર!" એમ ડરાવી લૂંટારાએ સર્વસ્વ લૂંટી લીધુ.

બ્રાહ્મણે ઘણા કાલાવાલા કર્યા પણ એનુ કોણ માને? આખરે બાપ દીકરી હતાશ થઈ સિદ્ધપુર ગયા અને શાન્તાને કોઈ ઓળખીતાને ત્યાં મૂકી, પહેરવા જોગ લૂગડાં લઈ ભોંયણીને પંથે પડ્યો.

જેમ બને તેમ ત્વરાથી પંથ કાપતો પ્રભાશંકર ભોંયણીની ભાગોળે આવી પહોચ્યો. માર્ગમા અનુભવેલી કર્મકથની અજાજીને કેવા ભાવથી વ્યક્ત કરવી, એ સંબંધે એણે ઘણા વિચારો કરેલ પણ યોગ્ય સીમ આવતા એને કાળજે ડૂમો બાઝયો, અને એની જીભ ચોંટી ગઈ જેથી એક શબ્દ પણ બોલી શકયો નહિ.

"મહારાજ તમે કેમ રડો છો? કંઈ કહો તો ખરા!" અજાજીએ પ્રશ્ન પૂછયો. પણ પ્રભાશંકરની આખમા અશ્રુપ્રવાહ વધવા લાગ્યો.

"મહારાજ, તમારી આખમાં આંસુ જોઈ મારે પેટમા ઉકળતું તેલ રેડાય છે! જ્યાંસુધી તમારું દુઃખ ન ટાળુ ત્યાસુધી ભોંયણનું પાણી હરામ છે!"

અજાજીએ બ્રાહ્મણને શાન્ત પાડી કહ્યુ. "મહારાજ, સુખેથી કહો. અમે તમારા જેવાની સેવા કરવા સર્જાયા છીએ." એમ બ્રાહ્મણને ઠંડો પાડી ધીમે રહી હકીકત મેળવવા એણે તજવીજ કરી. પ્રભા-શંકરે જવાબ આપ્યો. "ઠાકોર, તમારી ભાલડીનુ રખોપુ છતા હું લૂંટાયો. માર્ગમા બે ત્રણ સ્થળે મને ઘોડા મળેલા, તમારી ભાલડી બતાવી એટલે કોઈએ નામ ન લીધુ. પણ સિદ્ધપુર તાલુકાની હદમા અમને તો લૂંટયા." એમ બોલતાં એની આખમા પાણી આવ્યા.

"હેં! શું મારી ભાલડી હોવા છતાં તમને લૂંટયા! ઠીક! જોઉં છું?" એમ ક્રોધના આવેશમાં આવી એણે ગર્જના કરી. જોતજોતામાં આ બીના આખી ભોંયણુમાં જાહેર થઈ અને ગામમાં સિંધુડા રાગે ઢોલ વાગ્યો. સમુદ્રમાં જેમ મોજાં ઉછળે તેમ યુવાન વીરો ઉછળવા લાગ્યા. "અજાની ભાલડીનું અપમાન એ આખા ખાખરીઆ ટપાનુ અપમાન" એમ સમજી તમામ વીરો કર્તવ્યની વેદી ઉપર બલિદાન આપવા તૈયાર થયા.

"ભાઈ, હાલ તો આ ધીંગાણા માટે હું એકલો જ પૂરતો છું! તમારે કોઈને તસ્દી લેવા કારણ નથી! મોર પીંછેથી રળિયામણો, માટે તમે આપણી આબરૂ જાળવવા તૈયાર થયા છો એટલું બસ છે!" એમ દરેકને સમજાવી અજાએ પાછા મોકલ્યા અને પોતે રતુમડી ઘોડી પર સ્વાર થઈ જવા તૈયાર થયા.

દડમજલ કરતાં અજાજીએ સિદ્ધપુર તાલુકાની હદમાં પ્રવેશ કર્યો. એના હૃદયમાં ક્રોધનો દાવાનળ સળગતો હતો. જેથી જોનારને એની આકૃતિ ઘણી જ બિહામણી લાગતી હતી.

"અરે કોણ જાય છે રે!" અજાજીના કાને કોઈનો અવાજ આવ્યો. અજાજીએ તુર્ત તલવારની મૂઠ ઉપર હાથ મૂકયો અને પાછું જોઈ તપાસ કરતા વીસ માણસની ટુકડી નજરે પડી

"અલ્યા, તમે શુ મો લઈ ફરો છો? હમણા જ હું તમને મારી ઓળખાણ આપું છુ. જો કુવાસીઓના ગવાળા લૂટયા સિવાય તમારું પેટ ભરાતું ન હોય તો પેટમાં કોશો નાખવી હતી. માટે તમારે તો મો બતાવવું જ ન જોઇએ" એમ અજાજીએ એમને પાછો જવાબ આપ્યો. આ શબ્દો લૂંટારાની છાતીમાં સખ્ત વાગ્યા, જેથી ઉઘાડી તલવાર કરીને તેઓ સામે થયા.

"અલ્યા દેખાય છે કોઈ ચડાઉ! જાણે આખી દુનિયાનો બાદશાહ હોય એમ ચઢયું ચઢયું બોલે છે. મારો એને!" એમ કહી અજાજીના સામે તેઓ ધસ્યા.

અજાજીએ એ લોકોને ચેતાવ્યા. "અલ્યા તૈયાર થાઓ? તમે તમારો ધર્મ હાર્યા છો! પેલા બ્રાહ્મણને લૂંટી મારી ભાલડીનુ અપમાન કર્યું છે. માટે હોશિયાર રહેજો! પછી કહેશો કે અમને ચેતાવ્યા નહિ! આવો પહેલો ઘા કરો." એમ ચેતવણી આપી એણે તેઓને પડકાર કર્યો.

આ દરમ્યાન બહાદુર અજા ઉપર કોઈએ તલવારનો ઘા કર્યો. અજાએ ચાલાકીથી એ ઘાને પોતાની ઢાલ ઉપર ઝીલ્યો. અને જોતજોતામા સામા પક્ષના દસ માણસોનાં શિર ધડથી જુદા કર્યાં.

લોહી ઝરતા ધોધ સમ દસ વીર માણસોનાં ધડ ધૂળ ભેગાં થયેલાં જોઈ બાકીના લૂંટારા નાસવાની તૈયારીમાં હતા. પણ અજાજીએ એમને ઘેરી લીધા. "અલ્યા, કયા નાસો છો? બ્રાહ્મણનો માલ પાછો આપો નહિ તો એકને પણ જીવતો જવા નહિ દઉં!" એમ ઉઘાડી તલવારે સામે રહી એમને આંતરી લીધા.

નાયકે એમને જીવતદાન મળવાની માગણી કરી, પણ અજાજીએ તો એમને "બ્રાહ્મણનો માલ પાછો સોંપવો તથા કોઈ દિવસ ભાલડીનુ અપમાન કરવુ નહિ" એ શરતે એમને જીવતા જવા દેવાનો પોતાનો મત જાહેર કર્યો.

લૂંટારાઓએ એ વાતનો સ્વીકાર કર્યો. અને ભાલડી પ્રત્યે વફાદારીના સોગદ લઈ તેઓ ત્યાથી સિંહના પંઝામાંથી છૂટયા.

(૬)

બહાદુર અજાજીએ ઉપર વર્ણવ્યા પ્રમાણે બ્રાહ્મણની દીકરીને માલ પાછો સોપ્યો. આ બનાવથી એનુ ગૌરવ વધ્યું, અને સર્વ સ્થળે એના યશોગાન થવા માડયા. એ જીવ્યા ત્યાસુધી એમની ભાલડીનો વળાવો આખા ગુજરાતમાં ચાલ્યો. આ વાતને ઘણાં વર્ષ થયા છે. કહે છે હાલ પણ ભોયણી આ ફક્ત ભાલડી રોપીને જ રખવાળી ખાય છે. ધન્ય છે અનાથની રક્ષણ રૂપ ગણાતી અજાની ભાલડીને!

+ ‡ +

બાબરો

રાતના અગિઆર વાગ્યાનો સમય થવા આવ્યો હતો. અવનીમાં અંધકારના ઓળા પડતા હતા. વ્યોમ ફૂલવાડીમાં તારક પુષ્પો ખીલી રહ્યાં હતાં, અને એનાં આછાં તેજ ગાઢ અંધકારને કંઇક અંશે દૂર કરતા હતા. આ સમયે છત્રાલ ગામના સતા વડ નીચે એક મુસાફર ખેસ નાંખી સૂતો હતો. એને ઉંઘવા ઘણા પ્રયત્નો કર્યા, પણ નિદ્રા-દેવીએ એનાથી રૂસણાં લીધા હતા.

"કોણ સૂઈ રહ્યું છે? કેમ કોઈ બોલતું નથી?" એક ઘોડેસ્વારે છેટેથી પડકાર કર્યો.

મુસાફરના હાંજા ગગડી ગયા. ડરનો માર્યો એનો ચહેરો નિસ્તેજ થઈ ગયો. "ભાઈસાબ, મુસાફર છું! વખાનો માર્યો આવી ચઢ્યો છું! ગામમા મારે ઉતરવા સાધન નહિ હોવાથી રાત અહીં ગાળવી છે."

"અમારા ગામનો એવો નિયમ છે કે કોઈ ભૂખ્યું તો ન જ સૂઈ રહે! મને લાગે છે કે તું ભૂખ્યો છે! લે આ મીઠાઇનું પડીકું અને તું પેટ ઠારીને ખા!" સ્વારે એના નજીક જઇ મીઠાઈનું પડીકું આપ્યું.

મુસાફરે ખાવા ઘણા પ્રયત્ન કર્યા પણ એના ગળે કોળીઓ ઉતરતો ન હતો. સ્વાર વડની વડવાઇએ ઘોડાની લગામ બાંધી નજીકની વાવમાથી પાણીનો લોટો ભરી લાવ્યો.

"બાપલા, એટલું બધું શું દુઃખ છે કે અન્નપાણીની આખડી લીધી છે! જરૂર તારું દુઃખ ભાગીશ માટે પેટ ઠારી તું ખા!" સ્વારે મુસાફરનો બરડો થાબડી એને વચન આપી આશ્વાસન આપ્યું.

"દરબાર! આ ગામના સધીર શેઠના ત્યાં મેં મારી દીકરી પરણાવવા માટે પેટે પાટા બાંધી પેદા કરેલ પૈસા જમે મૂકયા છે! પૈસા માટે ગયો તો એમને હાથ ઊંચા કર્યા. હું તો મારી દીકરીનું લગ્ન પણ લઈ ચૂકયો છું. પરમ દિવસે તો જાન આવશે! હવે

મારી લાજ કેવી રીતે રહેવાની છે!" એની આંખમાંથી આસુ ટપકવા લાગ્યા.

"તું ગભરાઈશ નહિ! લગ્નમા કેટલા રૂપીઆની જરૂર પડશે?"

"આસરે એક હજાર!"

"લે પાચસો રૂપીઆ તો હાલ ગણી લે! બાકીના હુ લગ્નના દિવસે જરૂર લઈ તારે ત્યા આવીશ?" સ્વારે ચંદ્રમાના અજવાળે પાંચસો રૂપીઆ ગણી આપ્યા.

બાબરો જાતનો રજપૂત હતો. "તુંવાર" નામના ગામનો એ ઠાકોર હતો. બળેવના દિવસે એની બહેન માન કુંવરબાએ ઓવારણા લઈ ભાઈને રાખડી બાંધી. ભાઇએ ખુશ થઈ એ દિવસની તમામ ઉપજ બહેનને કાપડામા આપવાની જાહેર કરી. દેવકૃપાએ એ દિવસે વણઝારાની પોઠો આવી અને રાજને એ નિમિત્તે સારી રકમ મળી. લક્ષ્મી જોઇ આ રાજવીનુ ચંચળ ચિત્ત બદલાઇ ગયું. અને સધીરશા કારભારીની બદસલાહથી શબ્દછળ કરી એને બોલ્યું અબોલ્યું કર્યું. બહેન જેવી તેવી નહતી. એ એક પતિવ્રતા સાધવી સ્ત્રી હતી. જો કે એ ભાઈનુ અનિષ્ટ તો ઇચ્છતી ન હતી પણ કુંવાસીની આંતરડી કળકળવા લાગી, અને એથી એનો ભાઇ સ્વદેહે ભૂત યોનીમાં આથડવા લાગ્યો. એણે કલોલ તાલુકાના છત્રાલ ગામે વાવ ઉપરના વડમા પોતાની રહેઠાણુ રાખી.

બાબરો એ કાઇ જેવો તેવો સાધારણ માણુસ નહતો. ઝાયણીના દિવસે એ કોરાં કરકડતાં કપડા પહેરી સોનેરી હોકો લઈ રાવણુામાં બેસતો અને ગામના વૃદ્ધ પુરુષોને ભાવથી ભેટી એ રામ રામ કરતો હતો. મજાક કરવાની એને બહુ આદત હતી. ગામની ભાગોળે જાન જાય તો વરના જોડે વરનુ બનાવટી રૂપ લઈ એ બેસતો અને ખરો વર કોણુ છે એ પરીક્ષા કરાવવામાં જાનડીયો તથા જાનૈયાને એ પાણી ઉતરાવતો હતો. અજવાળી રાતે ગેડી દડાની રમતની મોસમમાં એ છોકરાનું રૂપ ધારણુ કરીને આવતો અને ભેરુઓને હંફાવતો હતો.

સધીર શેઠ એનો જૂનો કારભારી હતો. ગરીબ માણસને હેરાન કરતો જોઇ એના રોમેરોમમાં ક્રોધ વ્યાપી ગયો. "આખું રાજ્ય લૂંટી આટલી લક્ષ્મી મેળવી છતાં આ ગરીબની ચામડી ચૂંથવા આદત ન છોડી." આ પ્રમાણે વિચાર કરતાં એ દાંત પીસવા લાગ્યો. એણે પોતાના પ્રભાવથી એની તિજોરી તોડી અને આ ગરીબ માણસનું લહેણુ ચૂકતે કર્યું. લગ્ન વખતે એ જાતે માંડવે જઈ આ માણસની છોકરીનુ એણે વાજતેગાજતે પરણાવી.

બાબરાના પરાક્રમોની તથા પરોપકારી કૃત્યોની અનેક વાર્તાઓ ગામ લોક કહે છે. આ યંત્ર યુગમા ભૂતાવળનું બળ તો કમી થયેલ છે, છતા આ વડ નીચે કોઇ અન્યાય યા અધર્મ કરે તો બાબરો હજુ પણ શિક્ષા કરે છે. ગરીબોનો રખવાળ અને અધર્મીઓના કાળ સરખા આ વીર પુરુષની પ્રતીતિ જૂના જોગીશા વડ તથા વાવ હાલ પણ પૂરે છે.

*

ઉદારતા

"ના બાપુ ના! મારો હાથ પાછો ન કઢાય! મારા સમ! આટલુ તો પીવુ જ પડશે." આ પ્રમાણે બોલતાં એક માણસે આધેડ વયના એક તેજદાર પુરુષ આગળ હાથ ધર્યો.

"આજ તો ભાઈ તમોએ ભારે કરી! તમો બધા જુદા પણ હું તો એક જ ને! અત્યાર સુધી મેં બધાનાં માન રાખ્યા, પણ હવે કોઈ વિશેષ આગ્રહ કરશો નહિ!"

માથે જરકસીનો ફેંટો બાંધી રાજસી ઠાઠથી બેઠેલા દામોદર બારોટે મલકાતા મોએ આગળાંથી છાંટા નાંખી "રંગ છે આજના ડાયરાને!" એમ સર્વ ડાયરાને રંગ આપી કસૂંબો ગટગટાવ્યો.

વિજાપુર કસ્બાના બારોટવાડામાં એક આલિશાન ડેલીની દીવાલો રંગબેરંગી ચિત્રોથી શણગારવામાં આવી હતી. એની ભોંય ઉપર

ફીનખાબના બિછાનાં તથા મશરૂના ગાદી તકિયા ગોઠવવામાં આવેલ હતા. જાણે કોઈ રાજા–મહારાજાનુ આ ધામ હોય તેમ સર્વ વાતે આ ડેલીને દેદીપ્યમાન કરી હતી. આજે કોઈ પરદેશી કવિરાજ, પોતાની રસિક વાણીનો રસાસ્વાદ કરાવવાના હોવાથી ડાયરો પણ બરોબર જામ્યો હતો. મેઘલી રાતે જળકિનારે જેમ દેડકા બોલે તેમ હુક્કાના નાદથી આખું મકાન ગાજી રહ્યુ હતું. ડાયરામા બેસનાર બધાણીઓ આજે અમલથી ચકચૂર બની ડાયરામાં ઝોકા ખાતા હતા, તથા કેટલાક ઠુંગો ખાવામા મશગુલ થયા હતા. આ સમયે ડાયરામાં એક માણુસ દાખલ થયો અને બારોટને સલામ કરી યોગ્યતા મુજબ એમની નજીકના આસન પર જઈ બેઠો.

આ સમયે ગુજરાતમા બારોટ કોમનો કીર્તિચંદ્ર પૂર્ણ પ્રકાશમાં હતો. એમની જાહોજલાલી પણ અનન્ય હતી. જામીનગીરી તો એમના બાપની, અને એ કદાપી ખોટી ન થાય. એ કારણથી લાખો રૂપિયાની હામીનુ જોખમ એ ખેડતા, અને કેટલાક તો અમુક વરસના પટ્ટે પરગણાં પણ ઇજારાથી રાખતા હતા ટૂંકામાં આ સમયે સમાજમાં એમનો મોભો પણ કંઈ ઓર હતો. આ વખતે દામોદર બારોટે કડી પરગણું પાંચ વરસના પટ્ટે ઇજારાથી રાખેલું. જેથી રાજદરબારે તો એમના નામથી પથ્થર તરતા હતા.

આવનાર વ્યક્તિ થોડીવારે શાન્ત થઈ બાદ દામોદર બારોટે વાત ઉપાડી, “કેમ કાનજીભાઇ! મહેસુલનુ કામ ક્યાં સુધી આવ્યું છે?”

કાનજીભાઈએ જવાબ આપ્યો: “બાપુ! હાલ તો ઠીકઠીક ચાલે છે, પણ આપની દયાળુ વૃત્તિ લોકો કળી ગયા છે, એટલે અમે બરોબર ફાવતા નથી. ડાંડ માણસોને વશ કરવા અમે સખ્તાઈના ઇલાજો લઇએ, પણ આપની પાસે એ કરગરતા આવે, એટલે આપ એમને રાહત આપો, પછી અમારો શો દોષ? આપ આટલી ઉદારતા રાખો છો, પણ સરકારને તો ઇજારાની રકમ ભર્યા વગર છુટકો નહિ થાય! જુઓ તાકીદની ઉઘરાણીઓ પણ આવ્યા કરે છે, માટે હવે

તો મહેરબાની કરી અમને સખ્તાઇના ઈલાજો લેવા અધિકાર આપો તો સારું !"

બારોટના મો પર ઉદારતાના સ્પષ્ટ ચિહ્નો જણાવા માંડયા. "હોય ભાઈ ! એ તો એમ જ ચાલે ! બિચારા ખેડૂતો વરસાદની ઝડિયું, ટાઢ, તડકો વગેરે આફતો વેઠી માલ તૈયાર કરે અને આપણે કળતર વખતે એમનુ દિલ દુભાવીએ તો પ્રભુ આપણુ સારું ના કરે ! એમની આબાદીમા જ આપણી આબાદી છે, માટે આપણે તો મોટું દિલ રાખવુ જોઇએ !"

કાનજીભાઈ કામદાર આ સાંભળી બરબડવા લાગ્યા, "બાપુ ! આ ઉદારતા આપણુને નહિ પરવડે ! શ્રીમંત સરકારની તિજોરીમાં તો નાણા પહોંચાડવા પડશે ! આપ લોકના પાસેથી વસુલ નહિ કરવા દ્યો તો શું ઘરનાં મૂકશો ? માટે હવે તો આપ ડખલ ના કરો તો સારું !" એમ સવિનય જરા દબાવીને એને બારોટજી આગળ દર્દ-ભરી માગણી કરી

દામોદરજી બારોટના મન ઉપર કંઈ અસર તો થઈ. પણ થોડી વાર વિચાર કરી એમને પોતાનો મત જાહેર કર્યો: "ભાઈ આપણે તો ભ્રમરવૃત્તિ રાખવી જોઈએ, જેમ ભ્રમર પુષ્પમાથી મધ એકઠુ કરે છે, છતાં પણ એની સુંદરતાનો જેમ બિલકુલ નાશ થતો નથી, તેમ આપણે પણ ખેડૂતને અઘરું ન લાગે અને એની આંતરડી ના કળકળે એવી રીતે જ વસુલ ઉઘરાવવું જોઈએ !"

"ધન્ય છે આવી ઉદારવૃત્તિને !" એમ સર્વ મુખે બારોટનાં યશોગાન થવા માડયા. આ દરમ્યાન એક માણસ ડાયરામાં દાખલ થયો અને "સર્વ ડાયરાને રામ રામ છે" એમ બોલતાં બારોટજીના હાથમાં એક પત્ર મૂકયો

આવનાર યુવાનની મૂછનો દોરો હજુ ફૂટતો હતો. એણે કોરું કડકડતું અગરખું પહેર્યું હતુ, તથા રાતી ચણોઠી જેવી પાઘડી માથે

મૂકી હતી, જેથી એ સરકારી નોકર હોવાની વાત તો સ્પષ્ટ સિદ્ધ થતી હતી.

કારભારીએ વિશેષ ખાતરી માટે પ્રશ્ન કર્યો. "આપ કોણ છો?"

આવનાર યુવાને જવાબ આપ્યો, "મી બાલગીર આહે બડોદે હૂન યે તો!" એમ બોલતા તે યોગ્ય સ્થાને બેઠો અને વડોદરાની નવાજૂની કહેવા લાગ્યો.

દામોદરજી બારોટના ઈજારા દરમ્યાન એક સાલે મેઘરાજાની અકૃપા થઈ. ગુજરાતમા હાહાકાર થઈ રહ્યો. અનાજના ભાવો ઘણા જ વધી ગયા. ચાર પૂળો તો પડીકે બાંધી વેચાતો હોય, તેમ તેનાં ભારે મૂલ અકાવા લાગ્યા. લોકોએ ઝાડ ઉપર નજર નાખી. જેથી કેટલાક તો બોરડીનો કૂટો તથા ઝાડપાલો એકઠા કરીને ઢોર જીવાડવા લાગ્યા કેટલીક ગાયો બેહોક બેસીને ઠેરઠેર મરી જતી હતી. કેટલાક નિર્ધન માણસો ચરખડાનાં પીલા ખાઇ જીવતા તથા કેટલાક ભૂખમરાના ભોગ થઇ માર્ગમા પગ ઘસતા મરણ પથારીએ પડેલા જણાતા હતા આ વખતે તમામ દશ્યો ઘણા જ ભયંકર લાગતાં હતાં. જેથી હવે તો પ્રભુ જેની લાજ રાખે તે ખરી એવો ભયંકર મામલો આવી પહોંચ્યો હતો

આ વખતે વડોદરાની ગાદીએ શ્રીમંત મલ્હાવરાવ મહારાજ રાજ્ય કરતા હતા. એ ઘણા જ દયાળુ તથા પરદુઃખભંજન હતા, જેથી પ્રજાનાં દુઃખ ટાળવા એમને ચાપતા ઇલાજ લીધા, પણ આ રાજ્યની પ્રજા ઘણી જ સુખી હોવાથી પરરાજ્યના ઘણાં માણસો ત્યાં ભરાણાં. જેથી કેટલાક ગરીબ ઘરના ઉંબરે તેઓશ્રીની મદદ પ્રરતા પ્રમાણમાં પહોંચી શકી નહિ.

દામોદર બારોટે તો ખુલ્લા હાથથી લોકોને મદદ કરવા માંડી. કેટલાંક કુલીન કુટુંબો લાજના માર્યાં ઘરમા અટવાતાં હોય, અને કોઈના આગળ લાંબો હાથ કરે નહિ, તેવા માણસોની તલાસ કરી એમને ગુપ્ત મદદો કરવા માડી આગળ જતાં અનાજનો કોઈ વખત સારો ભાવ આવશે એમ જાણી કામદારે કેટલુક અનાજ સંગ્રહી

તો મહેરબાની કરી અમને સખ્તાઇના ઈલાજો લેવા અધિકાર આપો તો સારું!"

બારોટના મોં પર ઉદારતાનાં સ્પષ્ટ ચિહ્નો જણાવા માંડયા. "હોય ભાઈ! એ તો એમ જ ચાલે! બિચારા ખેડૂતો વરસાદની ઝડિયું, ટાઢ, તડકો વગેરે આફતો વેઠી માલ તૈયાર કરે અને આપણે કળીતર વખતે એમનું દિલ દુભાવીએ તો પ્રભુ આપણુ સારું ના કરે! એમની આબાદીમા જ આપણી આબાદી છે, માટે આપણે તો મોટું દિલ રાખવું જોઇએ!"

કાનજીભાઈ કામદાર આ સાંભળી બરબડવા લાગ્યા, "બાપુ! આ ઉદારતા આપણને નહિ પરવડે! શ્રીમંત સરકારની તિજોરીમાં તો નાણા પહોંચાડવા પડશે! આપ લોકના પાસેથી વસુલ નહિ કરવા દ્યો તો શું ઘરના મૂકશો? માટે હવે તો આપ ડખલ ના કરો તો સારું!" એમ સવિનય જરા દબાવીને એને બારોટજી આગળ દર્દ-ભરી માગણી કરી.

દામોદરજી બારોટના મન ઉપર કંઈ અસર તો થઈ. પણ થોડી વાર વિચાર કરી એમને પોતાનો મત જાહેર કર્યો: "ભાઈ આપણે તો ભ્રમરવૃત્તિ રાખવી જોઈએ, જેમ ભ્રમર પુષ્પમાથી મધ એકઠું કરે છે, છતાં પણ એની સુંદરતાનો જેમ બિલકુલ નાશ થતો નથી, તેમ આપણે પણ ખેડૂતને અઘરું ન લાગે અને એની આંતરડી ના કળકળે એવી રીતે જ વસુલ ઉઘરાવવુ જોઈએ!"

"ધન્ય છે આવી ઉદારવૃત્તિને!" એમ સર્વ મુખે બારોટનાં યશોગાન થવા માડયાં. આ દરમ્યાન એક માણસ ડાયરામાં દાખલ થયો અને "સર્વ ડાયરાને રામ રામ છે" એમ બોલતાં બારોટજીના હાથમા એક પત્ર મૂકયો.

આવનાર યુવાનની મૂછનો દોરો હજુ ફૂટતો હતો. એણે કોરું કડકડતું અગરખું પહેર્યું હતું, તથા રાતી ચણોઠી જેવી પાઘડી માથે

શ્રીમંતનો આ હુકમ થતાં તુર્ત જ લશ્કરની ટુકડી છૂટી, અને બારોટને વડોદરા લઇ જઇ જૂના રાજવાડામાં નજરકેદ કર્યા.

(૩)

ટાઢ કડકડતી હતી, હીમ પડવાથી આગળા પણ થથરતા હતાં, આજે તો સવારના આઠેક વાગ્યા હશે છતાં પણ ટાઢ ચમકારો બિલકુલ ઓછો થયો ન હતો. આ પ્રસંગે પીપળાના વૃક્ષ નીચે એક નિર્ભાગી દંપતી તેમનાં પ્રેત સમા બે છોકરા ટાઢથી થરથરતાં હતાં એમની પાસે એક ઉપરાન્ત બીજું એક પણ કપડું ન હતું જેથી એમની સ્થિતિ ઘણી જ દયાજનક લાગતી હતી.

આ સમયે દામોદર બારોટ ત્યાં થઇ નીકળ્યા. એમના ઉજળાં કપડા તથા ભવ્ય ચહેરો જોઇ પીપળાના નીચે ઊભેલી ભિખારણે દયા ભરી માગણી કરી.

" આપજો ભાઇ સાબ ! કાંઈ ફાટયું તૂટયું લુગડું હોય તો આપજો ! પ્રભુ તારું ભલુ કરશે ! આ છોકરા ટાઢે મરે છે ! "

આ દશ્ય જોઇ બારોટનું હૃદય વલોવાઇ ગયું, અને અંગ ઉપર ઓઢેલી કસબી શાલ ઉતારી ઉદારતાથી કહેવા લાગ્યા, " લે ભાઇ ! તારાં છોકરાને ઓઢાડ ! " એમ કહી એમના ઉપર ફેંકી.

" હાં–હા–બારોટ, આ શું કર્યું ? આપ તો નજરકેદમા છો છતાં આટલી ઉદારતા ! કઇ ઘરનો ખૂણો તો તપાસો ? તમે શું ઓઢશો ? " આ પ્રમાણે એમની પાછળ ચાલનાર પહેરેગીર બોલી ઊઠ્યો. બારોટે એના તરફ બિલકુલ લક્ષ ન આપતા, જાણે કંઇ મહાન કાર્ય કર્યું હોય એમ હરખાતા મુકામ તરફ ચાલી આવતા હતા

બારોટનો સ્વભાવ ઘણો જ આનંદી હતો તેઓ કેદમા પણ પોતાનો વખત ગમ્મતમા જ વ્યતીત કરતા હતા હુક્કો અને એમનો જીવ સાચો મિત્ર હતો, જેના વિના એમને એક પળ પણ ચાલતું નહિ.

રાખ્યું હતું, અને તે પ્રમાણે લાભ મેળવવાની આ સાલ સારી તક હતી. પણ દામોદર બારોટે તો પ્રજાનું દુઃખ દિલમાં ધર્યું અને ઉદાર હાથે લોકકલ્યાણ માટે સખાવતો કરવા માંડી.

કાનજીભાઈ કામદારને બારોટજીના વિચારો બિલકુલ ગમ્યા નહિ. કોઈપણ હિસાબે એમનાં નળિયાં સોનાનાં થાય એ એમનો મુખ્ય હેતુ હતો, જેથી એક દિવસ બારોટજી આગળ બરબડવા લાગ્યો.

"બાપુ! આપ તો આટલી સખાવત કરો છો, પણ આપણે તો અવેજ ભીડવો પડશે! આ ઈજારા દરમ્યાન આપણે એક પાઈ પણ ભરી નથી, પણ આપણું એમ કયાં સુધી ચાલશે? માટે હવે તો એનું કંઈ ઠેકાણું પાડીએ તો સારું!"

બારોટ ખડખડ હસવા લાગ્યા. "ભાઇ, એ તો લોકનું ધન છે માટે લોકના હિતમાં જ વપરાવવું જોઇએ. એ બદલ તમારે જરાપણ ગભરાવુ નહિ! હું શ્રીમંત મલ્હાવરાવ મહારાજને જવાબ દઇશ, માટે તમે ખુલ્લે દિલે મદદ કરો!" એમ એમને કામદારને સલાહ આપી.

કાનજીભાઇ હવે કઇ ઠેકાણે આવ્યા. જ્યારે બારોટજીની મરજી છે તો આપણે શા માટે આડી જીભ કરવી જોઇએ, એમ સમજી એને પણ હાથ પોલા રાખ્યા, અને કોઠારો ખાલી કરીને પણ પ્રજાને દુષ્કાળના પંજામાંથી બચાવી.

ઈજારાની રકમ બારોટજીના ખાતે લાંબી મુદત સુધી બાકીમાં ચાલેલી, જેથી શ્રીમંત સરકાર તરફથી ઘણી વખત બાલગીરો મોકલવામા આવતા, પણ ત્યા ને ત્યાં જ ભરાઇ રહેતા. બારોટજી એમના માટે તો ઘીનાં આધણ મૂકતા, તથા એમનો સત્કાર કરવામાં પણ બિલકુલ મણા રાખતા નહિ જેથી તેઓ પોતપોતાના ઘરને પણ વિસારી ત્યાં રોકાઇ રહ્યા હતા.

આખરે શ્રીમંત મલ્હાવરાવ મહારાજના કાને બાકીની હકીકત ગ..ી ..ને એમને તાબોદતોબ બારોટને પકડી લઇ જવા હુકમ કર્યો.

શ્રીમંતનો આ હુકમ થતાં તુર્ત જ લશ્કરની ટુકડી છૂટી, અને બારોટને વડોદરા લઇ જઇ જૂના રાજવાડામાં નજરકેદ કર્યા.

(૩)

ટાઢ કડકડતી હતી, હીમ પડવાથી આંગળાં પણ થથરતાં હતાં, આજે તો સવારના આઠેક વાગ્યા હશે છતાં પણ ટાઢ ચમકારો બિલકુલ ઓછો થયો ન હતો. આ પ્રસંગે પીપળાના વૃક્ષ નીચે એક નિર્ભાગી દંપતી તેમનાં પ્રેત સમાં બે છોકરાં ટાઢથી થરથરતા હતાં. એમની પાસે એક ઉપરાન્ત બીજું એક પણ કપડું ન હતું જેથી એમની સ્થિતિ ઘણી જ દયાજનક લાગતી હતી.

આ સમયે દામોદર બારોટ ત્યા થઇ નીકળ્યા. એમનાં ઉજળાં કપડાં તથા ભવ્ય ચહેરો જોઇ પીપળાના નીચે ઊભેલી ભિખારણે દયા ભરી માગણી કરી.

"આપજે ભાઇ સાબ ! કાંઈ ફાટયું તૂટયું લૂગડું હોય તો આપજે ! પ્રભુ તારું ભલું કરશે ! આ છોકરા ટાઢે મરે છે !"

આ દૃશ્ય જોઇ બારોટનું હૃદય વલોવાઇ ગયું, અને અંગ ઉપર ઓઢેલી કસબી શાલ ઉતારી ઉદારતાથી કહેવા લાગ્યા, "લે ભાઇ ! તારાં છોકરાંને ઓઢાડ !" એમ કહી એમના ઉપર ફેંકી.

"હાં–હા–બારોટ, આ શુ કર્યું ? આપ તો નજરકેદમા છો છતા આટલી ઉદારતા ! કઇ ઘરનો ખૂણો તો તકાસો ? તમે શું ઓઢશો ?" આ પ્રમાણે એમની પાછળ ચાલનાર પહેરેગીર બોલી ઊઠ્યો. બારોટે એના તરફ બિલકુલ લક્ષ ન આપતાં, જાણે કઇ મહાન કાર્ય કર્યું હોય એમ હરખાતા મુકામ તરફ ચાલી આવતા હતા.

બારોટનો સ્વભાવ ઘણો જ આનંદી હતો. તેઓ કેદમાં પણ પોતાનો વખત ગમ્મતમા જ વ્યતીત કરતા હતા. હુક્કો અને એમનો જીવ સાચો મિત્ર હતો, જેના વિના એમને એક પળ પણ ચાલતું નહિ.

એક દિવસ હંમેશના રિવાજ મુજબ તકિયે અઢેલી એ હુક્કો ગગડાવતા હતા, તે દરમ્યાન એક બ્રાહ્મણની ટેલનો અવાજ એમના કાને પડયો. આ બ્રાહ્મણ શહેરમાં ઘણા વખતથી ટેલ નાંખતો, પણ કોઈએ એની ટેલ પૂર્ણ કરેલ નહીં. જેથી બારોટને દયા આવી, અને તુર્ત જ એને એમના સમક્ષ ખડો કરવા હુકમ કર્યો.

એના આવ્યા પછી બારોટે એને પ્રશ્ન કર્યો: "કહે ભાઈ, તારી શી ટેલ છે?"

બ્રાહ્મણે ગદ્ગદ્ કંઠે જવાબ આપ્યો. "ભાઈસાબ મારી રૂપિયા આડસોની ટેલ છે. દીકરીના કન્યાદાનમાં આ પૈસા વાપરવાના છે, અમારી કોમમાં અમારે ભારે રકમ ચાંલ્લામાં આપવી પડે છે, જેથી મારે જરૂર છે. માટે જે મારી ટેલ પૂર્ણ કરશે એનું પ્રભુ કલ્યાણ કરશે!" આ મુજબ એને પોતાની દલીલ રજૂ કરી.

બારોટનુ હૃદય આ સાંભળી પીગળી ગયું. એમને હુક્કા ઉપરથી તુર્ત જ ચલમ ઉતારી અને એના સામુ તાકીને મનમાં વિચારવા લાગ્યા. "પ્રિય હુક્કા! તારી સોબતમા તો મેં ઘણો જ આનંદ કર્યો છે, અને તને લાડ લડાવવામાં મેં બિલકુલ મણા રાખી નથી. પણ હવે આ બ્રાહ્મણના ભલા માટે તારો વિયોગ કરવો પડે છે, માટે કંપતા હૃદયે કહેવુ છે, કે વીર જા! અને આ શુભ કાર્યમા તારા આત્માનું બલિદાન આપ!" આ પ્રમાણે ખ્યાલ બાંધી એમને હુક્કાને ભોય પર પછાડયો. અને એનાં કાછલાં બ્રાહ્મણને આપી બોલવા લાગ્યા. "મહારાજ, હાલ તો મારી પાસે રોકડ રકમ નથી! જેલમા એ કયાંથી હોય! પણ એકંદર આ હજારનું ધન છે તો એને વેચી તમારું કાર્ય કરજો!"

પહેરેગીર એકદમ ચમકયો. "બારોટ! હુક્કા વગર તો તમારે પણ નથી ચાલતું તો હવે શુ કરશો?"

બારોટે જવાબ આપ્યો. "હશે ભાઈ, એના વગર હું ચલવી લઈશ!" આ પ્રમાણે બોલતાં એના મોં પર ખાનદાનીનું તેજ ઝળકી ઉઠયું

(૪)

બારોટની અદ્વિતીય ઉદારતાના યશોગાન વડોદરામા પૂર્ણ જોસથી થવા માંડ્યા. એક વખતે શ્રીમંત મલ્હાવરાવ મહારાજના કાને પણ આ વાત ગઈ, જેથી તેઓશ્રીએ બારોટને દરબાર ભરી બોલાવ્યા અને સન્માન કરી ઉદ્દેશવા લાગ્યા. "બારોટજી! તમોએ મારી પ્રજાના કલ્યાણ માટે જ પૈસા વાપરી અમારા રાજ્યનુ ગૌરવ વધાર્યું છે માટે તમારી તમામ બાકી માડી વાળવામાં આવે છે! ખરેખર! કોઈ ઇજારદાર યા સરકારી નોકર હોજો તો તમારા જેવો પ્રજાનુ દુઃખ જાણનાર હજો! માટે તમારા નામે નવીન ઇજારો મંજૂર કરવામા આવે છે. અને આજથી તમને મશાલ ડંકાની પરવાનગી!" એ મુજબ એમની ઉદારતાની કદર કરી, એમને પોશાક આપી ભારે ઠાઠથી વિજાપુર મોકલ્યા. દામોદર બારોટની ઉદારતાના આવા ઘણા દાખલા છે આ વાતને હાલ એકસોને દશ વરસ થયા છે છતાં પણ વિજાપુરના બારોટવાડાના ચોરે જ્યારે ડાયરો ભરાય છે ત્યારે આવી ઘટનાઓ ઘણી વખત ચર્ચાય છે.

ઓ દુષ્ટ કાળ, તે આવા રત્નો કયા સંતાડયાં?

*

ફોરે ફોરમ ફૂલડાં

(ફૂલો વિષે કેટલીક લોકકથાઓ)

લેખક

શ્રી. કનૈયાલાલ જોશી

[લોકકથાનો વિષયફલક ઘણો વિસ્તૃત છે. સમાજજીવનના વિવિધ પ્રસંગો ઉપરાંત મનુષ્યજીવન સાથે સંકળાયેલાં તત્ત્વો પણ લોકકથાઓમાં નિરુપાયાં છે. પ્રાણીઓ અને પંખીઓ વિષે આથી જ ઘણી લોકકથાઓનો પ્રચાર અને પ્રસાર થયો છે.

ધર્મ, સંસ્કાર અને કલાના માધ્યમ તરીકે ફૂલનું સ્થાન અનોખું છે. મનુષ્યજીવનના માંગલ્યનું એ પ્રતીક છે. પરિણામે ફૂલો વિષે ઘણી જ લોકકથાઓ પ્રચલિત છે. અહીં પોયણું, ચંપા અને સૂરજમુખી–આ ત્રણ ફૂલો વિષે દેશ વિદેશની કેટલીક લોકકથાઓને શબ્દશિલ્પમાં કંડારવામાં આવી છે.]

પોયણું

સરોવરના કાચ જેવા નિર્મળ જળ પર ધોળા ધોળા પોયણાં સુંદર શોભે છે.

આભલાના ગોખલે ગોખલે તારલાના દીવડા ઝગઝગે છે, ને ધરતી પર સરોવરનાં શાંત જળમાં પોયણાં ખીલે છે. પાણી પર ગોળ લીલાં વિશાળ પાંદડા પથરાયાં હોય છે. એવા પાંદડાની પડખે ઊંચી દાંડી પર પોયણાની પાંખડીઓ પોતાના સોહાગને સુહાવે છે. આછેરા પવનમાં પોયણાંના ફૂલ મસ્તાનાં બની ડોલે છે.

આવા પોયણાની ઉત્પત્તિ માટે એક લોકકથા પ્રચલિત છે :

આકાશને અજવાળતી એક તારલી પૃથ્વીની શોભા જોઇ હરખાઇ ગઇ, પૃથ્વી પર ઘર ઘરની અટારીઓમાં કે ચોખ્ખા ચોકમાં ખુલ્લા ઓટલા પર દાદા–દાદી પાસે ગેલ કરતા નાનાં નાનાં ભૂલકાંઓને જોઈ તેને પૃથ્વી પર આવવાની ઇચ્છા થઇ, એણે તો ધીમે ધીમે ધરતી પર નીચે ઊતરવા માંડયું.

મોટા એક વૃક્ષ જેટલી ઊંચાઈએ આવી તે થોભી ગઈ. તેને આમ નીચે ઊતરતી જોઈ પૃથ્વીના માણસો તો તેની તરફ કુતૂહલથી જોઈ રહ્યા હતા. કેટલાક તેના આગમનને શુકન માનતા જ્યારે કેટલાક તેને અપશુકન લેખતા હતા.

આખરે તારલીએ મનુષ્યોને ધીમેથી પ્રેમથી કહ્યું :

" હે પૃથ્વી પરના મનુષ્યો ! મને તમારા પ્રત્યે અપાર પ્રેમ છે. તમારી વચ્ચે આવીને રહેવાની મને ખૂબ ઇચ્છા છે. પેલા સુંદર સરોવરો મને બહુ ગમે છે વનવનમા ખીલેલાં મઘમઘ ફૂલોની ફોરમ મારા હૈયાને ઘેલું બનાવે છે. પંખેરુઓનાં મધુર ગીત સાંભળવામા હું મારું અહોભાગ્ય સમજું છુ. તમારા આનંદિત બાળકોનાં મધ મધતાં સ્મિત મારા ચિત્તને હરે છે. મારે પૃથ્વી પર આવીને વસવુ છે. કહો, મારે કયા રહેવુ ? "

આવું સાંભળી લોકો ખુશ ખુશ ગઈ ગયા. કોઈએ તેને અટુલા પર્વતની એકાકી ટેકરી બતાવી. કોઈએ તેને વનવગડાની વિજન કુંજોમા નિવાસ કરવા જણાવ્યું.

તારલીને આ ન ગમ્યું, તેને તો બધાંની વચ્ચે રહેવુ હતું. નાનાં નાના બાળકોને રમતાં જોવાની તેને વિશેષ ઇચ્છા હતી એથી તેણે લોકોને કહ્યુ : " મને તમારી નજીક નિવાસસ્થાન આપો. મારે તો બાળકો સાથે હળીમળી મઝા લૂંટવી છે... "

ગોકુળ શા ગામને ગોંદરે સરોવરની પાળે બાળકો રમતા હતા. ગામના મુખીના મનમાં તરત વિચાર આવ્યો : "આ સરોવર કેવુ સ્વચ્છ, સુંદર અને મનોહર છે ! સ્ફટિક જેવા તેના જળમા ચાંદરણાંના તેજ કેવી સંતાકૂકડી રમે છે ! આથી સુંદર બીજું કયુ સ્થળ મળવાનું હતુ ?"

આવુ વિચાર્યા પછી મુખીએ તારલીને કહ્યું: " તારે માટે રહેવા યોગ્ય સરોવર સિવાય બીજું એકે સ્થળ નથી. ત્યાં કિનારે નાના નાના ભૂલકાંને મઝા કરતાં તું જોઇ શકીશ. "

તારલીને આ વાત જલ્દી ગમી ગઇ. તેણે કહ્યું : "હું સરોવરમાં નિવાસ કરીશ."

એ રાતે તારલી છાનીમાની આકાશથી નીચે ઊતરીને સરોવરમાં સમાઇ ગઇ. બીજા દિવસની સોહામણી સંધ્યાએ લોકોએ સરોવરમાં સુંદર ફૂલને જોયું. ધોળી ધોળી રૂપાળી પાંખડીઓની વચ્ચે તેના હૃદયની શોભા ચમકી રહી હતી.

સરોવરની પાળે ખેલતાં ભૂલકાં મજાના એ ફૂલને જોઇ ગાંડાઘેલા બની નાચવા કૂદવા માંડયાં.

ત્યારથી આભલાની તારલી પોયણાના રૂપે સરોવરની શોભા બની, આજે તો એક બાજુ ગગન સરોવરમાં તારલાનાં પોયણાં ખીલે ને ધરતીના સરોવર અને તળાવના જળ પર શ્વેત મઝાનાં પોયણાંનાં ફૂલો મઘમઘે !

પરંતુ પોયણાં ધરતી પર આવ્યાં છતાં ચાંદાને ભૂલી નથી ગયાં. ચાંદાના મલકાતાં મુખને નિહાળવાનુ તેઓ ચૂકતાં નથી. એમના હૈયામાં ચાંદામામા માટે અપાર મમતા છે.

ચાંદામામાને સવારે ચાલ્યાં જતાં તેઓ પોતાની પાંખડીઓને સંકોરી નાખે છે. ચાંદામામા વદપક્ષમા વિસામો લેવા જાય કે વર્ષા-ઋતુમાં વાદળની છાબમાં ઢંકાઈ જાય, ત્યારે તેઓ ઘણાં દુઃખી થાય છે. આ કેવુ ? સ્વજનના દુઃખે દુઃખી, સ્વજનના સુખે સુખી ! આનું નામ સાચી પ્રેમસગાઇ !

પોયણાંનાં પ્રફુલ્લિત પુષ્પો એક યા બીજા નામે ઘણા ઘણા દેશોમાં જોવા મળે છે. રંગમાં પણ તેઓ ભાતભાતનાં હોય છે. યુરોપ અને અમેરિકાના દેશોમાં સરોવરો અને સરિતાઓના ઓઘમાં થતા સુંદર લીલા રંગનાં નાજુક નમણાં ફૂલો " ફરગેટ–મી–નોટ " નામે ઓળખાય છે. "મને ભૂલી ન જશો '–એવું નામ સૂચવતા આ ફૂલો માટે એક લોકકથા પ્રચલિત છે.

એક સમયે એક શૂરો સૈનિક પોતાની પત્ની સાથે કોઈ એક નદીના ઓઘ પાસેથી પસાર થતો હતો. આભમાથી નીતરતી ચાંદનીના અજવાળામા પવનની આછેરી લહેરીઓમાં ડોલતાં મલકાતા નીલા રંગના ફૂલો જોઈ સૈનિકની પત્ની ખુશ ખુશ થઇ ગઇ તેની મજાની ખુશબોથી વાતાવરણ મધમધી રહ્યું હતું. તે ફૂલો લાવી આપવા તેણે પોતાના પતિને કહ્યું. ફૂલો હતા નદીના ઓઘમા, ત્યા પાણીમા તરીને જવુ પડે પાણીના વહેણનો વેગ વિશેષ હતો. તેમાં પડવુ એ નર્યું સાહસ હતુ. બીજી બાજુ પેલો સૈનિક પોતાની પત્નીને નાખુશ કરવા ઇચ્છતો ન હતો.

તે પાણીમા કૂદી પડયો. તરતો તરતો તે ફૂલો પાસે પહોચ્યો, ફૂલો લીધાં. તે પાછો ફર્યો પાણીના અવળા વહેણ સામે ઝઝૂમી તે માડ કિનારા નજીક આવ્યો. ત્યા પાણીના વહેણનો વેગ એકાએક વધ્યો તે વમળોમા ફસાયો તેનો દેહ ઘૂમરી લેવા માંડયો. તેને પોતાનુ મૃત્યુ નજીક લાગ્યું તેણે જોસથી હાથમા રહેલા ફૂલોને કિનારા પર ફેંકયા મૃત્યુ ચોક્કસ લાગતા ઊંચા શ્વાસે તે બોલી ઊઠયો :

"મને ભૂલી ન જશો..."

—ને તેનો દેહ અપાર પાણીના અમાપ ફીણ નીચે અદૃશ્ય થઈ ગયો.

ત્યારથી આ ફૂલો "ફરગેટ-મી-નોટ" નામે ઓળખાય છે, જે નામનો અર્થ થાય છે : "મને ભૂલી ન જશો..."

એકાદી શિલા પાસે આવતાં જ નવાઇ જેવું બન્યું. શિલા એની મેળે ખસી ગઇ, ને તેણે ભોંયરામાં જતાં પગથિયાં જોયાં. પગથિયાં ચોખ્ખાં હતાં. અંદરથી મધુર સંગીત સંભળાતું હતું.

ભરવાડ એકદમ પગથિયાં ઊતરવા માંડયો. આગળ જતા તેણે એક ખૂબસૂરત સ્ત્રીની પ્રતિમા જોઇ, નર્યા તેજમાંથી જાણે તે કંડારી હોય એમ લાગ્યું. જ્યાં તે એ મૂર્તિ પાસે આવ્યો કે ઘંટડી શા મધુર શબ્દો સંભળાયા.

"આવો... ! હું તમારું સ્વાગત કરું છું આ ભંડારમાંથી જે લેવુ હોય તે લઇ જાવ !"

ભરવાડને આ શબ્દો સાંભળી ઘણું આશ્ચર્ય થયું. તે તો ત્યાં ઊભો રહ્યો.

ફરી પેલા શબ્દો સંભળાયા :

"આવો... ! હું તમારું સ્વાગત કરું છું. આ ભંડારમાંથી જે લેવું હોય તે લઇ જાવ..."

ભરવાડ તો અદરના ખંડમાં ગયો. ત્યા ભીંતોમાથી પ્રકાશ રેલાઇ રહ્યો હતો. ચારે ખૂણામાંથી ધૂપની આહ્લાદક સુગંધ પ્રસરતી હતી. એ ખંડની વચ્ચે સુંદર સ્ત્રીઓની જુદી જુદી કલાત્મક મૂર્તિઓ હતી. કોઇ પ્રતિમાના હાથમાં તાટ હતા. કોઇ મૂર્તિ હાથની અંજલિ બનાવી ઊભી હતી. તાટમાં ને એ અજલિમાં હીરા માણેક ઝગઝગી રહ્યાં હતાં.

આ બધુ જોતાં ભરવાડની આંખો ફાટી ગઈ. તે કંઇ વિચારે ત્યા ફરી પેલા શબ્દો સંભળાયા :

"આ ભંડારમાંથી જે લેવુ હોય તે લઇ જાવ..."

હીરા, માણેક, ઝવેરાત ને મોતીના ઝગારા જોઇ ભરવાડનું મન લલચાઇ ગયું. તેણે તો હાથમાં રહેલાં પેલાં ફૂલોના ગુચ્છને નીચે મૂકી મૂઠીએ મૂઠીઓ ભરી હીરા માણેકથી ખિસ્સાંને તરબોળ કરી દીધાં. ખિસ્સા ભરાઇ જતાં માથે રહેલી ટોપી ઉતારીને તેમાં હીરા–મોતી તેણે ભર્યાં.

ટોપી ભરાઇ જતાં તે વિચારવા લાગ્યો : "હવે શું ભરવું ?"

"હા, બૂટમા ભરી શકાય..." તેણે બૂટમાંથી પગ બહાર કાઢયા. તેમાં પણ તેણે ઝવેરાત ભર્યું. પછી માંડ માંડ બૂટમાં પગ નાખી તેણે ભારે પગે ચાલવા માંડ્યું. ત્યા તેના કાને વળી પાછા શબ્દો સંભળાયા :

"હજુ જે કંઇ લેવુ હોય તે લઇ જવું, પરંતુ જતા જતાં કોઇ અગત્યની વસ્તુ ભૂલાઇ ન જાય તે વિચારી લેવુ..."

ભરવાડ જતા જતાં થોભ્યો. તેણે સારા ખંડમા નજર કરી. હીરા, માણેક, મોતી સઘળું ઝગઝગી રહ્યુ હતું. પણ એ બધુ ભરવું શામાં ?

ભરવાડે ચાલવા માંડ્યું.

ફરી પેલા શબ્દો સંભળાયા "હજુ જે કાંઇ લેવું હોય તે લઈ જવું, પરંતુ જતા જતા કોઈ અગત્યની વસ્તુ ભૂલાઇ ન જાય તે વિચારી લેવું..."

ભરવાડે એ શબ્દો તરફ ધ્યાન ન આપ્યું. તેણે તો ધીમે ધીમે પગથિયાં ચઢવા માડયાં. જેવો ભોયરા બહાર આવ્યો કે તૂર્ત પેલી શિલા બંધ થઇ ગઇ.

ત્યા તેણે ધીમો પણ મધુર અવાજ સાંભળ્યો :

"મને ભૂલી ન જતો...!"

ભરવાડ ઊભો રહ્યો. તેણે કાન માંડયા. અવાજ પેલી શિલા પાછળથી આવતો હતો.

ફરી એ અવાજ આવ્યો :

"મને ભૂલી ન જતો...!"

"તુ કોણ છે ?" ભરવાડે પૂછ્યું

"હું...હુ તો ફૂલ છું ! મારી સુગંધની ચમત્કારી અસરથી આ ગુફાનુ દ્વાર ઊઘડ્યું હતું. તુ તો મને ગુફામાં જ મૂકી આવ્યો. હવે આ દ્વાર કદી નહીં ઊઘડે."

ભરવાડને પોતાની ભૂલ સમજાઈ તેને પેલા શબ્દો પણ યાદ આવ્યા: "જતા જતાં કોઇ અગત્યની વસ્તુ ભૂલાઈ ન જાય તે વિચારી લેવુ..."

ત્યાં તેને એક વિચાર આવ્યો. "પેલા તળાવમાંથી તે બીજાં ફૂલ લાવશે..."

તે આમ વિચારતો હતો ત્યાં તેને ફરી અવાજ સંભળાયો:

"મારાં જેવાં ફૂલો તો પાણીમાં બહુ જ ખીલશે, પણ ..પણ મારા જેવું જાદુઈ ફૂલ તો હું એક જ હતું..."

આ સાંભળતાં ભરવાડને દુઃખ થયું, તેને પશ્ચાત્તાપ થવા માંડયો, પરંતુ દૂધ ઢોળી નાખ્યા પછી તે બદલનો પશ્ચાત્તાપ શા કામનો?

આખરે તેણે ચાલવા માંડયું. ત્યાં તેણે પેલા શબ્દો સાંભળ્યા.

"મને ભૂલી ન જતો... !"

એ ફૂલ આજે પણ "ફરગેટ-મી-નોટ" નામે ઓળખાય છે.

ચાંદનીનો ચંદરવો આભલે લહેરાતો હોય, તારલાઓનાં ઝુમરો ઝગમગ ઝગમગ થઇ રહ્યાં હોય, પવનનો પાવો મરતીમા ઘૂંટાતો હોય ત્યારે સરોવરનાં લહેરિયાં લેતા જળ પર હિંડોળાતાં પોયણાં જોવાં એ પણ એક સૃષ્ટિની શોભા મહાલવાનો અનોખો લહાવો છે.



ચંપા

ચકચકતાં પાનનું સુંદર ઝૂંડ રચતો ચંપો ક્યાંક નજીકમાં હોય ને એક જ પીળું ફૂલ ક્યાક સંતાયેલું ઊઘડયું હોય તો પણ એની ઘેરી સુવાસ આપણને આહ્લાદ આપે છે ચંપાના ફૂલની પાખડીની કુમાશ અને ચમક તો એવી હોય છે કે ન પૂછો વાત. જાણે સોના-મહોર જોઈ લો! રૂપ અને સુગંધમાં સુંદર એવા ચંપાના ફૂલો વિષે ઘણાં ઘણા ગીતો રચાયાં છે. આ ફૂલની ઉત્પત્તિ વિષે વામનપુરાણમાં નીચે મુજબ વાર્તા આવે છે.

ભગવાન શંકરને તપભંગ કરાવવા હિમાલયની પુત્રી પાર્વતી ભીલડી બની નાચી રહી હતી. તેના પગમાં "છુમક છુમક… .." ઝણઝણતા પાયલનો મધુર ઝણકાર સમાધિમા એકાગ્ર બની ગયેલા ભગવાન શંકરને ક્યાથી સમ્ભળાય ? એવુ તો સુંદર નૃત્ય તે કરી રહી હતી, પણ શંકર તો ઊંચી આખ કરી એ જુએ નહી.

પાર્વતીની મદદમા ઇન્દ્રદેવે કામદેવને મોકલ્યા હતા, જ્યા મહાદેવજી તપ કરી રહ્યા હતા એ સ્થળને વસંતથી તેમણે શણગારી દીધું. પાર્વતીજીનુ નૃત્વ શંકર જુએ એ માટે કામદેવ પોતાના ધનુષ વડે તેમને પુષ્પબાણુ માર્યું શંકર તો સમાધિભંગ થયા, પણ તે તો ભારે ક્રોધી, પોતાની ત્રીજી આંખ ઉઘાડી તેના ઉગ્ર તેજમાં તેમણે કામદેવને ભસ્મ કરી દીધો.

કામદેવના ધનુષની મુઠ રુકમણિની બનેલી હતી. એ ધનુષના ટુકડે ટુકડા થઈ ગયા. એ ધનુષની મૂઠનો રુકમણિ જ્યાં પડયો ત્યાં જમીનમાથી ચંપાના ફૂલનો છોડ ઊગ્યો.

પશ્ચિમના દેશોમા ચંપા જેવુ ફૂલ છે. એ ફૂલ 'પ્લુમેરિયા'ના નામે ત્યા ઓળખાય છે. એક મઝાની લોકવાર્તા પશ્ચિમના દેશોમા જાણીતી છે

સ્વર્ગની રાણી જૂનોના રૂપનાં વર્ણન ઓછા શબ્દોમા થઇ શકે ? એની એક બહેનપણી હતી તેનુ નામ પ્લુમેરિયા હતુ એ પણ ઘણી રૂપાળી હતી. તે ઇન્દ્રધનુષની કન્યા હતી. એના સોનાના રથને બે સુદર મનોહર મોર જોડવામાં આવતા હતા. એ મોરની પાખોમા ઇન્દ્રધનુષના રંગોની રંગોળી છવાઈ હતી.

એક દૂધધોળી રાતે તે પોતાના રથમા વિહરી રહી હતી. ત્યા તને પૃથ્વી પર આવવાની ઇચ્છા થઇ. તેનો રથ તો ધીમે ધીમે નીચે ઊતરવા માડયો. કોઇ ઉપવનમા સુંદર સરોવર પાસે તેનો રથ આવીને થોભી ગયો.

રથમાંથી તે નીચે ઉતરી. સરોવરનાં પગથારે આવી તે ઊભી રહી. અરીસા જેવા સ્વચ્છ પાણીમાં પોતાના પ્રતિબિંબને જોઈ તે ખુશ ખુશ થઈ ગઈ. ક્યાંય સુધી તે ત્યાં ઊભી રહી.

ત્યાં તેને આકાશવાણી સંભળાઇ, "પ્લુમેરિયા! જલ્દી આવ...! જ્યાં હોય ત્યાંથી જલ્દી આવ! સ્વર્ગની રાણી જૂનો તને બોલાવે છે......"

પ્લુમેરિયા આકાશવાણી સાંભળી વિહ્વલ બની ગઈ. તે જલ્દી જલ્દી રથમાં બેસી ગઇ, પરંતુ રથમાં બેસવા જતાં તેના હાથમાં રહેલું સ્વર્ગીય ફૂલ નીચે ધરતી પર પડી ગયું.

એ ફૂલ જ્યાં પડ્યું ત્યાં ઊગ્યો એક છોડ. એ છોડનાં પાંદડાંની ઓથે જાણે મોતીડાં ચમકતાં હોય તેમ પીળાં પીળાં ફૂલ ઝળહળવાં માંડયાં. તેની ખુશ્બો પણ મીઠી મઝાની!

એ ફૂલો પ્લુમેરિયા તરીકે ઓળખાવવા લાગ્યાં.

ચંપા વિષે એક લોકવાર્તા હજુ પણ બંગાળમાં ઘરડા દાદીમા બાળકોને કહે છે:

એક રાજા હતો. તેને ત્રણ રાણીઓ હતી. તેમાં એક રાણી માનીતી અને બે અણમાનીતી હતી.

અણમાનીતી રાણીઓ માનીતી રાણી તરફ ઝાઝું ઝેર કરે. તેનુ સુખ તેમનાથી જોવાય નહીં.

માનીતી રાણીને ત્યાં પુત્ર અવતર્યો.

અણમાનીતી રાણીઓને થયું: "આમ તો તે ફૂલે પૂજાય છે, ને તેમાંય હવે તે રાજકુંવરની માતા બનશે; પછી તો તેનાં માન વિશેષ વધી જશે."

અણમાનીતી રાણીઓથી આ જોયું ન જતું હતુ. એમણે તો બેભાન રાણીની ગોદમાંથી બાળકને ઉપાડયું. દાસી મારફત તેને બાગમા જમીન નીચે ઢબુળી દીધુ.

રાણી ભાનમાં આવી. તેણે પૂછ્યું: "મારુ બાળક ક્યા?"

"તેં તો પહાણાને જન્મ આપ્યો છે!" પથ્થરનો ટુકડો બતાવી પેલી અણુમાનીતી રાણીઓએ જવાબ આપ્યો.

રાજાને પણ આ જ સમાચાર પહોંચાડવામાં આવ્યા.

આ પ્રમાણે રાણીને સાત પુત્રો ને એક પુત્રી અવતર્યાં, પરંતુ દંકને પેલી અણુમાનીની રાણીઓએ દાસી પાસે માટીમાં દટાવ્યાં. રાજાની પ્રીતિ હવે આ રાણી પર કયાથી રહે? તેનુ સ્થાન દાસી કરતા પાગુ નીચુ બની ગયું.

જે જગ્યાએ સાત રાજકુમારોને દાટવામાં આવ્યા હતાં ત્યાં સાત ચંપાના વૃક્ષો ઊગ્યા ને તેમની પાસે જયા રાજકુમારીને દાટવામાં આવી હતી ત્યા પારુલનુ વૃક્ષ ઊગ્યુ.

જ્યારે બાગનો માળી, રાજાનો કોઇ નોકર કે પેલી બે રાણીઓ ફૂલ તોડવા આવે ત્યારે એ વૃક્ષો ઊચે ઊંચે જતાં રહેતાં. જ્યારે તેમની માતા આવે ત્યારે તેના ચરણોમા એ વૃક્ષોની ડાળીઓ ઝૂમી જતી અને પુષ્પોની વર્ષા કરતી.

આ કથાને વ્યક્ત કરતું એક લોકગીત બંગાળી ભાષામાં પ્રચલિત છે. તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે.

"જાગો રે સાત ભાઈ ચંપા,
બોલાવે પારુલ બહેની તમને!
ઓરમાન માતા આવે છે અહીં,
આપશો રે ફૂલડા તમારાં એમને?"
"નહીં રે આપીશુ ફૂલડા અમારા
અમે તો ઊંચેરા વધી જઇશુ!
આવશે રે માત મીઠી અમારી,
મોઘેરા ફૂલડા અમે વેરશું!"

ગુલાબું સમું ચંપાનુ ફૂલ મીઠી સુગંધથી ખરેખર અણમૂલ છે.

*

સૂરજમુખી

હા, એનુ મુખ સૂરજ જેવુ સુંદર છે. એને તપખિરિયા રંગનો ગલીચા જેવો મધ્યમા ગોળ સુંદર ભાગ છે. તેને ફરતે પીળી જાણે સોનાની બનાવી હોય તેવી પાખડીઓ છે. આ પાંખડીઓની નીચે નાજુક લીલુડી પાંદડીઓ છે. આવુ સૂરજમુખીનું ફૂલ દાંડી પર મરક મરક મલકે છે!

આકાશમા પૂર્વનો દરવાજો અરુણ ઉઘાડે છે. સૂરજદેવના કિરણ તરત તેને જગાડે છે.

તે તો ભગવાન સૂરજનુ ભક્ત છે. સૂરજ સિવાય અન્યનાં દર્શન તે નથી કરતું. જેમ જેમ સૂરજદેવ આકાશમાં ઊંચે ચઢે છે, તેમ તેમ તે પણ તેનુ મુખ બદલે છે. બપોરે તો સૂરજદેવની કૃપાનાં વરસતાં કિરણોની તેજધારાને તે પોતાની પાંખડીઓની અજલિમાં ઝીલે છે. એ પછી સૂરજદેવ આથમતી દિશા તરફ ધીમે ધીમે વળે છે. તેમની સાથે તે પણ એ દિશા તરફ ઢળે છે.

સાંજે સૂરજદેવ વિદાય લે છે. જતાં જતાં તેમનુ સ્નેહાળ કિરણ તેની પાંખડીઓ સાથે ગેલ કરતું જાય છે. ધીમેથી તેની વિદાય માગે છે: "આવજે.........!"

આખી રાત નત મસ્તકે તે ઝૂકી રહે છે. બાપુજી કે બા સંતાઇ જાય ત્યારે બાળકો કેવા દુઃખી બને છે? સૂરજદેવને જતાં રાતે તે પણ દુઃખી દુઃખી થઈ જાય છે. જ્યારે ફરી સવાર થાય ત્યારે દેવનું કિરણ તેને કહે છે:

"સૂરજમુખી.................."

ને તૂર્ત તે ઊંચુ જુવે છે. તેનું મુખ એ વખતે કેવું મલકી ઊઠે છે! પોતાના દેવનાં દર્શન થતાં તેના હૈયે હરખ માતો નથી. તેના અંગમાં ચેતનનો સંચાર થાય છે.

તેના વિષે એક લોકવાર્તા છે.

એક બાલિકા હતી રૂપરૂપનાં અંબાર જાણે જોઇ લો. વનમાં તે વસતી હતી. વૃક્ષ અને વેલીઓનાં પાંદડાનો પહેરવેશ તે ધારણ કરતી હતી.

વહેલી વહેલી તે જાગે. જલ્દી જલ્દી નદીનાં ઠંડા પાણીમાં તે સ્નાન કરી લે. પાદડાનાં વસ્ત્રો પહેરી વગડાનાં ફૂલો તે વીણે. એ પછી ઊંચી ટેકરી પર જઈ પૂર્વ દિશા તરફ મુખ રાખી તે ઊભી રહે. જેવા સૂરજનાં દર્શન થાય કે તરત તેમને ફૂલોની અન્જલિ તે આપે.

વનમાં તે રહે, વનમાં તે ફરે, ભૂખ લાગે ત્યારે વનનાં ફળ તે ખાઇ લે તરસ લાગે ત્યારે નદીના પાણી તે પીયે.

તેને એક જ ઇચ્છા હતી સૂરજદેવ આવે, તેનો હાથ પકડી તેને રથમાં બેસાડે ને તેને તેમની સાથે લઇ જાય, તેના હૈયામાં કેવળ સૂરજદેવની સંગિની થવાની જ રટણા હતી.

દિવસો પસાર થવા માંડયા, નિત તે સૂરજને વંદના કરે. સૂરજદેવ ધરતી પર આવે ને તેને પોતાની સાથે લઈ જાય એવી ઇચ્છા વધુને વધુ તેજ બનતી ગઈ. એથી તો પછી એકીટશે સૂરજ સામું તે જોઇ રહેતી. રાત્રે સૂરજ અદશ્ય થાય એટલે તે મુરઝાઈ જાય તેનુ મન રડી ઊઠે. વરસાદના દિવસોમાં સૂરજ વાદળોની ઓથે ઢંકાય ત્યારે તેને અપાર દુઃખ થતુ, પરંતુ એ પછી જયારે ફરી સૂરજના દર્શન થતાં ત્યારે તેનું મન આનંદથી થનગની ઊઠતું, જાણે ધીખી ધીખી ધરતી પર સોનાનો વરસાદ વરસ્યો!

દિવસો વિતવા માંડયા, પણ સૂરજદેવ તો ધરતી પર ન આવ્યા તે ન જ આવ્યા. આથી તેની ધીરજ ન ખૂટી. પોતાની સાધનામાંથી તે જરીકે ન ડગી. તે તો સૂરજદેવની ભક્તિ રોજ શ્રદ્ધા અને ભાવથી કરે.

આખરે એક દિવસે નારદઋષિએ આવી તેને સમાચાર આપ્યા.

"ભગવાન સૂરજદેવ તારા પર પ્રસન્ન થયા છે. શ્રદ્ધા અને ભક્તિથી પ્રભુની કૃપા મેળવી શકાય છે. તારા જીવનનો આ સંદેશો સૌને મળે એ માટે તું આજથી ફૂલરૂપે પૃથ્વી પર રહીશ......"

ને ત્યારથી તે સૂરજદેવની ભક્તિ ફૂલરૂપે કરે છે. ભક્તિ તો ફળની આશા વિના હોય. સૂરજમુખીના જીવનનો સૌને આ સંદેશો છે.

ધર્મકથા – વ્રતકથા

[લોકજીવનમાં ધર્મ અને વ્રત વિષે વ્યાપક બનેલી લોકમાન્યતા પરમ શ્રદ્ધાનો પરિપાક છે. આ વિભાગમા આવી લોકકથાઓને સંપાદિત કરવામાં આવી છે.]

મોતીનાં વાવેતર

શ્રી. રસિકબહેન મજમુદાર

[* આ આખી ચમત્કારીક કથાનું મૂળ ગર્ગસંહિતામા છે. તેના 'ગિરિરાજખંડ'માં 'ગોપવિવાદ' નામે પાચમા અધ્યાયમા, ગિરિરાજ ધારણ કરનાર શ્રી કૃષ્ણનો અસાધારણ પ્રસંગ તથા તેને લીધે ઊભી થયેલી શંકાનો પ્રસંગ પણ વર્ણવ્યો છે. 'હરિપરિક્ષણ' નામે છઠ્ઠા અધ્યાયમાં શ્રીકૃષ્ણનું ઐશ્વર્ય બતાવનાર 'મોતીના વાવેતર'નો અદ્ભુત પ્રસંગ વર્ણવેલો છે. જ્યાં મોતી વેરવામાં આવ્યાં હતાં, 'મુક્તાક્ષેપ' કર્યો હતો તેને 'મુક્તા સરોવર' કહેવામાં આવ્યુ, એટલી વિશેષ હકીકત પણ તેમા છે.

આ અસલ સંસ્કૃત મૂળ કથાનકનો પડઘો પાડતું ગુજરાતી લોકગીત, તે દૃષ્ટિએ, ખાસ નોધપાત્ર છે.

આ વાર્તા, કોણ જાણે કયે માર્ગે પરદેશની મુસાફરી કરી આવી તે જાણવામા આવ્યુ નથી, પરંતુ એક ટ્રેવેલિયન નામે અંગ્રેજ લેખકે 'The Pearl Tree' નામે એક નાટિકા લખી છે. તેનો ભાવગ્રાહી અનુવાદ શ્રી. ચંદ્રવદન મહેતાએ 'પ્રેમનું મોતી' નામથી કર્યો છે, તે પહેલા 'કૌમુદી'મા સં. ૧૯૮૧ના ચૈત્રના અંકમા છપાયો હતો.]



આસો માસ આવ્યો. દિવાળીનો દિવસ આવ્યો. વ્રજમાં ઇંદ્ર-મહોત્સવની તૈયારી ઘેરઘેર ચાલી રહી છે.

કૃષ્ણ વાછરડાં ચારીને ઘેર આવ્યાં છે. નંદજીને પૂછે છે:

'બાબા, આ 'દહીતણાં દહીથરાં ને ઘી તણાં ઘેબરાં'ની સુગંધ આવ્યા કરે છે; તે કંઇ મહોત્સવ થવાનો છે?'

નંદજી ભોળેભાવે બોલ્યા : 'કેમ, તને ખબર નથી? એ તો ઇંદ્રદેવને અન્નકૂટ ધરવાનો છે. નવાં અન્ન પાક્યાં; નવાં નીર આવ્યાં; નવાં ઘાસ ઊગ્યાં એટલે આપણે એમને પ્રસન્ન કરવા જોઇએ ને?'

કૃષ્ણ–ઉપેન્દ્રને ઇંદ્રનાં આ વખાણ ગમ્યાં નહિ. એ બોલ્યા : 'એમા ઇંદ્રને શુ? એ તો રહ્યા સોંપ્યું કામ કરનાર. અન્નકૂટ જો ધરાય તો આપણા ગિરિરાજને ધરાય; કારણ કે એમના ઉપર આપણી ગાયો ચરે છે અને દહીંદૂધની છોળો ઊડે છે; ભાતભાતના ફળફૂલ ત્યાં થાય છે વળી જળ તો યમુનાજી પાય છે. માટે અન્નકૂટ ધરવો તો ગિરિરાજને.'

નાના નાના ગોપ ત્યાં ઊભા હતા. તેમને શ્રીકૃષ્ણની આ સૂચનાથી ખૂબ આનંદ થયો. બાળકોને તો કંઈ કંઈ નવું જોઇએ. પણ વૃદ્ધ ગોપ કંઇ એમ કબૂલ કરે? તેમણે વાટાઘાટ કરી. આખરે બધા વ્રજવાસી ગિરિરાજનો મહોત્સવ ઊજવવા તૈયાર થયા.

કાર્તિકી પડવે ગિરિરાજ તથા ગાયોની પૂજા થઇ અને છપ્પન પ્રકારના ભોગનો અન્નકૂટ ધરાયો. બધાંને આ નવા મહોત્સવથી ખૂબ મજા પડી.

પણ ઇંદ્રને પોતાનો ભાગ ન મળે તો રીસે ન બળે? એણે તો બારે મેઘ મોકલી ગોકુળ બધુ ડૂબાડી દેવા માંડ્યું.

કૃષ્ણે બધાંને કહ્યું : 'ચાલો ગિરિરાજની તળેટીમાં.' ગાયો, ગોપ તથા ગોપીઓ બધાં આવ્યાં. સાત દિવસ મૂશળધાર વૃષ્ટિ થઇ, પણ આખું યે ગોકુળ તો ગિરિરાજની તળેટીમાં નિર્ભય બેઠું છે.

કૃષ્ણે હાથ ઊંચો કરી ટચલી આંગળી ઊંચી કરી છે. જાણે ગોવર્ધન ઊંચક્યો ન હોય! ગોવાળો પોતાની ગેડીઓ ઊંચી કરે છે, અને પર્વતને ટેકો દે છે.

આખરે ઇંદ્ર થાક્યો અને શરણે આવ્યો. ઇંદ્રનું દાપુ બંધ કર્યું. તેથી તો વૃદ્ધ ગોપ બહુ ગભરાયા અને પસ્તાયા, પણ કૃષ્ણે લાજ રાખી.

ગોકુળમાં બધું થાળે પડી ગયું. મોટા ગોપ ગાયો ચરાવે છે. નાના ગોપ વાછરડાં ચારે છે. વૃદ્ધ ગોપ બેઠા બેઠા દેખરેખ રાખે છે. અને નિરાંતે વાતો કરે છે.

*

યમુનાની શીતળ લહેર વાઇ રહી છે. સોનેરી સૂર્ય પોતાનું પ્રતિબિંબ નદીમા જોઇ મલકાય છે. સુવાળી રેતીમાં કડિયાળી ડાગ ખભે ટેકવી, પછેડીથી પગ બાધી વૃદ્ધ ગોપ અદરઅદર વાતો કરી રહ્યા છે: 'અલ્યા, પેલા કૃષ્ણની હિંમત ભારે, પણ કહો ન કહો એ નંદનો બાલક ન હોય, કારણ કે જુઓને, નંદજી ગોરા, જસોદાજી ગોરા અને કૃષ્ણ તો ઘનશ્યામ, એટલે રૂપમાં મળતા આવતા નથી. વળી નંદે કોઇ દિવસ પથરો સરખો યે ઊંચક્યો નથી, જ્યારે આ બાળકે તો આવડો મોટો પર્વત તોળ્યો! ગમે તેમ પણ એ બાળક નંદનો ન હોય આપણે આ વાતનુ પારખું જોવુ જોઇએ.'

બધાય ગોપ 'હા,' 'હા,' કહેતાકને ઊઠયા, તેમને આ વાતમાં રસ પડયો હતો, એટલે એ તો આવ્યા નંદને ઘેર.

નંદજી ગોવાળોના મુખી એટલે પહેલા તો બધાએ અદબથી વાત કરી: 'નંદજી, તમે બડા ભાગ્યશાળી લાગો છો. તમારા કુળમાં આવુ પરાક્રમ કરનાર બીજો પાકયો નથી. આટલા સાત વર્ષના બાળકે ગોકુળ રેલાતું રાખ્યું અને ગિરિરાજ ધાર્યો! અમને થાય છે કે આ બાળક કોણ હશે?'

નંદ જાણે છે કે આ બધા મારા કૃષ્ણનાં વખાણ કરવા આવ્યા છે, પણ ગોવાળિયાઓએ તો જુદી જ વાત છેડી: 'અમને તો એમ લાગે છે, નંદજી! કે કૃષ્ણ તમારો પુત્ર ન હોય! કઇ બાપદીકરા વચ્ચે આટલું બધુ અતર હોય?'

નંદને તો આ સાંભળી કંપારી આવી: 'ઘડપણમા મને પુત્ર થયો તે આમનાથી વેઠાતું નથી તેથી ઇર્ષામાં એ આમ બોલે છે.' એમ તેમને ચોખ્ખું લાગ્યું.

નંદ બોલ્યા : 'તમે જાણો જ છો ને કે ગર્ગાચાર્ય આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, 'આ બાળક પુરુષોત્તમ બનશે. પ્રભુના કો'ક અજાણ્યા અવતાર જેવો એ છે; પણ યુગબળથી એનો રંગ શ્યામ રહેશે.' એના જન્મથી મારે ઘેર દહીંદૂધની રેલમછેલ છે. આખું ગોકુળ આનંદમાં છે. કો'કકો'ક ઉત્પાત થાય છે, પણ પ્રભુ આપણું રખવાળું કરે છે.'

નંદની પ્રત્યક્ષ નિંદા કરવા આવેલા ગોપથી વિશેષ કંઈ બોલાયું નહિ, પણ હજી એમના મનનું સમાધાન થયું નહોતું. ત્યાંથી ઊઠીને નંદ જેવા જ બીજા સમૃદ્ધિવાન ગોપ વૃષભાનુને ત્યાં જવા એ નીકળ્યા. તેમના મનમાં હતું કે એને પક્ષમા લઇશું તો નંદને ઠીક ફજેત કરી શકાશે. જરૂર પડશે તો તેમને ન્યાત બહાર પણ મૂકીશું.

વૃષભાનુને ત્યા આવી ખબરઅંતર પૂછી, પેલા વૃદ્ધ ગોપ બેઠા. વાતવાતમાં નંદને બહાર મૂકવાની વાત ઉપાડી, પણ વૃષભાનુએ તેમને બોલતા અટકાવ્યા. એ બોલ્યા : 'ભાઇ, મારે ત્યાં પણ ગર્ગાચાર્ય આવ્યા હતા, તેમણે પણ રાધાની જન્મકુંડળી જોઇને ભવિષ્ય ભાખ્યું હતુ કે, 'નંદને ઘેર જેમ કૃષ્ણ ઈશ્વરાવતાર જન્મ્યા છે, તેમ તમારે ઘેર રાધિકા સાક્ષાત્ લક્ષ્મી આવી છે.' ગુરુદેવ કાંઇ ખોટું બોલે ?'

બધાએ આ સૂચનાને વધાવી લીધી.

*

તત્કાલ ગોરને બોલાવવામાં આવ્યા. ગોર કૃષ્ણને વિવાહના ચાંલ્લા કરવા ચાલ્યા.

ગોર મલકાતે મોંએ ચાલે છે એક હાથમાં કંકાવટી છે, બીજા હાથમા મોતીનો થાળ છે, તે લઇ ધીમેધીમે એ જાય છે. રસ્તામાં કુતૂહલપ્રિય ગોવાલણીઓ તેમને પૂછે છે. કેટલાક છોકરા ય તેમને કારણ પૂછના સાથે થાય છે. તેમને ખસેડતા ખસેડતા ગોર નંદજીના નેસડા પાસે આવી પહોંચે છે.

નંદે ગોરને દૂરથી જોયા, પણ કંઈ કળી શકયા નહિ, પરંતુ જ્યારે એમને પોતાના આંગણામા પગ મૂકતા જોયા ત્યારે એમને કંઇક સમજ પડવા માડી.

ગોરનુ મો હસુંહસુ થઈ રહ્યું હતુ. એમણે આવીને વધામણી ખાધી : 'નંદજી, તમારા કૃષ્ણને બોલાવો, હું એને વિવાહના ચાલ્લા કરવા આવ્યો છું.'

જીવનને આરે આવેલા નંદનો આનંદ તો હૈયામાં માતો નથી. ઘડપણમાં બાળક શો? તેના વિવાહનુ ટાણું શુ? એ તો પોતાને ધન્ય ધન્ય માનવા લાગ્યા. હરખમાં કોના ઘરનું માગું છે એ પૂછવાનું પણ એ ભૂલી ગયા.

પાછુ ભાન આવતાં એમણે ગોરને પૂછ્યું, 'પણ કહો તો ખરા, કોને ઘેરથી આવો છો?'

ગોર બોલ્યા : 'વૃષભાનુને ત્યાંથી આવવુ થયું છે. એમણે એમની રાધાને માટે વિવાહ કરવા મને મોકલ્યો છે. ચાલ્લામાં આ ચાર મોતીની માળા મોકલી છે અને કહેવડાવ્યું છે કે વિવાહ કબૂલ હોય તો મારી રાધાને માટે આવી બીજી ચાર માળા ઉમેરીને મોકલજો.'

જસોદાજી ઘરમાં કામમા હતાં તે આ ઘડીએ આવી પહોંચ્યાં, પણ આ બધુ શુ થાય છે તે એમની આંખે કહ્યું ન કર્યું. તેમની

વત્સલ આંખોમાંથી હર્ષાશ્રુની ધારા ચાલી રહી છે. અત્યારે એમનો ગૃહસ્થાશ્રમ ધન્ય થવાની વાત ચાલતી હતી. વહુને ઘેર લાવવામાં કઇ સાસુને ઉમળકો ન આવે?

ગોરનાં વાક્યો સાંભળતાં જાણે એમના ગાલમાં અમૃતના શેરડા પડયા. પણ ગોરે કહેલી છેલ્લી શરત સાંભળતાં એમનો એ આનંદ પલકવારમા ઊડી ગયો! સમ ખાવાને પણ ઘરમાં મોતી ન મળે, તો આઠઆઠ માળાઓ લાવવી કયાંથી? હા, ગુંજાની માળાઓ માગત તો થોકબંધ મોકલત. નંદ તથા જસોદા બંને વિમાસણમાં પડયાં.

નંદ તથા જસોદા બીજા ખંડમાં ગયાં, નંદે વાત કરવા માંડીઃ 'આ તો અણુસરજી પીડા આવી! 'હા' કહેતાં નાક કપાવા જેવું થાય છે. ઘેર બેઠે માગું આવ્યું, તેની હા પડાય તેમ નથી, તેને પાછું ઠેલતાં જીવ ચાલતો નથી; ત્યારે કરવું શું?' નંદે પોતાની મૂંઝવણ બતાવી.

જસોદાએ ટાપશી પૂરી કે 'વૃષભાનુને ચાંલ્લા કરવા જ છે ત્યારે આટલી અઘરી શરત શું કામ કરતા હશે? એ કંઇ જાણતા નથી કે,

'નંદજીને ઘેર નવ લખ દૂઝે,
વલોણાની ગોળિયું ઊભરે રે લોલ.'

...આપણું ધન એ આપણી નવલખ ગાયોનુ ધણ. બીજું શું હોય? મનભર માખણ માગે તો તે દેવાય, ગાયો માગે તો ગાયો દેવાય, પણ મોતી લાવવાં કયાથી?'

*

છેલ્લી અવસ્થામાં પુત્ર-વિવાહની આવેલી તક જેમતેમ કરી સાચવી લેવાય છે. એની ઘડભાંગ બંને કરી રહ્યા છે. એટલામાં વાછરડા દોડાવતા કૃષ્ણ આવી પહોચ્યા. તેમને એમાંના કશાની કયાંથી ખબર હોય? છતા લીલાઓ બતાવવા જ જેમણે અવતાર લીધો હતો તેમને પ્રસંગ સમજતાં વાર લાગી નહિ.

બાલકૃષ્ણે તો રમતમાં ને રમતમાં થાળમાંથી એક મોતીની સેર ઉપાડી. આ વખતે એમના તરફ કોઈનું પણ ધ્યાન નહોતું. કૃષ્ણ તો તો સેર લઈને સીધા યમુનાજીને કાંઠે દોડી આવ્યા એક ખેતરમાં જઈ મોતીની સેર તોડી નાખી, અને મોતી બધે વેરાઈ ગયા

પ્રભુની અઘટિત ઘટના તે થોડીક વારમાં એ મોતીના તો છોડ ઊગ્યા છે, ખેતરની ભૂમિ સુવર્ણમય બની ગઈ છે, લીલાં પન્નાનાં તો પાંદડા ફૂટયાં છે, હીરામાણેકનાં ફૂલ થયા છે; ને ડાળે ડાળે મોતીના લૂમખે લૂમખા લટકી રહ્યા છે. જાણે લીલી દ્રાક્ષના જ ખેતર!

ઘેર નંદ–જસોદાજીની મૂંઝવણનો પાર આવતો નથી. આખરે ગોરે તેમને ભાનમા આણ્યા. તેણે ઉતાવળ કરાવી. એ ગાજીને બોલ્યા. 'જે તે ઉત્તર દઈ દો, જેથી વિવાહની ઘટી વટી ન જાય.'

નંદજી પડી ગયેલે મોએ બહાર આવ્યા. પાછળ જસોદાજી આવ્યાં. તેમણે નિર્ણય કરી લીધો હતો: 'દહીં રહે ને દો'ણી પણ રહે' તેમ કરવાનું એમણે ઠરાવ્યું હતું. બંને જણે બની શકે તેટલા વિનયથી કહ્યું: 'જુઓને, તમને ચાંલ્લો કરવા મોકલ્યા તે માટે વૃષભાનુજીનો અમારા તરફથી પાડ માનજો, પણ અમારા કૃષ્ણને એક બાધા ઉતરાવવાની છે. તેથી તે થતાં પહેલાં અમારાથી હા કેવી રીતે પડાય? એટલે એમને કહેજો કે હમણાં શી ઉતાવળ છે? હજી તો...

'સાત બરસકો કુંવર કનાઈ, આઠ બરસ રાધા ગોરી,
ચાલો બરસાને ખેલે હોરી.'

...એમ ગોપીઓ ગાય છે. એટલે આ એમનો મોતીનો થાળ તપાસી લ્યો.'

આમ બોલીને, જ્યાં મોતીના થાળમાંથી માળાઓ ઉપાડીને ગણી જુએ છે તો એક માળા ઓછી! જસોદાજીને તો ઊંડો ધ્રાસકો પડયો. જેમતેમ કરી માન રાખવા જઈએ છીએ ત્યાં વળી આ આપત્તિ ક્યાંથી?' નંદ પણ હાફળાફાંફળા બની ગયા. ટોળે મળેલાં

ગોપીજન તથા બાળકો આ ઘટના જોઈ દિલગીર થયાં. કૃષ્ણના ઘરની ચેષ્ટા તો થાય કે જોવાય જ કેમ ?

એટલામાં મોતી ઉગાડીને આનંદમાં આવી ગયેલા કૃષ્ણ ત્યાં આવી ચડયા. શેરી ખોળાખોળ થઇ રહી છે તેની તો એમને ખબર જ હતી. ઝટ એમનો હાથ ઝાલી જસોદાજી ધમકાવવા લાગ્યા : ‘ અલ્યા કૃષ્ણ, આમાથી મોતીની માળા તેં લીધી છે ?’

કૃષ્ણે કહ્યું : ‘ મને પૂછતાં કેમ નથી ? એને તો મેં ખેતરમાં લઇ જઇને, એનાં મોતીનાં વાવેતર કર્યાં છે.’

બાળકની નિર્દોષતાને લીધે નંદનો ક્રોધ ઊતરી ગયો. એ બોલ્યા : “ ગાડા, મોતી તે વળી ખેતરમાં વવાતાં હશે ? એ તો દરિયામાં પાકે, તેં માળા કયાં નાખી દીધી ?’

કૃષ્ણે કહ્યું : ‘ મેં માળા નાખી દીધી નથી. એ તો એકમાંથી હજાર મોતી કરવાને માટે મેં તેને ખેતરમાં વેરી નાખી છે. અને છે ને, તે ખેતરમાં મોતી ઊગ્યાં પણ છે. ચાલો મારી સાથે, હું તમને બતાવું.’

વૃદ્ધ નંદજી, ઘેલા બાળકની પાછળ ઘેલાં કાઢતા ચાલ્યા. એમને કૃષ્ણની મૂર્ખાઇ વસી નહિ. આગળ કૃષ્ણ ને પાછળ નંદજી તથા થોડાંક કૌતુકપ્રિય બાળકો ચાલવા લાગ્યાં.

દૂરથી આંગળી કરીને કૃષ્ણે હરખાતાં હરખાતાં પોતાનું ખેતર બતાવ્યું. પાસે જઇને જુએ તો તો ખરેખર, મોતીના તો માણસપૂર માણસપૂર જેવડા છોડ ઊગ્યા છે ! લીલા કુંજાગાર ખેતરમાં આમળાં આમળા જેવડા મોતીની લૂમો લહેરા લઈ રહી છે. સૂર્યના ઊતરતા તાપથી આખું ખેતર ચળકાટ મારી રહ્યું છે.

*

નંદજીનો હરખ તે કાંઇ હરખ જેવડો ? એમને તો પ્રભુલીલાનાં જ આજે સાક્ષાત્ દર્શન થયાં ! ઘડીભર સંસારની માયા તેમને

સાંભરી આવી. હવે એમના પગમાં જોર આવ્યું હતું. એમની છાતી હર્ષમાં ગજગજ ઊંચી આવી હતી

'હવે મોતીની શી ખોટ છે? વૃષભાનુને ઘેર આઠ માળા તો શુ, પણ 'થાળ ભરી શગ મોતીએ' મોકલી શકાશે, અને વિવાહ ટાળવો નહિ પડે. ચાલો, આપણે ખોબેખોબા ભરી લઈએ.'

માળી જેમ ફૂલો ચૂંટતો હોય તેમ નંદે મોતી વડે ખોબો ભરી લીધો. વૃષભાનુને આપવા જેટલા મોતી થયાં એટલે ઉતાવળા ઉતાવળા જસોદાજીને બતાવવા એ દોડયા.

શ્વાસભર્યા નંદજીનો ઉમંગ તો માતો નથી. હરખાતે હરખાતે જસોદાને બધી અદ્ભુત વાત તેમણે કરી: 'જુઓને, આ નવાઈ જેવી વાત! આપણા ખેતરમા તો મોતી પાકયા અને તેની યે લૂમેલૂમો! આ, હુ લઈ આવ્યો.'

જસોદાને પણ આ જોઈ ખાનદાનીનો ગર્વ થઈ આવ્યો. તેમણે ગોરને કહ્યુ: 'વૃષભાનુને કહેજો કે તમે હાર મોકલ્યા, તો અમે મોતીભર્યા થાળ મોકલીએ છીએ. અમારે વિવાહ કબૂલ છે ભલે, ચાંલ્લા થવા દો.'

ઘડીક વારમા બાજી પલટાઈ ગઈ. ગોરે કૃષ્ણને ચાંલ્લા કર્યા, માબાપના ઘડપણ આજે ધન્ય થયાં.

આખા વ્રજમા અને ગોકુળની ગલીએ ગલીએ કૃષ્ણના વિવાહની વાત ચાલી રહી છે. ઘેરેઘેર એક જ વાત થઈ રહી છે, કે કૃષ્ણે મોતીના ખેતર વાવ્યાં છે એટલામાં કોઈ સમાચાર લાવ્યું કે 'મોતીનાં ખેતર તો લૂંટાય છે. સૌ કોઈને તે લઈ આવવાની છૂટ છે.'

બધા વ્રજવાસીઓ મોતી લેવા દોડયા. એમાં તે કોઈ પાછી પાની કરે? સૌને કાંઈ ને કાંઈ મળ્યું. અન્નકૂટ મહોત્સવ પછીના આજના બીજા ભારે ઉત્સવે, ગોકુળને ઘેલું બનાવી મૂકયું.

ગોરને મોતીના થાળ લેવડાવી આવતા જોઇ શું બન્યું તે જાણવા સૌ એક પગે થઇ ગયા. બધી વાત જાણીને વૃષભાનુને પહેલાં ગર્ગાચાર્યની વાણીમાં જે ભરોસો હતો તેમાં હવે પૂરી શ્રદ્ધા બેઠી. વૃદ્ધ ગોપ-લોકોની ચેષ્ટાને તથા નિંદાને હવે કોણ સાંભળી રહે?

*

વૃષભાનુએ તેમને મોતીના થાળ બતાવ્યા. ગરીબ દેખાતા નંદજી કેટલા બધા ખાનદાન છે એમ એમણે સગર્વ કહી બતાવ્યું. 'પોતાને ઘેર મોતીના થોકેથોક છતાં એમણે બડાઇ મારી છે?' એ પેલા વૃદ્ધોને પૂછી રહ્યા.

વૃદ્ધોને કાને મોતી લૂંટાયાની વાત પણ આવ્યા વગર ન રહી. બીજું આડું'અવળું' પૂછવાને બદલે, તે પણ ખેતર તરફ જવા નીકળ્યા, પણ એમ કાંઈ શ્રદ્ધાનાં મોતી જેને તેને માટે ઓછાં છે?

તેમને તો ખેતર જેવું ખેતર દેખાયું. ધરતીમાં ચાસ પડેલા છે. શિયાળુ ઓરણીને હજી વાર છે. પગરવથી પાસેની માટી ખુંદાઇ છે, પણ તે સિવાય એમની કલહપ્રિય આંખોને કંઇ જ દેખાયું નહિ!

મનમાં મૂંઝાતા એ પાછા ફર્યા. નંદજીની નિંદા કરવી પડતી મૂકી; અને નંદજીના વેવાઇ વૃષભાનુજીને ત્યાં પુત્રી-વિવાહને લીધે ખુશી થવા આવ્યા.

ગોકુળની ગોવાલણીઓ ગુંજાના હાર ભેગી નવાં મોતીની માળાઓ ઉમંગભેર લટકાવે છે, અને સરખેસરખી ટોળે મળી યમુનાજીનાં જળ ઝીલવા સંચરે છે.

માથે પાણીની હેલ લે છે. પાણી-શેરડે ચાલતાં ચાલતાં 'મોતીનાં વાવેતરનું' ગીત ગવડાવે છે અને બધાં ઝીલે છે.

(ઢાળ : 'શેરી વળાવી સજ કરું, ઘેર આવો ને')

"જળ રે યમુનાનાં ઝીલતાં, સૂણો શામળિયા!
મને મોતીડું લાગ્યું હાથ, નંદજીના નાનડિયા!

ગાડે કરીને મોતી આણિયું, સૂણો શામળિયા !
માતા ! પાડો મોતીડાના ભાગ, નંદજીના નાનડિયા !
એક મોતીમાં શું વહેંચીએ ? સૂણો શામળિયા !
મોતી વાવ્યે ઘણેરાં થાય, નંદજીના નાનડિયા !
યમુનાને કાંઠે ક્યારો રોપિયો, સૂણો શામળિયા !
માંહી વાવ્યો મોતીડાંનો છોડ, નંદજીના નાનડિયા !
એક મોતીને બબ્બે પાંદડાં, સૂણો શામળિયા !
મોતી ફાલ્યાં છે લચકાલોળ, નંદજીના નાનડિયા !
એક ડાળ્યને બીજી ડાળખી, સૂણો શામળિયા !
વચલી ડાળ્યે મોતીડાંની લૂમ, નંદજીના નાનડિયા !
થાળ ભરીને મોતી વેડિયાં, સૂણો શામળિયા !
માતા ! પાડો મોતીડાનો ભાગ, નંદજીના નાનડિયા !
કોઇને ચપટી, કોઇને ચાંગળુ, સૂણો શામળિયા !
રાણી રાધાજીને નવસર હાર, નંદજીના નાનડિયા ! "

આ ગીત આપણી ગુજરાતણો આજે પણ ગરબે ઘૂમતાં ગાય છે અને ગવડાવે છે.

ગોરને મોતીના થાળ લેવડાવી આવતા જોઇ શું બન્યું તે જાણવા સૌ એક પગે થઇ ગયા. બધી વાત જાણીને વૃષભાનુને પહેલાં ગર્ગાચાર્યની વાણીમાં જે ભરોસો હતો તેમાં હવે પૂરી શ્રદ્ધા બેઠી. વૃદ્ધ ગોપ–લોકોની ચેષ્ટાને તથા નિંદાને હવે કોણ સાંભળી રહે?

*

વૃષભાનુએ તેમને મોતીના થાળ બતાવ્યા. ગરીબ દેખાતા નંદજી કેટલા બધા ખાનદાન છે એમ એમણે સગર્વ કહી બતાવ્યું. 'પોતાને ઘેર મોતીના થોકેથોક છતા એમણે બડાઇ મારી છે?' એ પેલા વૃદ્ધોને પૂછી રહ્યા.

વૃદ્ધોને કાને મોતી લૂંટાયાની વાત પણ આવ્યા વગર ન રહી. બીજું આડુંઅવળું પૂછવાને બદલે, તે પણ ખેતર તરફ જવા નીકળ્યા, પણ એમ કાંઈ શ્રદ્ધાનાં મોતી જેને તેને માટે ઓછાં છે?

તેમને તો ખેતર જેવું ખેતર દેખાયું. ધરતીમાં ચાસ પડેલા છે. શિયાળુ ઓરણીને હજી વાર છે. પગરવથી પાસેની માટી ખુંદાઇ છે, પણ તે સિવાય એમની કલહપ્રિય આંખોને કંઇ જ દેખાયું નહિ!

મનમા મૂંઝાતા એ પાછા ફર્યા. નંદજીની નિંદા કરવી પડતી મૂકી; અને નંદજીના વેવાઇ વૃષભાનુજીને ત્યાં પુત્રી–વિવાહને લીધે ખુશી થવા આવ્યા.

ગોકુળની ગોવાલણીઓ ગુંજાના હાર ભેગી નવાં મોતીની માળાઓ ઉમંગભેર લટકાવે છે, અને સરખેસરખી ટોળે મળી યમુનાજીનાં જળ ઝીલવા સંચરે છે.

સાથે પાણીની હેલ લે છે. પાણી–શેરડે ચાલતાં ચાલતાં 'મોતીનાં વાવેતરનું' ગીત ગવડાવે છે અને બધાં ઝીલે છે.

(ઢાળ : 'શેરી વળાવી સજ કરું, ઘેર આવો ને')

"જળ રે યમુનાનાં ઝીલતાં, સૂણો શામળિયા!
મને મોતીડું લાગ્યું હાથ, નંદજીના નાનડિયા!

ગાડે કરીને મોતી આણિયું, સૂણો શામળિયા !
માતા ! પાડો મોતીડાના ભાગ, નંદજીના નાનડિયા !
એક મોતીમાં શું વહેંચીએ ? સૂણો શામળિયા !
મોતી વાવ્યે ઘણેરાં થાય, નંદજીના નાનડિયા !
યમુનાને કાઠે ક્યારો રોપિયો, સૂણો શામળિયા !
માંહી વાવ્યો મોતીડાંનો છોડ, નંદજીના નાનડિયા !
એક મોતીને બબ્બે પાંદડાં, સૂણો શામળિયા !
મોતી ફાલ્યાં છે લચકાલોળ, નંદજીના નાનડિયા !
એક ડાળને બીજી ડાળખી, સૂણો શામળિયા !
વચલી ડાળે મોતીડાંની લૂમ, નંદજીના નાનડિયા !
થાળ ભરીને મોતી વેડિયાં, સૂણો શામળિયા !
માતા ! પાડો મોતીડાનો ભાગ, નંદજીના નાનડિયા !
કોઇને ચપટી, કોઇને ચાંગળુ, સૂણો શામળિયા !
રાણી રાધાજીને નવસર હાર, નંદજીના નાનડિયા !"

આ ગીત આપણી ગુજરાતણો આજે પણ ગરબે ઘૂમતા ગાય છે અને ગવડાવે છે.

*

રઘુનાથજીની વાતો

સંગ્રાહિકા :

સૌ. શ્રીમતીબાલા મજમુદાર

વ્રતકથાનું સાહિત્ય

લોકવાર્તાના સાહિત્યમા વ્રતકથાઓનો વિભાગ અનોખો છે. 'વ્રત' નો અર્થ નિયમપૂર્વક આચરવાનું પુણ્યકર્મ એવો થાય છે; અર્થાત્, અમુક કરવા ન કરવાનો ધાર્મિક નિશ્ચય. સ્વેચ્છાથી જે નિયમ ધારણ કર્યો હોય તેનું નામ તે 'વ્રત'. તેથી વ્રતને 'લેવા'નું હોય છે; કોઈને તેમ કરવા માટે બીજું કોઈ ફરજ પાડતું નથી. આમ વ્રત એ મુખ્યત્વે આચારપ્રધાન છે. બહુ સહેલી અને સાદી સમજથી કોઈ સંકલ્પ કરવો અને તેને પછી નિષ્ઠાપૂર્વક પાર પાડવો એમાં જ વ્રત કરનારનો સંતોષ રહેલો છે. વ્રતનાં 'પારણાં' જે કહે છે તેનો અર્થ એ કે વ્રતને સાંગોપાંગ પાર ઉતારવું.

એકાદશી, અષ્ટમી, ચતુર્થી, શિવરાત્રિ, એ બધાં હિંદુ મહિનામાં હંમેશ આવનારાં વ્રતો છે. એકાદશી વૈષ્ણવોએ સર્વલોકપ્રિય કરી છે. ગણપતિના ઉપાસકો વિનાયકી અને સંકષ્ટચતુર્થીનું વ્રત કરે છે. દેવીના ઉપાસકો અષ્ટમીનુ વ્રત આચરે છે. શિવરાત્રિ એ દરેક મહિને આવતી વદ ચૌદશ છે. માઘ માસની શિવરાત્રિ મહાશિવરાત્રિ કહેવાય છે.

આ દરેક તહેવારનુ માહાત્મ્ય હોય છે અને તેની એક–એક વાર્તા પણ હોય છે. આ વાર્તાઓ બહુધા લોકકથાઓ હોય છે. તેની પાછળ કોઈ ને કોઇ મહાન સામાજિક અથવા આધ્યાત્મિક તત્ત્વ રહેલુ હોય છે.

આ વ્રતકથાના બે મુખ્ય પ્રકાર છે. એક પ્રકારની કથાઓ સંસ્કૃતમા રચેલી અને કોઇ પુરાણમાં ગૂંથી લીધેલી હોય છે. એવી અનેક કથાઓનો સંગ્રહ 'વ્રતરાજ' નામે સંસ્કૃત ગ્રંથમાં કરેલો છે. બીજા પ્રકારની વ્રતકથાઓ બૌદ્ધ અને જૈનોના પાલિ તથા પ્રાકૃત

ભાષાના ગ્રંથોમાં તથા પ્રાંત પ્રાંતની પ્રાદેશિક ભાષાઓમા પ્રચલિત થયેલી છે. ગુજરાતની કેટલીક વ્રતકથાઓ ' કંકાવટી ' માં ભેગી થયેલી છે.

દરેક વાર્તામાં વ્રત પાળનારની નિષ્ઠાનુ મહાત્મ્ય બતાવેલું હોય છે. એ વ્રત પહેલાં કોણે કર્યું હતુ અને તેનાથી શો શો લાભ તેમને થયો હતો તે કહેવામાં આવે છે. અશ્રદ્ધા રાખી શ્રદ્ધાળુના વ્રતમાં અંતરાય નાખનાર વિઘ્નસંતોષી લોકોને શુ શુ વીત્યું અને એ ના એ લોકો પછી કેવાં વ્રત પાળવામાં સામેલ થઇ જાય છે તે તેના માહાત્મ્ય-રૂપે વર્ણવવામા આવે છે.

ઉત્સવોનું અને વ્રતોનું માનવજીવનમા વિશિષ્ટ ને મહત્ત્વનું સ્થાન છે. તે દ્વારા જ આપણે સંસ્કૃતિના કેટલાક અગો સારી રીતે જાળવી અને ખીલવી શકીએ છીએ. આપણા ઉત્સવોમાથી કેટલાક ઉલ્લાસના અને ભોગવિલાસના છે, ત્યારે કેટલાક સંયમના અને આત્મશુદ્ધિના છે. આ બીજા પ્રકારના ઉત્સવો સાથે વ્રતોને ગાઢ સંબંધ છે. કેટલાક ઉત્સવોમાં મિષ્ટાન્નભોજન કરવાને બદલે ઉપવાસ કરવાની પ્રથા પડેલી છે તેનુ રહસ્ય વિચારવા જેવુ છે. જેમ નાહ્વાથી પવિત્રતાનો અનુભવ થાય છે, મૌન ધારણ કરવાથી આધ્યાત્મિક વાતાવરણ મેળવાય છે. તેમ ઉપવાસથી અંતર્મુખ થવાય છે અને સાત્ત્વિક વૃત્તિ પણ ખીલવી શકાય છે. દરેક વ્રત આચરનારે તેથી જ આહારવિહારમાં સંયમી થવું આવશ્યક મનાયું છે.

જૈનધર્મી શ્રાવકોમા પૌશધવ્રત એ એક એવું વ્રત છે જેનો ઉદ્દેશ સાધુઓ અને સાધ્વીઓ જેવુ જીવન ગાળે છે એવુ જીવન ટૂંક વખત માટે નાના પાયા ઉપર ગાળવાનો છે. આ વ્રતને મળતું એવું કંઇક બ્રાહ્મનીય સમાજનુ ઋષિપંચમીનુ વ્રત છે. એની મેળે ઊગી નીકળેલુ મૂઠીભર સામો કે નિવારના તાંદુલ જેવું જાડું ખડધાન ખાઈ, ઋષિજીવનના આચારવિચારને પાળી એક દિવસને વિતાવવો અને સાત્ત્વિક આહારશુદ્ધિની ઝંખના કરવી એ જેમ ઋષિપંચમીનો ઉદ્દેશ છે; તેમ પૌશધવ્રતના વ્રત દરમિયાન બહુ મિતઆહાર કરવો, શરીરની

ટાપટીપ ન કરવી, સ્ત્રીને કોઇ પુરુષનો સ્પર્શ ન થવા દેવો તથા કોઇ બીજી સાંસારિક પ્રવૃત્તિ ન કરવી. એમ ચાર પ્રકારના સંયમથી શોભતું એ શીલવ્રત છે.

ગુજરાતી સાહિત્યમાં વ્રતકથાઓનું અનોખું સાહિત્ય છે એ બહુધા સરલ ગદ્યમાં અને કવચિત કવચિત સાદી કડીઓનાં જોડકાંરૂપે પદ્યમાં પણ મળી આવે છે. આ સાહિત્ય મોટે ભાગે સ્ત્રીઓનું છે અને સ્ત્રીઓએ જ તેને કંઠોપકંઠ સાચવી રાખ્યું છે. લગભગ દરેક વ્રતમાં એ વ્રતની વાર્તા કોઇને સંભળાવ્યા પછી જ વ્રતની સમાપ્તિ થઇ શકે છે.

વ્રતકથાઓનુ ગદ્ય અને મધ્યકાલીન ગદ્યનો નોંધપાત્ર નમૂનો છે. એનું નિસર્ગસુંદર ચમકાન્ત ગદ્ય, તેની સાદી છતાં સચોટ ઉપમાઓ, અને નિખાલસ ભાવભરેલી વાણી એક બે દષ્ટાંતોથી રજૂ કરીશું.

વ્રતકથામા ઈશ્વર અને પાર્વતી એ પૃથ્વી પરનાં સરળ માનવી જેવાં લાગે છે. પાર્વતીજી કહે છે: “ઈશ્વર! ઇશ્વર! ચોમાસાના લાબાપહોળા દહાડા આવ્યા. સૂતા સહેવાય નહી, બેઠાં રહેવાય નહી. વ્રત દ્યો, વરતુલા દ્યો”.

ત્યારે ઇશ્વર જવાબ દે છે: “તમથી વ્રત થાય નહીં ને વ્રતનો મહિમા પળાય નહીં.”

પાર્વતી આગ્રહ કરે છે: “થાય તો ય દ્યો, અને ન થાય તો યે દ્યો.”

એટલે વ્રતનો વિધિ ઈશ્વર બતાવે છે: “આશાઢ માસ આવે, અજવાળી એકાદશી આવે, ત્યારે સાત સેરે સાત ગાઠે દોરો લેવો, નરણા ભૂખ્યાં વાત કહેવી; વાત ન કહીએ તો અપવાસ પડે. વાત સાંભળનાર ન હોય તો પીપળાને પાને કહેવી, કુંવારીને કાન કહેવી, તુલસીને ક્યારે કહેવી, ગાયને ગાળે કહેવી, ઘીને દીવે કહેવી, બ્રાહ્મણને વચને કહેવી, અથવા સૂરજની સાખે કહેવી પણ જો વાર્તાનુ કહેનાર અને સાંભળનાર ન હોય તો અપવાસ કરીએ.

*

ઊંચા પર્વ લીલા વાંસ :
ત્યા બેઠાં સીતા રઘુનાથ ;
પંચવટીમા વસિયા રામ.
સારે પાસે રમે રામ,
ગેલા ગેલી ગેલ કરે,
કોકિલા શબ્દ કરે.
મોર ત્યા કળા કરે,
મેઘ ત્યા છડા દે;
ઘીના ત્યા દીવા બળે.
ગાંધર્વ ત્યાં ગાન કરે;
અપ્સરા આનંદ કરે.
બ્રાહ્મણ ત્યાં વેદ ભણે,
નારદ નૃત્ય કરે.
ઝા લ ર વા ગે,
પા ત ર ના ચે.

જ્યાં સીતા સતી, ત્યા સીતાના રસિયા રઘુનાથજી સીતાજી કહે છે, "એ સ્વામી !

સૂતાં તો રહેવાય નહિ,
બેઠાં બ્હાણું વાય નહિ;
વ્રત કહો, વ્રતનો મહિમા કહો."

રઘુનાથજી કહે, "વ્રત તો નાનાં છે,
પણ મહિમા મોટો છે.
તમ થકી નહી થાય.
કરશો તો બાપુ, બોધ પામશો.
સીતાજીના સતે કરજો,
રઘુનાથજીના નામે કરજો."

આજથી, ભર્યો ભાદરવો માસ આવે,
અજવાળો પખવાડો આવે.
સંગસ અગીઆરસ આવે,
છ સેર, છ ગાંઠ, ધૂપી–વાસી.
પીળી પાઠીનો દોરો બાંધજો;
અન્ન–અબોટણુ કહેણી કહેજો.
અ–પક્વા આ'તવાર કરજો,
અભંગ અગીયારશ કરજો.
થાય તો છ વરસ કરજો,
ન થાય તો છ માસ કરજો.
છઠ્ઠે માસે ઊજવણું કરજો,
પછી, ફાગણ માસ આવે,
અગીઆરશનો દહાડો આવે,
તે દિવસે ઊજવણું કરજો.
તેમાં તો, સવા છ શેર શીલોટાના લાડુ કરજો,
નહિ તો સવા છ પાશેરનો લાડુ કરજો.
ગાયના ગોવાળને આપજો,
ભેંશના પિંડારને આપજો.
સાસુ નણંદને આપજો,
હળ ખેડતા હાળીને આપજો.
ફૂલ વીણતા માળીને આપજો,
નણંદબાને આપજો.
દેરાણી જેઠાણીને આપજો,
મનમાની બહેનને આપજો.
રીખતા કહાનને આપજો.
જળનો ઘડો મૃત્તિકાનો,
તથા દક્ષિણાસહિત લાડુ બ્રાહ્મણને આપજો."

સીતાજીએ તો વ્રત કર્યાં છે. વ્રતનાં ઊજવણાં કર્યાં; ઘડો ને લાડુ લઇ બ્રાહ્મણને આપ્યાં.

સીતાજીએ બ્રાહ્મણને કહ્યું—
"રાતવાસો રાખીશ મા,
દીવાને દેખાડીશ મા.'"

ઘડો લાડુ લઇ બ્રાહ્મણ તો ઘેર ગયો. એણે તો રાતવાસો રાખ્યો છે. દીવાને દેખાડયો છે: અને એને તો જે જ્યાં તે ત્યાં થઇને રહ્યું છે!

પાણીઆરે ઊબ વળી,
રસોડે સેવાળ વળી.

એટલે તો બ્રાહ્મણે રોવા માંડ્યું છે. બ્રાહ્મણી કહે છે, "વઢતાં તો ફાવીએ નહિ, ઝઘડતા એ ફાવીએ નહિ. જાવ રૂડા રામજી પાસે, જેથી આપણાં રૂડાં વાના થાય—કારણ કે,

"રઘુનાથ છે દીનદયાળ,
દુર્બળ જાણી કરશે સાર.
ચીર કંથા ઊતારતા જાવ,
ડુંગર પર્વત ખોડંગતા જાવ."

ચાલ્યો ચાલ્યો બ્રાહ્મણ સીતાજી પાસે આવ્યો છે. બ્રાહ્મણને જોઇ સીતાજી રઘુનાથજીને કહે છે, "ઓ સ્વામી, દુર્બળિયો બ્રાહ્મણ આવ્યો, પાતળિયો બ્રાહ્મણ આવ્યો. એ બ્રાહ્મણને કંઇ આપો, મૂકો. એ બ્રાહ્મણના કાંઇ હેવા ટાળો."

"એના ઘરમા નાર સજાત,
મારા વ્રતની કીધી ખ્યાત."

રઘુનાથજી કહે, "તમારી પાસે હોય તો આપો. નહિ તો બ્રાહ્મણને પાછો વાળો."

સીતાજીએ તો આગળીની મુદ્રિકા કાઢીને આપી છે.

"લે રે બ્રાહ્મણ! લેતો જા,

પણ જોજે, મુદ્રિકા ઘર-ટાળી મેહેલીશ મા;
તો ખાતાં યે ખૂટશે નહિ,
વાવરતાં યે ખૂટશે નહિ."

બ્રાહ્મણ મુદ્રિકા લઇને ઘેર ગયો છે. મુદ્રિકા દીવાને ચાડે મૂકી છે. પાડોશણ દીવો કરવાને બહાને આવી છે. કોડિયું લઈ ગઇ, અને પાછું મૂકી ગઇ. પણ મુદ્રિકા સાથે લેતી ગઇ.

બ્રાહ્મણ બહારથી આવ્યો છે; અને વિચારે છે.

"લાવો રે મુદ્રિકા વટાવી લાવીએ,
વરા કરીએ, દીકરા પરણાવીએ."

જુવે છે તો મુદ્રિકા તો મળે નહિ!

જાણ્યું કે મુદ્રિકા તો પાડોશણ જ લઇ ગઇ. બ્રાહ્મણ કહે, "પાડોશણ સાથે લઢવા જઇએ."

બ્રાહ્મણી કહે, "ના રે બાપા, વઢતાં ફાવીએ નહિ. જાઓને રૂડા રામજી પાસે, જેથી આપણે રૂડા વાનાં થાય."

"રઘુનાથજી છે દીનદયાળ,
દુર્બળ જાણી કરશે સાર."

બ્રાહ્મણ સીતામંદિરે ગયો છે. સીતાજીએ કહ્યું, "આપોને કંઇ આ દુર્બળ બ્રાહ્મણને"

રઘુનાથજી સીતાને કહે છે, "આપોને તમારી પાસે હોય તો."

સીતાજીએ તો ડોકનો હાર કાઢી, બ્રાહ્મણના હાથમાં મૂક્યો છે.

બ્રાહ્મણ નાકલીટી ખેંચી પગે લાગ્યો. ત્યાથી ચાલ્યો ચાલ્યો ઘેર ગયો. હાર લઇને ટોડલે મૂક્યો છે. આંગણીએ ચરતો મોર તેને ચાંચમાં ચણી ગયો છે!

બ્રાહ્મણ સ્નાનસંધ્યા કરી, સરોવર પરથી ઘેર આવ્યો. ટોડલે જુવે છે તો હાર નથી! બ્રાહ્મણી આખું ઘર ખોળી વળે છે. પણ હાર હાથ લાગતો નથી.

એટલામાં મોરનો ટહુકો સંભળાયો છે. સામે પારસ પીપળો છે. એ ઉપર મોર કળા કરી રહ્યો છે. એની ચાંચમાં હાર ઝોલાં ખાઇ રહ્યો છે.

બ્રાહ્મણ કહે, "ચાલો મોરની સામે લડવા જઇએ."

બ્રાહ્મણી બોલી, "વઢતાં શું વળશે? જાવને પાછા મારા સીતામા પાસે, રૂડા રામજીને કહેશે તે દુઃખ ભાગશે."

બ્રાહ્મણ પાછો સીતાજી પાસે આવ્યો છે. સીતાજી આ વખતે તેને સાત સોનાની ઇંટો આપે છે.

ઇંટો લઇને બ્રાહ્મણ ઘેર જાય છે. રસ્તામાં ગાડાવાળો તેને સામો મળ્યો છે.

"લાવો રે ભાઈ, તમારો ભાર હુ હળવો કરું, હું તેને ગાડામાં નાખું–" ઇંટો ગાડામાં મૂકી છે.

એટલામાં વાવંટોળ થયો છે; ને ગાડું તો ઊંધુ પડયું છે, ઇંટોએ ઊડી ગઈ, અને ગાડાવાળોયે ભાગી છૂટયો !

બ્રાહ્મણે રોવા, રસળવા માડયું. અને એમ કરતો ઘેર પાછો આવ્યો. બ્રાહ્મણીએ તેને ધારણ દઈ, પાછો સીતામા પાસે મોકલ્યો.

સીતાજીએ રૂડા રામજીને કહ્યું, "સ્વામી, પાછો પેલો દુર્બળિયો બ્રાહ્મણ આવ્યો. એ બ્રાહ્મણના હેવા ટાળો એ બાપડાને કંઈક આપો"

રઘુનાથજી કહે છે, "વ્રત તમારાં છે, તમારી પાસે હોય તો આપો, નહિ તો પાછો વાળો; મારાથી શુ થાય?"

સીતાજીએ તો પાચ રત્નો આપ્યા છે.

રત્ન લઇને બ્રાહ્મણ ઘેર ગયો છે રત્ન લઈ તેણે વહુને સોંપ્યાં છે.

વહુએ તો કપાસીઆની કોઠીમા રત્ન મૂકયા છે.

એટલામા છોકરા આવ્યાં; માને કહે, "મા મા, અમને ભૂખ લાગી છે કંઈક ખાવાનું લઈ આપોને–"

બ્રાહ્મણી કહે, "જાવ, પેલી કપાસિયાની કોઠીમાંથી થોડા

કપાસિયા લઈ જાવ. તેના ધાણીચણા લઈ આવીને ખાવ, અને રમતા ફરો."

છોકરાં તો કપાસિયા લઇને ગયાં. તેમાં, કપાસિયા ભેગાં પેલાં પાંચ રત્ન પણ આવી ગયાં.

કપાસિયા ભાડભુંજાને આપ્યા. રતન જોઇને ભાડભૂંજાએ સૂપડું ભરીને ધાણીચણા આપ્યા.

છોકરાં તો ખુશ ખુશ થઇ ગયાં; અને મા પાસે દોડી ગયાં. કહે, "મા મા ! અમને તો આટલા બધા ધાણીચણા મળ્યા !"

બ્રાહ્મણી બોલી, "ગરીબ જાણીને આપ્યા હશે; ખાઇને રમતા ફરો."

એટલામાં બ્રાહ્મણ આશાભર્યો બહારથી ઘેર આવ્યો, અને વહુ પાસે રત્ન માંગ્યાં. "રત્ન ! વટાવીને વરા કરીએ, દીકરાને પરણાવીએ."

વહુ જુવે છે તો રત્ન મળે નહીં ! નક્કી એ ભાડભૂંજાને ત્યાં ગયાં ! બ્રાહ્મણ કહે, "ચાલો ભાડભૂંજાને ઘેર વઢવા જઇએ."

બ્રાહ્મણી બોલી, "વઢતાં તો ફાવીએ નહિ, ઝઘડતાં જીતીએ નહિ, તો જાવો, એક વાર ફરી, રૂડા રામજી પાસે, 'માતા સીતાજી પાસે; જેથી આપણાં કારજ થાય."

બ્રાહ્મણ તો ધીરે પગલે પાછો રામજી પાસે ગયો છે. સીતાજી કહે છે, "રઘુનાથજી, હવે તો કંઇ દયા લાવો; આ બ્રાહ્મણને કંઇક આપો."

રામજી કહે, "હું આપીશ તો તમારાં વ્રત ખંડિત થશે. તમારી પાસે જે હોય તે આપો"

સીતાજી કહે, "મેં તો ઘણુંયે આપ્યું મૂક્યું; પણ બિચારાનું ભાવિ વાંકું છે તે શું થાય? તેના કરમમાં નહીં એટલે આપ્યું મૂક્યું તેને પહોંચ્યું નહીં !"

એટલે રઘુનાથજીએ પાનાં કાઢયાં, પુસ્તક કાઢયા. અને બ્રાહ્મણનાં

પૂર્વ કર્મ જુવે છે, જોતાં જણાયું છે કે "એને તો રઘુનાથજીનાં વ્રત પડયાં છે." તે જાણી રઘુનાથજીને અનુકંપા થઇ.

રઘુનાથજીએ પછેડી ખંખેરી છે. પછેડીમાંથી ત્રાંબીઓ નિકળ્યો છે.

"લે રે બ્રાહ્મણ લેતો જા.
પહેલી પોળે, પ્રભાત પહોરે;
જે મળે તે લેતો જા."

બ્રાહ્મણ દંડવત કરી જાય છે. પહેલી પોળે એક મછિયારણ બેઠી છે તે મચ્છ લઇને બેઠી છે.

"બાઈ મછિયારણ, મચ્છ દે." બ્રાહ્મણે રઘુનાથજીનુ કહ્યુ પાળ્યું છે.

પણ મછિયારણ તો આભી બની છે! બ્રાહ્મણ થઇને આ શુ બોલે છે! એ બોલી, "ભાઈ, બ્રાહ્મણ છે કે ભડવો?

ન્યાત જાણશે તો ન્યાત બહાર કાઢશે.

સગા જાણશે તો સગા દંડશે.

રાજા જાણશે રાજા દંડશે."

દુર્બળિયો બ્રાહ્મણ બોલ્યો.

"રાજાના દંડયા પાછા આવશુ,
સગાના દંડયા કામ આવશુ,
ન્યાતના દંડયા ઠામ આવશુ
પણ રઘુનાથજીના દંડયા કામ નહિ આવીએ.

માટે, હું કહું તેમ કર, બાઈ!"

બ્રાહ્મણ માછલાં લઇને ઘેર ગયો છે. માછલાં તુલસીને કયારે મૂકયાં છે.

બ્રાહ્મણ બ્રાહ્મણીને વાત કહે છે, બ્રાહ્મણી હોકારો દે છે.

"ઊંચા પર્વત, લીલા વાસ,
ત્યાં બેઠા સીતા રઘુનાથ!
પંચવટીમાં વસિયા રામ,
સારે પાસે રમે રામ."

ગેલા—ગેલી ગેલ કરે,
કોકિલા શબ્દ કરે :
મોરલા ત્યાં કળા કરે,
મેઘ ત્યાં છડા દે:
ગાંધર્વ ગાન કરે,
અપસરા આનંદ કરે.
નારદજી નૃત્ય કરે,
ઝાલર વાગે, પાતર નાચે;
જ્યાં સીતા સતી
ત્યાં સીતાના રસિયા રઘુનાથજી !"

વાત તો પૂરી થઈ છે.

તુલસી કયારે નજર કરે છે તો માછલા સાવ સોનાનાં થઈ ગયાં છે; અને બ્રાહ્મણને હવે તો ધીમે ધીમે ઘણાં સારાં રૂડાં થઈ રહ્યાં છે. કારણ કે રામ અને સીતા બંને ત્રુઠયા છે.

પડોશણ આવીને કોડિયું લઈ ગઈ; અને મુદ્રિકા મૂકીને ગઈ છે.

ઊડતો ઊડતો આવ્યો તે મોર ચણ ચણી ગયો, અને હાર મૂકી ગયો.

ગાડાવાળો ઘર ખોળતો આવ્યો; અને કહેવા લાગ્યો. "અલ્યા બ્રાહ્મણ, ભાડું તો સમજી લે, ને તારી ઈંટો લઈ જા."

બ્રાહ્મણ ગાડાનું ભાડું સમજી ગયો, અને સોનાની ઈંટો લઈ આવ્યો.

એટલામાં ઘર પૂછતો ભાડભુંજો આવ્યો. તેણે કહ્યું, "ભાઈ બ્રાહ્મણ, ધાણીચણાનું ધન સમજી જા; અને તારાં રતન તું લઈ જા."

બ્રાહ્મણ તો સાથે ગયો છે; ભાડભુંજાને પૈસા આપી રાજી કર્યો અને રતન લઈ ઘેર આવ્યો.

હવે તો બ્રાહ્મણને બધાં રૂડાં વાના થયાં છે.

રઘુનાથજીની કૃપાથી અને સીતાજીની સહાયથી એ ખાય છે પીયે છે અને ગરીબોને દાન કરે છે.

બ્રાહ્મણ–બ્રાહ્મણી રામનું નામ ભૂલતાં નથી.

જે રઘુનાથજી! જેવા બ્રાહ્મણ-બ્રાહ્મણીને ત્રુઠયા તેવા સૌને ત્રુઠજો.*

---

* આ વ્રતકથા મેળવી આપવામાં બહેનશ્રી સૌ. જયકાન્તાબહેન શાંતિલાલ સારાભાઈ ઓઝાનો ઉપકાર થયો છે તે જાહેર કરતાં આનંદ થાય છે.

અક્ષયનવમી વ્રત

શ્રી. કૃષ્ણપ્રસાદ ભટ્ટ

વિષ્ણુકાંચી નામનું નગર હતું.

એ નગરમાં કનક નામનો ક્ષત્રિય હતો.

તે ધનવાન હતો, ને વેપાર કરતો હતો.

તે ક્યારે પણ વિષ્ણુની ભક્તિ કરતા ચૂકતો નહિ.

ભગવાનની કૃપાથી તે રાજાનો માનીતો પણ હતો.

આ બધું હતું, છતાં તેના હૃદયમાં દુઃખ હતું.

એ દુઃખ હતું સંતાનનું.

ભગવાને ઉદાર થઈ તેને બધુ જ આપ્યું હતું, પણ છોકરું આપતાં પાછું જોયું હતું.

બધાં તેને વ્રતવર્તુલાં કરવા કહેતાં. તેણે કેટલાય વ્રતો કર્યાં. ત્યારે તેને ત્યાં એક રૂપરૂપના અંબાર જેવી પુત્રીનો જન્મ થયો.

આ પુત્રીનું નામ તેને પાડ્યું કિશોરી.

કિશોરી દહાડે ન વધે એટલી રાતે વધે ને રાતે ન વધે એટલી દહાડે વધે.

કિશોરી મોટી થઈ. તેવામાં એક દહાડો એક જોષી કનકને ત્યાં આવ્યા.

કનકે તેમનો પ્રેમથી સત્કાર કર્યો. પછી પૂછ્યું, "હે મહારાજ, મારી કિશોરી કેવી થશે?" કહી જોષી મહારાજને તેણે જન્માક્ષર આપ્યા.

જોષી મહારાજે જન્મકુંડલી ધ્યાનપૂર્વક જોવા માંડી. કેટલીય વાર સુધી વિચાર કર્યો પછી જોષી મહારાજ બોલ્યા,

"ભાઈ કનક, સાચું કહું કે ખોટું?"

"મહારાજ, જેવું હોય તેવુ જ કહોને." કનકે કહ્યું.

"ભાઈ, જો સાચું કહીશ તો તને ખોટું લાગશે, ને જો જૂઠું કહું તો હું જૂઠો કહેવાઈશ." જોષી મહારાજે કહ્યું.

"મહારાજ, જેવું હોય તેવું જ મનમાં કાંઈ પણ રાખ્યા વિના કહી નાખો."

"સાંભળો ત્યારે." જોષી મહારાજ કહેવા લાગ્યા, "આ કન્યા એવા વખતે જન્મી છે કે જેથી તેની સાથે પરણનારનો વજ્રથી નાશ થાય."

"હશે મહારાજ, ભાવિને મિથ્યા કોણ કરનાર છે ?" કહી જોષી મહારાજને કનકે દાન-દક્ષિણાથી સંતોષ્યા, જોષી મહારાજ આશીર્વાદ આપી ગયા.

જોષીના ગયા પછી કનક પોતાની દીકરીનું શુ કરવુ તેનો વિચાર કરવા લાગ્યો. આખરે તેણે પોતાની છોકરીને પરણાવવી જ નહિ તેવો નિર્ણય કર્યો

દિવસો જતા કનકે એ કિશોરીને જુદું ઘર રહેવા માટે આપ્યું. ને તેને બ્રાહ્મણોની સેવા કરવાનુ કહી પોતાના માણસોને કહ્યું,

"તમારે કયારેય પણ આ છોકરીને મારી પાસે આવવા દેવી નહિ, મને તેનુ રૂપ જોઈ દુઃખ થયા કરશે."

માણસોએ કનકની આજ્ઞા પ્રમાણે વર્તવાની ખાતરી આપી.

કિશોરી પાસે આવેલા મકાનમાં રહે છે, બ્રાહ્મણોની સેવા કરે છે.

દિવસો એક પછી એક જવા લાગ્યા. તેવામાં વૈશાખ મહિનો આવ્યો. આ મહિનામાં શંકર નામનો બ્રાહ્મણ યાત્રા માટે વિષ્ણુકાંચીમા આવ્યો. અને જાણેઅજાણે કિશોરીના ઓટલા પર બેઠો.

કિશોરીએ શંકરને જોયો એટલે તેને ઘરમાં લઇ ગઈ. તેની પૂજા કરી તેને માટે જમવાની વ્યવસ્થા કરી

શંકર નામનો કોઈ વિદ્વાન બ્રાહ્મણ આવ્યો છે તેવા સમાચાર કનકને મળતા મનને મજબૂત કરીને તે કિશોરીને ત્યાં આવવા નીકળ્યો. ત્યારે શંકર કિશોરીની દાસીને પૂછી રહ્યો હતો, "આ બહેન પરણેલાં હોય તેમ જણાતું નથી. મારી માન્યતા બરાબર છે ને ?"

"હા મહારાજ." દાસીએ કહ્યું.

"એ બહેન પરણવા કેમ માંગતા નથી ?" શંકરે પૂછ્યું.

"મહારાજ," કહેતા દાસીએ જોષી મહારાજે કહેલી વાત કહી. આ સાંભળી શંકર હસ્યો. તેવામાં કનક ત્યાં આવ્યો. દાસીએ કનકને હાથ જોડયા.

કનકે શંકરને પ્રણામ કર્યા. એટલે શંકરે કનકને કહ્યું, "કનક, હું આ તારી પુત્રીને વિષ્ણુના બાર અક્ષરનો મંત્ર આપું છું.

ત્રણ વરસ સુધી તેનો જપ તારી દીકરીએ કરવો જોઇશે.

વહેલી સવારમા સ્નાન કરવું.

તુલસીની પૂજા કરવી.

કારતક સુદ નોમને દહાડે સોનાની મૂર્તિ સાથે તુલસીનો વિવાહ કરવો.

આ વ્રત કરવાથી વિધવાપણું આવશે નહિ."

"મહારાજ, તેમ થતું હોય તો હુ બધુ જ કરવા તૈયાર છુ." કનકે કહ્યું, "તમે કિશોરીને મંત્ર આપો."

શંકરે કિશોરીને વિષ્ણુમંત્ર આપ્યો. વૈષ્ણવ ધર્મનો ઉપદેશ કર્યો. તે પછી શંકર ત્યાંથી ગયો.

કિશોરીએ શંકરના કહેવા પ્રમાણે વ્રત કરવા માંડયું.

ત્રણ વરસ સુધી કિશોરીએ મંત્રનો જાપ કર્યો.

ચોથા વરસનો કારતક મહિનો આવ્યો.

કિશોરી વહેલી સવારે સ્નાન કરવા જઈ રહી હતી, ત્યાં વિલેપી નામના ક્ષત્રીની નજરે તે પડી. ને તેના મનમાં વસી ગઈ. તે તેની પાછળ પાછળ જવા લાગ્યો.

તે જયારે જઈ રહી હતી ત્યારે બધાં જ સ્ત્રી અને પુરુષો તેને જોઈ રહ્યાં હતાં. પણ કિશોરી તો નીચું જોઈ ચાલી જ જતી હતી. જીભ પર વિષ્ણુનો મંત્ર હતો અને હૃદયથી તુલસીનુ ધ્યાન ધરતી હતી.

સ્નાન કરી તે પાછી આવી. વિલેપી હાથ ઘસતો રહ્યો. તેણે કિશોરીને લલચાવવા મહેનત કરવા માડી પણ પરિણામ લાભમાં આવ્યું નહિ.

તે નિરાશ થઈ ' શુ કરવુ ?' તે વિચાર કરતો હતો. વિચાર કરતાં તેને એક યુક્તિ જણાઇ. તે ગયો માલણને ત્યાં. માલણે તેને આવકારી પૂછ્યું, " કહો, કેમ આવવુ થયું છે ? "

" માલણ, " વિલેપી બોલ્યો, " જો તુ મને કિશોરી મેળવી આપે તો..." કહેતા તેને કેટલુક દ્રવ્ય આપ્યુ, " આથી ચોઘણુ દ્રવ્ય હુ તને આપીશ. "

" ઓહો, એમાં તો શું ભારે છે ? " ચપટી વગાડતી માલણ બોલી, " એ કિશોરી સાથે તમારો મેળાપ કરાવી આપુ તો મને માલણ કહેજો ને. "

વિલેપી આશાના કિલ્લા બાંધતો ઘેર ગયો, માલણે માયાવી જાળ પાથરવા માંડી. પણ કિશોરી આગળ તેનુ કાંઈ જ ફાવ્યું નહિ. નિરાશ થઇ એક દહાડો વિલેપીને કહેવા લાગી, " કિશોરી જાળમા ફસાય તેવો કોઈ રસ્તો હવે મને સૂઝતો નથી તો પછી મારે કરવું શુ ? "

" કરવાનુ ? " કહેતા વિલેપી હસ્યો. તે પછી વિચાર કરવા લાગ્યો. થોડીક વાર પછી બોલ્યો, " હુ કહુ તેમ તુ મને કરવા દઇશ ? જો તું મને તેમ કરવા દે તો મારે તને રોજના સો સો રૂપિયા આપવા. "

પૈસાની ભૂખી માલણે પૂછ્યું, " કહો, તમારે શું કરવું છે ? "

" કરવામા માત્ર એટલું જ કે તારે મને છોકરી તરીકે ઓળખાવવો અને મને કિશોરી પાસે ફૂલ લઇને જવા દેવો. "

" ઓહ, એ જ ને ? સારું, હુ એ વ્યવસ્થા કરીશ. " માલણે કહ્યુ.

આ વાત થઇ તે દહાડો સાતમનો હતો

બીજે દહાડે એટલે આઠમને દહાડે માલણ કિશોરીને ત્યા ગઈ. તેની આગળ ફૂલો મૂકતા મીઠી મીઠી વાતો કરવા લાગી.

"જોને માલણ." કિશોરી ફૂલો જોતાં બોલી, "કાલે નોમ છે. કાલે મારે તુલસીનો વિવાહ કરવાનો છે. એટલે કાલે તું ફૂલના મુગટ બનાવી લાવજે."

"હા, હા, બા જરૂર." કહેતી માલણ માથું ખંજવાળવા લાગી.

"કેમ શું છે? માથું કેમ ખંજવાળે છે?"

"બા, કાલે મારાથી મુગટ બનાવાશે નહિ. પણ સારી છોકરી જે બહારગામથી આવી છે, તે બનાવી આપશે."

"પણ તે મુગટ સારા બનાવશે ને?" કિશોરીને પૂછ્યું.

"અરે બા, ના પૂછો વાત. એ એવા તો સારા મુગટ બનાવશે, જે તમે જોઇ જ રહેશો." માલણે કહ્યું.

"સારું ત્યારે, તેની પાસે બનાવડાવજે."

"એ જ મુગટ લઇને આવશે ત્યારે."

"સારું સારું." કિશોરીએ કહ્યું ને માલણ મનમાં હરખાતી હરખાતી ત્યાંથી જવા લાગી.

તે દોડતી ઘેર આવી. વિલેપીને બોલાવી સમાચાર આપ્યા. વિલેપીએ આ સમાચાર સાંભળ્યા ત્યારે તેને સ્વર્ગનું રાજ્ય મળ્યું છે તેમ લાગ્યું.

રાત ધીમે ધીમે આગળ વધવા લાગી. માલણે મુગટ બનાવવા માંડ્યા ને સવારે વિલેપી સાથે મોકલવાના વિચારો કરવા લાગી.

તે સમયે—

વિષ્ણુકાંચીમાં જયસેન નામનો રાજા રાજ કરતો હતો.

એ રાજાને મુકુંદ નામનો પુત્ર હતો.

ને સૂર્યનો ઉપાસક હતો.

આ મુકુંદે કિશોરીના રૂપગુણની પ્રશંસા સાંભળી હતી. એટલે તેણે સંકલ્પ કર્યો હતો કે જ્યારે સૂર્યનારાયણ મને એ કિશોરીને પત્ની તરીકે મેળવી આપશે ત્યારે અન્નનો દાણો મોઢામાં મૂકીશ.

મુકુંદ અનશન વ્રત લઈ બેઠો.

એક દિવસ નહિ, બે દિવસ નહિ. પાંચ દિવસ નહિ પણ સાત સાત દિવસના ઉપવાસ થયા. સાતમા દિવસની રાતે સૂર્યે તેને સ્વપ્નમાં દર્શન દીધાં ને કહેવા લાગ્યા, "મુકુંદ, તુ કેમ ગાડો થયો છે? એ કિશોરીને સાથે પરણનાર મૃત્યુ પામ્યા વિના રહે જ નહિ માટે તેનો વિચાર તુ છોડી દે બીજી સુંદર છોકરી તારે માટે નક્કી કરવામાં આવશે, તેની સાથે તું પરણજે."

સ્વપ્નમાં મુકુંદ ભગવાન સૂર્યનારાયણને કહેવા લાગ્યો, "પ્રભુ, આપ નારાયણ સ્વરૂપ છો. આપની શક્તિની બહાર કાંઇ નથી. તો કિશોરી વિધવા ન થાય તે હુ આપની પાસે માગુ છુ આપ જો મારા પર પ્રસન્ન થયા હો તો આ વરદાન આપો."

"મુકુંદ, હઠ શા માટે કરે છે? તને મારા વરદાને કિશોરી કરતા પણ વધુ સુદર..."

"ના પ્રભુ," સૂર્યનારાયણને બોલતા અટકાવી મુકુંદે કહ્યું, "જો આપ મારા પર પ્રસન્ન થયા હો તો તે જ કિશોરી મને મળે, ને તે વિધવા ન થાય."

સૂર્યનારાયણે મુકુંદને ઘણો સમજાવ્યો, પણ સૂર્યનારાયણની મહેનત પથ્થર પર પાણી જેવી થઇ મુકુંદના નિર્ણયનો વિજય થયો. સૂર્યનારાયણને નમતુ મૂકવુ પડ્યું તેમણે કહ્યુ, "તારી ઇચ્છા પ્રમાણે થશે."

"ભગવાન, દયાળુ." બે હાથ જોડી સ્વપ્નમાં જ મુકુંદ બોલ્યો. ભગવાન સૂર્યનારાયણ અદૃશ્ય થઈ ગયા. સ્વપ્ન પૂરું થયું.

મુકુંદને જ્યારે ભગવાન સૂર્યનારાયણે સ્વપ્નમાં 'તથાસ્તુ' કહ્યું ત્યારે કિશોરીને પણ સ્વપ્ન આવ્યુ તેમા તેણે એક છોકરી જોઈ અને માણસ જોયો. એ છોકરી પોતાની સાથેના માણસને કિશોરીને બતાવતી કહી રહી હતી. "આ મારી માતા છે."

"શું કહે છે?" પેલા માણસે પૂછ્યું.

"હા, હા, નાથ, આ કિશોરી માતા છે."

"એમ?" પતિ પત્નીને જોતો બોલ્યો, "હું આ કિશોરીના હાથે એક મોટું બલિદાન અપાવીશ. અને તે પછી તેનો વિવાહ થશે"

"બલિદાન?" બોલતી કિશોરી જાગી ઊઠી. તે સાથે જ તેના મનમાં પ્રશ્ન ઊઠયો, "હું જપુ છું તે દ્વાદશાક્ષર મંત્ર, વિષ્ણુપૂજા શું કાંઇ જ કામમાં નહિ આવે? શુ મારા હાથે પ્રાણી હિંસા થશે? શું મારે માટે નરકનો રસ્તો ખુલ્લો થઇ જશે?"

આ પ્રશ્નના જવાબ તેને મળી શકયા નહિ. એટલે તેણે પોતાની સખી ચંદનાને બોલાવી.

હસતી હસતી ચંદના આવીને પૂછવા લાગી, "બહેનબા, શું છે?"

"બહેન ચંદના, આજ રાતે સ્વપ્નું આવ્યું." કિશોરી ચંદનાને કહેવા લાગી.

"સ્વપ્નું અને તે તને?" ચંદનાએ હસતાં હસતાં પૂછ્યું.

"હા, બહેન." કહી ચંદનાને આવેલા સ્વપ્નાની વાત કિશોરીએ કરી કહ્યું. "આ સ્વપ્નનુ ફળ શુ હશે?"

ચંદના ગંભીરતાથી જાણે સ્વપ્ન પર વિચાર કરતી હોય તેમ જણાવા લાગી. થોડીવાર પછી બોલી, "બહેન, તુલસી વ્રતના પ્રભાવથી બધું સારુ જ થશે. તારું અશુભ થવાનું નાશ પામશે તારો જલદી વિવાહ થશે."

ચંદના આ શબ્દો કહી રહી હતી તે વખતે કૂકડો બોલ્યો.

કિશોરી ચંદનાને વિદાય કરી નાહવા માટે ગઈ. ઉતાવળે ઉતાવળે નાહીને કિશોરી પાછી ફરી. તે વખતે વિલેપી સ્ત્રીનાં કપડાં પહેરી ત્યાં આવીને ઊભો હતો.

કિશોરી તો તેના તરફ જોયા વિના પોતાના પૂજા કરવાના કામમાં લાગી ગઈ. કિશોરીને જ્યારે ફૂલની જરૂર જણાતી ત્યારે તે લાંબો હાથ કરતી. વિલેપી હાથમાં ફૂલ મૂકતો ત્યારે તે કિશોરીના હાથને અડકવા વિચાર કરતો પણ...પણ તે અડકી શકતો નહિ.

એક દહાડો, બે દહાડા, ત્રણ દહાડા થયા વિક્ષેપી સ્ત્રીના વેશમાં હોવા છતાં પણ તેના મનની ઇચ્છા પૂરી કરી શકતો નહિ

ત્રીજા દિવસની રાત્રે કનક વિચારમાં ગરકાવ થઈ ગયો હતો. તેને કશું સુઝતું ન હતુ. એ રાત તેણે બેચેનીમા વિતાવી. સવાર થયું. તે ઊઠયો. ત્યારે રાજાના માણસો ત્યાં આવ્યા હતા. તેમની સાથે વાહનો હતાં. કપડાં હતા.

એ માણસોમાથી પ્રધાન રસ્તો કરી આગળ આવ્યો તે કહેવા લાગ્યો, "શ્રીમાન, સાંભળ્યુ છે કે તમારે ત્યાં એક સ્વરૂપવતી કન્યા છે."

"હા ના, છે તો ખરી." કનક જેમતેમ કરી બોલ્યો.

"એ કન્યાની માગણી રાજકુમાર મુકુંદ માટે કરું છું."

"પણ...પણ..."

"પણ ને ફણ. રાજાની ઇચ્છાને માન આપો, તેમા જ તમારુ કલ્યાણ છે. રાજા કાંઈ અન્યાયભર્યા હુકમ તો કરતા નથી. ને આ તો પ્રેમથી માંગણી કરે છે. જુઓ અત્યારે લક્ષ્મી ચાલ્લો કરવા આવી છે તો મોં ધોવા જતા નહિ. આમ રાજાજી કહેણ ન મોકલાવે, સમજો છો ને?"

કનકે પ્રધાનના શબ્દો સાભળ્યા. તેણે બહુ વિચાર કર્યા વિના જ હા પાડી દીધી. તેનુ મન કહી રહ્યુ હતુ, "રાજકુમાર મારી દીકરી સાથે પરણવા તૈયાર થાય એવો જોગ કયાથી આવવાનો?"

"જુઓ, લગ્ન પણ જલ્દી લેવાનાં છે. બારસનો દિવસ લગ્ન માટે સારામાં સારો છે. રાત્રે મિથુન લગ્ન છે. છઠ્ઠા ભુવનમા સૂર્ય અને રાહુ છે. દસમા ભુવનમાં ચંદ્ર છે. અગિયારમે મંગળ છે, નવમે ગુરુ છે. પાંચમા ભુવનમા બુધ અને શુક્ર છે, ત્રીજે શનિ છે આ બધુ જોતા લગ્નનો સમય સારામા સારો છે."

"આથી વધારે તો સારું શુ હોવાનુ હતું? કરો કંકુના." કનકે કહ્યું.

બંને પક્ષો લગ્નની તૈયારીઓ કરવા લાગ્યા.

બારસનો દિવસ આવ્યો.

કનક જોષીના શબ્દોનો વિચાર કરતો હતો. કિશોરી તો વિષ્ણુના દ્વાદશાક્ષરનો મંત્ર જપી રહી હતી. સાંજે ધામધૂમ સાથે વરઘોડો આવ્યો.

આ સમયે કિશોરી તુલસીની પૂજા કરી રહી હતી.

પુરોહિતે કનકને કહ્યું, "કિશોરીબહેન હવે રાજકુમાર સાથે પરણશે એટલે મર્યાદા સાચવવી જોઈએ, પુરુષ વર્ગને દૂર કરવો જોઈએ."

"બરાબર, બરાબર." કનકે કહ્યું ને પુરુષવર્ગને ત્યાંથી દૂર થવા વિનવવા લાગ્યો. પુરુષો કનકના શબ્દો સાંભળી ત્યાંથી દૂર થવા લાગ્યા. રહ્યા માત્ર સ્ત્રીનો વર્ગ અને એ સ્ત્રી વર્ગમાં સ્ત્રીનાં કપડાં પહેરી આવેલો વિલેપી પણ રહ્યો.

બરાબર મધરાતે રાજકુમાર તુલસીની પૂજા કરી રહેલી કિશોરી પાસે ગયો. તે જ વખતે એકાએક મેઘની ગર્જના થવા લાગી. પવન જોરથી ફૂંકાવા લાગ્યો. દીવા ઓલવાઈ ગયા. વીજળી ચમકવા લાગી.

એકાએક આ ઉપદ્રવ થવાથી બધાં ગભરાયાં. રાજકુમાર સૂર્યનારાયણને યાદ કરવા લાગ્યો. કિશોરી વિષ્ણુનો મંત્ર જપવા લાગી ત્યારે વિલેપી અંધકારનો લાભ લઈ કિશોરીના હાથને અડકયો. તે સાથે જ સ્વર્ગમાથી વજ્ર પડયું. વિલેપી મરણ પામ્યો ને તોફાન શાંત થઈ ગયું.

"રાજકુમાર મરણ પામ્યા છે." તે બહાર વાત ફેલાઇ. બધાં શોક કરી રહ્યાં તે વખતે કોઈએ કહ્યું, "ના, ના, રાજકુમાર મરણ પામ્યા નથી પણ માલણની છોકરી મરણ પામી છે."

આ સમાચાર સાભળતા બધા આનંદમાં આવી ગયા. કિશોરી અને મુકુંદનાં લગ્ન થયા. મા તુલસી કિશોરીને ફળ્યાં. તેનાં દુઃખ દૂર કરી રાજરાણી બનાવી.

જે કોઈ સૌભાગ્ય માટે, ધન માટે, વિદ્યા માટે અને સંતાન માટે તુલસી વિવાહ કરશે તેની ઇચ્છા મા પૂરી કરશે. મા તુલસી જેમ તમે કિશોરીને ફળ્યાં તેમ આ વ્રત કરી આ કથા સાભળનારને ફળજો.

० ० ०

પ્રકીર્ણ લોકકથાઓ

[આ વિભાગમાં વિવિધ લોકકથાઓનું સંપાદન કરવામાં આવ્યું છે]

વાણિયાની મૂછ

ડૉ. દેવેન્દ્ર રણછોડલાલ મજમુદાર

[૧]

'વાણિયાની મૂછ નીચી તે નીચી' એનાવાળી આ વાત નથી. અહીં તો વાણિયાની મૂછ કેમ ઊંચી રહી તેની જ વાત કહેવાની છે.

અકબરશાહ નામે દિલ્હીના મશહૂર પાદશાહ થઇ ગયા. એ જાતે હતા તો મુસલમાન, છતાં હિન્દુ અને મુસલમાનને એક નજરે જુએ. એમના દરબારમાં હિન્દુ સરદારોય ખરા ને મુસલમાન સરદારોય ખરા.

એકવાર પાદશાહ દરબાર ભરી બેઠા છે. એક હારમાં હિન્દુ સરદારો અને બીજી હારમાં મુસલમાન સરદારો. પાસે જ ગવૈયાનું ગાયન ચાલી રહ્યું છે. નાચરંગ જામી રહ્યો છે.

પાદશાહે બીજા સરદારો તરફ નજર ફેરવી: 'કેમ, કોઇને એની સામે કાંઇ કહેવું છે?'

બિરબલ બડો અક્કલમંદ હિન્દુ હતો, અને તેથી પાદશાહનો માનીતો હતો. પરંતુ અદેખા મુસલમાન સરદારોથી તેવો પક્ષપાત જોઇ શકાતો નહી. એમણે વિચાર કર્યો કે જો આ વખતે આપણે બિરબલને પાછો પાડીએ તો એનો મોભો આ દરબારમાંથી ઘટશે અને આપણી પ્રતિષ્ઠા જામશે.

બધાએ માંહોમાહે ચર્ચા કરી, કે 'આપણે તો અત્યાર સુધી એમ જ જાણીએ છીએ કે અક્કલનો ખજાનો આપણા મુલ્લાજી પાસે છે. આપણા દરેક ટંટાનો નિકાલ એ કેવી છટાથી આણી દે છે! વળી કંઇક વાંધા જેવું લાગે છે કે તરત ખુદાની બંદગી કરી ચુકાદો આપે છે; એટલે કંઇ કહેવાપણું રહેતું નથી. ખુદ ખુદા જ તે વખતે આવીને એમને કહી જતા હશે એમ લાગે છે. પછી એમની પાસે અક્કલની શી ખોટ? તે સિવાય, આપણે ગમે તે જાતની અને ગમે તે બાબતની સલાહ માગીએ છીએ કે તરત જ સફેદ દાઢી હલાવી એનો તડ ને ફડ ચુકાદો આપી દે છે. માટે અક્કલ તો નક્કી વડા મુલ્લાજી પાસે જ વધારે છે.'

એક આગળ પડતા મુસલમાન સરદારે ઊભા થઇ, સલામ બજાવી કહ્યું: 'જહાંપનાહ! અમને તો એમ લાગે છે, કે અક્કલ તો અમારા વડા મુલ્લાજી પાસે જ વધારેમાં વધારે છે. વાણિયા પાસે વધારે છે એ

તેટલા મળે એવી પરવાનગી આપો, અને દસ દિવસની મુદ્દત આપો.'

પાદશાહે તો તરત ઉમદા અક્કલવાળા પાંચ સરદારો શોધી કાઢયા. બે હિન્દુ અને ત્રણ મુસલમાન. એમને નિર્ણય કરી આપવાનું કામ સોંપ્યું. ખજાનચીને હુકમ કર્યો, કે આ 'પંચ' જેટલા પૈસા માગે તેટલા તાબડતોબ કાઢી આપવા.

તે પછી દરબાર તો બરખાસ્ત થયો. સૌ પોતપોતાને ઘેર જવા લાગ્યા. મુસલમાન સરદારો ખુશ થયા કે બિરબલનું હવે આવી બન્યું!

પણ બિરબલ કયાં કોઇથી ગાંજ્યો જાય એમ હતો? બીજે જ દિવસે સવારે એણે તો પોતાને ત્યા પંચની મીટિંગ મેળવી.

બિરબલ કહે: 'ચાલો ભાઇઓ! આપણે બજારમાં ફરવા નીકળીએ. ત્યાં અક્કલની કસોટીનો પ્રસંગ મળી આવશે.'

દિલ્હી શહેરના ચાંદની ચોકના હારબંધ બજારમા ચાલતાં ચાલતાં અમલદારી પંચ શરાફ બજારમાં આવી પહોંચ્યું. બિરબલની નજર સરૂપચંદ શેઠની પેઢી પર પડી. પંચને એણે કહ્યું: 'ચાલો ભાઇઓ, સામે દેખાય છે એ શેઠની પેઢી પર પહેલા આપણે વાણિયાની અક્કલ તપાસીએ.'

પંચના સભ્યો તો સડેડાટ પેઢીનાં પગથિયાં ચઢી ગયા. જોયું તો સરૂપચંદ શેઠ મખમલના ગાદીતકીએ અઢેલીને બેઠા છે. પાસે એમના મોટા મુનીમ ધીમે ધીમે કંઇક વાત કહેતા હોય એમ લાગે છે. સામી બાજુએ ગુમાસ્તાઓ યથાસ્થાને બેઠેલા છે. કોઈ ચોપડા લખે છે, કોઈ કાગળ લખે છે, કોઈ હુંડીઓ લખે છે, કોઇ પૈસા ગણે છે—એમ સૌ કોઈ કામમા છે.

સરૂપચંદ શેઠ શરીરે જાડા છે. એમના પેટની ફાંદ ખાસ ધ્યાન ખેંચે છે. ચહેરો સ્વરૂપવાન છે. મૂછો ભરાવદાર છે મોં પર લક્ષ્મીનું તેજ ચમકારા મારે છે.

શેઠે અમલદાર વર્ગને પોતાને ત્યા ચઢતાં જોયો, અને તેમના પેટમા ફાળ પડી મનમા જ કહ્યું: 'રાજદરબારનું તેડું આવે ત્યારે

કાં તો ઘરબાર સપાટ મેદાન થઇ જાય, કાં તો માટીનાં નળિયાં સોનાનાં થઇ જાય !'

ઓં ઉપર ખૂબ આનંદ દેખાડી શેઠ ઊભા થઈ ગયા. સાત સાત સલામો કરી બધાને આવકાર આપ્યો. આદરપૂર્વક ગાદીતકીએ બેસાડયા પછી શેઠ બોલ્યા, 'અહોહો ! આપના પગલાં મારે ત્યાં કયાંથી ? આપની કૃપાથી મારે મન આજ તો સોનાનો સૂરજ ઊગ્યો. મારા ગરીબની ઝૂંપડી આજે ખરેખર પાવન થઇ.'

શેઠે તો કઢિયલ કેસરિયાં દૂધ તૈયાર કરાવ્યાં. ચાંદીના કટોરા ભરી ભરી દરેક જણને દીધાં અને પાનબીડાં આપી, હાથ જોડી અતિ નમ્રતાથી ઊભા રહ્યાઃ 'કહો મારા સરખું કાંઇ કામકાજ ? આજે આપને કેમ તસ્દી લેવી પડી ?'

બિરબલે કહ્યું: 'શેઠ ! આપણા પાદશાહને એક નજીવી ચીજનો ખપ પડયો છે—જો તમે આપી શકો તો......'

'એ શું બોલ્યા સાહેબ ! આપી શકવાની વાત જ નથી. એમને માટે કોઇપણ ચીજની ના હોય ? ખુશીથી ફરમાવો.'

બિરબલે ધીમેથી વાત જમાવી: 'જુઓ શેઠ ! ઇરાનમાં બાદશાહી લશ્કર અને ઇરાની લોકની વચ્ચે લઢાઇ ચાલી રહી છે. એમાં આપણું સૈન્ય એક-બે વખત પાછું હઠી ગયું. પછી કોઈ ઓલિયા મુર્શિદે કહ્યું, કે 'જો વાણિયાની મૂછના વાળનું તાવીજ કરી પાદશાહને પહેરાવવામાં આવે, તો આપણું લશ્કર જરૂર જીતે '

'ઓહોહો ! એ જ કે બીજું ? સાહેબ ! એમાં તે શી મોટી વાત ? પાદશાહને માટે જ્યારે જોઇએ ત્યારે આપ વિના સંકોચે આ મૂછ લઇ શકો છો.'

'પણ સાંભળો શેઠ ! હમારે મૂછ એમ ને એમ નથી જોઇતી; પૈસા આપીને લેવી છે. તો જ એનો ઇલમ ફળે. માટે પહેલા એની કિંમત કહો.'

'મૂછની કિંમત ?' સરૂપચંદ શેઠને વાતમાં કંઇ ભેદ જણાયો. એમને વહેમ પડયો. એ સાવધ થઈ ગયા. એમને પોતાની શાખ તથા આબરૂ બચાવવાનુ ભાન થયું.

શેઠે નમ્રતાથી જવાબ આપ્યો: 'બિરબલજી! મારાથી તો કંઈ જ કિંમત લેવાય નહિ; છતાં જ્યારે તમે કિંમત જ આપવાની કહો છો ત્યારે હું લાચાર છુ. હું જે લખાવું છું તે આપ જરા તસ્દી લઈ નોંધી લ્યો.'

બિરબલે તો કાગળ, ખડીઓ અને કલમ પંચના હાથમાં મૂકયાં; અને શેઠ લખાવે તે લખાવવા તૈયાર થઈ ગયો.

'જુઓ સાહેબ! તમે જાણો છો કે, તેર બ્રાહ્મણ જમાડીને પણ તેરમુ કરી શકાય છે. પણ મારા પિતાશ્રી ગુજરી ગયા ત્યારે આ મૂછની આબરૂ સાચવવા, એક મહિના સુધી, મેં ચોરાશી જમાડી હતી. એનું ખર્ચ એટલે મૂછની ખાતરનુ ખર્ચ, દશ લાખનું થયું હતુ.

'મારા પિતા પાછળ એમની શાખ પ્રમાણે તેમના દીકરા તરીકે મેં જુદે જુદે સ્થળે અન્નક્ષેત્રો ઉઘાડયા છે. તેને ખાતે પચીસ લાખ ખર્ચ્યા છે તે પણ આ મૂછને માટે.'

'મારાં માતુશ્રી ગુજરી ગયાં ત્યારે એમની પાછળ ચોરાશી જમાડી અને ઠેકઠેકાણે ધર્મશાળાઓ બંધાવી, વાવ-કૂવા ખોદાવ્યા અને પરબો બેસાડી. તેને ખાતે રૂપિયા પંદર લાખ થયા, તે પણ મૂછને ખાતર જ ને?

'ગયે વર્ષે દુકાળ પડયો ત્યારે લોકોને કામ આપવા તળાવો બંધાવ્યા; અને પરદેશમાં પણ મારી મૂછની કિંમત રહે તે માટે પરદેશથી વહાણુને રસ્તે દાણાદૂણી મંગાવી ખવરાવ્યાં. તેનુ ખર્ચ પચીસ લાખ થયું તે પણ આ મૂછને કાજે.'

'મારી આબરૂ દેશ-પરદેશ ચાલુ રહે તે માટે ઠેકઠેકાણે પેઢીઓ ખોલી, તે ચલાવવા રૂપિયા પચાસ લાખ કાઢયા છે તે આ મૂછની ખાતર.'

કાં તો ઘરબાર સપાટ મેદાન થઇ જાય, કાં તો માટીનાં નળિયાં સોનાનાં થઇ જાય !'

મોં ઉપર ખૂબ આનંદ દેખાડી શેઠ ઊભા થઈ ગયા. સાત સાત સલામો કરી બધાને આવકાર આપ્યો. આદરપૂર્વક ગાદીતકીએ બેસાડ્યા પછી શેઠ બોલ્યા, 'અહોહો ! આપના પગલાં મારે ત્યાં ક્યાંથી ? આપની કૃપાથી મારે મન આજ તો સોનાનો સૂરજ ઊગ્યો. મારા ગરીબની ઝૂંપડી આજે ખરેખર પાવન થઇ.'

શેઠે તો કઢિયલ કેસરિયાં દૂધ તૈયાર કરાવ્યાં. ચાંદીના કટોરા ભરી ભરી દરેક જણને દીધાં અને પાનબીડાં આપી, હાથ જોડી અતિ નમ્રતાથી ઊભા રહ્યા: 'કહો મારા સરખું કાંઇ કામકાજ ? આજે આપને કેમ તસ્દી લેવી પડી ?'

બિરબલે કહ્યું: 'શેઠ ! આપણા પાદશાહને એક નજીવી ચીજનો ખપ પડયો છે—જો તમે આપી શકો તો......'

'એ શું બોલ્યા સાહેબ ! આપી શકવાની વાત જ નથી. એમને માટે કોઇપણ ચીજની ના હોય ? ખુશીથી ફરમાવો.'

બિરબલે ધીમેથી વાત જમાવી: 'જુઓ શેઠ ! ઇરાનમાં બાદશાહી લશ્કર અને ઈરાની લોકની વચ્ચે લઢાઇ ચાલી રહી છે. એમાં આપણું સૈન્ય એક–બે વખત પાછું હઠી ગયું. પછી કોઈ ઓલિયા મુર્શિદે કહ્યું, કે 'જો વાણિયાની મૂછના વાળનુ તાવીજ કરી પાદશાહને પહેરાવવામાં આવે, તો આપણું લશ્કર જરૂર જીતે.'

'ઓહોહો ! એ જ કે બીજું ? સાહેબ ! એમાં તે શી મોટી વાત ? પાદશાહને માટે જ્યારે જોઇએ ત્યારે આપ વિના સંકોચે આ મૂછ લઇ શકો છો.'

'પણ સાંભળો શેઠ ! હમારે મૂછ એમ ને એમ નથી જોઇતી; પૈસા આપીને લેવી છે તો જ એનો ઇલમ ફળે. માટે પહેલાં એની કિંમત કહો.'

પંચમાં નિમાયેલા મુસલમાન સરદારો, મુલ્લાજીને પૂજ્યભાવથી અદબભેર જોઈ રહ્યા પછી થોડીવારે પાસે આવી ધ્યાનમાંથી એમને જગાડયા મુલ્લાજીએ બેઠે બેઠે જ બધાને આવકાર આપ્યો, અને હાથ વડે નીચે બેસવા ફરમાવ્યું. નીચે મસ્જિદની છોબંધની જમીન હતી. એટલે પોતાની નીચે નમાઝ પઢવાને રાખેલો કપડાનો કકડો હતો તે મુલ્લાજીએ બેસવા કાઢી આપ્યો. પછી પૂછ્યું: 'બોલો ખા સાહેબ! આપને મારું શું કામ પડયું છે?'

બિરબલે પાછી પેલી ઈરાનની લઢાઇની વાત કરી. વધારામા જણાવ્યું કે ઓલિયા મુર્શિદનું કહેવુ થયું છે, કે મુલ્લાજીની દાઢીના વાળનુ તાવીજ કરી પાદશાહને પહેરાવવામા આવે તો આપણુ લશ્કર જરૂર જીતે.'

મુલ્લાજી વિચારવા લાગ્યા: 'અય પરવરદિગાર! દાઢી એટલે તો ખુદાનુ નૂર! દાઢી એ પવિત્ર ચીજ છે. દાઢી વગર તો સાચો મુસલમાન નાપાક થઇ જાય. દાઢી વગર મારી વાયેઝ કોઈ સાભળશે નહી ખુદા પણ મારી બંદગી સાંભળશે નહી.' આમ વિચારી કહ્યું: 'લાચાર છુ. દાઢી તો મારાથી નહીં જ અપાય'

બિરબલે કહ્યું: 'પણ મુલ્લાજી, દાઢી એમ ને એમ નથી જોઇતી. એના તમે જેટલા દામ માગશો તેટલા તમને બાદશાહ સલામત તરફથી હમણાં ને હમણા જ આપવામા આવશે દાઢીનુ તમે શુ મૂલ લેશો તે કહો પાદશાહને જરૂર છે એટલે ના કહેશો તો પણ હમારે લઇ જ જવી પડશે. માટે જે દામ જોઇએ તે માગી લ્યો.'

મુલ્લાજીએ ફરી વિચાર કર્યો, 'ના કહીશ તોયે દાઢી લઈ જશે ત્યારે લાવ, પૈસા લઈને આપી દઉં. પણ દાઢીના કેટલા દામ લેવાય? હા, હા, એટલા બધા પૈસા માગુ કે આ લોકો આપવાની ના કહે. એટલે આપોઆપ દાઢી બચી જશે, અને માગીશ એટલા પૈસા આપશે તો બદા પૈસાદાર થઇ જશે મારી બીબી રોજ બલૈયા ઘડાવી આપવાનુ કહે છે, અને નાણાની તંગીને લીધે હુ ના કહું છું, એટલે

'દરિયાપારના દેશમાં કબૂતરખાનાં બંધાવવા તથા રોજ દાણા નાખવા પાંચ લાખ રૂપીઆ કાઢયા છે તે પણ મૂછની ખાતર.

'મારો દીકરો પરણ્યો ત્યારે ખુદ પાદશાહને નિમંત્રણ કરી નોતર્યા હતા; અને દસ લાખનુ નજરાણું ચરણે ધર્યું હતું. વળી લગ્ન વખતે પચાસ લાખનું ખર્ચ કરવું પડેલું તે પણ આ મૂછની આબરૂની ખાતર.'

'આ સિવાય બીજી નાની બાબતો ઘણી છે, પણ આપ નામદાર આટલાનો જ સરવાળો કરી લેશો તો બસ છે.'

બિરબલે તો સરવાળો કરાવ્યો. ગણુતાં ગણુતાં ખાસ્સા બે કરોડ ને પંદર લાખનો આંક આવ્યો. પંચે તે મંજૂર કર્યો. એટલે ખજાનચીને હુકમ મળતાં જ સરકારી ખજાનામાંથી એટલી કિંમતની સોના-મહોરો સરૂપચંદ શેઠને ત્યાં આવી ગઈ.

શેઠે પણ તાંબાને પતરે કોતરાવી આપ્યું કે 'આજથી આ મૂછ મારી નહી, પણ પાદશાહની છે.'

તાંબાનું પતરું લઈ 'પંચ' પાછું ફર્યું. બીજે દિવસે મુલ્લાજીની પરીક્ષા કરવાનું રાખ્યું.

(૩)

બીજા દિવસની સવારથી પંચના મુસલમાન સભ્યોનો ઉમંગ હૈયામાં માતો નથી. એમ હોંશમાં ને હોંશમાં સાંજ પડવા આવી. તે વખતે બિરબલ સહિત આખું 'પંચ' ભેગું થઈને નીકળ્યું. જુમ્મા મસ્જિદમાં વડા મુલ્લાજી વાએઝ કરી પરવારી, નમાઝ પડી, હાથમાં માળા લઇ, ખુદાનુ નામ લેતા બેઠા છે

ત્યા પંચના અમલદારોની સવારી આવી પહોંચી. મુલ્લાજીએ એમને દૂરથી આવતા જોઈ, આખ મીંચી, દાઢી હલાવી, વધારે ધ્યાનમગ્ન થવા માંડયું. મનમાં આનંદ પામ્યા કે અમલદારોને પણ મુલ્લાજી પાસે કંઈક સલાહ લેવા આવવું પડયું છે.

પંચમા નિમાયેલા મુસલમાન સરદારો, મુલ્લાજીને પૂજ્યભાવથી અદબભેર જોઈ રહ્યા. પછી થોડીવારે પાસે આવી ધ્યાનમાંથી એમને જગાડયા. મુલ્લાજીએ બેઠે બેઠે જ બધાને આવકાર આપ્યો, અને હાથ વડે નીચે બેસવા ફરમાવ્યું નીચે મસ્જિદની છાબંધની જમીન હતી એટલે પોતાની નીચે નમાઝ પઢવાને રાખેલો કપડાનો કકડો હતો તે મુલ્લાજીએ બેસવા કાઢી આપ્યો પછી પૂછ્યું : 'બોલો ખાં સાહેબ ! આપને મારું શું કામ પડયું છે ?'

બિરબલે પાછી પેલી ઈરાનની લઢાઈની વાત કરી. વધારામા જણાવ્યું કે ઓલિયા મુર્શિદનુ કહેવું થયું છે, કે મુલ્લાજીની દાઢીના વાળનુ તાવીજ કરી પાદશાહને પહેરાવવામા આવે તો આપણુ લશ્કર જરૂર જીતે.'

મુલ્લાજી વિચારવા લાગ્યા : 'અય પરવરદિગાર ! દાઢી એટલે તો ખુદાનુ નૂર ! દાઢી એ પવિત્ર ચીજ છે. દાઢી વગર તો સાચો મુસલમાન નાપાક થઇ જાય. દાઢી વગર મારી વાયેઝ કોઈ સાભળશે નહી. ખુદા પણ મારી બંદગી સાભળશે નહીં' આમ વિચારી કહ્યું : 'લાચાર છું. દાઢી તો મારાથી નહીં જ અપાય.'

બિરબલે કહ્યું : 'પણ મુલ્લાજી, દાઢી એમ ને એમ નથી જોઇતી. એના તમે જેટલા દામ માગશો તેટલા તમને બાદશાહ સલામત તરફથી હમણાં ને હમણા જ આપવામા આવશે. દાઢીનુ તમે શું મૂલ લેશો તે કહો. પાદશાહને જરૂર છે એટલે ના કહેશો તો પણ હમારે લઇ જ જવી પડશે. માટે જે દામ જોઇએ તે માગી લ્યો.'

મુલ્લાજીએ ફરી વિચાર કર્યો, 'ના કહીશ તોયે દાઢી લઈ જશે ત્યારે લાવ, પૈસા લઈને આપી દઉં. પણ દાઢીના કેટલા દામ લેવાય ? હા, હા, એટલા બધા પૈસા માગું કે આ લોકો આપવાની ના કહે. એટલે આપોઆપ દાઢી બચી જશે, અને માગીશ એટલા પૈસા આપશે તો બંદા પૈસાદાર થઇ જશે. મારી બીબી રોજ બલૈયા ઘડાવી આપવાનું કહે છે, અને નાણાંની તંગીને લીધે હું ના કહું છુ; એટલે

રોજ કજિયો થાય છે. ત્યારે આજે ઠીક લાગ આવ્યો છે. એને બલૈયાં તો શું પણ બધાં જ ઘરેણાં થાય એમ કરું.'

મુલ્લાજીએ મનમા હિસાબ ગણવો શરૂ કર્યો. 'જાણે ત્રણસો રૂપિયાનાં બલૈયાં, પાંચસોનો ગળાનો હાર, પાંચસોનાં કાનના ઘરેણા, પાચસોમાં નાકની વાળી તથા પગનાં ઘરેણાં બન્ને આવે; તે ઉપરાંત બીજા પાચસો વધારાના માગું.

'પછી બકરી વગર દૂધબૂધની તકલીફ પડે છે તે સો રૂપિયાની બકરીઓ લઇ આવુ; અને પચીસ રૂપિયાનાં મરઘડાં. ઘરનું છાપરું ભાંગી ગયું છે અને ભીંત પડવા આવી છે, ત્યારે પાંચસો રૂપીયા ઘર બાધવા ખાતે માગી લઉં.

'પછી તો હું પૈસાદાર અને આબરૂદાર કહેવાઇશ; એટલે મોટા દીકરાના લગ્નમા હજાર રૂપિયા તો વાપરવા પડશે, એટલે એકંદરે લગભગ ચાર હજારનો અડસટ્ટો થયો. તેને બદલે, તેનાથી લગભગ ડબલ પૈસા માગું, એટલે એ લોકો એક દાઢી માટે એટલા બધા પૈસા આપવાની ના જ કહેશે.'

મુલ્લાજીએ એકસામટો અડસટ્ટો કાઢી જાહેર કર્યુ : 'મારી દાઢી તો ઘણી પાક અને ખૂબ કિમતી છે. એ જો આપ સાહેબોને જોઈતી જ હોય તો એના દસ હજાર રૂપિયા આપવા પડશે.' મુલ્લાજીએ બીતે બીતે વધારીને દસ હજાર કહ્યા.

પંચે વાત તત્કાળ કબૂલ રાખી. મુલ્લાજીએ ન કલ્પેલું બન્યું. સિક્કો સહી થયો. ખજાનચીને હુકમ થતા, મસીદમા ને મસીદમાં જ તત્કાલ દસ હજાર રૂપિયા પહોંચાડવામાં આવ્યા.

મુલ્લાજી તો ખુશ ખુશ થઇ ગયા. હજામને બોલાવી તરત ને તરત દાઢી બોડાવી આપી. બિરબલે મશરૂના કપડામા તે વિંટાળી લીધી અને પૅક કરી, ઉપર સીલ લગાડી, સરકારી તિજોરીમાં મૂકી રાખવા મોકલી આપી.

'પંચ' યથાસ્થાને ગયું અને મુલ્લાજી હરખભેર મ્હોરોનું પોટલું બાંધી ઘેર ગયા.

બીબીએ દૂરથી મુલ્લાજી જેવું કોઈ આવતું દીઠું, પણ સિક્કલ પર દાઢી ના જોવાથી બીબી મુઝાયાં. દાઢી બોડાવેલી વિચિત્ર સિક્કલ જોતાં જ બીબીના ગુસ્સાનો પાર રહ્યો નહીં, 'આમ કેમ? હાય હાય, આ શું? દાઢી–ખુદાનું નૂર ક્યાં ગુમાવ્યું? તેને શું બોડાવી નાખી? મહુજબનું આવું ભયંકર અપમાન?'

સામેથી મુલ્લાજી ખાંધે કોથળીનો ભાર ઊંચકતા ઊંચકતા હરખભેર કૂદતા અને નાચતા આવે છે. બીબીને કેવો ખુશ ખુશ કરી દઈશ એ વિચારે ભાર પણ જણાતો નથી. ત્યા તો બીબી આંગણામાં સામા આવ્યા, અને છાતી–માથું કૂટયા.

મુલ્લાજી તો આભા બની ગયા. નજીક આવી પૂછ્યું: 'અરે, પણ છે શું? હું તો જીવતોજાગતો છું. માથાં કૂટવાની શી જરૂરત? તારે માટે બલૈયાં, હાર, વાળી, સાકળાં અને બધું ઘણું લાવ્યો છું.'

'મૂવા તમારાં બલૈયાં અને મૂવા તમારા પૈસા! પહેલાં કહો કે આ દાઢી ક્યાં મૂડાવી આવ્યા? કંઇ નહીં ને ખુદાનુ નૂર? હવે ગામમાં મો કેમ દેખાડીશું? તમારી અક્કલ ક્યાં ગીરે મૂકી હતી?'

'અરે બીબી! જરા સાંભળો તો ખરા. આ તો બાદશાહને ત્યાથી દાઢી ખરીદવા આવ્યા હતા અને બદલામાં દસ હજાર રૂપિયા આપતા ગયા છે. આજથી આપણે માલદાર બની ગયાં છીએ.'

'ખુદાનુ નૂર વેચીને પૈસાદાર? આવી પવિત્ર ચીજ વેચીને ઘરેણા? એ આપણે ના જોઇએ જાઓ, હમણાં ને હમણાં એ દાઢી પાછી લઈ આવો અને આ પૈસા પાછા આપી આવો. તે વગર ઘરમાં પેસવા દેવાની નથી.'

'આ બોજો તો ઘરમાં મૂકવા દે. મારી કેડો દુઃખી થઇ છે.' કહી મિયા ઘરમાં ભરાયા. બીબીએ જોયું કે મિયા માનતા નથી; એટલે એણે અને એના દીકરાએ બૂમરાણ મચાવી મૂક્યું.

'જાઓ, હમણાં ને હમણાં દાઢી પાછી લઈ આવો. જોઇએ તો આ બકરી વેચીને ઉપર પાંચ રૂપિયા ઘરના ઉમેરીને પણ પૈસા પાછા આપી આવો.'

મુલ્લાજી ઉપર ગાળોનો વરસાદ વરસી રહ્યો છે. બિચારા નીચું મોં ઘાલી, આંખેથી આંસુ પાડી રહ્યા છે. પણ બીબીના ધાર્મિક ઝનૂન આગળ મુલ્લાજીની કાંઈ પણ વિસાત ન રહી. આજે એમની પંડિતાઈ જાણે પાણીમાં પેસી ગઈ. અને એ તો પાણીથી પાતળા થઈ ગયા. કાપે તો શરીરમાંથી લોહી પણ ન નીકળે તેવા એ હેબકાઈ ગયા.

આખરે મિયાંએ દાઢી પાછી લઈ આવવાનું કબૂલ્યું, ત્યારે બીબી ટાઢા પડયાં ધર્મ-ધુરંધર સ્રીથી મુલ્લા મનમાં ખૂબ નારાજ થયા. પણ શું કરે? રણચંડી આગળ કોનુ ચાલે?

એબ છુપાવવા બુકાની બાંધી મુલ્લાજી જવા તૈયાર થયા. દીકરો બકરી વેચીને પાંચ રૂપિયા લઇ આવ્યો. તે દસ હજાર રૂપિયામાં ઉમેરી, કોથળી ખભે મૂકી, જેમ તેમ ચાલતા થયા મુલ્લાજીએ બિરબલને પોતાની આપવીતી કહી સંભળાવી. પછી ખૂબ આજીજી કરી કે 'આ પાચ રૂપિયા ઉપર વધારેના લઇને પણ મારી દાઢી મને પાછી આપો અને આ રૂપિયા લઈ લ્યો.'

બિરબલ કહે: 'મુલ્લાજી! હવે દિલગીર છું. દાઢી તો સરકારી ખજાનામાં મુકાઈ ગઈ છે. હવે કેમ નીકળી શકે? બોડાવેલી દાઢી હવે ચોંટશે ખરી? છતાં તમારે જોઈતી હોય તો આવતી કાલે દરબારમાં આવી અરજ કરજો, એટલે હું તે પાછી અપાવવા કોશિશ કરીશ.'

આ સાંભળી મુલ્લાજી ઘેર પાછા આવ્યા. એમની રાત કેવી ગઇ હશે તે તો કલ્પી લેવા જેવુ છે.

[૪]

બીજે દિવસે બરાબર દરબાર ભરવાનો વખત થયો. મુલ્લાજી બિચારા મોઢે બુકાની બાધી, લપાતા-છુપાતા દરબાર આગળ આવી

પહોંચ્યા. દરબાર ભરાયો એટલે હિમ્મત આણી દરબારમાં પેઠા, પણ આગળ જવા દિલ ચાલ્યું નહિ; એટલે જોડા આગળ જ મો સંતાડી બેઠા.

દરબારનુ કામકાજ શરૂ થયુ એટલે બિરબલે અક્કલ વિષે વાત છેડી. પોતે કેવી રીતે મૂછ તથા દાઢી ખરીદી હતી તે પણ કહ્યુ. પાદશાહે ફરમાવ્યું: 'બોલાવો એ વાણિયાને અને મુલ્લાજીને.'

સરૂપચંદ શેઠને બોલાવવા પાલખી મોકલમાં આવી તેમાં બેસી શેઠ ઠાઠબંધ આવી પહોંચ્યા. મુલ્લાજી તો આવેલા જ હતા.

બાદશાહે બન્ને જણને માનપૂર્વક આગળ બેસાડયા. મુલ્લાજી અધીરા થઇ ગયા હતા. એટલે બેઠક લેતા લેતામાં રડી પડયા. પાદશાહે તેનુ કારણ પૂછ્યું ત્યારે બિરબલે એમના દુઃખની બધી વાત વિગતવાર કહી સંભળાવી, તથા દસ હજાર ને પાચ રૂપિયા લઇ દાઢી આપવાની એમની અરજ પણ કહી સંભળાવી.

બાદશાહે મૂછમા હસી અરજ માન્ય રાખી; અને દાઢી પાછી આપવા હુકમ કર્યો. તે લઈ મુલ્લાજી સલામ ભરી ત્યાથી, ઘર તરફ રવાના થઇ ગયા. તેમને તો થયું કે ધરતી માર્ગ આપે તો સમાઇ જઉં, તેથી આવું નાપાક મોં કોઇને બતાવવુ ન પડે.

મુસલમાન સરદારોના મોં પણ પડી ગયાં, પણ માંહોમાંહે કહેવા લાગ્યા: 'મુલ્લાજીકી દાઢી ઉનકે ઘર કટવાઇથી, લેકિન સાલે બનિયેકી મૂછ દરબારમેં કટેગી.'

હવે શરત પ્રમાણે શેઠ પાસે મૂછની માગણી થઇ. શેઠ કહે: 'તૈયાર છુ ખુદાવિદ!'

રાજવાળદને બોલાવવામા આવ્યો. હજામે તો શેઠને બાજુ પર લઇ જઇ. અસ્ત્રો પટ પટ બોલાવી, પહેલી દાઢી બોડી નાખી, પછી મૂછને જ્યાં હાથ અડકાડવા જાય છે, ત્યાં તો શેઠે હજામને તમાચો એંચી કાઢયો. દરબારમા હાહાકાર થઇ ગયો. બાદશાહ પણ પોતાના માનીતા હજામની ખાતર ગુસ્સે થયેલા દેખાયા. બિરબલ પણ

ગભરાયો; પણ એણે વાણિયાની અક્કલ પર શ્રદ્ધા હતી એટલે સ્વસ્થ થઇ ગયો.

શેઠે ગંભીર થઇ કહ્યું : 'જહાંપનાહ ! બેઅદબી માફ કરશો, પણ વાળંદ શું કરતો હતો તેની તેને ખબર ન રહી; એટલે મારે મારવો પડયો. મેં તાંબાના પતરા પર શું લખી આપ્યું છે તે આપ વાંચી જુઓ.'

'હું મૂછ વેચી ચૂક્યો છુ. એ તો લખી આપ્યું તે દિવસથી બાદશાહ સલામતની મૂછ છે, એ મૂછ મારી નથી; અને બાદશાહ સલામતની મૂછ મૂંડાય ખરી ? એટલી પણ અક્કલ એને ન આવી ?'

બધા ચૂપ થઈ ગયા બાદશાહને પણ એ વાત માન્ય રાખવી પડી. શેઠની અક્કલ જોઈ એ ખુશ થઈ ગયા અને કંઇ ઇનામ માગવા કહ્યું.

શેઠ કહે, 'મારે ઇનામ શું કરવુ છે ? મારે તો આપની મહેરબાની જોઇએ. પણ એક વાત સાંભળવા કૃપા કરો. જે મોઢા પર બાદશાહની મૂછ ફરકે છે, એ મોઢું પણ બાદશાહનું કહેવાય ને ? એટલે એ મોઢાને બાદશાહને લાયકનો જ ખોરાક આપવો જોઇએ. અમે તો ગરીબ માણુસ; રોટલો ને ગોટલો ખાનારા. પકવાન મળે એવો કંઈ બંદોબસ્ત કરાવી આપવા વ્યવસ્થા કરાવશો.'

બાદશાહે શેઠને એક વંશપરંપરાની જાગીર લખાવી આપી; અને ભરદરબારમાં નગરશેઠનો શિરપાવ આપ્યો. પોતાના રાજ્યમાં આવા અક્કલવાળા માણુસો પડયા છે એ જાણી બાદશાહને આનંદ થયો. પાદશાહને પૂરી ખાતરી થઇ ગઇ કે વાણિયામાં જ અક્કલ વધારે પ્રમાણમાં હોય છે.

નાળિયેરનું ઝાડ

(બ્રહ્મદેશની લોકકથા)

શ્રી. મંજુલાલ મજમુદાર

સેંકડો વર્ષો પરની વાત છે. એક તરાપો તણાતો તણાતો બ્રહ્મદેશને કિનારે આવતો હતો તરાપા ઉપર ત્રણ માણસ મુશ્કેટાટ બાંધેલા દેખાતા હતા. આ તરાપાને કિનારા પર લાવવામાં આવ્યો. ત્રણેને છોડયા અને તેમને રાજા પાસે લઇ ગયા.

રાજા ઘણો વિચક્ષણ હતો. ત્રણે જણને એણે તેમના દેશ, ગામ, તથા ધંધા બાબધી પૂછપરછ અને તેમને શા માટે આમ તરાપા સાથે બાંધવામા આવ્યા હતા તે પણ પૂછ્યું

તેમણે વિનયથી કહ્યું. "સરકાર, અમને દેશનિકાલ કરવામાં આવ્યા હતાં; કારણ કે અમે ગુનેગાર હતા હવે અમારે કોઇનો આધાર નથી !"

એમાંનો એક ચોર હતો, બીજી કામણટુમણ કરનાર સ્ત્રી હતી. અને ત્રીજો માણસ તોફાની અને ભાંજગડિયો હતો. એનુ મુખ્ય કામ, કોઈક ઠેકાણે તોફાન ઊભું કરવુ, અને લોકોમા તે માટે ગેરસમજ ઊભી કરી, તેમને લડાવી મારવા-તે હતુ.

રાજાએ ઘડીભર વિચાર કર્યો; અને પેલા ચોરને બ્રહ્મદેશમાં આશરો આપવાનુ નક્કી કર્યું તેને ઝૂંપડી બાંધી આપી, અને થોડીક સોનામહોર આપી ગૃહસ્થ તરીકે જીવવાની એને તક આપી.

લોકોને આથી નવાઇ લાગી. રાજાએ તેમને સમજાવ્યું, "આ માણસ ચોર બન્યો, કારણ કે એ ખૂબ ગરીબ હતો, અને, ભૂખ્યો માણસ કયું પાપ નથી કરતો ?

હવે એ પોતાના પેટિયા માટે, મહેનત કરશે; અને સારા નાગરિક તરીકે જીવવાનું શરૂ કરશે "

લોકોને હતું કે ચોરને તો ઠીક; પરંતુ પેલી કામણટુમણ કરનારી સ્ત્રીને તો જરૂર એ ગરદન મારશે.

પરંતુ, રાજાએ તો એને પણ ચોરની જેમ આશરો આપ્યો. રહેવા ઝૂંપડી આપી; અને ઘર ચલાવવા થોડુંક ધન આપ્યું. રાજાએ કહ્યું. "આ બાઇ; કામણટુમણ કરીને જીવે તેમાં એનો વાંક નથી. એ બિચારી ગરીબ હતી. એને ધનવાનો અને સુખી લોકોની અદેખાઈ આવતી. તેમના સુખથી એ બળી જતી; અને તેથી ભોળા લોકોમા ભય ઊભો કરી, કામણટુમણથી એ પેટ ભરતી; હવે અહીં એને પેટપૂર ખાવાનું મળશે. એટલે, એને સુખી લોકોની અદેખાઇ અને ઇર્ષ્યા કરવાની રહેશે નહિ. એ પોતાનો ભૂતકાળ ભૂલી જશે; અને ખરા પરસેવાનું કમાઇને હવે જીવશે."

પરંતુ રાજાએ ત્રીજા માણસને તો તરત જ ફાંસીએ લટકાવવાનો હુકમ કર્યો: એણે કહ્યું, "આવો તોફાની અને ભાજગડિયો માણસ તો જિંદગીભર લોકોની પંચાત કર્યા કરશે: અને બીજાને હેરાન કરીને પેટ ભરવાનો પ્રયત્ન કરશે એટલે, જ્યાંસુધી એ જીવતો રહેશે ત્યાંસુધી, લોકોની શાંતિ હણાઈ જશે; અને એ જીવશે ત્યાસુધી એના ભયથી, લોકોના ત્રાસનો પાર નહિ રહે!"

સિપાઇઓ એને બંદીખાનામા લઈ ગયા; અને તેનો શિરચ્છેદ કરવામા આવ્યો. પરંતુ બીજે દિવસે કેદખાનાના દરોગાએ એક વિચિત્ર વસ્તુ જોઇ. પેલા ભાજગડિયાનુ માથું શૂલીપરથી ધીમે ધીમે નીચે ગબડી રહ્યું હતું. એ માથાનુ મોં, એકાએક ખુલ્યુ; અને એ બોલ્યું, "જાવ, તમારા રાજાને કહો કે તે મારે શરણે આવે. નહિ તો એને હું મારી નાખીશ."

દરોગો, દોડયો દોડયો રાજા પાસે ગયો; અને આ વિચિત્ર તથા અદ્‌ભુત, છતા, ભયપ્રેરક વાત, રાજાને કહી, અને જે જોયું હતું તે વર્ણવ્યું. દરોગો તો ભયથી થરથર ધ્રૂજતો હતો.

રાજાને થયું, 'દરોગો જૂઠ્ઠુ બોલે છે.' તેથી તેની સાથે પોતે

બંદીખાના તરફ ગયા. જગા પર જઇને જુવે તો બધુ શાંત છે! પેલુ માથું જ્યાં પડ્યું હતું ત્યા જ સ્થિર થઇને પડ્યું હતું. ન બોલે કે ચાલે!

રાજાને આ વાત બનાવટી લાગી. 'દરોગાએ પોતાને બનાવ્યો હતો' એમ એને નક્કી લાગ્યુ. ક્રોધમા ને ક્રોધમા તેણે દરોગાનુ માથુ એકદમ ધડથી જુદું કરાવ્યું!" આ બધુ એની આખો સામે જ થયું

પરંતુ, એટલામાં પેલું ભાજગડિયાનુ માથું ફરીથી હાલવા લાગ્યું. અને બોલ્યું. "જો રાજા, હું તો મરી ગયો છુ; છતા મેં મારો ભાજગડ કરવાનો સ્વભાવ હજી મૂકયો નથી. મારે લીધે જ તમારા માણસનો જીવ ગયો છે!"

રાજા તો આ સાભળીને ખૂબ દુઃખી થયો, અને બહુ પસ્તાયો. મરનાર માટે તેને ભારે ખેદ થયો.

આખરે રાજાએ એક ઊંડો ખાડો ખોદાવ્યો; અને તેમા પેલું ભાંજગડિયાનુ માથું દાટી દેવામા આવ્યું.

બીજે દિવસે તે જગા ઉપર એક ઊંચું ઝાડ ઊગ્યું. તેની ટોચ ઉપર એક અવનવુ ફળ લટકવા લાગ્યું. અને તે બરાબર પેલા ભાજ-ગડિયા માથાના જેવુ જ દેખાયું!

આ ઝાડ તે જ "નાળિયેરીનું ઝાડ" જે આપણે રોજ જોઈએ છીએ.

બ્રહ્મદેશમાં આ ઝાડનુ નામ "ગ્યોકબી" એટલે "તોફાની" એવું પડેલુ છે, અને આજે પણ, એ ફળ આપણા કાન પાસે લઈ જઇએ તો તેમાથી એક ઝીણો ગણગણાટ સંભળાય છે. તેમાનુ પાણી હાલે છે અને અવાજ થાય છે, પોતે મરી ગયા છતાં, એ અવાજ પેલા તોફાની માણસનો જ અવાજ છે. એણે ખોટો ગણગણાટ કરવાનુ હજી પણ મૂકયું નથી!

*

ચંદ્રાશા રાજા અને વાઘેલા રાણી

સંપાદક :

શ્રી. રેવાબહેન તડવી

કુકસ નગરનો એક રાજા હતો. ચંદ્રાશા તેનુ નામ. તેને વાઘેલા નામની એક રાણી હતી.

રાજાની રાણી રોજ ફરવા જતી હતી. તેને અને એક બ્રાહ્મણને ભાઈબંધી હતી. રાજાના બાગ પાસે એ બ્રાહ્મણ રહેતો હતો. બ્રાહ્મણ મોટો જાદુગર હતો. રાણી તેની પાસે 'વિદ્યા'[1] શીખવા જતી.

રાણી તો શીખવા જાય ને પેલા બ્રાહ્મણ સાથે ખાઇ પીને મઝા કરે. રાજાને એક દિવસ તેની ખબર પડી.

રાજાને આ વાતની જાણ થઇ ગઈ છે, એ રાણીના જાણવામાં આવ્યું. એક દિવસ રાણીએ પેલા બ્રાહ્મણને કહ્યું: 'મહારાજ ! હું અહીં આવુ છું તેની રાજાને ખબર પડી ગઇ છે. માટે મને દોરો મંત્રી આપો. એ દોરો હું રાજાને પગે બાંધી દઉં એટલે રાજાને કશી ખબર ન પડે.'

બ્રાહ્મણ કહેઃ 'સારુ. લો, આ દોરો. રાજાના પગે બાધી દેજો.'

રાણી તો દોરો લઈને ઘેર આવી. બીજે દિવસે રાજા સૂવા પડ્યો. રાજા ઊંઘમાં છે એમ માનીને રાણીએ રાજાને પગે દોરો બાંધી દીધો. રાજાના શરીર ઉપર હાથ મૂકી જોયો. રાજા જાગતા તો નથીને ? અને પછી રાણી બાગમાં ગઇ, રાજાની દાસીએ આ દોરો જોયો. તેણે દોરો છોડી લીધો. ને રાજાને વાત કરીઃ 'રાજાજી ! આપણી રાણી પેલા બ્રાહ્મણ સાથે જવાની છે.'

રાજા તૈયાર થઈને બાગમાં ગયો. ત્યા રાણી અને પેલા બ્રાહ્મણ વચ્ચે થતી વાતચીત સાંભળી. બ્રાહ્મણને એના 'જજમાનની'[2] છોકરી પરણાવવા જવાનું હતું.

---

૧. મંત્ર-મંત્રવિદ્યા. ૨. યજમાન

રાણી કહે: 'હું સાથે આવીશ.'

બ્રાહ્મણ કહે: 'સારું. તમારી તો ત્યાં જરૂર પડશે જ.'

રાણી અને બ્રાહ્મણ જવા માટે તૈયાર થયા. રાણી દરવાનને કહે છે: 'હે દરવાન! દરવાજો ખોલો.'

દરવાન કહે: 'આ દરવાજો હમણાં નહિ ખૂલે, સવારે પાંચ વાગ્યે ખૂલશે.'

રાણી કહે: 'હે દરવાન! તને મારો એકાવન રૂપિયાનો હાર આપું છું. તું દરવાજો ખોલ.'

દરવાન કહે: 'દરવાજો હમણાં નહિ ખોલાય. રાજાનો હુકમ છે કે દરવાજો રાત્રે ખોલવો નહિ. માટે દરવાજો નહિ ખોલાય.'

રાણી તો નિરાશ થઇ. બાગની વાડ કરી હતી તેની ઉપર થઇને રાણી બહાર ગઈ. રાજા પણ એ રસ્તે થઇને છાનોમાનો બહાર ગયો.

પેલા બ્રાહ્મણે સુથારને બોલાવ્યો. બ્રાહ્મણ કહે: 'હે સુથાર! આ વડના થડને કોચીને એક બેઠક બનાવી દે.'

સુથાર તો મંડ્યો. તેણે વડના થડમાં બેઠક બનાવી દીધી. ઢાંકણું બંધ કરીએ તો કોઈને ખબર પણ ન પડે. જાણે વડનું થડ કોઈએ કોચ્યું જ નથી!

બ્રાહ્મણ કહે: 'રાણી! આજે આપણે ખૂબ દૂર જવાનું છે. સાઠ ગાઉ જતાં થાય અને સાઠ ગાઉ આવતાં થાય. આપણે બેસવા માટે થડમાં બેઠક બનાવી છે. ચાલો આપણે બેસી જઇએ.'

'સારું' કહીને રાણી બ્રાહ્મણ સાથે બેસી ગઇ.

રાજા પણ છાનોમાનો વડ ઉપર બેસી ગયો.

બ્રાહ્મણે મંત્ર ભણીને આખો વડ અદ્ધર ઊડાડ્યો. સરરરર કરતો વડ ઊડ્યો.

વડ ઊડતો ઊડતો પેલા જજમાનના ગામના ઝાંપે આવ્યો. બ્રાહ્મણ અને રાણી વડમાંથી નીકળીને જજમાનને ઘેર ગયાં તેમને જવા દઇને રાજા પણ તેમની પાછળ ગયો.

ગામને ઝાંપે પેલા જજમાનની છોકરીની જાન આવી હતી. વરરાજા પગે લૂલો લંગડો હતો, ને આંખે કાણો પણ હતો. આવા વરની સાથે છોકરી નહિ પરણે એવી વરના બાપને બીક લાગી. એટલે તે ભાડૂતી વર ખોળવા લાગ્યો. આ વખતે જ પેલો રાજા પણ ત્યાં જઇ ચઢયો.

રાજાને જોઈને પેલો વરનો બાપ કહેઃ 'હે ભાઈ! તું ભાડૂતી વર થઇશ? હું તને ત્રણસો રૂપિયા આપીશ.'

રાજા કહે: 'હા, હું થઇશ.'

પેલા ખરા વરનો વેશ ઉતારીને રાજાને આપ્યો. રાજાએ તે પહેરી લીધો. અને જાનમાં બેસી ગયો. ખરા વરને ઘરમાં ઘાલી મેડા ઉપર ચડાવી દીધો.

સામૈયું થયું. વરને માંડવે આણ્યો. હવે વરને પોંકવા? કોણ જાય? કોઇ જાય તેવું ન હતું. બ્રાહ્મણ સાથે જે રાણી હતી, તે માથે મોડ મેલી વરને ચાંલ્લો કરવા આવી.

ચાંલ્લો કરી રહી રાણી બોલીઃ 'તમારું અગર જોડું રહેજો, જેવો જોઈતો હતો, તેવો વર મળ્યો છે.'

પેલી છોકરીને ચોરીમાં પધરાવી. બંનેને પરણાવ્યાં. પરણી ગયાં એટલે ઘરમાં લઇ ગયાં. ઘરમાં બેઠાં બેઠાં રાજાએ કન્યાના પાનેતર ઉપર લખ્યુંઃ

આ બાજુ રાજા ઘેર આવ્યો દાસીને બોલાવી દાસીને કહ્યું: 'પેલો દોરો મારા પગે બાધી દો.'

દાસીએ દોરો બાધી દીધો. રાજા માથે મોઢે ઓઢીને સૂઈ ગયો. પણ પેલુ હાથે બાધેલુ મીઢણુ[1] અને કંકુચોખાનો ચાંલ્લો ભૂંસવાનુ ભૂલી ગયો. રાજા તો તેવોને તેવો સૂઈ ગયો.

× × ×

બધુ પરવારીને બ્રાહ્મણ અને રાણી પાછાં આવ્યાં. રાણી પોતાના મહેલમાં આવી. રાજા ઊંઘે છે કે જાગે છે તે જાણવા રાણી ગઈ.

રાજા પલંગમા ઊંઘે છે. પગે પેલો મંત્રેલો દોરો જોયો. રાણીને પાકી ખાતરી થઈ કે, રાજાને કશી ખબર પડી નથી. પણ રાજાના હાથ ભણી નજર જતા જ રાણી ચમકી. હાથે મીંઢણુ અને કપાળે કંકુનો ચાંલ્લા જોયો રાણી તો થરથર કંપે છે. તેના પેટમાં ધ્રાસકો પડયો. નક્કી રાજા બધુ જાણી ગયા છે. સવારે મારા રાઈ રાઈ જેવા ટુકડા કરી નાખશે માટે ચાલ મને જવા દે, એવો વિચાર કરી રાણી બ્રાહ્મણ પાસે ગઈ.

રાણી કહે: 'હે મહારાજ! મારા ધણીએ રાતની બધી વાત જાણી લીધી છે. રાત્રે જે વર હતો તે મારા રાજા જ હતા. હવે શું કરશું?'

બ્રાહ્મણ કહે: 'હે રાણી! તમે ગભરાશો નહિ. આ દોરો આપુ છુ, એ રાજાના પગે બાધી દેજો, એટલે રાજા ઘુવડ બની જશે.'

પેલી રાણી દોરો લઈને આવી ને તરત જ રાજાના પગે બાંધી દીધો. રાજા ઘુવડ બની ગયો. તરત જ તે જગલમા ઊડી ગયો.

પછી પેલી રાણી અને બ્રાહ્મણ મહેલમાં રહે છે. બેઉ રાજ કરે છે રાણીએ રાજમાં ઢંઢેરો પીટાવ્યો: 'જે કોઈ ચંદ્રાશા રાજાનુ નામ લેશે તેને અવળી ઘાણીએ ઘાલીને પીલી નાખવામા આવશે''

× × ×

---

૧. મીંઢળ.

ગામને ઝાંપે પેલા જજમાનની છોકરીની જાન આવી હતી. વરરાજા પગે લૂલો લંગડો હતો, ને આંખે કાણો પણ હતો. આવા વરની સાથે છોકરી નહિ પરણે એવી વરના બાપને બીક લાગી એટલે તે ભાડૂતી વર ખોળવા લાગ્યો. આ વખતે જ પેલો રાજા પણ ત્યાં જઇ ચઢયો.

રાજાને જોઈને પેલો વરનો બાપ કહે: 'હે ભાઈ! તું ભાડૂતી વર થઇશ? હું તને ત્રણસો રૂપિયા આપીશ.'

રાજા કહે: 'હા, હું થઇશ.'

પેલા ખરા વરનો વેશ ઉતારીને રાજાને આપ્યો. રાજાએ તે પહેરી લીધો. અને જાનમાં બેસી ગયો. ખરા વરને ઘરમાં ઘાલી મેડા ઉપર ચડાવી દીધો.

સામૈયું થયું. વરને માંડવે આણ્યો. હવે વરને પોંકવા[1] કોણ જાય? કોઇ જાય તેવું ન હતું. બ્રાહ્મણ સાથે જે રાણી હતી, તે માથે મોડ મેલી વરને ચાંલ્લો કરવા આવી.

ચાંલ્લો કરી રહી રાણી બોલી: 'તમારું અમર જોડું રહેજો, જેવો જોઈતો હતો, તેવો વર મળ્યો છે.'

પેલી છોકરીને ચોરીમા પધરાવી. બંનેને પરણાવ્યાં. પરણી રહ્યાં એટલે ઘરમાં લઇ ગયાં. ઘરમાં બેઠાં બેઠાં રાજાએ કન્યાના પાનેતર ઉપર લખ્યું:

> કુકસનગરનો રાજિયો ચંદ્રાશા મારું નામ,
> ચેતવું હોય તો ચેતજો ને આવજો કુકસ ગામ.

પછી છેડા છોડી નાખ્યા. ભાડૂતી વરને ઉતારે લઈ ગયા. રાજાએ વરના બાપ પાસેથી ત્રણસો રૂપિયા લઇ લીધા. ને રાજા પોતાને ગામ ચાલી પડયો.

રાણી ઘરમાં વિચાર કરે છે, જાણે મારો રાજા જોઈ લ્યો. મારા રાજા જેવો જ આ કન્યાને વર મળ્યો છે.

---

૧. પોંખવા.

આ બાજુ રાજા ઘેર આવ્યો દાસીને બોલાવી દાસીને કહ્યું : ‘ પેલો દોરો મારા પગે બાધી દો.’

દાસીએ દોરો બાધી દીધો રાજા માથે મોઢે ઓઢીને સૂઈ ગયો. પણ પેલુ હાથે બાધેલું મીઢણ[1] અને કંકુચોખાનો ચાંલ્લો ભૂંસવાનુ ભૂલી ગયો રાજા તો તેવોને તેવો સૂઈ ગયો.

× × ×

બધુ પરવારીને બ્રાહ્મણ અને રાણી પાછાં આવ્યાં. રાણી પોતાના મહેલમાં આવી. રાજા ઊંઘે છે કે જાગે છે તે જાણવા રાણી ગઈ.

રાજા પલંગમાં ઊંઘે છે. પગે પેલો મંત્રેલો દોરો જોયો. રાણીને પાકી ખાતરી થઈ કે, રાજાને કશી ખબર પડી નથી. પણ રાજાના હાથ ભણી નજર જતા જ રાણી ચમકી. હાથે મીંઢણ અને કપાળે કંકુનો ચાલ્લો જોયો. રાણી તો થરથર કંપે છે. તેના પેટમાં ધ્રાસકો પડયો. નક્કી રાજા બધુ જાણી ગયા છે. સવારે મારા રાઈ રાઈ જેવા ટુકડા કરી નાખશે. માટે ચાલ મને જવા દે, એવો વિચાર કરી રાણી બ્રાહ્મણ પાસે ગઈ.

રાણી કહે : ‘ હે મહારાજ ! મારા ધણીએ રાતની બધી વાત જાણી લીધી છે રાત્રે જે વર હતો તે મારા રાજા જ હતા. હવે શુ કરશુ ?’

બ્રાહ્મણ કહે · ‘ હે રાણી ! તમે ગભરાશો નહિ. આ દોરો આપુ છુ, એ રાજાના પગે બાધી દેજો, એટલે રાજા ઘુવડ બની જશે.’

પેલી રાણી દોરો લઈને આવી ને તરત જ રાજાના પગે બાંધી દીધો રાજા ઘુવડ બની ગયો. તરત જ તે જંગલમા ઊડી ગયો.

પછી પેલી રાણી અને બ્રાહ્મણ મહેલમા રહે છે. બેઉ રાજ કરે છે. રાણીએ રાજમાં ઢંઢેરો પીટાવ્યો : ‘ જે કોઈ ચંદ્રાશા રાજાનુ નામ લેશે તેને અવળી ઘાણીએ ઘાલીને પીલી નાખવામા આવશે.”

× × ×

---

૧. મીંઢળ.

પેલી કન્યા દૂધનો પ્યાલો લઇને પોતાના ઘર પાસે મેડે જાય છે. જઇને જુએ છે તો લૂલો લંગડો, આંખે કાણો વર જોયો! અરે રાતવાળો વર ક્યાં ગયો? કન્યાએ રાતવાળો વર જોયો નહિ.

લંગડો વર બોલ્યો : 'કોને ખોળે છે?'......

કન્યા કહે : 'રાતવાળાને'......

લંગડો કહે : 'એ રાતવાળો તો ભાડૂતી વર હતો.'

કન્યાને રીસ ચડી. દૂધનો પ્યાલો વર ઉપર ઢોળીને નીચે આવતી રહી. નીચે આવીને પોતાના બાપને કહે છે :

'બાપુજી! મને છેતરીને પરણાવી છે. રાતવાળો વર તો ભાડૂતી હતો. આ તો લૂલો લંગડો છે, મારે સાસરે જવું નથી.'

બાપ કહે : 'બેટા તું શુ કરીશ?'

કન્યા કહે : 'મારે વહાણુ કમાવા જવુ છે. મારાં બધાં કપડાં બ્રાહ્મણને આપી દઉં છું.'

કન્યા કપડાં કાઢતી હતી ત્યારે પેલા પાનેતર ઉપર રાજાએ લખેલો દોહરો જોયો. છોકરી વાંચે છે :

"કુકસનગરનો રાજિયો ચંદ્રાશા મારું નામ,
ચેતવું હોય તો ચેતજો ને આવજો કુકસ ગામ."

છોકરીએ તો પુરુષનો વેશ લીધો. વહાણુ લઇને ચાલી પડી. ચાલતાં ચાલતા તે કુકસનગરમા આવી. વહાણુ છોડીને નગરમાં આવી. આવીને માળણના બાગમાં ઊતરી.

બાગ સૂકોસાલ હતો. છોકરીએ પગ મૂક્યો તેવો જ ખીલી ઊઠયો. લોકો વાતો કરવા માંડયા : 'અહાહા! આ માળણનો બાગ તો બૂઠો-બટ હતો ને હવે લીલોછમ બની ગયો છે. ચંપાના ઝાડ નીચે એક પુરુષ સૂતો છે.

શહેરમા બધે વાતો થવા લાગી. માળણે આ વાત જાણી. તે કહે : 'તમે કોઈ બોલશો નહિ. સૂકાઈ ગયેલો બાગ વળી લીલો થતો હશે?'

લોકો કહે : 'ખરી વાત છે, અમારું ના માને તો જાતે જોવા જાવ.'......

માળણ તો હોંશમાં ને હોશમાં જોવા ગઈ. બાગ જોઈ ને માળણ ખુશ ખુશ થઈ ગઈ. માળણે બાગમા જઇને પેલા મુસાફરને જોયો. તેને પૂછી જુએ છે: 'ભાઈ! તમે કયાંથી આવો છો?'

મુસાફર કહે : 'બે'ન! અહી કુકસનગરનો રાજા રહે છે?'

માળણ કહે : 'ભાઈ! અહી કુકસનગરનો રાજા રહેતો હતો. તેને તો રાણીએ ઘુવડ બનાવી દીધો છે તમે તેમનુ નામ લેશો નહિ. નામ લે છે તેને અવળી ઘાણીએ ઘાલીને બ્રાહ્મણ તેલ કાઢે છે. તમે મારે ઘેર ચાલો.' માળણ મુસાફરને પોતાને ઘેર તેડી ગઈ

× × × × ×

બીજે દિવસે મુસાફર બનેલી છોકરી પુરુષનો વેશ લઈ ને રાજદરબારમા ગઈ. રાજા બનેલા બ્રાહ્મણને કહે છે:

'મારે નોકરી જોઈએ છે, હું નોકરી કરવા આવ્યો છુ.'

રાજા કહે: 'તમે ક્યાંથી આવ્યા છો અને શેની નોકરી કરશો?'

મુસાફર કહે: 'રાજા–રાણી સૂતાં હોય ત્યા કીડી પણ આવવા દઉં નહિ. એવી ચોકી કરીશ'

રાજા કહે : 'શુ લેશો?'...

મુસાફર કહે : 'મહિનાના પાંચસો રૂપિયા.'

રાજાએ તો મુસાફરને નોકરીએ રાખી લીધો. તે રાતે રાજા–રાણી સૂએ છે ત્યાં ચોકી કરે છે.

એક દિવસ વાઘેલા રાણી રડે છે. કહે છે: 'તમોને કોઈ મારી નાખશે. હું શુ કરીશ?'

રાજા કહે : 'મને કોઈ મારી નહિ શકે.'

રાણી કહે : 'તમારુ મોત શેનાથી છે? તે તમે કહો તો જ મને ચેન પડશે.'

રાજા કહે : 'સાત સમુદ્ર ખારા અને સાત સમુદ્ર મીઠા ઊતરીને વચમાં બેટ આવે છે. તેની માય એક કેળનુ ઝાડ છે. તેની માય એક લીલુડિયો પોપટ છે. એ કેળને કોઈ એક ઝટકે કાપે અને તે પોપટને

પેલી કન્યા દૂધને પ્યાલો લઇને પોતાના ઘર પાસે મેડે જાય છે. જઇને જુએ છે તો લૂલો લંગડો, આંખે કાણો વર જોયો ! અરે રાતવાળો વર ક્યાં ગયો? કન્યાએ રાતવાળો વર જોયો નહિ.

લંગડો વર બોલ્યો : 'કોને ખોળે છે?'......

કન્યા કહે : 'રાતવાળાને'......

લંગડો કહે : 'એ રાતવાળો તો ભાડૂતી વર હતો.'

કન્યાને રીસ ચડી. દૂધનો પ્યાલો વર ઉપર ઢોળીને નીચે આવતી રહી. નીચે આવીને પોતાના બાપને કહે છે :

'બાપુજી ! મને છેતરીને પરણાવી છે. રાતવાળો વર તો ભાડૂતી હતો. આ તો લૂલો લંગડો છે, મારે સાસરે જવુ નથી.'

બાપ કહે : 'બેટા તું શુ કરીશ?'

કન્યા કહે : 'મારે વહાણુ કમાવા જવું છે. મારાં બધાં કપડાં બ્રાહ્મણને આપી દઉં છુ.'

કન્યા કપડાં કાઢતી હતી ત્યારે પેલા પાનેતર ઉપર રાજાએ લખેલો દોહરો જોયો. છોકરી વાંચે છે :

"કુકસનગરનો રાજિયો ચંદ્રાશા મારું નામ,
ચેતવું હોય તો ચેતજો ને આવજો કુકસ ગામ."

છોકરીએ તો પુરુષનો વેશ લીધો. વહાણુ લઇને ચાલી પડી. ચાલતા ચાલતાં તે કુકસનગરમા આવી. વહાણુ છોડીને નગરમાં આવી. આવીને માળણના બાગમા ઊતરી.

બાગ સૂકોસાલ હતો. છોકરીએ પગ મૂક્યો તેવો જ ખીલી ઊઠ્યો. લોકો વાતો કરવા માંડયા : 'અહાહા ! આ માળણનો બાગ તો બૂઠો-બટ હતો ને હવે લીલોછમ બની ગયો છે. ચંપાના ઝાડ નીચે એક પુરુષ સૂતો છે.

શહેરમાં બધે વાતો થવા લાગી. માળણે આ વાત જાણી. તે કહે : 'તમે કોઈ બોલશો નહિ. સૂકાઈ ગયેલો બાગ વળી લીલો થતો હશે?'

લોકો કહે : 'ખરી વાત છે, અમારું ના માને તો જાતે જોવા જાવ.'......

માળણ તો હોંશમા ને હોંશમાં જોવા ગઈ. બાગ જોઈને માળણ ખુશ ખુશ થઈ ગઈ. માળણે બાગમાં જઇને પેલા મુસાફરને જોયો. તેને પૂછી જુએ છે : 'ભાઈ! તમે ક્યાથી આવો છો ?'

મુસાફર કહે : 'બે'ન! અહીં કુકસનગરનો રાજા રહે છે ?'

માળણ કહે : 'ભાઈ! અહી કુકસનગરનો રાજા રહેતો હતો. તેને તો રાણીએ ઘુવડ બનાવી દીધો છે તમે તેમનુ નામ લેશો નહિ. નામ લે છે તેને અવળી ઘાણીએ ઘાલીને બ્રાહ્મણ તેલ કાઢે છે. તમે મારે ઘેર ચાલો ' માળણ મુસાફરને પોતાને ઘેર તેડી ગઈ

× × × × ×

બીજે દિવસે મુસાફર બનેલી છોકરી પુરુષનો વેશ લઈને રાજદરબારમા ગઈ રાજા બનેલા બ્રાહ્મણને કહે છે :

'મારે નોકરી જોઈએ છે, હુ નોકરી કરવા આવ્યો છુ.'

રાજા કહે : 'તમે ક્યાથી આવ્યા છો અને શેની નોકરી કરશો ?'

મુસાફર કહે : 'રાજા-રાણી સૂતા હોય ત્યાં કીડી પણ આવવા દઉં નહિ. એવી ચોકી કરીશ '

રાજા કહે : 'શુ લેશો ?'...

મુસાફર કહે : 'મહિનાના પાંચસો રૂપિયા.'

રાજાએ તો મુસાફરને નોકરીએ રાખી લીધો. તે રાતે રાજા-રાણી સૂએ છે ત્યાં ચોકી કરે છે.

એક દિવસ વાઘેલા રાણી રડે છે. કહે છે 'તમોને કોઈ મારી નાખશે. હું શુ કરીશ ?'

રાજા કહે : 'મને કોઈ મારી નહિ શકે.'

રાણી કહે : 'તમારું મોત શેનાથી છે ? તે તમે કહો તો જ મને ચેન પડશે.'

રાજા કહે : 'સાત સમુદ્ર ખારા અને સાત સમુદ્ર મીઠા ઊતરીને વચમા બેટ આવે છે. તેની માય એક કેળનુ ઝાડ છે. તેની માંય એક લીલુડિયો પોપટ છે. એ કેળને કોઈ એક ઝટકે કાપે અને તે પોપટને

તરત પકડી લે. અને મારી નાખે, તો મારું મોત થાય. પણ ત્યાં આગળ ચાર ચોકીઓ છે. પહેલી કૂતરાની, બીજી વાઘની, ત્રીજી ભમરાની, અને ચોથી સાપની. એ ચૂકવીને પોપટને કોઈ મારી નાખે તો જ મારું મોત થાય.'

રાજા બનેલો બ્રાહ્મણ અને રાણી ઊંઘી ગયાં.

બીજે દિવસ થયો એટલે પેલો મુસાફર કહે છે: 'મારે નોકરી કરવી નથી.' અને તે માળણને ઘેર જતો રહ્યો.

માળણને ઘેરથી અર્ધો મણ જુવારનો (લોટ) આટો લીધો. તેના રોટલા બનાવ્યા. બે અત્તરના બાટલા લીધા. એક ફૂલનો ગાંસડો લીધો. એક દૂધનો ડબ્બો અને બે કૂંડાં લીધાં. બે બકરાં લીધા પછી પેલો મુસાફર વહાણમાં બેસી ગયો.

સાત ખારા સમુદ્ર અને સાત મીઠા સમુદ્ર વટાવીને બેટમાં આવ્યો. બેટમાં ઊતરે છે. તરત જ કૂતરાંની ચોકી આવી.

મુસાફરે આમતેમ રોટલા નાખ્યા, ઘણા દિવસથી પેલાં કૂતરાં ભૂખ્યાં હતા. કૂતરા રોટલા ખાવા મંડયાં એટલે તરત જ તે આગળ ચાલ્યો.

આગળ વાઘની ચોકી આવી. મુસાફરે એક બકરો આમ છોડયો અને એક બકરો તેમ છોડયો. વાઘ બકરાને ખાવા રહ્યો એટલે તે ચોકી વટાવીને આગળ ચાલ્યો.

આગળ ભમરાની ચોકી આવી, મુસાફરે ફૂલોનો ગાંસડો છોડી નાખ્યો. અને અંદર અત્તર છાંટયું. પેલા ભમરા ભૂખ્યા હતા, એટલે ફૂલોમા પેસી ગયા. એટલે મુસાફર આગળ ચાલ્યો.

આગળ સાપની ચોકી આવી, બે કૂંડાં દૂધનાં ગોઠવી દીધાં, પેલા સાપ દૂધ પીવા મંડયા એટલે મુસાફર આગળ ચાલ્યો. ચારે ય ચોકીઓ ચૂકવી.

પેલા કેળના ઝાડને એક ઝટકો મારી કાપી નાખ્યું ને પેલા પોપટને પકડી લીધો. પછી પાંજરામા પૂરી દીધો. અને તરત જ વહાણ પાછું વાળ્યું.

સાત ખારા સમુદ્ર અને સાત મીઠા સમુદ્ર પાર કરીને કુકસનગરમાં આવી ગયો. પેલી માળણને ત્યાં પહોંચી ગયો.

× × × × ×

મુસાફરે ઢીંમર લોકોને બોલાવ્યા. ઢીંમર લોકો આવીને પૂછે છે : 'હે ભાઈ! અમને શા માટે બોલાવ્યા છે?'

ત્યારે પેલો મુસાફર છોકરો કહે છે : 'તમે ઘુવડ પકડવા જાવ. ઘુવડ જીવતો લાવવાનો છે. મારી નાખતા નહિ. જે ઘુવડને પગે દોરો હોય તે ઘુવડને પકડી લાવશો તો દશ રૂપિયા આપીશ.'

ઢીંમર લોકો જંગલમા ગયા અને ઘુવડ પકડી લાવ્યા. પહેલો માણસ જુવાન ઘુવડ લાવ્યો બીજો માણસ 'આધેડ' ઘુવડ લાવ્યો. ત્રીજો માણસ છોકરા જેવો ઘુવડ લાવ્યો ચોથો ડોસો હતો તે પગે દોરાવાળો ઘરડો ઘુવડ લાવ્યો.

મુસાફરે ડોસા પાસેથી ઘુવડ લીધો. તેને દશ રૂપિયા આપીને રાજી કર્યો બીજા ઢીંમરને રજા આપી.

મુસાફરે એક હાથમા બે પાંજરા લીધા. એક પોપટનુ અને એક ઘુવડનુ. બીજા હાથમા તલવાર લીધી લઇને રાજાને ત્યા જાય છે

રાજમહેલના પગથિયાં ચડતા ચડતા પેલા પોપટની બે પાંખો ભાંગી નાખી. એટલે મહેલમા બ્રાહ્મણના બે હાથ ભાંગી ગયા. તે અરદના દાગ્મા માગે છે પણ રાજમહેલમા ક્યાથી હોય?

મુસાફરે પોપટનુ 'મૂંડુ' ભાંગી નાખ્યુ તો પેલા બ્રાહ્મણનુ માથુ ભાગી ગયું પેલી વાઘેલા રાણી રડે છે મુસાફરે ઘુવડના પગેથી દોરો છોડી નાખ્યો. એટલે ઘુવડનો રાજા બની ગયો.

મુસાફર રાજાને કહે છે : 'જુવો રાજા, તમારી રાણી. કેવા ધંધા કરે છે!

× × × × ×

એટલે રાજા પેલી વાઘેલા રાણીને મારી નાખે છે. ચંદ્રાશા રાજા રાજ કરે છે મુસાફર તેની સાથે રહે છે.

એક દિવસ ચંદ્રાશા રાજા શિકાર રમવા ગયા. રાજાના કુંડમાં એક સ્ત્રી નહાય છે. રાજાએ ડુંગર ઉપરથી આ જોયું.

મહેલમાં આવીને રાજા પેલા મુસાફરને પૂછે છે: 'મેં આજે ડુંગર ઉપર રહીને સ્ત્રીને નહાતાં જોઈ છે. આપણા મહેલમાં કોઈ સ્ત્રી નથી, ને એ કોણ કૂંડમાં નહાતું હતું?'

મુસાફર કહે: 'મને ખબર નથી.'

રાજા પૂછે છે: 'હે ભાઈ! તમે ક્યાંના રહીશ છો? તમે મારો જીવ બચાવ્યો છે, તમને હું નહિ ભૂલું.'

મુસાફર કહે: 'રાજાજી, તમે મને કોઈક જગ્યાએ ઓળખાણની નિશાની આપી છે?'

રાજા કહે: 'તમને નથી આપી. મેં આપી છે ખરી પણ કોઈ પુરુષને આપી નથી. એક છોકરીને આપી છે.'

મુસાફર કહે: 'તે જ હું.' અને પુરુષનો પોશાક ઉતારી ને ફેંકી દીધો.

રાજાએ છોકરીને ઓળખી. પોતે પરણ્યો હતો ત્યારે દોહરો લખ્યો હતો, તે તેને યાદ આવ્યું. પરણ્યા પછી વીંટી નિશાની તરીકે આપી હતી.

રાજાએ છોકરીના ઘણા વખાણ કર્યાં. તેને પોતાની રાણી બનાવી. બંનેએ આનંદથી રાજ કર્યું.

બાંધવ બેલડી

શ્રી. કાલિદાસ સોલંકી.
ચલોડા, તા. ધોલકા, જિ. અમદાવાદ.

(૧)

આશરે અઢારમી સદીની આ વાત છે. એ વખતે ધોલકા તાલુકામા આવેલા ચલોડાની જાહોજલાલી પૂર બહાર ખીલી હતી. વણઝારાની પોઠો ગામના ગોદરે ઘેઘૂર વડલા હેઠ વિસામો ખાતી. અમદાવાદી અતલસ, જરીકામના નમૂના, પાટણના પટોળા, મૂલ્યવાન કિમતી દાગીના, વાસણકૂશણ, અન્નપાણી વગેરે આપલેના સોદા થતા. વેપારવણજને સારુ ઉત્તેજન હતુ.

ખેતરોમા મબલખ પાક હિલોળા લેતા. ધાનના ઢગ વળતા. અને ખેડૂતોના હૈયાં આનંદી ઊઠતા.

માલધારીઓના નેસમા ઘીદૂધની છોળો ઊડતી. ગૃહોદ્યોગનો સૂર્ય મધ્યાહ્ને તપનો હતો. પ્રજા સર્વ વાતે સુખી હતી. પણ એક વાતની કમીના હતી. ધાડપાડુ કાઠીઓના હથિયારના ખખડાટ રૈયતના વેરી બન્યા હતા.

ગામને પાદરે બંદૂકનો એક ભડાકો થતાં લોકોના જીવ મુઠીમાં આવી જતાં. ભર્યાભાદર્યા નંદનવન સમા ગામડાની ધરા ધ્રૂજી ઊઠતી. બંદૂકની અણીએ માલસામાન આચકી લેવાતો. હા ના કરનારના લીલા માથલડાના મિનારા ખડકાતા.

આ તો રોજનુ લાગ્યુ અને ભવનું ભાગ્યું. બિચારી રાંકડી રૈયત આ કયા સુધી સહન કરે ?

એક સાંજે ઝુંગિયો વાગ્યો. ગામ એકઠુ થયું. ગામના રક્ષણ માટે પ્રસ્તાવ મૂકાયો. પણ મરવા કોણ તૈયાર હોય ? ગુજરાતે તો

મખમલની તળાઇઓમા સૂઈ જાણ્યું હતું. એને વળી તલવાર વાપરતા ક્યારે આવડતું હતું ? સભામા સર્વત્ર સૂનકાર હતો ?

એ સભામાં છેવટે બે ભાઈ ઊભા થયા. એમની નસોમાં શૌર્ય-વંતુ લોહી ધબકતું હતું. બખ્તરની કડી જેવા એમનાં દેહસૌષ્ઠવ હતા. ભમ્મરીયાળી વાંકડી આંખોમા યુવાનીનો કસૂંબી રંગ લહેરાતો હતો. મોતને મુઠ્ઠીમા લઈ ફરનાર એ બાંધવ-બેલડી હતી. એ હતા વીરજી ઝાંપડો અને ડોસલ ઝાંપડો.

પંચ પરમેશ્વરની સાક્ષીએ એમણે વફાદારીના શપથ લીધા:—

" જ્યાસુધી આ દેહમા છેવટનુ લોહીનુ એક બૂંદ હશે ત્યાંસુધી ગામના રક્ષણુ માટે અમે મરી ફીટીશુ."

" વાહ વાહ "ના પૂકારો ઊઠયા, ગામે એમનો ખાણોદાણો પૂરૂં પાડવાનુ વચન આપ્યું. વીરજી અને ડોસલની રખેવાળીની ઢાલ હેઠળ ગામ નીરાતે સૂતું.

(૨)

આજનો દિવસ વીરજીને ભારે ભારે લાગતો હતો. પાછલી ઓળના દરવાજે તીર-કામઠાની ચિબૂક બનાવી એ કંઇક વિચારતો હતો. ત્યા એના સરવા કાને ઘોડાના દાબડાના ધ્વનિ સંભળાયા. જોત-જોતામાં તો મારતે ઘોડે કાઠી આવી પહોંચ્યા. ખમીરવન્તો જવાંમર્દ વીરજી અપૂર્વ તૈયારી સાથે ઊભો હતો.

કાઠીઓએ વીરજીના હાથનો પ્રસાદ ચાખેલો હતો. એમણે વીરજીને વિનવ્યો. ફોસલાવ્યો. લાલચ આપી. પણ વીરજીની નસોમાં ખાંડી-ખાંડીને વફાદારી ભરેલી હતી.

કાઠીઓએ આજ જબરો લાગ સાધ્યો હતો. વીરજીની જમણી ભુજ ડોસલ ઝાંપડો ચંદ્રીમરના રણોપે ગયો હતો. પણ વીરજી હિંમત હારે એવો ન હતો. એણે બાજી પલટી: " ગામ લૂંટવુ હોય તો જરા વાટ જુઓ." રાતની દુહાઈ ઘાલીને વીરજી ઘેર આવ્યો.

વીરજી અને ડોસલને કાલુમિયાં નામના હવાલદારની ભાઈબંધી હતી. "દોસ્તદાર જેવા દોસ્તદાર ગયા તો હવે મારે જીવીને શું કરવું છે ?" એમ વિચારીને કાલુમિયાંએ પણ ગામચોરામાં જ આપઘાત કર્યો.

"પતિની છત્રછાયા ટળી ગઇ તો હવે મારે જીવીને શુ કરવુ છે ?" એમ વિચારીને ગુલાલે પેટ કટારી ખાધી. પણ ગુલાલ બે બે જીવવાળી હતી. કટારી વાગતા એના પેટમાંનો ગર્ભ દામણુવા છેટે ઉછળીને પડયો !

વીરજી અને ડોસલ ઝાંપડાની આ શૌર્યવંતી યશગાથા અમર બની ગઈ. લોકોએ શહાદતના ગુણગાન ગાયા.

હજુ પણ ચલોડાની ધરતી પર ડોસલ અને વીરજીનુ ઘર ઊભું છે. રાણેસર તળાવના આથમણા ઓવારે વીરજી ઝાંપડાની સિંદૂરે ત્રબકતી ખાંભી પૂજાય છે. ચલોડા, ચંડીસર અને સરોડાના ત્રિભેટે-ડોસલ ઝાંપડાની ઝોળમાં-ડોસલનું દેવળ છે. અને ચલોડાના ચોરામાં કાલુમિયાંની કબર છે[૧]

---

૧. એવું કહેવાય છે કે પાછલી ઓળે આવેલા પાળિયા કાઠીઓના છે. પણ એ વાતના ખૂટતા અંકોડા હજુસુધી મળી શકયા નથી.

સવા સોમા

(શ્રી. ગોકુલદાસ રાયચુરા)

"કાં દરબાર! પધારો પધારો!! આતુરતાથી વામનસ્થળીના એક વણિક વેપારીએ મંગલપુરના ગરાસિયાને પોતાની દુકાનમાં આવવા વિનંતી કરી.

"શેઠ, જરા સવા શેઠને મળી આવું."

"બાપુ! ખુશીથી સવા શેઠને ત્યાં જજો, પણ એ જ શેઠ વિષે આપના હિતની એક વાતું કરવી છે. સાંભળવી હોય તો હાટમાં પધારો અને નહિ તો આપની ઇચ્છા." વણિકે મધમાખીને મધ તરફ ખેંચવા પ્રયાસ કર્યો.

સવા શેઠ વિષે કંઈ સાંભળવાનું મળશે એ લાલચે દરબારે ખોખારો મારી વણિકના હાટમાં બેઠક લીધી.

"છોકરા! બાપુ માટે કાવો મૂક કાવો." વણિકે વિવેક કર્યો.

"ના ના શેઠ! મારા સમ. ઈ તરખડમાં પડશો નહિ, કાવા કસુંબાનો અત્યારે બખત નથી."

"બાપુ, પણ આપ અમારે આંગણે ક્યાંથી? મેમાન ને મેઈ તો ભાગ્યશાળીને ઘેર હોય. બાપુ, કંઈક તો લેવું જ પડશે."

"ના ના, મારે તો ઘડી બે ઘડીમાં જવાનું છે."

"બાપુ, આજ કઈ તરફ?"

"જાવું છે તો માધવપુર; પણ વામનસ્થળી રસ્તામાં આવે એટલે સવા શેઠને રામરામ કરવા આવવું જ જોઇએ, ઈ દૃષ્ટિએ ઘોડીને શંકરની જગ્યામાં બાંધી હું ગામમાં આવ્યો..."

"બાપુ, ઠીક યાદ આવ્યું, સવા શેઠને ત્યાં આપનું કંઈ હવે નાણું છે કે?" વણિકે બોલતાં બોલતાં મુખના ભાવ ફેરવ્યા.

"કેમ?" દરબારે વણિકની આંખ્યો સામે મીટ માંડી.

"ના ના, હું તો અમસ્થું પૂછું છુ. જો કંઈ ઝાઝી રકમ હોય તો ચેતતા રે'વુ સારુ છે."

"રકમ એક લાખ બાબાશાહી રૂપિયાની સવા શેઠને ત્યાં જમે છે."

"એક લાખ બાબાશાહી!? વણિકે ધાસ્તીભરી ઝીણી ચીસકારી પાડી.

"કેમ? એટલા બધા ગભરાઓ છો કેમ!" ગરાસિયો સહેજ શંકાતુર થયો.

"બાપુ, જો સાચી વાત પૂછતા હો તો આપના એ એક લાખ બાબાશાહી જોખમમાં છે."

"સવા શેઠ જેવો સદ્ધર આસામી હોય પછી જોખમ શાનાં?"

"મારો તો ઈ જાતભાઈ છે, એટલે આપણને મારાથી વધુ શુ કહેવાય? પણ મારું ગરીબનુ માનતા હો તો આવા વખતમા આવી મોટી રકમ ઘરભેળી કરી દેવી એ સલાહભર્યું છે." ધીમે ધીમે વણિકે ચતુરાઈથી ગરાસિયાની વૃત્તિ ફેરવવાનો પ્રયાસ જારી રાખ્યો.

"પણ સવો શેઠ એટલે સોરઠનો લક્ષાધિપતિ..."

"ઈ રાઈનાં પડ રાતે ગયાં, અત્યારે તો સવા શેઠના ઘરમાં સવાલાખ દોકડા પણ ભગવાન રાખે તો એનાં ભાગ્ય!"

"શુ કહો છો?"

"સાચે સાચી વાત કહુ છું, હજી આજ ને આજ કંઈ વારફેર કરશો તો તો કંઈક પામશો, બાકી તો અચ્યુતં કેશવં રામનારાયણં!" વણિક સવા શેઠની પડતીમાં રાજી થતો હોય તેમ મૂછમાં ઝીણું ઝીણુ હસ્યો.

મંગલપુરના દરબારને આ ઈર્ષાળુ વણિકનું એ હાસ્ય જોવાની શુદ્ધિ ન રહી. એને તો પોતાના લાખ બાબાશાહી નજર આગળ તરી આવ્યા. સવા શેઠ જેવા સદ્ધર આસામી આમ એકાએક બેસી જાય એનું એને સ્વપ્નું પણ નહોતું.

"પણ શેઠ, સવા શેઠને એવી ખોટ શેમાં ગઈ કે લાખોનો એ કુબેર ભંડારી મુશ્કેલીમાં મુકાય?!"

"અરે વખત આગળ કુબેર ભંડારીના દાદાનુ પણ અણનમ માથું નમી પડે છે. વેપારની વાતું આપના જેવા દરબારુ ન સમજે."

"સમજીએ નહિ પણ જાણીએ ખરા!"

"લ્યો સાચી વાત સાંભળવી છે? કોઇને ન કહો તો કહું." વણિકે દરબારની જીજ્ઞાસાને જાગૃત કરી.

"બેફીકર રહો, હુ સવા શેઠ આગળ તમે કહેલી એક પણ વાત નહિ કહું."

"તો સાભળો, આ વખતે સવા શેઠના જાવેથી આવતા વહાણ દરિયામાં તોફાને ચડ્યાં છે, બે મહિનાથી પતો નથી, એ વહાણ જો ડૂબી ગયા તો આપનો સવો શેઠ નાહી ઊઠશે."

"ભારી થઈ." દરબારના શ્વાસોશ્વાસની ગતિ વધી.

"ભારી કે હલકી, આપ આપનું હાથ કરી લ્યો એટલે ગંગા નાહ્યા."

અગરસંગ દરબાર વામનસ્થળીના આ વણિક વેપારીનો આભાર માનતો માનતો સફાળો ઊઠ્યો અને એણે સવા શેઠની શેરીની વાટ પકડી ઈર્ષાળુ વણિક સવા શેઠની આબરૂ પડશે એ વિચારે રાજી થતો થતો એ દરબારની પાછળ હરખમા જોઇ રહ્યો.

(૨)

"સવા શેઠ! રામ રામ."

"ઓ હો અગરસંગભાઈ, પધારો, આપ ક્યાથી?"

"આપની પાસે જ આવ્યો છું."

"કહો, કાંઈ મારા જેવુ કામકાજ?"

"ખાસ તો કંઈ નથી પણ તખતસંગ હવે મોટો થયો અને એની એવી ઇચ્છા છે કે હવે રોકડનાણું બધુ મંગલપુરમાં જ રાખવુ એટલે હું એક લાખ બાબાશાહી આપને ત્યા છે એ લેવા આવ્યો છુ."

"બહુ જ સારું. કુમારશ્રીનો એ વિચાર મને પણ ગમ્યો છે, આપ આપને ત્યાં નાણું સાચવો એમાં તો હું પણ બહુ રાજી."

સવા શેઠનો આવો બેધડક જવાબ સાંભળી અગરસંગને પેલા વણિકની વાતો પર સહેજ શંકા આવી, છતાં એક લાખ બાબાશાહી ઘરભેળા કરી લેવાની એની વૃત્તિ કાયમ રહી.

"મારે તો આપ સાચવો અને હું સાચવું એ બધું ય સરખું હતું, પણ તખુભા જેવો કુમાર પ્રભુએ આપ્યો છે અને એનુ ઈ સંભાળી લેય એટલે આપણે છૂટચા ઈ વિચારે જ હું અહીં આવ્યો છું."

"ભલે આવ્યા બાપુ, ભલે આવ્યા. આપના રૂપિયા દૂધે ધોઈને લઈ જજો, દરબાર, હુંડી આપું તો ચાલશે?"

"એમા વાધો નહિ, હુંડી આપો."

કોઈ પણ રીતે પોતાની રકમ પાછી મેળવવા દરબાર આતુર હતો એટલે એણે હુંડી લેવામાં આનાકાની કરી નહિ.

અગરસંગને બેસાડી સવો શેઠ મેડી ઉપર આવ્યો. આ દરબાર ઓચિંતો એની થાપણ લેવા આવ્યો એને ના પણ શી રીતે પાડી શકાય. કોઈ પણ રીતે એને એનાં નાણાં અત્યારે આપવાં જ જોઈએ.

મેડી પરથી સામે દેખાતાં ગિરનારનાં ઉન્નત ગિરિ શિખરો તરફ સવા શેઠે એક ચિંતાભરી દૃષ્ટિ ફેંકી.

ભાણાં ખખડ ને લોહઝરાં,
આવતરાં પૈયા;
ઇત્રયે કાયમ રહે
તાકા વજહૈયા.

લાખ બાબાશાહીની હુંડી કોના પર લખવી એના વિચારમાં સવા શેઠે આકાશ તરફ મીટ માંડી. દરિયામાં ગુમ થયેલાં વહાણ સહિસલામત છે એવી ઉડતી અફવા એણે હમણાં જ સાંભળી હતી, એ અફવાએ એનુ મનોબળ મજબુત કર્યું. જો વહાણો સહિસલામત આવે તો તો દસ લાખ બાબાશાહી આપવા એ એને માટે જરા પણ અઘરું નહોતું.

બહુ વિચારોને અંતે એને અમદાવાદ યાદ આવ્યું. એ વખતે અમદાવાદમાં સોમચંદ શેઠ મોટા ધનાઢ્ય વેપારી ગણાતા. દેશ–પરદેશમાં સોમચંદ શેઠનું નામ પ્રસિદ્ધ હતું. એ નામ યાદ આવતા સવા શેઠે એક લાખ બાબાશાહીની હુંડી એ અમદાવાદના સોમચંદ શેઠ ઉપર લખવી શરૂ કરી. હુંડી લખતાં લખતા એને હાથે કંપારી છૂટી. જે શેઠને ત્યા પોતાનો એક દોકડો પણ જમે નથી, એના પર આ ખોટી હુંડી લખવી એ પોતાની અપ્રમાણિકતા માટે એને બહુ લાગી આવ્યું પણ ફરી પાછું પોતે મન વાળ્યું કે આ હુંડી સ્વીકારાશે તો નહિ અને એ પાછી નકારાઇને આવશે. પણ આ દરબાર અમદાવાદ જઇને નકરાયલી હુંડી પાછી લેવા આવશે તેટલા વખતમા તો વહાણો આવી જશે જ, એટલે આ દરબારને નકરામણ સહિત પૂરેપૂરા નાણા ચુકવી શકાશે. આવી ગડમથલમાં હુંડી ફરી પાછી લખવી શરૂ કરી. હુંડી અડધી લખાઈ રહી ત્યા ફરીથી આ સવો શેઠ પોતાના આ અસત્ય આચરણ માટે બહુ જ દિલગીર થયો. જે પોતે બીજાને લાખો બાબાશાહી ધીરી શકે એવો એ શ્રીમંત આજે એક લાખ બાબાશાહીની ખોટી હુંડી લખે એ એને માટે અસહ્ય હતુ. લખતો લખતો એ રડી પડયો અને એની આખમાંથી આસુના બે ત્રણ ટીપા હુંડી પર પડયાં. અક્ષરો પર આસુ પડતા થોડા અક્ષરો રેલાયા. ફરી સ્વસ્થ થઈ માંડ માંડ હુંડી પૂરી કરી અને મોઢું ધોઈ સવા શેઠે નીચે દુકાનમા આવી અગરસંગના હાથમા હુડીનુ કાગળીયું મૂક્યું.

“લ્યો દરબાર, અમદાવાદની આ લાખ બાબાશાહીની હુંડી. અમદાવાદમા સોમચંદ શેઠ પ્રખ્યાત છે. નાના છોકરાને પૂછશો તો પણ એની હવેલી આપને બતાવશે ”

અગરસંગ તો હુંડી હાથમા આવતા માધવપુર જવાને બદલે પોતાના ગામ તરફ પાછો ફર્યો. મંગલપુરથી અમદાવાદ પગ રસ્તે સોળ દિવસનો રસ્તો હતો એટલે ઘેર આવી અગરસગે ઘોડીને તૈયાર કરી મુસાફરીમા જોઈતી ચીજ વસ્તુ સાથે લઈ અમદાવાદ તરફ પ્રયાણ કર્યું.

(૩)

અમદાવાદના માણેકચોકમાં એક પ્રાતઃકાળે દેશપરદેશના વેપારીઓની ધમાલ ચાલી રહી છે. સોરઠ, ઝાલાવાડ, મારવાડ, રજપુતાના અને માળવાના વ્યાપારીઓ પોતપોતાના ધંધાને અંગે લેવડ–દેવડના હિસાબ કરવા, નવી ખરીદી કરવા અને અમદાવાદના ધનાઢ્ય વ્યાપારીઓ સાથે વ્યાપારી સંબંધ બાંધવા માણેકચોકના મુખ્ય બજારમાં પોતપોતાના દેશનું પ્રતિનિધિત્વ વિવિધ પહેરવેશથી બતાવી રહ્યા હતા. એવે વખતે લાંબી મુસાફરી ખેડીને થાકયો હોય તેવી સ્થિતિમાં અગરસંગે કોઈ એક પેઢીના ગુમાસ્તાને ઉભો રાખ્યો.

"ભાઈ! સોમચંદ શેઠની પેઢી કયાં આવી?"

"સોમચંદ શેઠની પેઢી!? કયા રે'વુ!?"

"રે'વું તો આમ આઘે આઘે."

"ત્યારે જ પૂછો છો. બાકી સોમચંદ શેઠની પેઢી તો જગજાહેર છે, જો આ સામે મોટી હવેલી જેવુ મકાન દેખાય છે એ જ સોમચંદ શેઠની પેઢી. નીચે પેઢી છે, ઉપર શેઠ પોતે બેસે છે."

બીજી કંઇપણ વાતચીત કર્યા વિના અગરસંગે ઉતાવળે ઘોડીને એડી મારી.

"સોમચંદ શેઠની પેઢી આજ કે?"

"કેમ ભાઈ, કયાથી આવો છો?" એક ગુમાસ્તાએ પેઢીના ઓટલા પર આવી અગરસંગ તરફ અજાયબીથી જોયું.

"આવુ છું તો ઠેઠ સોરઠથી અને સોમચંદ શેઠનું કામ છે."

ગુમાસ્તાએ તુરત પેઢીના મુનીમને આ ખબર આપ્યા.

મુનીમ ઊઠીને બહાર આવ્યો અને ઘોડીને પોતાના માણુસને સોંપી સન્માનથી અગરસંગને પેઢીમાં લઈ ગયો.

"કહો, કઈ તરફથી પધારો છો?" ગાદી તકીયે અગરસંગને માનપૂર્વક બેસાડતાં બેસાડતાં મુનીમે પ્રશ્ન કર્યો.

"જાણે આવું છુ મંગલપુરથી, મંગલપુરનો ગામધણી છું."

"મંગલપુર ક્યાં આવ્યું ?"

"સોરઠમાં."

"એમ કે ! ખાસ અમદાવાદ જોવા પધાર્યા હશો ?"

"ના ના, સોમચંદ શેઠના નામની એક હુંડી છે તે વટાવવા આવ્યો છું."

"ખુશીથી એકથી લાખ હોય તોય આપના રૂપિયા સાચા."

મુનીમની આ શાંતિભરી વર્તણૂંકથી અમદાવાદ માટે અગરચંદને બહુ જ માન ઉત્પન્ન થયું. તુરત જ સવા શેઠે આપેલી હુંડી મુનીમના હાથમા અગરચંદે મૂકી.

"કોણે લખી છે ?"

"વામનસ્થળીના સવચંદ શેઠે." મુનીમે તરત ચોપડાઓ મંગાવ્યા અને સવચંદ શેઠના ખાતાની શોધ કરી, પણ ચાલુ ચોપડામા સવચંદ શેઠનુ નામ પણ ક્યાંઈ જણાયું નહિ. વખત લાગશે એમ ધારી એણે ગુમાસ્તા સામે જોયું અને દરબારની ઘોડીને વંડામા લઈ જવાનો હુકમ કર્યો.

"દરબાર આપ સ્વસ્થ થઇ બેસો. હું હમણાં જ આપની આ હુંડીનુ કામ પતાવી દઉં છુ."

પોતાની કંઇ ભૂલ થતી હશે એમ ધારી ચોપડા ફરીવાર જોયા. તો પણ ચાલુ ચોપડામાં ક્યાંઇ પણ સવચંદ શેઠનુ નામ નિશાન ન મળે. કદાચ આગલા વર્ષના ચોપડામાંથી ખાતું ખેંચવામાં ભૂલ થઈ હોય એ વિચારે આગલા વર્ષના ચોપડાઓ તપાસ્યા. એ રીતે છેલ્લા પાંચ વર્ષના ચોપડાઓ આ મુનીમે જોયાં પણ ક્યાંઇ પણ સવચંદ શેઠનું નામ નીકળ્યું નહિ. લાખ બાબાશાહીની હુંડી અને હુંડી લખનારનુ નામ પણ ચોપડામાં ન હોય એ મુનીમ માટે એક પ્રકારની અજાયબી હતી.

"કેમ શેઠ, ચોપડા તપાસવા પડે છે ?" શંકા પડતા અગરચંદે મુનીમ સામું જોયું

"અમારે ત્યાં તો આખો હિંદુસ્તાન આવે છે એટલે શોધતાં જરા વાર લાગે, બાકી બીજું કંઈ નથી."

અગરચંગને આશ્વાસન આપી મુનીમ સોમચંદ શેઠ પાસે ગયો અને વામનસ્થળીની આ હુંડી બતાવી.

"તમે ચોપડામાં જોયું?"

"હા જી."

"આ નામનું કોઈ ખાતું નથી."

"ના જી."

"આગલા વર્ષના ચોપડાઓમાં તપાસ કરાવો. વખતે કંઈ ભૂલ હશે."

"એ તો હું બધુ કરી ચૂક્યો. છેલ્લા પાંચ વર્ષના ચોપડાઓ તપાસ્યા. આ નામનું કોઈનું ખાતું જ નથી."

"ત્યારે શું હુંડી ખોટી છે?"

"લાખ બાબાશાહીની હુંડી ખોટી હોય એ પણ શંકાભરી વાત કહેવાય."

"તમે એમ કરો. જરા ફરી વાર છેલ્લા પાંચ વર્ષનાં ચોપડા તપાસાવો, હુંડી લાવો જોઇએ, હું બરાબર વાંચી જોઉં."

મુનીમ ચોપડા તપાસવા માટે પેઢીમાં ગયો એટલે એકાંતમાં બારી આગળ જઈ સોમચંદ શેઠે હુંડી ફરીથી વાંચી. બરાબર મધ્યમાં આવતાં એ ચોંક્યો ઘડીવાર થોભ્યો અને એ સનસાં ને મનમાં બોલી ઊઠ્યો કે "કોઈ ખાનદાન માણસ મુશ્કેલીમાં આવી ગયો લાગે છે," હુંડીના અક્ષરો પર આંસુ પડ્યા છે એ આ ચતુર અમદાવાદી શેઠીઓ પારખી ગયો, એકલાખ બાબાશાહીની હુંડી લખનાર કોઈ સાધારણ માણસ તો ન જ હોય. એને ખાતરી થઈ ગઈ કે લખનાર કોઈ મોટો માણસ છે. ભીડમાં આવી પડતાં આબરૂ બચાવવા ખાતર આ હુંડી લખાઈ છે. હુંડીનું રહસ્ય સમજતાં આખી પરિસ્થિતિનુ એણે માપ કાઢી લીધું. હજુ એ હુંડી પર પડેલા આંસુઓ તપાસતો હતો તેટલામાં મુનીમ પાછો આવ્યો.

"કેમ ચોપડાઓ જોયા ?"

"હા જી, ક્યાંઈ પણ આ વામનસ્થળીના શેઠનું નામ નથી."

"ત્યારે મુનીમજી એમ કરો. આ દરબારને આપણે ત્યાંથી એક લાખ બાબાશાહી આપી દ્યો.

શેઠનો આ હુકમ સાંભળી મુનીમ ચોંક્યો.

"કઈ રીતે ? કોયે ખાતે એને રૂપિયા આપવા ?"

"મારા અંગત ખાતામાં એક લાખ બાબાશાહી ઉધારી એને આપી દ્યો."

"પણ શેઠ, આ તો અજુગતુ કહેવાય. એક માણસ ખોટી હૂંડી લખે અને આપણે..."

"મુનીમજી, ખોટી સાચીમાં તમે ન સમજો. પેઢીને હિસાબે નહિ પણ મારે અંગત હિસાબે આપવાના છે. તમે તમારે હુ કહુ છુ તેમ દરબારને એક લાખ બાબાશાહી આપી દીયો."

મુનીમ શેઠના આ પગલાનો કંઈ પણ અર્થ સમજી શક્યો નહિ. એટલે થોડીવાર મૌન સેવી શેઠની સામું જોઇને ઊભો રહ્યો.

સોમચંદ શેઠ મુનીમની આ સ્થિતિ જોઇ હસી પડ્યા.

"કેમ ઊભા ? જાઓ એ બાબાશાહી હુ આપુ છુ, એમાં તમે એટલા બધા મુઝાઓ છો શા માટે ? એ દરબારને હુંડીની રકમમાં સોનામહોર, કોરી, રાળ જે જોઈએ તે સિક્કાઓ આપજો અને અઠવાડિયું રોકી એને સારી મહેમાની આપી પછી વિદાય કરજો."

(૪)

માગરોળને દિનારે સવા શેઠનાં વહાણો સહિસલામત લાંગર્યાં. વામનસ્થળી એ ખબર પહોંચતાં સવા શેઠને સહુથી પહેલાં અગરસંગને આપેલી એક લાખ બાબાશાહી રૂપિયાની ખોટી હુંડી યાદ આવી. અગરસંગ અમદાવાદ જઇ પાછો વામનસ્થળી આવે તો કેટલા દિવસમાં આવી પહોચે એની ગણતરી કાઢતાં આજ કાલમાં હુંડી પાછી લઇને

જરૂર આવવો જ જોઇએ. એ વિચારે સવો શેઠ આખો દિવસ પોતાની મેડીપર બેસી મુખ્ય રસ્તા તરફ નજર રાખી એની રાહ જોતા.

પૂજા પાઠ કરી સવો શેઠ આજે બારીમાં આવે ત્યા તો નીચેથી અવાજ સંભળાયો.

"સવા શેઠ ક્યાં છે?"

સવા શેઠે અવાજ પારખ્યો અને ઉતાવળેથી અગરસંગને મેડી ઉપર લઇ આવવા નીચે ઉતર્યો. પોતે હુંડી ખોટી આપી હતી પણ એમાં ઉદ્દેશ ખોટો ન હોતો. જે સમય મળે તેટલામાં વહાણો આવી જાય એટલે પૈસાની છૂટ થતાં અગરસંગને ખર્ચ સહિત પૈસા આપી દેવાની એની શુદ્ધ દાનત હતી, પણ હુંડી પાછી ફરતાં લેણદારને જે ગુસ્સો ચડે છે એ ગુસ્સાનું માપ કેટલું હોય એ સવો શેઠ સારી પેઠે જાણતો. એટલે કદાચ આ દરબાર ગુસ્સામાં ને ગુસ્સામાં હોહા કરી મૂકી છતે પૈસે પોતાની આબરૂને આંટને હાનિ ન પહોંચાડે એ માટે એને ખાનગીમાં સમજાવી કોઇ ન જાણે તેમ તુરત આખી રકમ ચુકવી આપવાના હેતુથી એણે નીચે ઉતરતાં અગરસંગનું ઝડપથી કાંડું પકડયું.

"દરબાર ચાલો ચાલો આપણે ઉપર વાત કરીએ."

અગરસંગ સવા શેઠ સાથે મેડી ઉપર ચડ્યો અને બેસતાં પહેલાં જ બોલ્યો:

"સવચંદ શેઠ! અમદાવાદના સોમચંદ શેઠને તો એની માએ ખરેખર દૂધ પીને જણ્યો છે."

"કેમ?" આતુરતા, ગભરામણ અને દિલગીરી સહિત એણે અગર સામે જોયું.

"શું એની કેટલીક વાર્તા કહુ? લાખ બાબાશાહીની હુંડી એક તડાકે સ્વીકારી આપી એટલું જ નહિ પણ મારે જે જોઇએ તે સિક્કામાં ચલણી નાણું ગણી આપ્યું. એ તો ઠીક પણ સાત દિવસ સુધી મારી એમણે જે મેમાની કરી એ જીવનભર વિસરાય તેમ નથી."

અગરસંગ સાચે સાચું કહે છે કે વ્યંગમાં બોલે છે એ ઘડીભર સવો શેઠ સમજી શક્યો નહિ.

"અને સવા શેઠ, એ સોમચંદને જોયા હોય તો રાજા કરણનો અવતાર. તમે ભલે અમદાવાદની હુંડી લખી આપી. તમારા પુણ્યશાળી માણસને જ આવા ભેરુબંધ હોય."

અમદાવાદના સોમાશેઠનુ એણે માત્ર નામ સાંભળેલુ. ન કોઇ જાતની લેવડદેવડ કે અંગત સંબંધ માત્ર વખત વિતાવવા ખોટી હુંડી લખી અને આ દરબાર તો હુંડીના નાણાં લઇ આવ્યો એ વિચારે સવા શેઠના આશ્ચર્યનો પાર ન રહ્યો. હજુ આ દરબારની વાણી પર એને વિશ્વાસ ન આવ્યો.

"ત્યારે પૈસા બરાબર મળી ગયા?"

"હા હા. મળી ગયા એટલુ જ નહિ પણ આવતી કાલે તખુભા પોતે એ રકમ પાછી અહીં મૂકવા આવે છે."

"કેમ?"

"એ તો માત્ર મારી પાસે એટલુ નાણુ છે કે નહિ ઈ એને નજરે જોવું હતુ તે દેખાડી દીધુ, હવે તો તમારે જ ઈ રકમ સાચવવાની છે."

અગરસંગની ઇચ્છા તો થઇ કે પેલા વણિકે ઇર્ષાભાવે પોતાને ઉશ્કેર્યો હતો એ વાત સવા શેઠને કહી દેવી પણ હમણા મૌન સેવવું એણે ઉચિત ધાર્યું.

જ્યારે નાણા પાછા મુકવાની વાત આવી ત્યારે સવા શેઠને ખાતરી થઇ ગઇ કે હુંડી સ્વીકારાઇ ગઈ છે અને એની આંખમા ઝળઝળીયાં આવી ગયા સોમચંદ શેઠ માટે એને અનહદ માન ઉત્પન્ન થયું. અને એનો બદલો શી રીતે વાળવો એના વિચારમાં એ પડ્યો.

પાલીતાણાની યાત્રા કરીને વામનસ્થળીના સવા શેઠ અમદાવાદ આવે છે એ ખબર સાંભળી સોમચંદ શેઠ ,એના સામૈયાની તૈયારી કરી. ગામના શેઠીઆઓને બોલાવીને સવા શેઠનું સ્વાગત ભવ્ય બને

એવી તજવીજ કરી. અને એના ઉતારા માટે એક વિશાળ હવેલીમાં ગોઠવણ કરી.

સવા શેઠ પાલીતાણાની યાત્રા નિમિત્તે વામનસ્થળીથી નીકળ્યો હતો પણ એનુ મુળ ધ્યેય તો જાતે જઇને સોમચંદ શેઠે પોતાની એક લાખ બાબાશાહી રૂપિયાની હુંડી એમને એમ સ્વીકારી હતી એનો બદલો વાળવાનુ હતું. પોતા સાથે એમણે નાણાંની થેલીઓથી બે વેલડી ભરી હતી.

અમદાવાદ આવતા સોમચંદ શેઠે સવા શેઠનું પ્રેમભર્યું સ્વાગત કર્યું. મુશ્કેલીના વખતમાં પોતાની આબરૂ બચાવનાર આ ખાનદાન અમદાવાદી શેઠીઆને જોઇ સવા શેઠની આખમાં આભાર અને હર્ષ મિશ્રિત આંસુઓ આવ્યાં.

સોરઠના લક્ષાધિપતિને છાજે તેવું સન્માન અમદાવાદે સવા શેઠનું કર્યું.

સરઘસ એક મોટે રસ્તે આવતાં સોમચંદ શેઠે પોતાની રહેવાની હવેલી સવા શેઠને બતાવી.

"ચાલો ચાલો આપને ત્યાં બે ઘડી વિસામો લઇ લઇએ." એમ કહી સરઘસ થોભાવી સવા શેઠે સોમચંદ શેઠને ઘેર જવાની ઇચ્છા બતાવી.

મહેમાનની ઇચ્છા મુજબ સોમચંદ શેઠ સવા શેઠને પોતાની હવેલીમા તેડી ગયો.

"મારે આપની સાથે થોડી ખાનગી વાત કરવી છે."

"શું છે? બોલો."

"મારી સાથે જે વેલડી છે તેમાંની બે વેલ અહીં ઉતારવાની છે."

"આપનો ઉતારો બીજે સ્થળે છે એટલે સઘળું ત્યાં જ જશે."

"બાકી બધું ભલે મારે ઉતારે જાય. પણ એ બે વેલડી તો અહીં જ ખાલી કરવી પડશે."

"એનું કંઇ કારણ?"

" કારણ છે એટલે જ કહુ છુ "

" શુ ? "

" એમાં આપે મારી એક લાખની બાબાશાહી હુંડી સ્વીકારી એના બદલામા બે લાખ હુ આપને આપવા લાવ્યો છું, એ નાણાની થેલીઓ છે.

" બે લાખ બાબાશાહી ? "

" હા. "

" પણ મારુ' આપના પાસે ક'ઇ લેણું જ નથી. "

" આપે મારી હુડી સ્વીકારી આપી છે એટલે આપે આ રકમ લેવી જ જોઇએ. "

" હુ ક'ઇ જાણુતો નથી. મારા ચોપડામા આપને ખાતે એક પણ પઈ નથી. "

" એમ ન બને શેઠ. આપે મારા ઉપર જે ઉપકાર કર્યો છે એનો બદલો તો હું વાળવાને અસમર્થ છું. "

" તમે શુ કહો છો તે હું સમજતો નથી. મારા ચોપડામાં તમારે ખાતે નીકળતા હોત તો જરૂર લેત પણ ચોપડામાં એક પઇ પણ ઉધાર નથી. "

બન્ને વચ્ચે રકઝક ચાલી. એક કહે મારે પૈસા આપવાના છે બીજો કહે મારા લેણા નથી. નીચે સરઘસમા આવેલા શેઠીઆઓ વાટ જોઇ જોઇને થાક્યા. આખરે તેમાથી પાચ જણા ઉપર આવ્યા.

" શેઠજી પધારો, આપ બે મિત્રોને વાતો કરવી હોય તો નિરાંતે કરજો પણ હમણાં તો સરઘસમાં પધારો. "

સવા શેઠે એ પાંચ શેઠીઆઓને બેસાડ્યા અને જણાવ્યું કે જ્યાંસુધી સોમચ'દ શેઠ આ નાણાં ન સ્વીકારે ત્યાસુધી પોતે આગળ નહિ વધે.

"પણ મારા ચોપડામાં એમને ખાતે એક પઈ પણ ઉધાર ન હોય અને હું એમની આ રકમ શી રીતે લઈ શકું ?" સોમચંદ શેઠે સ્પષ્ટ શબ્દોમાં શેઠીઆઓને સમજાવ્યા. શેઠીઆઓ પણ આ બન્ને વચ્ચેની રકઝક સાંભળી તાજુબ થયા. એક પૈસા આપવા ઇંતેજાર છે. બીજો પૈસા લેવા ના પાડે છે. એક કહે મારી હુંડી સ્વીકારી છે. બીજો કહે કે એમને નામે ચોપડામાં કંઇ નથી.

આખરે આ વાતનો ચુકાદો આ પંચને સોપાયો અને સરઘસ આગળ ચાલ્યું.

× × ×

અમદાવાદના પંચે શેઠના ચોપડા તપાસ્યા. ખાનદાનીમાં આ બન્ને પંચને શ્રેષ્ઠ લાગ્યા. પંચે એવો ચુકાદો આપ્યો કે આ નાણાંની રકમ બન્ને પક્ષ પોતા પાસે રાખવા ઇચ્છતો નથી તો જોઇતી રકમ ઉમેરી બન્નેની સેવા તરીકે પાલીતાણાના પવિત્ર ગિરિપર બન્નેની ટુંક બાંધવી. એ પ્રમાણે એ બે લાખ બાબાશાહી તથા બીજા વધુ જોઈતાં નાણાં એ બન્ને શ્રીમંતો પાસેથી લઈ પંચે પાલીતાણાના યાત્રા સ્થળમા ટુંક બંધાવી અને આજે એ ટુંક 'સવાસોમા'ની ટુંક તરીકે અમદાવાદ અને વામનસ્થળીના એ પ્રામાણિક અને ખાનદાન જૈનોનાં મીઠાં સંભારણા યાદ કરાવે છે.

વાતું રે'શે વીર
ભલપણાની ભાણુનિયું.
પડી જાશે પંડ શરીર
(પણ) પરશર ખડકયાં પડશે નહિ.

બહુ ગઈ : થોડી રહી

લેખક : રા. વાસુદેવ હરદેવ ત્રિવેદી

પ્રાચીનકાળમા વિશાલા નામે નગરી હતી. તેમા વિમલકીર્તિ નામે રાજા હતો. રાજા વિદ્યા અને કળાનો શોખીન બહુ. ન્યાયી પણ એવો કે, તેના છત્ર નીચે વાઘ અને બકરી એક આરે પાણી પીએ.

રાજાને સંતાનમાં ધવલકીર્તિ નામે એક જ પુત્ર. વિદ્યામાં, ગુણોમા કે પ્રજાની પ્રીતિ મેળવવામાં કુમાર બાપથી ઉતરતો ન હતો. પ્રજાની તેના ઉપર અમીદૃષ્ટિ જોઇ સંતોષથી રાજાની વૃદ્ધ આખ ઠરી.

એક દિવસ દક્ષિણ તરફના કેટલાક નટ નટીઓ વિશાલામાં આવ્યા. રાજાએ તેમનો યોગ્ય સત્કાર કર્યો. અને તેમના નાટ્યપ્રયોગો જોવા ઇચ્છા દર્શાવી. નટાચાર્યે તે મુજબ તમામ તૈયારી કરી દીધી.

પ્રયોગને દિવસે સાયંકાળ પછી રંગમંડપ નગરશેઠ, મહાજન, વ્યાપારીઓ તથા બીજા અનેક પ્રેક્ષકોથી ઉભરાવા લાગ્યો, યોગ્ય સમયે રાજા પણ રાણી વિદ્યુતપ્રભા અને કુમાર ધવલકીર્તિને તેડી મંડપમાં આવ્યા. નટોના નાયકે તેમનો ઉચિત સત્કાર કર્યો. પછી સૂત્રધારે નાટ્યપ્રયોગની વસ્તુ જણાવી. નાટક શરૂ કર્યું.

વસ્તુની ઉત્તમ ગૂંથણી, પાત્રોના મનોરંજક અને કલાપૂર્ણ અભિનય તથા તાલમાત્રાબદ્ધ સંગીતથી પ્રેક્ષકો મુગ્ધ થયા. રાજા પણ ઉત્સુકતાથી તમામ પ્રયોગ જોઈ રહ્યા હતા. મંડપમા સંપૂર્ણ શાંતિ ફેલાઇ ગઇ હતી. તેવામા એક અસામાન્ય પ્રસંગ બન્યો.

એક નટી રંગભૂમિ પર તેની ઉત્તમ અભિનયકલાનુ પ્રદર્શન કરતી સોળે કળા ખાંધી નૃત્ય કરી રહી હતી. વિવિધ ગતો ભરતી તે નાચતી હતી. તે જોઈ જોનારના હૃદય પણ નાચી ઉઠતા. જેમ જેમ લોકો દિઙમૂઢ બનતા ગયા, તેમ તેમ તે વધુ ઉત્સાહથી નૃત્ય કરવા લાગી.

રાત્રીના ત્રણ પહોર વીતી ગયા. નટી શ્રમિત થવા લાગી. ભૂમિને સ્પર્શ કરતાં લજવાતી હોય તેમ અતિ ચપલતાથી નાચતી તેની રતુમડી કોમળ પાનીઓ ધીરે ધીરે મંદ પડવા લાગી. તેનો ભાલ પ્રદેશ પ્રસ્વેદથી અલંકૃત બની ગયો. તેની મદભર આંખો ઘેરાવા લાગી. થાક અને નિદ્રાથી તે વિવશ બની ગઈ. તેની આ સ્થિતિ જોતાં પ્રેક્ષકો ચિંતાતુર થયા.

"બહુ ગઈ થોડી રહીઃ હવે થાકે વણસે કામ;
એહવું સમજી સુંદરી ! સુધારી લ્યો ધરી હામ."

નટાચાર્યની આ વખતસર સૂચના સાંભળી નટીમાં હિંમત આવી. તેણે નૃત્ય પૂર્વવત્ ચાલુ રાખ્યું. તેનુ કાર્ય પૂરું થતાં જ પ્રેક્ષકોએ નટીને આનંદના અનેક ઉદ્દગારોથી વધાવી લીધી. પ્રયોગ પૂરો થયો.

પ્રયોગ પૂર્ણ થતા તે સમયના રિવાજ મુજબ નટાચાર્ય ભિક્ષા-પાત્ર લઈ દ્રવ્ય ઉઘરાવવા પ્રેક્ષકો પાસે ગયો. નટાચાર્યને દાનમાં અનેક કિંમતી ભેટો મળવા લાગી. તેવામા એક આશ્ચર્ય બન્યું.

એક વણિક પુત્ર નટાચાર્યના પાત્રમાં જોડે બેઠેલા પોતાના બાપના માથાના વાળની લટ છરીથી કાપી લઇ ભેટ તરીકે નાખી ! અને તેણે આ લટ કાપીને અંદર નાખતાં જ, તેનો પિતા પોતાને માથે હાથ દઇ આનંદથી ત્યાં જ નાચવા લાગ્યો !

આ દૃશ્ય જોતાં રાજાને અને પ્રેક્ષકોને બહુ કુતૂહલ થયું. આ વાણીઆની તે ડાગળી ચસકી ગઇ કે ભૂત વળગ્યું !

રાજાએ નટાચાર્યને તેનું ભિક્ષાપાત્ર લાવવા કહ્યું. નટાચાર્ય પાત્ર લાવ્યો. તેમાં નજર કરતાં જ રાજાની આંખો આશ્ચર્યથી ઠરી ગઇ. બીજી અનેક ભેટો ઉપરાંત બે અમૂલ્ય કુંડળો, બે રત્નજડિત કંકણો, એક જીર્ણ કંથા અને વાળની લટ જોઇ રાજાએ નટાચાર્યને આ ભેટો કોણે કોણે આપી હતી તે જણાવવા કહ્યું.

નટાચાર્યે જણાવ્યું કે કુંડળો રાજકુમારે, કંકણો નગરશેઠની પુત્રવધૂએ, કંથા એક સંન્યાસીએ અને વાળની લટ એક વણિકપુત્રે આપી હતી. રાજાએ આ ભેટો આપનારની વૃત્તિ જાણવાની ઇચ્છાથી પ્રથમ કુમારને બોલાવ્યો અને કહ્યું, " હે કુમાર ! આ નાટકમાં એવો કયો ભાગ તમને સૌથી વધુ ગમ્યો કે જેથી તમે તમારાં કુંડળો દાનમાં આપી દીધાં ? "

રાજકુમાર માથું નીચું નમાવી ક્ષણ ચૂપ રહ્યો. આખરે ઊંચું જોઈ તે બોલ્યો, " પિતાજી ! એ વાત જાણવામાં કાંઇ માલ નથી. "

" ગમે તેમ હોય, હું એ વાત જાણવા ઇચ્છુ છું. " રાજાએ સત્તાદર્શક અવાજથી કહ્યું.

કુમાર મંદસ્વરે કહેવા લાગ્યોઃ " હે પિતા ! મારો અપરાધ ક્ષમા કરશો. મારા દુર્ભાગ્યે કેટલાય વખતથી મને રાજા બનવાની ઉત્કટ ઇચ્છા થઇ હતી. એ આકાક્ષાથી મેં આપના મરણની કેટલી નિષ્ફળ રાહ જોઇ ! તમને સ્વર્ગમા ઉપાડી લેવાને યમરાજાને કેટલીય પ્રાર્થનાઓ કરી જોઇ. પણ ફોગટ ! તમારે માટે મૃત્યુને જેમ જેમ વધુ તેડાં મોકલું તેમ તેમ તમે મોતને આઘુ અને આઘું ઠેલતા. હુ કંટાળ્યો. આખરે સાહસ કરવા તૈયાર થયો. આજે મેં આપનું અહીંથી ગયા બાદ ખૂન કરવા નિશ્ચય કર્યો હતો, તેવામાં નટીને વિવશ બનેલી જોતાં નટાચાર્યે ગાયલો દુહો સાંભળી મને લાગ્યું કે તે મને જ લાગુ પડતો હતો. તમે જેટલા કાળ કાઢયા તેટલા હવે કાઢવાના નથી તો થોડીક વધુ ધીરજ રાખવાથી મારી ઇચ્છા સહેજમાં ફળશે.

" હે પિતા ! આમ આ નિન્દ્ય અને પાપી કર્મ કરતાં બચ્યો, તેના આનંદમાં મેં મારા અમૂલ્ય કુંડળો નટાચાર્યને આપી દીધા છે. મેં આપને ખરી હકીકત કહી છે. મારા અપરાધ માટે જે દંડને હું લાયક હોઉં તે સ્વીકારવા ખુશી છુ. " કુમાર અટકયો અને અપરાધીની જેમ નીચું જોઈ રહ્યો.

રાજકુમારની વાત સાંભળી સૌ સ્તબ્ધ બની ગયા. રાજા સૌ સારું જેનું છેવટ સારું એમ ધારી હસી પડયા, પછી રાજાએ નગર-શેઠની પુત્રવધૂને બોલાવી.

ભરયૌવનમાં મહાલતી, સૌંદર્યમાં દેવાંગનાઓને શરમાવતી રત્ન-માળા, મંદ મંદ ડગ ભરતી રાજા રાણી સમીપ આવી અને નમન કરી ઊભી રહી. મહારાણીએ તેનો હાથ ઝાલી પાસે આસન પર બેસાડી મમતાથી પૂછ્યું "હે પુત્રી ! તેં આ તારાં અમૂલ્ય રત્ન-કંકણ શા ઉદ્દેશથી નટાચાર્યને અર્પણ કરી દીધાં તે તું અમને જણાવ અમે સત્ય હકીકત જાણવા આતુર છીએ."

રત્નમાલાએ રાણીને નમન કરી કહેવા માંડયું. "હે માતુશ્રી ! હું આપને સત્ય વાત કહીશ. મારું લગ્ન ધનપાલ શેઠના પુત્ર રત્ન સાથે થયું છે. મારા પતિદેવ કેટલાક સમયથી વિદેશ વ્યાપાર કરવા પધાર્યા છે. તેમની ગેરહાજરીમાં હું શાસ્ત્રમાં બતાવેલા પતિવ્રતાના સર્વ કઠિન ધર્મોનું પાલન કરી તેમના આગમનની રાહ જોતી દિવસો વીતાવતી હતી.

"હે દેવી ! પ્રતીક્ષા કરતાં હેમંત ગઈ, શિશિર પણ ગઈ અને વસંત ઋતુ બેઠી. તો'યે મારા પતિદેવ આવ્યા નહિ, જીવનની વસંત મહોર આવ્યા વિના જ વીતી જવા લાગી. કોકિલનાં કૂજનો મારા હૃદયને વીંધી નાખવા લાગ્યાં. મને થયું, "જ્યારે બધુ જગત સુખી ત્યારે હું એકલી શા માટે ઝૂરું ?"

"આવા વિચારો કરતી હુ આજ નાટક જોવા આવી. અંત-ભાગમા શ્રમિત અને નિદ્રાવ્યાકુલ નટીને ઉદ્દેશી કહેલા શ્લોકે હું મોહમાથી જાગી. જેટલા દિવસ વિરહ-દુઃખ વેઠયું તેટલું હવે કાંઈ વેઠવાનુ નથી. ઘણા સમયથા વિદેશ ગયેલા પતિ હવે ટૂંક સમયમાં આવ્યા વિના રહેશે નહિ. તો નિરાશ થવાને બદલે થોડી ધીરજ કેમ ન રાખવી ?"

"હે માતા ! આમ આ શ્લોકથી માનવનિર્બળતાને વશ થતાં, હું અટકી તેના સહેજ બદલા દાખલ આ કંકણો મેં નટાચાર્યને દાન કરી દીધાં છે."

આ વાત સાંભળી સર્વે ચકિત થયાં. બધાંના મુખમાંથી 'ધન્ય' શબ્દ નીકળી પડયો. હવે રાજાએ કંથા અર્પણ કરનાર સંન્યાસીને બોલાવ્યો.

તરત જ શુષ્ક દેહવાળો, બ્રહ્મચર્યના તેજથી દીપતો, ભગવાં વસ્ત્રધારી એક સંન્યાસી ત્યાં આવ્યો અને રાજાને આશિષ આપી ઊભો રહ્યો.

રાજાએ તેને નમન કરી માનથી પૂછ્યું, "હે દંડિન્ ! આ ભગવી કંથા આપે કયા હેતુથી અર્પણ કરી, તે જાણવા હું ઇચ્છું છું."

દંડી બોલ્યો, "હે રાજન્ ! મારું વૃત્તાંત સાંભળો, હું એક ધનાઢ્ય પિતાનો પુત્ર છું. મારૂં નામ અભયાનંદ. હું યોગ્ય વયનો થતાં મારા પિતાએ મને વિદ્યાભ્યાસ માટે એક પ્રખ્યાત ગુરુને ત્યાં મૂકયો. બાર વર્ષ પર્યંત મેં તે વિદ્વાન ગુરુની પાસે અભ્યાસ કર્યો. અભ્યાસ પૂર્ણ થતાં મેં વિચાર કર્યો કે જગત અસાર છે. શ્રેષ્ઠ તો માત્ર સંન્યાસ છે કે જેથી જીવ અંતે બ્રહ્મને પામી શકે છે.

"આમ વિચારી મેં મારાં માતાપિતા અને ગુરુની આજ્ઞા લઇ સંન્યસ્ત–દીક્ષા લીધી. સંન્યાસીના તમામ ધર્મોનું યથાર્થ પાલન કરવામાં મારે માથે પળીઆં આવવા લાગ્યાં. એવામાં હે રાજન્ ! મારી બુદ્ધિ બદલાવા લાગી. જગતમાં સ્ત્રી પુરુષોને ગૃહસ્થાશ્રમમાં રહી સુખ ભોગવતાં જોઇ મારૂં સંન્યાસી હૃદય મને ગૃહસ્થાશ્રમી બનતું લાગ્યું. સંન્યાસ લીધો તે કરતાં ગૃહસ્થાશ્રમી થયો હોત તો ઠીક થાત એમ લાગવા માંડ્યું. આખરે મને મારી કંથા અને દંડ ઉપર કંટાળો આવ્યો. તેમને ફેંકી દઈ મેં પરણીને ગૃહસ્થાશ્રમ માંડવાનો નિશ્ચય કર્યો.

દરમ્યાન, આજના નાટકની ખ્યાતિ સાંભળી હું અહીં આવ્યો. પ્રયોગના અંતભાગમાં નટીને વિવશ બનેલી જોતાં નટાચાર્યે કહેલો શ્લોક સાંભળ્યો. જેમ તે ચેતી તેમ હું પણ ચેત્યો. આટલી ઉંમર સંન્યાસીના કઠીન ધર્મો પાળ્યા અને હવે થોડાક જીવન માટે એ સર્વ પર પાણી ફેરવવા હું તૈયાર થતો હતો, એ વિચારથી હું શરમાયો. મારા ધર્મના રક્ષણહાર ઉપર હું પ્રસન્ન થયો અને કાંઈક ભેટ આપવા લલચાયો. પણ હે રાજન્ ! મુજ સરખા સંન્યાસી પાસે ભેટ આપવા બીજું શુ હોઈ શકે ? તેથી આ મારી કંથા મેં ભેટ કરી દીધી."

સંન્યાસીની વાતથી રાજા પ્રસન્ન થયો. હવે વણિકપુત્રને અને તેના બાપને બોલાવ્યા. પ્રથમ પુત્રને પૂછ્યું, "હે વત્સ ! તેં આ તારા પિતાના વાળ કાપી નટાચાર્યને ભેટ આપ્યા તેનું શું કારણ છે ?"

વણિકપુત્ર બોલ્યો, "રાજાજી ! આ બાપ મારો દુશ્મન છે, કારણ કે તેણે મને બિલકુલ ભણાવ્યો નથી. નટાચાર્યના શ્લોકથી ખુશ થઈ બધાંએ મોટી ભેટો આપી પણ હું તે શ્લોકનો અર્થ સમજી શકતો ન હોવાથી મને આવો મૂર્ખ રાખવા બદલ મારા પિતા ઉપર ગુસ્સો ચઢયો. આથી મેં મારા પિતાના વાળની લટો કાપી તેને જ ભેટ તરીકે નટાચાર્યને અર્પણ કરી દીધી !"

રાજા અને સભાજનો આ સાંભળી હસ્યા. રાજાએ તેના બાપને વિવેકથી પૂછ્યું: "હે મહાજન ! તમારા પુત્રે તમારા માથાના વાળ કાપી ભિક્ષાપાત્રમાં નાખ્યા, તેમાં તમે આનંદથી કેમ નાચ્યા તે અમને કહો."

ત્યારે વણિક બોલ્યો, "હે રાજન્ ! પિતા તરીકે મારી ફરજ હતી કે પુત્રને ભણાવવો. છતાંય નિષ્કાળજીથી મેં એને ભણાવ્યો નહિ તેથી તેણે આ પ્રસંગે મારું માથું પણ કાપી નાખ્યું હોત તો એ મૂર્ખાને કોણ વારત ? વાળ તો ફરી પણ ઉગશે પણ માથું કપાયું હોત તે ફરીથી ઉગવાનું હતું ? આમ આજે માથું ઉગારવાથી હું માથે હાથ દઈ આનંદથી નાચ્યો હતો."

રાજા આ બધાંની હકીકત સાંભળી ખૂબ પ્રસન્ન થયો. તેણે નટાચાર્યને આ પ્રસંગે એક મૂલ્યવાન હાર બક્ષિસ આપ્યો અને તમામ નટ નટીઓને આજીવિકા બાંધી આપી મહારાણીએ રત્નમાળાને સંભારણા દાખલ એક રત્નજડિત વીંટી ભેટ આપી. સૌ આનંદથી ઘેર ગયાં.

કેટલાક દિવસો બાદ પ્રધાનો અને પ્રજાની સંમતિ લઈ રાજા રાણીએ રાજકુમાર ધવલકીર્તિને રાજ્ય અર્પણ કરી વાનપ્રસ્થ ધર્મ સ્વીકાર્યો. ધવલકીર્તિનો રાજ્ય-અમલ ઉત્તમ નીવડ્યો. તેણે નટાચાર્યનાં ને પોતાનું શેષ જીવન 'પ્રજા-હિતના કામ કરવામાં વ્યતીત કર્યું'.*

*

* એક માગાન લોકકથાના આધારે.

લાખો અને રાણી નાયકદે

શ્રી. શંકરભાઈ સોમાભાઈ તડવી,

જયમલ કુટિર, મુ. પો. ગરડા,

તા. સંખેડા. જિ. વડોદરા.

એક હતી રાણી નાયકદે અને એક હતો લાખો. રાણી નાયકદે સાથે લાખો લાગતે[1] લાગેલો હતો. બાળપણની પ્રીત પણ બંનેનાં લગ્ન ન થઈ શક્યાં. નાયકદે લાખાને મનથી વરી ચૂકી હતી. પણ રાણી નાયકદેને બીજે ઘેર પરણાવી દીધી.

લાખો રાણીને શોધતો શોધતો ગયો. જે ગામમાં તેને પરણાવી હતી તે ગામમાં ગયો. અને બરાબર રાણી જે મેડીએ રહેતી હતી, તેની સામે જ ઘર ભાડે રાખ્યું. લાખો ત્યાં રહે છે. એમ કરતાં રાણી નાયકદેને ખબર પડી. નાયકદેએ પોતાના ધણી સાથે નહિ રહેવાનુ વ્રત લીધું હતું.

રાત પડે રાણી નાયકદે એક બારી ઉઘાડી રાખે. દરરોજ રાતે લાખો હીરની દોરીએ બાંધી ગોહટી[2] નાખે. ગોહટી બારીએ ચોંટી રહે. એ દોરી પકડીને લાખો જાય.

રાતે સોગઠાં (સોગટાંબાજી) નાખી રમે. પોઢીને સવારે આવતો રહે.

એક દિવસના સમે લાખાની કટારી બારીમાંથી પેસતાં પડી ગઇ. તે નાયકદેની ઉપર પડી. કેડો[3] વઢાઇ ગઇ. લાખો રાણી નાયકદે પાસે ગયો. રાણી બોલી:

હે સૂરજ શે'રના સરાણિયા,
કટારી ઘડી નવધાર;
ભૂંડા. શેં કરી ના ખાંડી ધાર,
અરેરે ! ભૂંડા પડી વા'લાંને પેટ.

---

૧. પ્રેમમાં પડેલો. ૨ ઘો, ૩. કમરનો ભાગ.

તો ય લાખાને કશી ખબર ન પડી. રાણીની સમસ્યા તે સમજ્યો નહિ. એટલે રાણી ફરીથી બોલીઃ

મોજ તો માણુજે લાખા આજની રાત,
પરોઢિયે છાંડશે મારો સાથ..........

અને લાખો ચમક્યો. લાખાએ કેડ પર હાથ નાખ્યો. કટારી નથી !! લાખાનો જીવ ઉદાસ થઈ ગયો.

રાણી બોલીઃ જે વાતચીત કરવી હોય તે કરી લે. લાખા ! હવે મારાં બે ડગલાં થઈ ગયાં છે.

લાખો હીરની દોરી તાણીને ગોવાને ઘેર જતો રહ્યો. અને રાણીએ બારી બંધ કરી દીધી.

× × ×

સવારે રાણી નાગડદે મરી ગઈ, એવી વાતો ગામમાં ચાલી. રાણીને ઠાઠડીમાં ઘાલીને મસાણે લઈ ગયા. મસાણમાં ધુમાડો નીકળતો હતો ને જોઈ લાખો ગોવાળિયાને પૂછે છેઃ હતા ભાઈ ! કોને ઘેર માણસ મૂઆ ?

ગોવાળ કહેઃ તેં દીઠું નથી ?

લાખો કહેઃ હું અજાણ્યો છું, ક્યાંથી જાણું ?
વીરા ગોવાળિયા ! તમને વીનવું,
કોને ઘેર મૂઆં માનવી,
ઝૂંપ ! કયા મસાણમાં લઈ ગયા ને બાળ્યાં ?
ગોવાળ કહેઃ જેને ઘેર લાખા ગોરીને માણતો
ને ઘર આનંદે લૂંટાં:
સોના વરણી એની કાયા બળે
એનો રૂપા વરણો ધુમાડો.

માણસ. ક ગઈ ગિના,

લાખાએ તે જાણી કેડ કમર બાંધી દીધી. અને ત્યાંથી દોટ દીધી. મસાણને રસ્તે દોડતો જાય છે.

ડાઘુઓ હાથમાં વાંસ લઇને ચિતા ફરતા ઊભા હતા. તેઓ માનતા હતા કે, રાણી સાથે કોઈ લાગતે લાગેલો સાચો હશે, તેનો સાચો પ્રેમી હશે, તો જરૂર ચે'માં પડવા આવશે. આવનારને મારવા માટે તેઓ વાંસ લઇને ફરતા ઊભા હતા.

લાખાને જોઇને ડાઘુઓ વાંસ ઉગામી મારવા તૈયાર થયા. પણ લાખો જબરો ! ! એણે તો માર્યો ઝપાટો. છલંગ મારીને ચે'માં કૂદી પડયો. ડાઘુઓ આંખો ચોળતા રહી ગયા. કોઇનો વાંસ લાખાને ન વાગ્યો.

લાખાએ ચે'માં પડતાં જ અર્ધી બળેલી રાણીને બાથ ભરી લીધી. બાથ ભરીને બળી મૂવો !*

*

* આવી વાતો 'ઇશ્કની વાતો' નામે ઓળખાય છે. આ પ્રેમકથા ગરડાના વૃદ્ધ તડવી શ્રી. ભાણાભાઈ માવાભાઈ પાસેથી ઇ. સ. ૧૯૫૨ના મે માં ઉતારેલી છે. આ 'લાખાની વાર્તા' નામે ઓળખાય છે.

દીવાસાની વાર્તા

(કહેનાર : સૌ. શ્રીમતી બાલા મજમુદાર)

એક હતા નગરશેઠ, અને એક હતા શેઠાણી. શેઠાણીને બધુ સુખ, પણ પેટે સંતાન નહિ.

શેઠની ઉંમર પચાસની થઈ ત્યારે પ્રભુનુ કરવુ તે શેઠને ઘેર ઘોડિયું બંધાયું, શેઠાણીનો હરખ તો માય નહિ.

શેઠે ગાયોનાં દાન દીધાં; આખું ગામ જમાડ્યું; ગરીબોને અન્નવસ્ત્ર આપ્યાં.

એક દિવસ એક સંત ફરતા ફરતા તેમને ત્યા આવ્યા. શેઠે તેમનો ખૂબ સત્કાર કર્યો. પોતાના નવા સંતાનને પગે લગાડ્યો. તેની કુંડળી કરવા વિનંતિ કરી.

સંતે આનાકાની કરી : છતાં પછી ન છૂટકે જન્માક્ષર બનાવ્યા. સંત વિચારમાં પડી ગયા. ફરી ફરીને ગણિત કરે પણ એક જ ઉત્તર આવીને ઊભો રહે.

શેઠ પામી ગયા કે કંઈક ન કહેવા જેવું ગ્રહમા છે. તેમણે સંતને વિનંતિ કરી, "મહારાજ, કાંઈ નહિ. જેવુ હોય તેવુ મારે મોંએ કહો : મને દુઃખ નહિ લાગે."

સંતે વણુપાલવતે કહ્યું, "શેઠ, બાળકને પરણાવશો નહિ. નહિ તો ચોરી વખતે જ તેનું મૃત્યુ થશે. માટે ગમે તેમ કરી એનાં લગન થતાં અટકાવજો."

શેઠ વિચારમાં પડી ગયા. અને બોલ્યા, "ભલે, મારાથી બનતું કરી છૂટીશ."

બાળક તો મોટો થાય છે. દિવસે ન વધે તેટલો રાતે વધે છે. એમ કરતાં બાળક સોળ વર્ષનો થયો. તેનાં રૂપ, ગુણ અને સંપત્તિ જોઈ કન્યાનાં માગાં આવતાં શરૂ થયાં.

શેઠે બહાનાં કાઢીને માગાં પાછા ઠેલવાં માંડયાં. પણ શેઠાણીની ધીરજ ખૂટી. એમણે પુત્રનો હથેવાળો કરવા વાત હાથમાં લીધી.

શેઠથી મનની વાત શેઠાણીને કહેવાતી નથી. એટલે અજાણતાં શેઠાણીએ ગામમાંની જ ખાનદાન અને રૂપરૂપની ભંડાર એવી વહુ નક્કી કરી.

ઘડિયાં લગન લેવાયાં. સાજનમહાજન સાથે મોટો વરઘોડો નીકળ્યો. વેવાઇને ઘેર વરકન્યાનો હથેવાળો મળ્યો. અરસપરસ ગીત ગવાયાં. પાછલી રાતમાં વરકન્યાને ચોરીમાં પધરાવવાનો સમય થયો.

શેઠના મનમાં ભારે ચિંતા છે. તે કોઇને કહેવાતી નથી અને મનથી સહેવાતી પણ નથી.

શેઠે ચોરી ફરતી સખત ચોકી મૂકી; પણ લખ્યા લેખ કાંઈ મિથ્યા થાય છે? ત્રણ ફેરા ફર્યા. અને ગામમાં વાઘ આવવાની બૂમ પડી. 'નાસો, નાસો.'

વાઘ સીધો સીધો ચોરી આગળ આવી પહોચ્યો. વરને તરાપ મારી ઉચકયો. સિપાઇઓ ભાલા તલવાર લઇ સામા થયા. પણ વાઘે નહોર ભર્યા. અને વર ઢળી પડયો!

ચોરીને ઠેકાણે ચિતા જેવું વાતાવરણ થઇ ગયું. ગામ આખામાં હાહાકાર થઇ ગયો. સૌની આંખ ભીની થઇ.

એકાએક પરણતી કન્યાને સત ચડયું. બન્ને સ્મશાને સાથે ગયાં. કોઇની વારી એ રોકાઇ નહિ. સ્મશાનમાં સીઢળબંધી કન્યાએ પતિને બાળવા ન દીધો.

વહુ તો પતિનુ માથું ખોળામાં લઇને, મોટે સાદે રડતી બેઠી છે. માણસો થાકીને ઘેર ગયાં.

ચારે તરફ અંધકાર છે; છતા સાવિત્રી જેવી અડગ વહુ, ડરતી નથી તો પણ તેનો વિલાપ ચાલુ છે.

મધરાત થઈ. વહુનો વિલાપ સાંભળી, ચારે દિશાની ચાર દેવી-ઓને દયા આવી. તેમાંની પહેલી જયા માતા તેની પાસે આવી. અને તેને દિલાસો દેતાં પૂછ્યું, "બેટા, કેમ રડે છે?"

વહુએ પોતાની વીતકકથા કહી. "સતી સ્ત્રીને પતિ સર્વસ્વ છે. પતિ ગયો એટલે બધું ગયું–એ વિચારે હુ રડું છું."

જયામા બોલ્યાં "તારા પતિને જીવતો કરું તો?"

"તો તો હું ભવોભવ તમારો આભાર માનું."

જયામા બોલ્યાં, "એમ એકલો આભાર માન્યે ચાલશે નહિ. હુ કહું તેમ તું કરીશ?"

વહુએ આશાભરી મીટ માંડી માથું હલાવ્યું. "પતિ માટે ગમે તે આપવા તૈયાર છુ."

જયામાએ કહ્યું, "મને વચન આપ. મારે જરૂર પડયે તેનો હુ ઉપયોગ કરીશ."

જયામાને વહુએ વચન આપ્યું: એટલે એ જરા આઘે ખસ્યાં.

એટલામાં ત્યાં વિજયામા આવ્યાં. તેમણે પણ વહુનું વચન લીધું.

એવરતમા અને જયવ્રતમા પણ આવી પહોંચ્યાં: ચારે જણે વહુને વચનથી બાંધી લીધી.

વરને અમી છાંટા નાખી, દેવીઓએ તેને સજીવન કર્યો. વહુના આનંદનો તો પાર નથી. વહુએ દેવીના ઓવારણાં લીધાં: પોતાનો પાલવ પાથરી દેવીઓને લળીલળીને પાયે લાગી.

વરે શું થયું હતું તેની વાત વહુને પૂછી. ચતુર વહુએ ગોળગોળ વાત કરી: અને સાચો ઉત્તર ટાળ્યો.

એટલામા સવાર પડયું. ગામના બેએક માણસ ખબર કાઢવા આવ્યાં. દૂરથી સ્મશાનમાં બે જણને વાત કરતા સાંભળી આશ્ચર્ય થયું. ગામમા ખબર પહોંચી ગઈ.

શેઠ શેઠાણી સગાંવહાલાં સાથે ત્યાં દોડી આવ્યાં. સતીરાણી એવી વહુને, તથા પીઠી ચોળેલા પુત્રને તેડીને સૌ ઘેર આવ્યાં.

વરવહુની જોડી સારસની જેમ હેત કરે છે: થોડે સમયે વહુને સીમંત આવ્યું. ગામમાં સૌને આનંદ આનંદ થઇ ગયો.

દેવ જેવો દીકરો સતીવહુની કૂખે જન્મ્યો. શેઠાણીને પોતાનો સંસાર ધન્ય લાગ્યો.

મધરાત થઈ. સૌ કોઈ નીરાંતે સૂતાં છે: પુત્રને પડખામાં લઈ વહુ સૂતી છે. ત્યાં જયામા આવી પહોંચ્યાં.

બોલ્યાં, "બેટા, મને આપેલું વચન યાદ છે? આજે હું એ વચન માગવા આવી છું."

વહુ ઊઠીને બેઠી થઇ: દેવીને પગે પડી: દેવીએ માગ્યું, "તારો પુત્ર આપ." વચને બંધાયેલી વહુએ તરત દૂધમલ બાળક સામે ધર્યો, જયામા પુત્રને લઇને ચાલતાં થયાં. રાતે કોઇને ખબર નથી.

સવાર પડ્યું. વહુની પાસે છોકરો નથી: શોધાશોધ થઈ: પણ ઓંદડી એને લઈ ગઇ હશે એમ કહી મન વાળ્યું.

વહુને ખોળે બીજો પુત્ર જન્મ્યો: પણ આ વખતે સાસુએ જરા વધારે સાવચેતી રાખી હતી. બાળકને પોતાની આંખતળે સુવાડયો છે. વિજયામા મધરાતે આવ્યાં: વચન માગી લીધું. અને સાસુની નજર ચૂકવીને પણ બાળકને ઊપાડી લીધું.

કોઇનું કાંઈ ચાલ્યું નહિ. વહુને દુઃખ છતાં, પોતાનું વચન પાળ્યાનો સંતોષ છે.

વહુને ત્રીજી સુવાવડ આવી. આ વખતે બાળકને સસરાની પાસે સુવરાવ્યો. તેમની અખંડ ચોકી ચાલુ હતી.

પરંતુ એવરતમા આવ્યાં. શેઠને કારમી નિદ્રામાં નાખી દીધા. અને બાળકને લઈને ચાલ્યાં ગયાં. કોઇ દૈવી શક્તિ આ

બાળકને લઇ જવા પાછળ છે એમ સૌને થયું. સૌએ શોક કરવો મૂકી દીધો.

ચોથી સુવાવડમાં બાળકને પતિની ચોકી નીચે રાખવાનુ ઠર્યું. પરંતુ તેને પણ જયવ્રતમાએ આવીને ઊચકયો. પરંતુ વહુબેટાને કહેતાં ગયાં.

"બેટા, આ પુત્રને તો હું લઇ જ જઇશ. પરંતુ હવે પછી તને દીકરી આવશે. તે તારી પાસે જીવતી રહેશે, આ દીકરી પાંચ વર્ષની થાય ત્યારે તું રાંદલમાને તેડજે. પછી ગામ બહાર આવી, ચારે દિશાએ અમને ચારે જણુને નોંતરા દઇ જજે. એટલે અમે પણ ત્યા આવીશું."

ચોથો છોકરો પણ ભારે હૈયે, છતાં સતનુ પાલન કરતાં કરતાં સંતોષ અનુભવીને, વહુએ સોપી દીધો.

વહુને પેટ દીકરી રતન આવ્યું. સૌને ચિંતા થઈ. પરંતુ ભગવાનની ઇચ્છા હશે એમ થશે કહીને ધીરજ રાખી.

દીકરીને લઇ જનાર તો કોઇ હતું નહિ. એટલે પુત્રીના બારસાં થયાં. અને એમ કરતાં પુત્રી મોટી થાય છે.

શેઠ શેઠાણી પુત્રીને પુત્રની જેમ લાડ કરે છે. પુત્રીના રૂપનો પાર નથી.

પુત્રી પાંચ વર્ષની થઇ, એટલે વહુએ સાસુ સસરાને કહ્યું, "મારે રાંદલમાને તેડવાની માનતા છે. તો હવે રૂડાં રાંદલમાને તેડીશું?"

ગુણિયલ વહુનો પડયો બોલ સૌ કોઇ ઝીલવા તૈયાર હતુ. વાજતેગાજતે રાંદલમાને તેડયાં.

વહુએ કહ્યુ, "મારે બીજી માતાઓને પણ તેડવા છે."

વહુ રથમાં બેસી ગામની બહાર પાદરે ગઈ. હાથમાં કંકાવટી લીધી. અને ચારે દિશાએ ચારે દેવીના નામ બોલી કંકુ ચોખા છાંટવા માંડયા.

ચારે દિશાએથી ઝળાંઝળાં તથાં અજવાળાં દેખાયાં. દેવીઓ આવીને ઊભાં રહ્યાં. વહુને આશિષ આપી રહી.

વહુએ રીતસરનાં નોતરાં દીધાં. દેવીઓ પ્રસન્ન થઈ, અને બોલી, "તું તારું બોલેલું પાળીને આવી, તો અમે ખુશીથી આવીશું. સાંજરે અમારે સારુ ચાર રથ લેતી આવજે."

વહુ તો હરખાતી ઘેર આવી, શીંદલમાની પૂજા કરી.

સાંજ પડી અને રથમાં બેસી, બીજા ચાર રથ સાથે જોડાવીને તે સીમમાં આવી. ચારે દિશાએ કુંકુચોખા છાંટયા. નામ દઈને ચારે દેવીઓને બોલાવ્યાં.

ચારે દેવીઓ ચારે પુત્રને આંગળીએ લઈને આવ્યાં, એક એક રથમાં એક દેવી અને એક પુત્ર. એમ બેસીને આવ્યાં.

સામૈયું ગામભણી વળ્યું. બધાં ગામમાં આવ્યાં. ચાર દેવીઓને સાથે ચાર છોકરાઓને જોઈને સૌને આશ્ચર્ય થયું. સૌ પૂછવા લાગ્યું, "એ કોણ હશે?"

બધાં ઘેર આવ્યાં. સૌને નૈવેદ્ય ધરાયાં: સૌએ પ્રસાદ આરોગ્યો.

વહુ નાની દીકરીનુ માથું ગૂંથવા બેઠી: દીકરી એકાએક રડવા લાગી: સૌએ પૂછ્યું, "બેટા કેમ રડે છે?" માએ શીખવી રાખ્યું હતુ તેમ નાની દીકરી રડતાં રડતાં કહેવા લાગી, "મારે શું જોઇએ છે, પૂછો છો? મને ભાઈ આપો. મારે ભાઈ નથી!"

ચારે દેવીઓ દીકરીના રુદનથી હલમલી ઊઠી. દેવીનું માતૃહૃદય વીંધાયું. તેમણે ચારે પુત્ર તેની બહેનને સોંપી દીધા.

શેઠ શેઠાણી અને આખો સંસાર આ બધું જોઈને આભ આભ રાજી થઈ ગયો.

વહુ ચારે દેવીઓને પગે લાગી. દેવીઓ પોતપોતાને થાનકે ગઈ છે.

ગામ આખું આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયું. સૌએ આવીને વહુને પૂછવા માડ્યું, "વહુ બેટા, આ ચારે દીકરા ક્યાંથી મળ્યા, અને કેમ મળ્યા તે કહોને."

એટલે પછી વહુએ ચારે દેવીઓનાં વરદાનથી વર કેમ સજીવન થયો. અને તેના બદલામાં ચારે દેવીને કેવું વચન આપ્યું હતું તે પણ કહ્યું.

સાંભળનારની આંખમાંથી આંસુની ધારા ચાલી. માતાનું પારખું જાણીને બધા ધન્ય બન્યાં.

વહુએ બધાંને માંડીને વાત કહી. અને પછી કહ્યું કે 'આજે દીવાસાનો દહાડો છે, અષાડો પસવાડો છે. અમાસનો દિવસ છે. તો સૌ ચારે દેવીની પૂજા કરો, દેવીને નૈવેદ્ય ધરો તો સૌને સારાં વાનાં થશે."

બોલો જયામાની જય! જયામા જેમ અમને ત્રૂઠયાં તેમ સૌને ત્રૂઠજો!

*

કુંકાળી

શ્રી. કૃષ્ણપ્રસાદ ભટ્ટ

મા ચામુંડાના ચાચરચોકમા સૂર્ય–ચંદ્ર પ્રકાશતા હોય તેમ જ્યોત ઝળહળી રહી હતી. માને પ્રસન્ન કરવા ગોરો ખેતરપાળ અને તેના ચેલાઓ અનેક પ્રકારના વાદ્યો વગાડતા નૃત્ય કરી રહ્યા હતા–પોતાની નૃત્ય અંગેની બધી જ કળાઓ માના ચરણમાં ધરી રહ્યા હતા.

એકાએક મા ચામુડાની આંખ ઊંચી થઇ ને નૃત્ય અટકી ગયું. ક્ષણ પહેલાં વાદ્યોના અવાજથી ગાજતા ચાચરચોકમાં સ્મશાન શાંતિ પ્રસરી ગઈ.

'ગોરા.' શાંતિનો ભંગ કરતા મા ચામુડા બોલ્યાં.

'મા.' ધ્રૂજતો ગોરો આગળ આવ્યો, બોલ્યો, 'આજ્ઞા.'

'ગોરા.' શાંત ગંભીર અવાજે માએ પૂછ્યું, 'કાળભૈરવ કાં જણાતો નથી?'

'મારી મા,' બહુ જ ધીમા અવાજે ગોરો બોલ્યો, 'મા, તારાથી શું અજાણ્યું છે? જળમાં, સ્થળમાં રહેલી માડી 'કાળભૈરવ કાં જણાતો નથી?' તેનો જવાબ હું શુ આપવાનો હતો?' બોલતા ગોરાએ માથું નમાવ્યું.

'ગોરા,' મા બોલી, 'ભાન ભૂલ્યાઓને કયારે સત્ય સમજાય છે? તેમના હિતની શિખામણ પણ તેમને કયારે રુચે છે? જ્યાં જગદેવ હોય ત્યાં જવાની મેં કાળાને કેટલીયવાર ના પાડી હશે છતાં તે ત્યાં ગયો. સિંહની ગુફામા જનાર કયારે જીવતો પાછો ફરી શકે છે? એ ભાનભૂલ્યાએ પોતાની જાતે જ પોતાના પગ પર કુહાડાનો ઘા કર્યો.'

'ખમ્મા માડીને.' ગોરાએ માના વદન પર દૃષ્ટિ સ્થિર કરી કહ્યું.

'જગદેવના હાથે બંધાઈ–તેનાં દુઃસાહસની શિક્ષા એ ભોગવી રહ્યો છે.'

'મા......મા......' ગોરો બોલ્યો, 'એ તારો જ સેવક છે ને ? તું દયાની દેવી સેવક પર દયાની દૃષ્ટિ નહિ કરે તો કોણ કરશે ? એ દુઃખ ભોગવી રહેલા કાળભૈરવને તું નહિ છોડાવે તો કોણ છોડાવશે ?'

'ગોરા,' માએ ગંભીરતાથી કહેવા માંડ્યું, 'સ્વાર્થમય જગતમાં અપવાદરૂપે કેટલાય નિઃસ્વાર્થી રહેલા હોય છે. તેથી વિનાશને રોકવા તેમના શબ્દો સાંભળવા જોઈએ, તેના પર વિચાર કરવો જોઈએ.'

'મા, થનાર ભાવિને કોણ રોકી શકે છે ? બ્રહ્મા જેવા ભૂલ ખાઈ ગયા તો કાળભૈરવ કોણ માત્ર ? મા... ..' કરગરતો ગોરો બોલ્યો, 'બાળક ગમે તેટલા અપરાધ કરે, માની શિખામણની અવગણના કરે, છતાં ...છતાં...મા કુમાતા થતી નથી. છોરુ કછોરુ થાય છતાંય માવિતર કમાવિતર થતાં નથી'

'ગોરા,' અમી દૃષ્ટિથી જોતાં માએ કહ્યું, 'જગદેવે ભંડારેલા એ કાળાને છોડાવવા હું જઈશ.' બોલતી માના સ્વરૂપમાં એકાએક પરિવર્તન થયું ક્ષણ પહેલાં જેની સામુય ન જોવાય—અનેક અલંકારો અને કીમતી વસ્ત્રોથી શોભતી મા—વૃદ્ધા જેવી, કાળી ભૂત અને દુર્બળ જણાવા લાગી. ચાંદી જેવા સફેદ વાળ આમતેમ ઉડવા લાગ્યા. કપાળમાં સિંદૂરની આડ હતી ને દાંતો બહાર જણાવાથી માનુ સ્વરૂપ ભયંકર જણાતું હતું.

કીમતી સાડીના સ્થાને ઊનનો કાળો કામળો દેખાયો સિંદૂરથી લથબથ થયેલી કાચળી, ઓઢેલી કાળી લોબડીમાંથી જણાઈ. હાથમાનુ ત્રિશૂળ માની ભયંકરતામાં વધારો કરી રહ્યું. આવા સ્વરૂપે માએ ગુર્જરેશ્વર સિદ્ધરાજના સભાગૃહ તરફ પગલાં ભર્યાં. સભાગૃહમાં પ્રવેશતા જ માનું સ્વરૂપ જોતા જ બધા વિચારમાં પડી ગયા. 'કોણ છે ?' તે પૂછવા જેટલી સ્થિતિમાંય ન રહ્યા.

એક પળ અને બીજી પળે વિચારોને ખંખેરતા મહારાજ સિદ્ધરાજે માને પૂછ્યું, 'બાઈ, તું કોણ છે ?'

'હું ?' બોલતી માએ અટ્ટહાસ્ય કર્યું. એ હાસ્યે બધાનાં કાળજાં કંપાવ્યાં. 'ગુર્જરેશ્વર, હું જાતની ભાટડી.' બોલતી મા—એ કંકાળી ભાટડીએ ડાબા હાથથી જગદેવને આશીર્વાદ આપ્યો, ને છેડો ખેંચ્યો.

માનો—કંકાળી ભાટડીનો આશીર્વાદ લઇ જગદેવ ત્યાથી ઊઠી ચાલ્યો ગયો ત્યારે કંકાળી ભાટડી પ્રેમભરી દષ્ટિએ તેની પૂંઠ જોતી ઊભી રહી, મહારાજ સિદ્ધરાજને આ ન ગમ્યું. તે બોલ્યા, 'ભાટડી, મારા કરતાં જગદેવ તરફ વધુ માનની દષ્ટિએ તેં જોયું તેનું કારણ હું ન સમજ્યો.'

'ગુર્જરપતિ,' શાંત ગંભીર અવાજે કંકાળી બોલી, 'મેં જે માન જગદેવને આપ્યું, તેને માટે તે યોગ્ય જ છે.'

'શું મારા કરતાં જગદેવ વધુ માનને યોગ્ય છે?' માથું ઊંચું કરી ટટ્ટાર થઇ મહારાજ સિદ્ધરાજ બોલ્યા, 'હુ...હું...'

'ગુર્જરેશ્વર.' મહારાજ સિદ્ધરાજને બોલતા અટકાવી કંકાળી બોલી, 'પરમારને જેટલું માન આપવું જોઈએ તેટલું જ માન મેં આપ્યું છે. હું કયારે પણ પક્ષપાત કરતી નથી.'

કંકાળીના આ શબ્દોએ મહારાજ સિદ્ધરાજ માટે તીરની ગરજ સારી. તેમનુ હૃદય ઘવાયું. તેમનાથી જગદેવ પરમારને અપાયેલું માન સહન ન થયું તે ઘવાયેલા હૃદયે બોલ્યા, 'કંકાળી, તારે જે માગવું હોય તે જગદેવ પાસે જઈ પહેલાં માગ.'

'કાં મહારાજ, આમ અવળા વેણ કાઢયાં? અવળી ગંગા વહેવડાવવા તૈયાર થયા?' કંકાળી ભાટડી જાણે સિદ્ધરાજના શબ્દોથી દુઃખી થઇ હોય તેમ બોલી, 'ગુર્જરપતિ એક ભાટડીને દાન આપતા અચકાશે તો સમુદ્ર મર્યાદા મૂકશે. સૂરજ પૂર્વને બદલે પશ્ચિમે ઉગશે. ગુર્જરપતિ, મારે માટે જ કાં દાનનાં સરોવર સુકાયાં?'

'કંકાળી,' મહારાજ બોલ્યા, 'મારું કહેવું તું સમજી નહિ. તું પહેલી જગદેવ પાસે જા.'

'અને પછી ?' કંકાળીએ પૂછયુ.

'તને જગદેવ જે આપશે તેના કરતાં હું ચારગણું આપીશ.'

'શું કહો છો ગુર્જરેશ્વર ?' કંકાળી નવાઈ પામતી બોલી, 'જગદેવ પરમાર જે આપશે તેના કરતા ચારગણું આપશો ?'

'હા,' સિદ્ધરાજે ભાર દઈ કહ્યું, 'તું ત્યાંથી જે લાવીશ તેના કરતાં મારે ચારગણું તને આપવુ.'

'જોજો ગુર્જરપતિ, કયાંક બોલ્યું અબોલ્યું ન કરવુ પડે.' જાણે ભવિષ્ય જોતી હોય તેમ કંકાળી બોલી, 'જે મોઢે પાન ચાવ્યા તે મોઢે કોયલા ચાવવા ન પડે. જગદેવ જે આપશે તેનાથી ચારગણુ તો શુ પણ એટલુય નહિ અપાય. કારણ કે :—

'પ્રથમ વડા પરમાર, પૃથ્વી પરમારાતણી,
એક ઉજેણી ધાર, બીજું આબુ બેસણુ.'

'કંકાળી,' મહારાજ બોલ્યા, 'એ તો વખત સમજાવશે'

'એ...મ ?' કહી કંકાળી ત્યાથી ચાલી. ને જગદેવ હતો ત્યાં આવી બોલી, 'પરમાર, તમે જે દાન આપશો તેના કરતા ગુજરાતનો ધણી મને ચારગણુ દાન આપશે, માટે મને દાન આપતા પાછુ વાળી જોશો ના.'

'મહારાજ સિદ્ધરાજ મારા કરતા ચારગણુ દાન આપશે ?' જગદેવે પોતાની દૃષ્ટિ કંકાળી પર સ્થિર કરતાં પુછ્યું.

'હા પરમાર.' કંકાળીએ કહ્યુ, 'આજ મન મૂકી દેવાનો પ્રસંગ છે.'

'હા, હા,' કહેતો જગદેવ કંકાળીને દાનમાં શું આપવું તેનો વિચાર કરવા લાગ્યો. આજ સોલંકી અને પરમાર વચ્ચે દાનની હરીફાઈ હતી. સિદ્ધરાજ ચારગણું ન આપી શકે તેવું કાંઈક આપવા

જગદેવ વિચારતો હતો. આખરે તેને વિચાર સૂઝયો. મોઢા પર સ્મિત ફરકયું. ' થોભ, હું હમણાં આવું છું. ' જગદેવે કંકાળીને કહ્યું.

' જગદેવ, આજ જીવ ચોરવતા નહિ. ભાવિ પ્રજા યાદ કરે તેવું દાન આપજો. '

' એવું જ થશે. ' કહેતો જગદેવ સોલંકિણી રાણી પાસે આવ્યો, બોલ્યો, ' રાણી, આજ પરમારની પરીક્ષા છે. પરમારની શકિતનું માપ નીકળવાનું છે. આજ મહારાજ સિદ્ધરાજ એક ભાટડીને હું જે કાંઈ આપું તેના કરતાં ચારગણું આપવાના છે. આજ મન મૂકીને દાન આપવાનું છે.

' તે આપોને. ' સોલંકિણીએ કહ્યું, 'બિચારી ભાટડીનું જનમનું દુઃખ દૂર થશે. '

' સોલંકિણી, હું દાનમાં શું આપવાનો છું તે તમે વિચારી શકો છો ? ' જગદેવે પૂછ્યું.

'કોઈના મનમાં શું છે તે કોણ જાણી શકયું છે ?'

' તો સાંભળો, હું મારા માથાનુ દાન કરવાનો છું.' જગદેવના મોઢામાંથી આ શબ્દો નીકળ્યા, તે સાથે જ કોઈ ભયંકર વસ્તુ જોઈ કોઈ માનવ ચમકે તેમ રાણી ચમકી ને જગદેવનો હાથ પકડી બોલી, ' ના, ના, આમ માથાનું દાન ન દેવાય. આપણે તેવું દાન નથી કરવું. '

સિદ્ધરાજ બે માથાના બદલામાં આઠ માથાં કયાંથી ભાટડીને આપશે ? ગુર્જરપતિને નીચું જોવું પડશે ને પરમારો ઊંચે મોઢે ઊભા રહેશે.'

'શાબાશ રાણી,' જગદેવ બોલ્યો, 'હું તારા જેવી સ્ત્રીથી ખરેખર મારું માથું જગતમાં ઊંચું રાખી શકું છું.' કહેતા જગદેવે રાણી તરફ પ્રેમભરી દષ્ટિએ જોયું ને કહ્યું, 'થાળ લાવો.'

જાડેજી રાણીએ હસતે મોઢે જગદેવને થાળ આપ્યો, તે લઈ જગદેવ આગળ વધ્યો. રાણીઓ પાછળ પાછળ ચાલી.

ખાલી થાળ લઈ આવતા જગદેવને જોઈ કંકાળીએ પૂછયું, 'પરમાર, થાળ ઠાલો કાં ?'

'હું ભરીને આપુ છુ.' કહેતાં જગદેવે તલવારથી પોતાનું માથું ધડથી જુદું કર્યું. માથું થાળમાં પડ્યું જાડેજીએ કહ્યું, 'લ્યો આ દાન.'

સંવત અગિયાર ચમોતરે, ચૈત્ર ત્રીજ રવિવાર;
શીશ કંકાળી ભાટને, દિયે જગદેવ ઉતાર.

કંકાળીએ હસતાં હસતાં એ થાળ હાથમાં લીધો ને બોલી, 'હું સિદ્ધરાજ પાસે જઈને આવુ ત્યાસુધી આ ધડને સંભાળજો, મંગળ ગીત ગાજો.' કહેતી કંકાળી સભાગૃહ તરફ ચાલી. સિદ્ધરાજ પાસે આવી થાળ ધર્યો. જગદેવનું માથું જોતાં જ મહારાજ સિદ્ધ-રાજ ચમકયા.

'ગુર્જરેશ્વર, લાવો ચાર માથા.' કંકાળીએ કહ્યું, 'વાર ન કરો.'

'ચાર માથાં કયાંથી આપવા' ના વિચારમાં મહારાજ પડયા. મહારાજને વિચાર કરતા જોઈ કંકાળી બોલી, 'ગુર્જરપતિ, જોજો બોલેલુ વેણ પાછું મોઢામાં ન ઘાલવું પડે.'

'કંકાળી,' મહારાજ બોલ્યા, 'હું મારું અને મારા પાટવી ઘોડાનું માથું આપી શકું છું. તુ ખુશીથી મારું માથું ઉતારી લે.'

'મને માથું ઉતારી આપવાની હિંમત ચાલતી નથી મહારાજ ?'

કંકાળી બોલી, 'હુ તો જોગણી અને ભિક્ષુક છું. મારાથી આપ્યું દાન લેવાય, જાતે ન લેવાય.'

મહારાજ સિદ્ધરાજ જડ પૂતળાની જેમ બોલ્યાચાલ્યા વિના ઊભા જ રહ્યા.

'મહારાજ, ચારગણું દાન આપવાનું બોલ્યા પછી આમ ચૂપ કેમ ઊભા છો ? ઉતાવળ કરો.'

'કંકાળી, માથું તારે જ ઉતારી લેવું પડશે. મારાથી મારું માથું જુદુ નહિ કરી શકાય.'

'તો હાર કબૂલ કરો ને 'હું હાર્યો છું' તેમ મહેલ પર ચઢી બધા સાંભળે તેમ બોલો, વળી આ માથાવાળા થાળ નીચેથી સાતવાર નીકળો.'

પોતાની જાતે માથું ઉતારી આપવાની હિંમત ન હતી–હાર કબૂલ કરતાં દિલ ડંખતું હતું, પણ થાય શું ? સિદ્ધરાજ મહારાજની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી થઈ.

'મહારાજ, કાં તો માથું ઉતારી આપો કે હાર કબૂલ કરો, નહિ તો આ ભાટડીનું લોહી અહીં રેડાશે.'

ભાટના સ્વભાવથી પરિચિત મહારાજ સિદ્ધરાજે મને કમને ભાટડીનું કહેવું કર્યું. મહેલ પર ચઢી 'હું હાર્યો છું.' તેમ કહ્યું ને થાળ નીચેથી નીકળ્યા એટલે 'ફટ' કહી કંકાળી ત્યાંથી જગદેવને ત્યા ગઇ. ધડ સાથે માથું જોડી પરમારને સજીવન કર્યો. જગદેવ બેઠો થયો ને બે હાથ જોડી બોલ્યો, 'કંકાળી, માગ, માગ. તું જે માગે તે આપવા હું તૈયાર છું.'

'હુ માગીશ તે તું આપીશ ?' કંકાળીએ પૂછ્યું.

'શું વેણમાં શંકા છે ?' જગદેવે સામો પ્રશ્ન પૂછ્યો.

'પરમારના વેણમાં તો શંકા હોતી હશે ? છતાં...છતાં....'

‘છતાં કાંઈ નહિ. તું માગીશ તે તને મળશે.’ જગદેવે કહ્યું.

‘મળશે’ કહેતી કંકાળી જગદેવ સામે જોઈ રહી પછી બોલી, ‘પરમાર, ભોંયરામા ભંડારેલ કાળભૈરવને છોડ.’

‘બસ એટલું જ ?’ કહેતો પરમાર આગળ વધ્યો. કંકાળી પાછળ પાછળ ચાલી. જગદેવે ભોંયરામા જઈ કાળભૈરવને બહાર કાઢયો. અત્યારે તે ખોડો થઈ ગયો હતો. તે બહાર આવી નીચું જોઈ રહ્યો.

‘ખોડિયા ખેતરપાળ,’ કંકાળી હસીને બોલી, ‘હુ તને છોડાવવા આવી છુ.’

કાળભૈરવે–ખેતરપાળે પોતાને કોણ છોડાવવા આવ્યું છે તે જોવા ઊંચુ જોયું. કંકાળી–મા ચામુંડાને ઓળખી પગે પડી બોલ્યો, ‘નોધારાનો આધાર.’

મા ચામુડાએ કાળભૈરવ–ખોડિયા ખેતરપાળનો હાથ પકડી ઊભો કર્યો ને કહ્યું, ‘ચાલ.’

મા ને કાળભૈરવ ચાલ્યા. જગદેવ આ જઈ રહેલાંઓને જોઈ રહ્યો.